3115 11
4346
(47)

ક્રાંતિ: સંગઠન.


દાદા ધર્માધિકારી.

પુસ્તકાલય
જનરલ નં
વિભાગીય નં

11

દાદા ધર્માધિકારી

# અહિંસક ક્રાંતિ સંગઠન



*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*

# અહિંસક ક્રાંતિ : સંગઠન

દાદા ધર્માધિકારી

યજ્ઞ પ્રકાશન

ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧

છ રૂપિયા

પ્રથમ આવૃત્તિ : ૧૧ સપ્ટેમ્બર ૧૯૮૦
પ્રત ૩૦૦૦

કવર ડિઝાઈન : વિનય ત્રિવેદી

યજ્ઞ પ્રકાશન વતી જગદીશ શાહે
યજ્ઞ મુદ્રિકા, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ થી છાપીને પ્રગટ કર્યું.

# પ્ર કા શ કી ય

મૂળ હિંદી પુસ્તક ' અહિંસક ક્રાંતિકી પ્રક્રિયા. ' ગુજરાતીમાં એના બે ભાગ કર્યા : ( ૧ ) અહિંસક ક્રાંતિની પ્રક્રિયા અને ( ૨ ) અહિંસક ક્રાંતિ : સંગઠન. પ્રથમ પુસ્તક બહાર પડયાને એક વર્ષથી વધુ થયું. આ બીજું પુસ્તક અહિંસક ક્રાંતિના ઉદ્‌ગાતા વિનોબા ભાવેની ૮૬ મી વર્ષગાંઠે બહાર પાડતાં અમે એક ઉચિત અને આવશ્યક કામ પાર પાડી શકયાનો સંતોષ અનુભવીએ છીએ.

' સર્વોદય ' શબ્દ આપ્યો ગાંધીજીએ. પણ પોતાની અત્યંત પ્રવૃત્તિશીલતાને કારણે સર્વોદયી જીવન પદ્ધતિ સમજાવવા માટે એ પૂરતો અક્ષર-વારસો મૂકી જઈ ન શકયા. બાપુના ગયા બાદ એ કામ મુખ્યત્વે બે જણે કર્યું—એક વિનોબા અને બીજા દાદા ધર્માધિકારી. ભૂદાન-ગંગાની ચૌદ વર્ષની લાંબી પદયાત્રા દરમ્યાન ઋષિ વિનોબાને મુખે સર્વોદય-દર્શનનાં અનેક પાસાં શબ્દબદ્ધ થયાં. વિનોબા મોટે ભાગે વાતચીતોમાં અને જાહેર સભાઓમાં વિચારની રજૂઆત કરતા. તેને લગભગ શબ્દશ: ઝીલી અત્યંત પરિશ્રમ-પૂર્વક લિપિબદ્ધ કરવાનું કામ કર્યું એમના અંતેવાસીઓએ.

દાદાએ પણ પોતાનો ફાળો મુખ્યત્વે શિબિરો સમક્ષનાં પ્રવચનોના સ્વરૂપે આપ્યો. પરંતુ એમનાં મોટા ભાગનાં ભાષણો અક્ષરમાં ઊતરી ન શકયાં. જે ઊતર્યાં તેમાંથી પણ અપવાદરૂપ બે પાંચને બાદ કરતાં બહુ ઓછાં વ્યવસ્થિત રીતે લિપિબદ્ધ થયાં. જે વ્યવસ્થિત રીતે લિપિબદ્ધ થયાં તેમાં સૌથી વધુ પ્રસિદ્ધિ પામ્યું " સર્વોદય દર્શન " ( ગુજરાતીમાં " વિચાર ક્રાંતિ " ). સર્વોદય દર્શન પછી આગળનો વિચાર રજૂ કરતી વ્યાખ્યાનમાળા કાશીમાં સાધના કેન્દ્ર ખાતે યોજાઈ હતી. આ વ્યાખ્યાનમાળાના આયોજન પાછળ ઉદ્દેશ હતો સર્વોદય દર્શનને દેશને ખૂણે ખૂણે પહોંચતો કરનારી કાર્યકર્તાઓની બીજી હરોળ ઊભી કરવાનો. દેશભરમાંથી પસંદ કરેલા ત્રીસેક પ્રશિક્ષાર્થીઓ સમક્ષ આ વ્યાખ્યાનો અપાયેલાં. પણ ચીંથરે વિંટાયેલી એ રત્નમાળાની જોઈએ તેવી નોંધ ન થઈ શકી. પરિણામે દાદાને અત્યંત અણગમતું અને જરાય ન ફાવતું કામ અમારા આગ્રહવશ કરવું પડયું—પોતાનાં જ ભાષણો વાંચીને સુધારી આપવાં. અને તે એકથી વધુ વાર કરવું પડયું. હમણાં છેલ્લે એંસી પૂરા કર્યા બાદ લગભગ

ચોથી વાર સુધારતી વખતે એમણે એ કામને rigorous imprisonment —સખત મજૂરીની કેદ કહ્યું. પણ અમે ખરેખર લાચાર હતા; અને તેથી જ અમારી અરજીને—તંત કહો તો તંતને—નતમસ્તકે પણ અમે વળગી રહી શકયા. પણ આજે આ બીજું પુસ્તક દાદા અને ગુજરાતની જનતાના અંકમાં રજૂ કરતી વખતે અમને લાગે છે કે અમારી એ તંત નહોતી, ખંત હતી.

ઉપર કહી ગયા તેમ આ "અહિંસક ક્રાંતિ : સંગઠન" પુસ્તક બીજું પુસ્તક છે. આ યુગમાં સંગઠન જ બળ મનાતું લાગે છે. એક મિત્રે તો સૂત્ર જ બનાવી કાઢયું છે કે કેવળ સત્ય નથી જીતતું, સંગઠિત સત્ય જીતે છે. આમ સંગઠન સત્યનું પણ આશ્રયદાતા અથવા ધારકબળ લેખાવા માંડયું છે. પરંતુ એક અનુભવ એ પણ રહ્યો છે કે સંગઠન-નિષ્ઠા એ સત્ય-નિષ્ઠા ઈશ્વર-નિષ્ઠા અને માનવ-નિષ્ઠાનો કોળિયો કરી જાય છે. ધાર્મિક ક્ષેત્રે એ ભગવાનને વિસારે પાડી એનાં બાળુડાં પર પરાકાષ્ટાના અત્યાચાર કરે છે. રાજકીય ક્ષેત્રે પક્ષ-નિષ્ઠા સત્ય-નિષ્ઠાને કેવી રીતે ટૂંપો દે છે, ટ્રેડ યુનિયનના ક્ષેત્રે યુનિયન-નિષ્ઠા માનવતાને કેવી રીતે બાજુએ હડસેલી મૂકે છે, અને ઝનૂને ચડેલી ભીડ કેવી હૃદયહીન તથા વિવેકહીન બની જતી હોય છે એ બધી બાબતો આજે સામાન્ય અનુભવની બીના છે.

આજના યુગનું સૌથી મોટું અને સૌથી શકિતશાળી સંગઠન રાજ્ય છે. અન્ય સંગઠનોની જેમ જ રાજ્ય સમષ્ટિનું રૂપ ધારણ કરે છે અને વ્યકિતના વ્યકિતત્વને ક્ષીણ કરી હણે છે. સમાજનું કલ્યાણ કરવાનો ભાવ ધરી આવતાં આ સંગઠન દેવતાની વેદી પર વ્યકિતના વ્યકિતત્વને—સત્યનિષ્ઠા, વિચારશકિત અને વિવેક—બુદ્ધિને વધેરી દેવી પડે છે. અહિંસક સમાજ—રચનાનો વિચાર કરવા બેસીએ ત્યારે આ પ્રશ્નોનો વિચાર કરવો અનિવાર્ય બને છે. આ પુસ્તકમાં મુખ્ય ચિંતનનો વિષય આ જ છે. દુનિયાભરના ચિંતકોના વિચારનું દાદાનું જે વિશાળ અને ઊંડું અધ્યયન છે તેનો અનુભવ આપણને રાજ્ય-સંસ્થા અંગેના બે પ્રકરણોમાંથી થાય છે. એની સાથે દાદાનું આર્ષ દર્શન ભળે છે. પરિણામે આખા ચિંતનને એક ચોક્કસ સર્વોદયી દિશા મળે છે—રાજ્ય-નિરપેક્ષ લોકશકિતનો ઉદય શી રીતે થાય. રાજ્યવાદ, અરાજ્યવાદ, માનવતાવાદી અરાજ્યવાદ, આધ્યાત્મિક અરાજ્યવાદ, શાસન-મુકિત, રાજ્ય-નિરપેક્ષતા—એ બધાંમાંથી સફર કરતો, અથડાતો કુટાતો, કયારેક આગળ તો કયારેક પાછળ ફંગોળાતો માનવી આધુનિક સંગઠનવાદ સુધી પહોંચ્યો છે. આ એની મંજિલ—ગંતવ્યસ્થાન નહોતું જ એ એને દીવા જેવું સમજાય છે એટલે જ એને કેટલાક પ્રશ્નો પડે છે : અહિંસક

સમાજરચનામાં સંગઠનનું સ્થાન શું હોઈ શકે, અહિંસક સંગઠન કેવું હોઈ શકે, એ કેટલું શકિતશાળી હોવું જોઈએ, સંગઠનમાં બંધારણનું સ્થાન કેવું અને કેટલું, નિયમ-કાનૂનોનું સ્થાન કેટલું વગેરે. પછી પ્રશ્ન આગળ ચાલે છે —માણસ સંગઠનને શિથિલ કરી નાખવા તરફ વળે તો સમાજનું ધારક તત્ત્વ શું, સમાજનું નિયામક તત્ત્વ શું, સમાજને રોજ-બ-રોજનાં પ્રશ્નોમાં ચાલવા-ચલાવવામાં મદદ કરનારું તત્ત્વ શું વગેરે. દાદાની માનવ-નિષ્ઠા અને આર્ષ-દષ્ટિનો પરિચય સત્યાગ્રહ, વિશ્વસ્ત યોગ, સમાજ-વ્યવસ્થામાં વ્રતોનું સ્થાન વગેરે પ્રકરણોમાંથી મળી રહે છે. જેમને માનવની મુકિતમાં, મુક્ત સમાજ-રચનામાં, અહિંસક સમાજ-રચનામાં રસ છે તેમને માટે આ બન્ને પુસ્તકો સંદર્ભ ગ્રંથ સમાં છે. ગુજરાતની જનતા આ બન્ને પુસ્તકોને ઊલટભેર આવકારશે એવી આશા છે.

# અ નુ ક્ર મ


**૧. રાજ્યનો સમુદાય** ૧–૧૧

અરાજ્યવાદી ૧, રાજ્યસંસ્થા ૨, વ્યવસ્થામાં બે વાતો ૩, સમાજિક ઇચ્છાશક્તિ ૪, મરજી અને અનુમતિ વચ્ચેનો ફરક ૪, ‘ કમ્યૂન ’ અને ‘ કમ્યુનિકેશન ’ ૫, ‘ આત્માથે પૃથિવિં ત્યજેત્ ’ ૭, ઈશ્વર-નિષ્ઠા, માનવ-નિષ્ઠા તથા સત્ય-નિષ્ઠા, ૮, લોકમતનો સવાલ ૯, શાણાઓનો અભિપ્રાય ૧૦, રાજ્યનું બીજું પાસું ૧૦, સંરક્ષણ અને સ્વતંત્રતા ૧૧.

**૨. રાજ્યસંસ્થાનું વિઘટન શી રીતે થાય ?** ૧૨–૨૩

રાજ્યસંસ્થાનું વિઘટન ૧૨, ગોડવિન અને સોરેલનો મત ૧૪, રાજ્ય-સંસ્થાના ત્રણ કામ ૧૫, થોરો અને તૉલ્સ્તૉય ૧૫, ગાંધીનો સત્યાગ્રહ ૧૬, ઉદાર-મતવાદી ૧૭, સત્યાગ્રહની અહિંસક પ્રક્રિયા ૧૮, આત્મ-પ્રત્યય ૧૯, લોકનીતિનો વિકાસ ૨૦, રાજ્ય-નિરપેક્ષતા શા માટે ? ૨૧, વ્યક્તિનાં ભિન્ન ભિન્ન સ્વરૂપ ૨૨.

**૩. નિર્વિકાર બનવાની પ્રક્રિયા : સત્યાગ્રહ** ૨૪–૩૦

ગુણ અને કુશળતાનો વિકાસ ૨૪, પ્રભાવ અને દબાવ ૨૫, સમજવું એ જ મુખ્ય સાધન ૨૭, સત્યાગ્રહના દૂધમાં પાણી કેટલું હોય ? ૨૮, ભૂલનો સ્વીકાર ૨૯, અહિંસક સંગઠનના ત્રણ ભાગ ૨૯.

**૪. વિશ્વસ્તયોગ** ૩૧–૩૯

સમાજને પ્રત્યર્પણ ૩૧, સ્વામિત્વ અને સંપત્તિમાં પ્રતિષ્ઠા ૩૨, સમાજવાદનું અર્થશાસ્ત્ર ૩૩, સંપત્તિ અને શોષણ ૩૩, પરિગ્રહમાં ચોરી ૩૪, વ્યક્તિગત સંપત્તિ અને સ્વામિત્વ ૩૫, સંક્રમણકાળની સ્થિતિ ૩૭, સંપત્તિ મારી નહીં. સમાજની ૩૭, સંપત્તિ વધારવી બંધ કરો ૩૮.

**૫. વિશ્વસ્તયોગનો સમગ્ર સિદ્ધાંત** ૪૦–૫૧

ક્રાંતિનો પાયો ૪૦, ટ્રસ્ટીશિપના વિચારમાં ક્રાંતિ ૪૧, સ્વામિત્વની પ્રેરણાનો પ્રશ્ન ૪૧, બ્રહ્મચર્યનું વ્રત ૪૨, કલા, પ્રતિભા અને શ્રમ ૪૩, શ્રમ

પણ પ્રત્યર્પણની વસ્તુ ૪૩, આત્મહત્યા : શરીર અને આત્મા ૪૪, સગુણ મૂર્તિ ૪૬, ભૂમિ અને કિસાન ૪૭, સમાજ-પ્રેરણા ૪૭, રેશનિં[illegible] ભાવના ૪૮, ત્રણ પ્રકારનાં સ્વામિત્વ ૪૯, અતિ-સંગ્રહ કુસંસ્કાર ૪૯, માનવીય પ્રકૃતિ ૫૦, દરેક વસ્તુ માટે આદર ૫૦, સૃષ્ટિ માટે આદરનો અર્થ ૫૧.

૬. વિશ્વસ્તયોગ : કર્મની પ્રેરણા : કર્મ સ્વાતંત્ર્ય ૫૨-૬૨

કૌટુંબિક જીવનમાં વિશ્વસ્ત યોગ ૫૨, ગામની [illegible] ૫૩, માનવીય પ્રેરણા ૫૪, વિભૂતિઓ અને ગુણ ૫૪, દોષ અને ચારિત્ર્ય ૫૬, 'લા મિઝરેબલ'નો નાયક ૫૭, ઈતિહાસનો વિકાસક્રમ ૫૮, દરેક વ્યકિત એક વિભૂતિ ૫૮, કર્મસ્વાતંત્ર્ય અને કર્મફળ ૫૯, ભલાં બૂરાં કામ ઈશ્વરાર્પણ ૬૦, અંતર્યામીનો પોકાર ૬૦, આધ્યાત્મિક ચંચળતાં ૬૧, ચિત્તનું સંતુલન જરૂરી ૬૨.

૭. સમાજ-વ્યવસ્થામાં વ્રતોનું સ્થાન ૬૩-૭૭

સાર્વજનિક ધર્મના સિદ્ધાંતો ૬૪, કૃષ્ણમૂર્તિ અને ગાંધી ૬૫, સત્યની શોધ માટે તપસ્યા ૬૬, મનાવવાનો પ્રયોગ ૬૭, કાર્યકર્તા અને જનસંપર્ક ૭૦, "ભિન્ન" પ્રકારનો સત્યાગ્રહ ૭૨, સત્યાગ્રહ અને હિંસા ૭૩, કિસાનો અને મજૂરોની સમસ્યા ૭૫, નિષ્ફળતાથી નિરાશ ન થઈએ ૭૭.

૮. ખેતમજૂર : કાર્યકર્તા : કાળાબજાર ૭૮-૮૮

ખેતમજૂર ૭૯, કાર્યકર્તાઓનો પ્રશ્ન ૮૦, સામાજિક અન્યાય ૮૬, કાળાબજાર ૮૭.

૯. ગામોમાં શાંતિકાર્ય : સહકાર ૮૯-૯૭

મોટા અને નાના ઉદ્યોગો ૯૦, સામ્યીકરણ ૯૨, ભીખ માગવાનો પ્રશ્ન ૯૪, સહકાર સ્વયંસ્ફૂર્ત હોવો જોઈએ ૯૫.

૧૦. સત્યાગ્રહ : વ્યક્તિગત અને સાર્વત્રિક ૯૮-૧૧૩

ભંગીઓની હડતાલ ૧૦૩, વિધાયક પ્રતિકાર ૧૦૫, સદ્‌ભાવનું વાતાવરણ ૧૦૬, પ્રતિપક્ષી માટે આદર ૧૦૮, સત્યાગ્રહની શકિત ૧૧૦, વ્યકિતગત અને સાર્વત્રિક સત્યાગ્રહ ૧૧૨.

૧૧. સંગઠનની અહિંસક દૃષ્ટિ ૧૧૪-૧૨૪

પરસ્પર વિરોધી શબ્દ ૧૧૪, અહિંસક સંગઠન ૧૧૫, સંગઠન શા માટે? ૧૧૬, શાસનની આવશ્યકતા ૧૧૭, પરસ્પર સમજવાની કોશિશ ૧૧૮, ગાંધી

સેવા સંઘ ૧૧૯, સંગઠનોની ભયાનકતા ૧૨૦, સહયોગનો આધાર ૧૨૧, સત્તા-નિરપેક્ષ સંગઠન ૧૨૩.

**૧૨. સંગઠનની પ્રેરણાનું મૂળ : પ્રેમ** **૧૨૫–૧૩૨**

અભિમન્યુનો ચક્રવ્યૂહ ૧૨૬, યુદ્ધનો વેપાર ૧૨૭, સંગઠનમાં ત્રણ વૃત્તિઓનો અભાવ હોવો જોઈએ ૧૨૮, દંડશક્તિ પર શ્રદ્ધા ૧૨૮, ચૂંટણી ન જોઈએ ૧૨૯, સંગઠન કેવું હોવું જોઈએ ? ૧૩૦, સ્મશાનનું ઉદ્ઘાટન ૧૩૧, માનવ્ય-પ્રધાન સંગઠન ૧૩૧.

**૧૩. કાર્યકર્તાઓ પાસેથી અપેક્ષા** **૧૩૩–૧૪૨**

વિતરણની ભાવના શી રીતે ફેલાય ? ૧૩૩, સરકાર સાથે સહકારનો પ્રશ્ન ૧૩૫, કાર્યકર્તાઓ પાસેથી અપેક્ષા ૧૩૬, તથ્યોની પ્રતિષ્ઠા ૧૩૮, દંડ નિરપેક્ષ ક્ષેત્ર ૧૩૮, કોઈ ભૂખ્યું ન રહે ૧૩૯, પ્રતિમાસ સહભોજન ૧૪૦, સાથે જીવાડનારી અહિંસા ૧૪૧.

પરિશિષ્ઠ

**સમાજવાદનો ઉદ્ગમ અને વિકાસ (શ્રી અચ્યુત પટવર્ધન)** **૧૪૩–૧૫૦**

१

# રાજ્યનો સમુદાય

આપણે જોયું કે પ્રત્યેક સમુદાય મનુષ્યના વ્યક્તિત્વને કેવી રીતે શોષી લઈ એને કૂચા જેવું બનાવી મૂકે છે. બજાર અંગે આપણે વિચાર કર્યો. એમાં કારખાનું આવ્યું. કારખાનાના વિચારમાં આપણે જાતિભેદ અને ગિલ્ડનો વિચાર કરી લીધો. ગિલ્ડની જેમ જ ફ્રાન્સમાં વ્યાવસાયિક સંઘો બન્યા હતા. એને સિંડિકેટ કહે છે. જેમણે આવાં સિંડિકેટ રચવાની વાત કરી તેમની યોજના પ્રમાણે આ બધા વ્યાવસાયિક સંઘોને મથાળે એક કેન્દ્રીય સંઘ–ફેડરેશન હશે. એ જ તમામ શાસન-વ્યવસ્થા પણ સંભાળશે. શાસન-વ્યવસ્થા માટે રાજ્યની કશી જરૂર નથી.

### અરાજ્યવાદી

આ લોકો અરાજ્યવાદી હતા. એના પ્રવર્તકોમાં એક પ્રુધોં નામનો શખ્સ હતો. એનો સિદ્ધાંત હતો mutuality—પારસ્પરિકતા. આનો અર્થ એવો છે કે હું તમારે માટે કંઈક કરું, તમે મારે માટે કંઈક કરો; ચીજને સાટે ચીજ ને કામ ને સાટે કામ. ક્યારેક કામને સાટે ચીજ અને ચીજને સાટે કામ. સેવાને સાટે સેવા અને ઉપકારને સાટે ઉપકાર, ક્યારેક ઉપકારને સાટે સેવા અને સેવાને સાટે ઉપકાર. આમ લગાતાર આપ-લેની સાંકળ ચાલ્યા કરે. આ 'પારસ્પરિકતા' પ્રુધોંનું તત્ત્વજ્ઞાન હતું. એ લોકો 'સિંડિકેલિસ્ટ' કહેવાતા. પ્રુધોંએ એક 'પબ્લિક બેંક'ની યોજના બનાવી હતી. એ આપણા ખાદી ભંડાર જેવી હતી. તમે તમારા સૂતરની આંટી ભંડારમાં આપો અને બદલામાં કપડું લો. આવી જાતની પારસ્પરિકતા માટે 'પબ્લિક બેંક'ની કલ્પના હતી. ચીજોની અદલાબદલી માટે કોઈ સાધન હોવું જોઈએ એવી પ્રુધોંની માન્યતામાંથી આ પબ્લિક બેંકનો વિચાર નીકળ્યો હતો.

સમાજ પરિવર્તન માટે આ લોકોનું સાધન હતું—સામાન્ય હડતાલ. પણ આ હડતાલમાં અહિંસાને કોઈ સ્થાન નહોતું. કામ બંધ કરી શકે, પણ એનો અર્થ એ નહીં કે મિલો ન બાળવી અથવા તોડફોડ ન કરવી. વિરોધ નિઃશસ્ત્ર હતો, પરંતુ અહિંસક નહોતો. એ લોકો વ્યવસાયને આધારે પ્રતિનિધિત્વ હોવું જોઈએ એમ માનતા.

સમાજમાં આ જે નવા વિચાર-પ્રવાહો આવ્યા તે મોટે ભાગે ફ્રાંસમાંથી આવ્યા. ફ્રાંસનો સમાજવાદ, ઇંગ્લંડનું અર્થશાસ્ત્ર અને જર્મનીના તત્ત્વજ્ઞાનથી માર્ક્સના વિચારનું મહાવસ્ત્ર બન્યું છે. ગિલ્ડ સોશ્યલિઝમમાં તત્ત્વજ્ઞાન નહોતું, તે સિંડિકેટમાં આવ્યું. સિંડિકેટ-વાળા અરાજ્યવાદી હતા.

## રાજ્ય-સંસ્થા

હવે આપણે રાજ્ય-સંસ્થા અંગે વિચાર કરીએ. રાજ્ય શું કરે છે? રાજ્ય મનુષ્યના જીવનનું સંપૂર્ણ નિયંત્રણ કરે છે. વિનોબાએ એને ત્રણ વિભાગમાં વહેંચ્યું છે: રક્ષણ, પોષણ અને શિક્ષણ. આ ત્રણેમાં મનુષ્યનું આખું ઇહલૌકિક જીવન સમાઈ જાય છે. આમ રાજ્ય એ સૌથી પ્રભાવશાળી સંસ્થા છે. તમે શું પહેરશો કે વાપરશો એટલાનો જ નિર્ણય રાજ્ય કરે છે એમ નથી. તમારે શું કરવું, શું વિચારવું, તમારા દિલમાં કેવી ભાવનાઓ જાગવી જોઈએ વગેરે બાબતો-નો નિર્ણય પણ રાજ્ય કરે છે. એ કામ જેના દ્વારા રાજ્ય સાધે છે તે છે શિક્ષણ. આમ રાજ્યને માટે તો શિક્ષણ એ પ્રચારનું સાધન છે. રાજ્યની માન્યતાઓ, યોજનાઓ અને નિયમો માટે અનુકૂળતા ઊભી કરવાનું કામ શિક્ષણનું થઈ જાય છે. પરંતુ સૌથી મોટું સદ્ભાગ્ય એ છે કે દુનિયાભરનાં રાજ્યો આજ સુધી આ સાધવામાં અસફળ રહ્યાં છે. આમ છતાં રાજ્યનો હેતુ તો એ જ રહ્યો છે.

રાજ્ય તમારા રક્ષણ અને પોષણની વ્યવસ્થા કરે છે. અને બદલામાં એને તમારી બુદ્ધિ અને હૃદય પર પોતાનું પ્રભુત્વ જમાવવું છે. આને રાજ્યવાદ કહે છે.

રાજ્ય હોવું જોઈએ, રાજ્ય જરૂરી છે, અનિવાર્ય છે. કોઈ પણ સિદ્ધાંત માટે વસ્તુસ્થિતિમાં એક પકડ હોવી જરૂરી હોય છે. રાજ્ય જરૂરી છે એ વસ્તુસ્થિતિ છે, એનો આધાર લઈને રાજ્યવાદ ઊભો

થાય છે. ત્યાર બાદ એ કહે છે કે અમે તમારા રક્ષણ અને પોષણનું સંયોજન કરશું. રાજ્યની અનિવાર્યતા મુખ્ય મનાઈ. કારણ, માણસને અવ્યવસ્થા નથી ખપતી, વ્યવસ્થા જોઈએ છે.

### વ્યવસ્થામાં બે વાતો

વ્યવસ્થામાં બે વાતો આવે છે. એક નિયંત્રણ અને બીજી પ્રશાસન. નિયંત્રણમાં અનુશાસન અને આજ્ઞાપાલન એ બે બાબતો સમાય છે. રાજ્યની સાથે પ્રશાસન આવે છે. વ્યવસ્થા એટલે સગવડોનું સંયોજન, જીવન માટે જરૂરી સગવડોનો પ્રબન્ધ. આ પ્રબન્ધ માટે નિયંત્રણ અને અનુશાસનની જરૂર પડે છે, અને તેથી એમાં પ્રશાસન આવે છે. રાજ્યની જરૂરિયાત પાછળની ભૂમિકા આ છે. દરેક માણસની અનિયંત્રિત ઇચ્છા સમાજમાં ચાલી નહીં શકે, અને એ ચાલવી પણ નહીં જોઈએ.

દરેક માણસની અનિયંત્રિત ઇચ્છા ચાલવાનો અર્થ તો એ થયો કે જેનામાં પોતાની ઇચ્છા બીજા પર લાદવાની શક્તિ હશે તેની ઇચ્છા ચાલશે. જે સૌથી વધારે સત્તાવાદી અને બળવાન હશે તેની ઇચ્છા ચાલશે. અને, જે માણસ બીજા પર પોતાની ઇચ્છા લાદવા માગે છે તે ખરેખર સ્વતંત્રતાપ્રિય મનુષ્ય નથી. એ પોતાની ઇચ્છા બીજા પર ઠોકી બેસાડવા માગે છે એટલું જ નથી, એનાથી કોઈ ચડિયાતો જબરો જણ આવે તો એની સામે એ પોતાની સ્વતંત્રતા વેચી પણ દેશે. તેથી આપણે કહીએ છીએ કે પોતાનાથી કમજોરની આઝાદી છીનવી લે અને પોતાનાથી જબરા સામે દબાઈ જાય તે સ્વતંત્રતા ન કહેવાય. માટે કાયરતામાંથી શાસન પેદા થાય છે. દુનિયામાં જે જે અત્યાચારી, જુલમી અને જોહુકમી ચલાવનારા પાકયા છે તેમને દુનિયાએ મોટા પુરુષાર્થી ગણ્યા છે, પરંતુ એવા લોકોની અંદર કાયરતા લપાઈને રહેલી હોય છે.

શક્તિમાંથી સત્તાવાદ પેદા નથી થતો, શક્તિમાંથી તો સ્વતંત્રતા આવે છે. સત્તાવાદમાં વિશ્વાસનો અભાવ હોય છે. સામાન્ય માણસનો વિશ્વાસ નહીં થઈ શકે, બીજી વ્યક્તિનો વિશ્વાસ ન થઈ શકે, માટે રાજ્ય હોવું જોઈએ—આવી ભાવનામાંથી રાજ્ય-નીતિ આવે છે. એનો સૌથી મોટો આધાર અવિશ્વાસ છે. રાજા કોઈનોય વિશ્વાસ કરી ન શકે. રાજસત્તાધારી કોઈનો વિશ્વાસ રાખી ન શકે. જેમના

પર આધાર રાખીને એને ચાલવું પડે છે તેમનાથી પણ સતત સાવધાન રહેતો હોય છે. જો એ એવો ન હોય તો લોકો કહેશે કે આ રાજા રાજ્ય ચલાવી નહીં શકે.

### સામાજિક ઇચ્છાશક્તિ

આમ રાજ્ય એવી સંસ્થા છે જે મનુષ્યના વ્યક્તિત્વને બધી બાજુથી જકડી નાખે છે. માણસે શું બનાવવું, શું વાપરવું, એ શું વિચારે, એની ભાવના કેવી હોવી જોઈએ—આ બધા પર રાજ્યનું નિયંત્રણ હોય છે. દરેક માણસની મરજી મુજબ તો કામ ન ચાલી શકે; માટે દરેકની મરજી મુજબ નહીં, સૌની મરજી મુજબ કામ થવું જોઈએ. સૌની અનુમતિ જુદી વસ્તુ છે અને સૌની મરજી જુદી વસ્તુ છે. સૌની મરજીથી કામ થવું જોઈએ. પણ સૌની મરજી ક્યાં છે? એનું વ્યક્ત સ્વરૂપ શું છે? એનું મૂર્ત સ્વરૂપ શું છે? રાજ્યવાદીનું કહેવું છે કે એ સ્વરૂપ તે રાજ્ય છે.

સમાજમાં જેટલી વ્યક્તિ છે તે બધાની સામુદાયિક ઇચ્છાશક્તિને રાજ્યશાસ્ત્રમાં general will—સર્વસાધારણની ઇચ્છાશક્તિ કહે છે. રાજ્યવાદીઓ દાવો કરે છે કે એ સર્વસાધારણ ઇચ્છાશક્તિનું વ્યક્ત સ્વરૂપ રાજ્ય છે. આમ એ આખા સમાજમાં અવ્યક્ત રીતે રહેલી છે. દરેકની પોતપોતાની જુદી જુદી ઇચ્છા હોય છે, પણ બધાની મળીને જે સામાન્ય ઇચ્છા હોય છે તેનું જ વ્યક્ત સ્વરૂપ તે રાજ્ય. તેથી વ્યક્તિ માટે રાજ્યની ઇચ્છા પ્રમાણભૂત છે. કોઈ પણ વ્યક્તિને રાજ્યની વિરુદ્ધ કશું કરવાનો અધિકાર નથી. આને absolute theory of the state—નિરપેક્ષ રાજ્ય-સત્તાવાદ કહે છે.

### મરજી અને અનુમતિ વચ્ચેનો ફરક

મરજી અને અનુમતિ વચ્ચે ફરક એ છે કે હમેશાં મારી મરજી જેવી જ મારી માન્યતા નથી હોતી. ધારો કે મને ચોરી કરવાનું મન થયું; હવે મારી ઇચ્છા એ હશે કે ચોરી કરતી વખતે મને કોઈએ જોવો નહીં જોઈએ, અને જોઈ ગયો તો હું સૌને દબાવી શકું. એટલે ચોર અથવા લૂંટારો બેમાંથી એક થઈ શકું. પણ મારે ત્યાં કોઈ ચોરી કરવા આવે એવું હું નહીં ઇચ્છું. આમ મારી માન્યતા અને મારી મરજી વચ્ચે ફરક પડે છે. મનુષ્યની મરજી પ્રમાણે મનુષ્યની માન્યતા નથી હોતી.

સર્વસામાન્ય મનુષ્યોની માન્યતાને આપણે સર્વાનુમતિ કહીએ છીએ. પણ દરેકની પોતાની મરજી એ સર્વાનુમતિ નથી. એટલે પોતાની મરજીને છોડીએ ત્યારે 'સર્વાનુમતિ' સધાય છે. પોતપોતાની મરજી પર અંકુશ રાખવો પડે છે અને 'સર્વજન-હિતાય' વિચાર કરવો પડે છે. આ સધાય ત્યારે જે રાજનૈતિક વહેવાર થાય છે તેનાથી મારો અહંકાર ઘસાતો જાય છે અને બીજાઓ સાથેનું મારું તાદાત્મ્ય વધતું જાય છે. સમાજ સર્વાનુમતિથી ચાલે એવું ઇચ્છતા હોઈએ તો નાગરિકના ચિત્તની અવસ્થા એવી હોવી જોઈએ કે મારો નિર્ણય સ્વાર્થ-નિરપેક્ષ અને વિકાર-નિરપેક્ષ થવો જોઈએ. આમ થાય તો જ સર્વાનુમતિથી નિર્ણય થાય. તમારો મત તમારી મરજી નથી. મત અલગ વસ્તુ છે અને મરજી અલગ વસ્તુ છે. તમારા મતમાં તમારો સ્વાર્થ ન હોવો જોઈએ. તમારા મતમાં તમારો વિકાર નહીં હોવો જોઈએ. તમારો મત એ તમારો નિર્ણય છે. એ નિર્ણય વિકાર-નિરપેક્ષ અને સ્વાર્થ-નિરપેક્ષ હોવો જોઈએ. સર્વસંમતિ માટે આ ભૂમિકા જરૂરી છે. આમ થાય ત્યારે જ દરેક નાગરિકનો રાજ્ય-વ્યવહારમાં પ્રત્યક્ષ ભાગ લેવાનો અધિકાર ચરિતાર્થ થાય છે.

## 'કમ્યૂન' અને 'કમ્યુનિકેશન'

કમ્યુનિટિનું પણ એવું જ છે. જેમાં 'કમ્યૂન' અને 'કમ્યુનિકેશન' હોય તેને 'કમ્યુનિટિ' કહે છે. સમાજ વધુ વ્યાપક છે, જ્યારે કમ્યુનિટિ મર્યાદિત હોય છે. એમાં 'કમ્યુનિયન'ની જરૂરત રહે છે. કમ્યુનિયનનો અર્થ એ છે કે મનુષ્ય મનુષ્યનો સંબંધ ઘનિષ્ટ હોય. વિશ્વ-કુટુંબ એટલે આખા વિશ્વ જેટલો વિશાળ પરિવાર નહીં; પણ વિશ્વનો ગુણ જેનામાં હોય તેવું કુટુંબ. નાનું કુટુંબ પણ વિશ્વ-કુટુંબ હોઈ શકે. આખા વિશ્વના એક નાના નમૂના જેવું હશે. નાના નમૂનામાં એ બધા જ ગુણો રહેશે. વિનોબા લાડુનો દાખલો આપે છે. નાનો લાડુ ને મોટો લાડુ. બન્ને આખા છે, બન્ને પૂર્ણ છે, બન્ને ગોળ છે, બન્ને મીઠા છે. મોટા લાડુમાં જે ગુણ છે તે જ ગુણધર્મ નાના લાડુમાં પણ છે.

સમાજના જે નાના સમુદાયમાં વિશ્વના ગુણધર્મ હોય તે નાનું કુટુંબ પણ વિશ્વ-કુટુંબ જ છે. કમ્યુનિયન એટલે આત્મીયતા-ભર્યો વહેવાર, હૃદયોનું મિલન. એ થયું કમ્યુનિયન. ખ્રિસ્તી ધર્મમાં

ભગવાન સાથે સંબંધ સ્થાપવાનો એક વિધિ હોય છે, તેને કમ્યુનિયન કહે છે.

તો આ જે આત્મિક અને હાર્દિક સંબંધ છે તે છે કમ્યુનિયન. જ્યાં સૌ જણ તમારા આત્મીય છે, સ્વજન છે તેને કમ્યુનિટિ કહે છે. તમારા પડોશમાં જે બધા છે તે બધા તમારા આત્મીય છે.

વળી, 'કમ્યુનિકેશન' થવું જોઈએ. કમ્યુનિકેશનનો અર્થ છે પ્રત્યક્ષ નિવેદન. કમ્યુનિકેશન એટલે કેવળ કાગળ પત્ર, તાર ટેલિફોન વગેરે નહીં, એ પરોક્ષ નિવેદન છે. કમ્યુનિટિ આમનેસામને–મોઢામોઢ હોવી જોઈએ. હું તમારી સન્મુખ છું, તમે મારી સન્મુખ છો. આપણો જે વહેવાર થશે તે પ્રત્યક્ષ થશે, પરોક્ષ નહીં.

હું તમને જમવાનું આમંત્રણ આપવા આવ્યો. તે વખતે તો તમે હા પાડી પણ મનમાં હતું કે નથી જવું. એટલે થોડી વાર પછી તમારો ટેલિફોન આવે છે, "માફ કરજો, હું આવી શકીશ નહીં."

"તો તે જ વખતે કહી દેવું હતું ને?"

"શું થાય? સંકોચ થયો!"

પ્રત્યક્ષ અને પરોક્ષ વહેવારમાં આટલો ભેદ છે.

કમ્યુનિટિમાં જે કમ્યુનિકેશન થાય તે પ્રત્યક્ષ થવું જોઈએ. તમારી પુત્રવધૂ એ મારી પુત્રવધૂ, તમારી દીકરી એ મારી દીકરી, તમારી મા એ મારી મા. આ ત્યારે જ બને જ્યારે વહેવાર પરોક્ષ નહીં, પ્રત્યક્ષ હશે. પ્રત્યક્ષ વહેવારમાં વાસ્તવિકતા આવે છે. આ વાસ્તવિકતા લાવવી હોય તો કમ્યુનિટિ Face to Face—આમને સામને—સન્મુખ હોવી જોઈએ. એવું નહીં થાય તો વાસ્તવિકતા નહીં આવે.

ગાંધીએ કહ્યું હતું કે મારા શરીરની મર્યાદાથી સ્વદેશીની મર્યાદા બંધાય છે. કમ્યુનિટિ માટે એમણે ધર્મ બતાવ્યો—સ્વદેશી ધર્મ. સ્વદેશી ધર્મના આર્થિક પાસાં જુદાં છે. અહીં હું એનું સાંસ્કૃતિક પાસું બતાવી રહ્યો છું. કમ્યુનિયન અને કમ્યુનિકેશન પણ પ્રત્યક્ષ થવાં જોઈએ. પહેલાં હાથોહાથની લડાઈ થતી. એકનો હાથ બીજાના હાથ સાથે ભીંસાતો. આવી લડાઈ માટે બહુ મોટું

મેદાન ન જોઈએ, બન્ને સૈન્યો વચ્ચે બહુ મોટું અંતર ન હોવું જોઈએ. આમાં આકાર કરતાં અંતર વધારે મહત્ત્વનું છે.

આપણે વધારે વિચાર આકારનો કરીએ છીએ પણ વિચાર આકારનો નહીં, અંતરનો થવો જોઈએ. પાડોશીઓ વચ્ચે કેટલું અંતર છે તેનું મહત્ત્વ છે. તેથી મૉર્ગનનું કહેવું છે કે કમ્યુનિટિ નાની હોવી જોઈએ. બહુ મોટાં પરિમાણોમાં વ્યક્તિત્વ માટે સ્થાન નથી રહેતું. એટલું મોટું પરિમાણ પોતાનામાં જ મનુષ્ય માટે વિષમ છે. જેટલો આકાર મોટો, વ્યક્તિ માટે એટલો જ પ્રતિકૂળ. એમાં વ્યક્તિ માટે સ્થાન નહીં હોય. વ્યક્તિના વ્યક્તિત્વ માટે મોટા આકાર અનુકૂળ નથી.

## 'આત્માર્થે પૃથિવિં ત્યજેત્'

કહ્યું છે કે 'कुलस्यार्थे त्यजेद् अेकम्'—આખા કુટુંબના હિત માટે જરૂર પડે તો એક વ્યક્તિનો ત્યાગ કરો. આપણે અહીં બે વૃત્તિઓ વચ્ચેના ફરકનો વિચાર કરીએ છીએ. એક સમષ્ટિ અને બીજી વ્યષ્ટિ, 'कुलस्यार्थे त्यजेद् अेकम्'—આખા કુટુંબનું અહિત થતું હોય તો એકનો ત્યાગ કરજો. આ વહેવારનો ન્યાય બતાવ્યો. 'ग्रामस्यार्थे कुलं त्यजेत्'—કુટુંબને કારણે ગામનું અહિત થતું હોય તો કુટુંબ છોડજો. અને અંતે કહ્યું છે: 'आत्मार्थे पृथिवीं त्यजेत्'—આત્મા માટે છોડવી પડે તો પૃથ્વી પણ છોડજો.

એક તરફ તો કહ્યું કે कुलस्यार्थे त्यजेद् अेकम्—કુટુંબ માટે એકને છોડવો પડે તો છોડજો અને બીજી બાજુ કહ્યું કે आत्मार्थे पृथिवीं त्यजेत्—આત્મા માટે પૃથ્વીને પણ છોડો. આનો અર્થ શું થયો? એક તરફ તો કુટુંબના હિત માટે એક વ્યક્તિના સ્વાર્થને ત્યાગવો જરૂરી બને તો તે ત્યાગો, અને બીજી બાજુ કહ્યું કે તારા આત્માનો અવાજ આખી દુનિયાની વિરુદ્ધ જતો હોય તો દુનિયા છોડી દે.

રાજ્યવાદ જે રીતે વ્યક્તિત્વનું બલિદાન લે છે તે જ રીતે સમુદાયવાદ પણ વ્યક્તિત્વનું બલિદાન લે છે. માનવ-નિષ્ઠાને સત્ય-નિષ્ઠાનો વિરોધ નથી હોતો, એટલે આત્મ-નિષ્ઠ માણસ સત્યનિષ્ઠ હોય છે, પરંતુ એ સમૂહવાદી નથી હોતો. મારો સ્વાર્થ કે મારો વિકાર પ્રમાણ નથી, મારો આત્મ-નિર્ણય પ્રમાણ છે. હું એક સત્ય રજૂ કરી રહ્યો છું, એમાં સૌનું હિત છે. પરંતુ સમુદાયનો

મત મારાથી જુદો પડતો હોય તો તેવા સંજોગોમાં "आत्मार्थे पृथिवीं त्यजेत्." त्यजेत्નો અર્થ છે આદરપૂર્વક અવગણના કરવી.

### ઈશ્વર-નિષ્ઠા, માનવ-નિષ્ઠા તથા સત્ય-નિષ્ઠા

અહિંસાત્મક પ્રક્રિયામાં માનનારો મનુષ્ય રાજ્યના નિયંત્રણને નથી માનતો. કેમ? એનું કહેવું એમ છે કે સમુદાયવાદમાં મનુષ્યની સત્યનિષ્ઠા અને આત્મ-નિષ્ઠાનો લોપ થવો ન જોઈએ. મનુષ્યની સત્યનિષ્ઠા અને આત્મનિષ્ઠા એ બે વસ્તુ નથી, એક જ છે. ગાંધીએ એને સત્યાગ્રહનું નામ આપ્યું. એમણે સત્યને જ ઈશ્વર કહ્યો. સત્ય અને ઈશ્વરને અનુકૂળ પોતાના આત્માનો જે અવાજ છે તેને એણે કોન્શ્યન્સ—'અંતરાત્મા' ગણ્યો. મારો અંતરાત્મા, સત્ય અને ઈશ્વર એ ત્રણને હું પહેલાં માનીશ. અનુશાસન-નિષ્ઠા એ મારા સત્ય, ઈશ્વર અને આત્માને માટે હોવી જોઈએ. સત્ય, ઈશ્વર અને આત્મા ત્રણેનો અર્થ એક જ છે. એ ત્રણેય તરફ મારી પ્રથમ નિષ્ઠા છે. એ મારી માનવ-નિષ્ઠાને અનુકૂળ છે, પ્રતિકૂળ નથી. તેથી મારે માટે માનવ-નિષ્ઠા પહેલી આવે છે. સંસ્થા અને સંગઠન માટેની નિષ્ઠા ત્યાર બાદ આવે છે. પ્રથમ નિષ્ઠા સત્ય, ઈશ્વર અથવા આત્મા માટે. માનવ-નિષ્ઠા પણ એ જ કોષ્ટકમાં આવી ગઈ. ઈશ્વર-નિષ્ઠા, માનવ-નિષ્ઠા અને સત્ય-નિષ્ઠા એ ત્રણે એક જ સત્યનાં સમાન પાસાં છે, અલગ અલગ નથી. પરંતુ માનવ-નિષ્ઠાને સંસ્થા-નિષ્ઠા અને સંગઠન-નિષ્ઠા સાથે હું ભેળવી શકતો નથી, એ બન્ને જુદી જુદી વસ્તુ છે. સમુદાયવાદ જુદી વસ્તુ છે અને માનવ-નિષ્ઠા જુદી વસ્તુ છે.

કોઈ ઈશ્વરને નહીં માનતો હોય તો તેવાને માટે ગાંધીએ કહી દીધું કે એવાને માટે એની નાસ્તિકતા સ્વયં ઈશ્વર છે. મનુષ્યની નાસ્તિકતામાં જે નિષ્ઠા છે તે જ એનો ઈશ્વર છે. એને એ પોતાના પ્રાણોથી પણ અધિક લેખે છે, અને સૌને સારુ હિતકારી માને છે. એને માટે એ મરવા પણ તત્પર રહે છે. એના મરવામાં કોઈ ચીજનો મોહ નથી હોતો અને એમાં એનો પોતાનો કોઈ સ્વાર્થ નથી હોતો.

પાર્લામેન્ટમાં દરેક સભ્યે સોગંદ લેવાના હોય છે. એમાં એક વાક્ય આવે છે: "In the name of God—ભગવાનને સાક્ષી રાખીને અથવા ભગવાનને નામે." ચાર્લ્સ બ્રેડલોએ કહ્યું કે હું

ઈશ્વરને માનતો નથી તેથી હું આ જાતના સોગંદ નહીં લઉં. એને એ માટે બહુ વેઠવું પડયું, બહુ વિરોધ સહન કરવો પડ્યો, એનું અપમાન થયું, ઉપહાસ થયો; પણ એણે કહ્યું કે હું સોગંદ નહીં લઉં.

એવી જ રીતે સત્યાગ્રહ વખતે સોગંદ લેવાનો સવાલ ઊભો થયો હતો. ગાંધીજીએ પોતે સ્વયંસેવક અને સત્યાગ્રહી બનાવવા શરૂ કર્યા ત્યારે એમાં શબ્દો આવ્યા : "ઈશ્વરને નામે." જવાહરલાલ ઈશ્વરના નામે સોગંદ લઈ ન શકયા. ત્યારે ગાંધીજીએ કહ્યું કે મને પહેલેથી કોઈએ આ વાત કહી હોત તો હું ઈશ્વર શબ્દ ન લખત. પણ કોઈને ઈશ્વર શબ્દનો વાંધો હોય તો ભલે, ઈશ્વરના નામે સોગંદ લેવાની જરૂર નથી; એ પોતાના ઈમાનની સાક્ષીએ, અંતરાત્માની સાક્ષીએ સોગંદ લે. આ અંતરાત્માના સંકેતને એમણે ઈશ્વરની પ્રેરણા માની હતી.

### લોકમતનો સવાલ

એડમંડ બર્ક કહે છે કે સામાન્ય મનુષ્યની વાસ્તવિક ઇચ્છા રાજ્યમાં વ્યક્ત થાય છે. પરંતુ તે એવા રાજ્યમાં વ્યક્ત થાય છે જે સુસંસ્કૃત લોકોના હાથમાં હોય. સુસંસ્કૃત લોકોમાં એ પેઢી દર પેઢીથી જમીનદાર—સ્કવાયર લોકોને ગણતો. વેપારી કરતાં જમીનદાર જરા ઉદાર દિલનો હોય છે કારણ કે જમીનદારીમાં સોદાબાજી નથી થતી. દુકાનદાર હિસાબ કરતો રહે છે. ગમે તેટલો અમીર હોય તો પણ લોકો એને "વાણિયો" જ કહેવાના. આમ બન્નેની મનોવૃત્તિમાં ફરક પડી જાય છે.

નવલકથાઓ અને કાવ્યોમાં ગામડાના જમીનદારોનાં વર્ણનો હોય છે. એમની ઉદારતાનું એમાં વર્ણન હોય છે. કુટુંબમાં બાપનું હોય તેવું ઉદાર દિલ એમનું હોય છે. બાપ પોતાને બધાના સરખો નથી ગણતો, પરંતુ બધા પ્રત્યે એ સરખો કૃપાશીલ હોય છે. ભગવાનને કહે છે, "તું જ અમારો પિતા છે." પિતાનો અર્થ એ કે જે તમને કાબૂમાં પણ રાખે અને તમારા પર પ્રેમ પણ કરે. વશિષ્ઠ અને બીજા ગુરુઓ રાજાને ઉપદેશ આપતી વખતે કહેતા કે પ્રજા તો પૃથ્વીરૂપી ગાયના વાછરડા જેવી છે, એનું રક્ષણ કરો. એમના પ્રજાજનો આસામી નહીં, કુટુંબી ગણાતા. એટલે બર્કનું કહેવું હતું કે જે લોકો પેઢી દર પેઢીથી જમીનદાર હોય તેવાના જ હાથોમાં

રાજ્ય હોવું જોઈએ. એમનો મત તે જ વાસ્તવિક લોકમત. બાકી આ બધા ગમારના શું મત? એમને અક્કલ થોડી જ છે? લોકો કહે છે ને ૨૧ વર્ષ પહેલાં મત શાનો? મૂછ નહીં તો મત શેનો?

## શાણાઓનો અભિપ્રાય

આમ રાજ્ય પાસે બધી શક્તિ હોવી જોઈએ. એનામાં વ્યાપક શક્તિ હોવી જોઈએ. આને 'એબ્સોલ્યુટ થીયરી' કહે છે. આ મતના પ્રવર્તકોમાં એડમન્ડ બર્ક મુખ્ય હતો. જુનવાણીઓનું કહેવું છે કે સત્તા એક વર્ગના હાથમાં હોવી જોઈએ. એ વર્ગ સંસ્કૃતિ-સંપન્ન હોવો જોઈએ. એમની ઇચ્છા એ જ સાર્વજનિક ઇચ્છા ગણાવી જોઈએ. અધ્યાત્મવાદીઓ કહે છે કે બ્રહ્મવેત્તાનો મત તે જ બધાનો વાસ્તવિક મત ગણાવો જોઈએ. ગણ્યાગાંઠ્યા ડાહ્યા લોકોનો મત તે જ ખરી રીતે લોકમત છે. એકે સંતોની આધ્યાત્મિક ભૂમિકા પરથી કહ્યું અને બીજાએ સંસ્કૃતિની લૌકિક ભૂમિકા પરથી કહ્યું, પણ સરવાળે હતી એક જ વસ્તુ.

બર્કે ફ્રાન્સની રાજ્યક્રાંતિની વિરુદ્ધ પુસ્તક લખ્યું. એના જવાબમાં ટોમ પેને લખ્યું. પરંતુ કાર્લાઈલે એ ક્રાંતિને અનુકૂળ પુસ્તક લખ્યું. એ નિરપેક્ષ રાજ્યવાદી હતો. પ્લેટોએ કહ્યું, "તત્ત્વજ્ઞાનીઓની સત્તા હોવી જોઈએ." આ વાત એણે રિપબ્લિક નામના પુસ્તકમાં લખી છે. આમ આ બધા જ જુનવાણી એટલે કે વર્ગ-સત્તાવાદી હતા. સત્તા વિશિષ્ટ વર્ગના હાથમાં રહે અને સામાન્ય માણસ એની આજ્ઞાનું પાલન કરે. એ આજ્ઞા-પાલન અને અનુશાસન કહેવાય.

## રાજ્યનું બીજું પાસું

રાજ્યનું બીજું પાસું એ હતું કે એ તમારે માટે બધી વ્યવસ્થા કરશે. અને બદલામાં તમે બુદ્ધિ-સમર્પણ અને નિર્ણય-સમર્પણ કરશો. તમારે એટલી કિંમત ચૂકવવાની. જે એમ ન કરે તે સમાજદ્રોહી ગણાય. રાજ્યદ્રોહી હોય તે સમાજદ્રોહી ગણાય. એબ્સોલ્યુટ થીયરી-વાળાઓનું આવું જ કહેવું હતું.

આ અંગે બીજાઓનું કહેવું શું હતું? એ લોકો કહેતા હતા કે રાજ્ય અમને વધુમાં વધુ સ્વતંત્રતા હોય એવી પરિસ્થિતિ નિર્માણ કરી આપશે. આ સ્વતંત્રતા ખાસ તો બૌદ્ધિક હશે. એ આચાર,

વિચાર અને વિહાર એમ ત્રણ પ્રકારની હશે. જે રાજ્યમાં અમને વધુમાં વધુ સ્વતંત્રતા મળતી હશે તે રાજ્ય અમને અનુકૂળ ગણાશે.

### સંરક્ષણ અને સ્વતંત્રતા

અહીં અંતર્વિરોધ છે. જે સંરક્ષિત છે તે સ્વતંત્રતાની માગણી કરી નહિ શકે. આમ છતાં આપણે માની લીધું છે કે જે હદે રાજ્ય આપણી સ્વતંત્રતાનું રક્ષણ કરશે એટલી હદે રાજ્યનો આપણે સ્વીકાર કરીશું. પરંતુ સંરક્ષણ જેટલું વધારે હશે, સ્વતંત્રતા એટલી ઓછી હોવાની.

બાળકો માટે એક પાર્ક–ઉદ્યાન બનાવ્યો. પછી કહ્યું કે આમાં મોટેરાંઓ જઈ નહીં શકે અને કોઈ વાહન જઈ નહીં શકે. પાર્કની અંદર બાળકોને પૂરી સ્વતંત્રતા રહેશે. પણ પાર્કના ફાટક પર ત્રણ સિપાઈઓ ઊભા રાખવા પડશે. કેમ ? તો કે મોટેરાંઓ અને વાહનો અંદર ન જાય અને બાળકોની સ્વતંત્રતાને આંચ ન આવે તે જોવા માટે. પણ તો પછી આનો શો અર્થ ? સ્વતંત્રતાને સંરક્ષિત રાખવી પડી. એટલે કે એ સ્વતંત્રતા અંતે તો તમારી મરજી પર આધારિત રહી. તમે જ્યાં સુધી એનું સંરક્ષણ કરશો ત્યાં સુધી એ સંરક્ષિત. પછી સિપાઈઓ ઝોકાં ખાવા માંડે, કે પાન ખાવા જતા રહે અથવા તો એમની દાનત બગડે તો સંરક્ષિત સ્વતંત્રતા સમાપ્ત !

માટે વ્યવસ્થા એવી હોવી જોઈએ કે જેમાં વ્યક્તિની આત્મ-સંરક્ષણની ક્ષમતા વધે અને બીજાના સંરક્ષણની આકાંક્ષા અને આવશ્યકતા ઘટે.

તો શું આપણે અરાજ્યવાદી છીએ ?

આપણે એક અંતર્વિરોધ જોયો : સંરક્ષણ છે ત્યાં સ્વતંત્રતા નથી. આપણને સ્વતંત્રતા જોઈએ છે, પણ સંરક્ષણ નથી જોઈતું. સંરક્ષણ નથી જોઈતું તો શું આપણે અરાજ્યવાદી છીએ ? શું શાસન-મુક્તિ અરાજ્યવાદ છે ? શું લોકનીતિ અરાજ્યવાદ છે ? આ પ્રશ્નો પર આપણે હવે પછી વિચારીશું.

●

૨

# રાજ્યસંસ્થાનું વિઘટન શી રીતે થાય ?

આપણી સામે વિચારણીય વિષય એ છે કે જે સમષ્ટિ રાજ્યનું સ્વરૂપ લે છે તે વ્યકિતત્વને ક્ષીણ કરી નાખે છે. સમષ્ટિમાં વ્યક્તિત્વની પરિપૂર્તિ છે, પરંતુ એ તો ત્યારે કહેવાય જ્યારે એમાં વ્યક્તિત્વના વિકાસ માટે પૂરેપૂરો અવકાશ હોય. સમષ્ટિ જ પોતે ભગવાન ન બની બેસવી જોઈએ. વ્યક્તિ પોતે વિશ્વરૂપનો એક નાનો નમૂનો છે. બન્નેના ગુણધર્મોમાં ફેર નથી. આકાર અને વિશાળતાનો ભેદ છે, પણ વ્યાપકતાનો ભેદ નથી. વ્યકિત પણ વિશ્વ જેટલી જ વ્યાપક હશે. વ્યષ્ટિ અથવા વ્યકિત એ સમુદાય અથવા સમષ્ટિથી ઓછા મહત્ત્વની નથી. એનો આકાર નાનો હશે પણ ગુણધર્મમાં સમાનતા હશે.

### રાજ્ય સંસ્થાનું વિઘટન

આટલેથી વિવાદનો આરંભ થાય છે. તેથી આત્યંતિક વ્યકિતવાદીઓએ કહ્યું કે રાજ્ય-સંસ્થા કાઢી નાખવી જોઈએ. સંસ્થા સંગઠન પણ ન હોવાં જોઈએ. આ કેવળ તાત્ત્વિક વિચાર છે. એને બૌદ્ધિક વિચાર ન ગણશો. પણ જેમને મનુષ્યો માટે ચિંતા થાય છે તેવા લોકો ઊંડાણથી વિચાર કરે છે. ત્રણ ચીજો છે—રાજ્યવાદ, સંસ્થા વાદ અને કેન્દ્રીકરણવાદ. કેન્દ્રીકરણવાદનું નામ જ સંગઠનવાદ છે. જે સંગઠન કડક હશે તેમાં સત્તા કેન્દ્રિત હોય છે. સત્તા કેન્દ્રિત ન હોય તો સંગઠન ઢીલું પડશે. સંગઠન નાનું હોય કે મોટું તે જુદી વાત છે, પરંતુ મુખ્ય બાબત કેન્દ્રીકરણની છે.

મનુષ્ય કોઈ સંસ્થાનો સભ્ય બને છે, કોઈ સંગઠનનું એકમ બને છે. એ મનુષ્ય તો હતો જ, ત્યાર બાદ એ સભ્ય બન્યો. એ એક એકમ બને છે અને પછી અંકશાસ્ત્રમાં અંક બની જાય છે. તો ઇન્સાન સભ્ય બન્યો, એકમ બન્યો અને આંકડો બન્યો. એનાં આટલાં રૂપ બદલાયાં. આથી જે લોકોને મનુષ્યની ચિંતા છે તે લોકો વિચારે

છે કે આખરે રાજ્ય-સંસ્થાનું શું સ્થાન હોવું જોઈએ, એની શી મર્યાદા હોવી જોઈએ?

જે સરમુખત્યારવાદી છે—કોમ્યુનિસ્ટ, ફેસિસ્ટ, નાઝી એ બધા જ રાજ્યવાદી છે. Welfare state—કલ્યાણરાજ્ય એ પણ રાજ્યવાદનું જ સ્વરૂપ છે. કલ્યાણકારી રાજ્યવાદને ઉદાર રાજ્યવાદ પણ કહે છે. ઉદાર સત્તાવાદને benevolent power કહે છે. સરમુખત્યારશાહીમાં કઠોર રાજ્યવાદ છે. સરમુખત્યારો રાજ્યવાદી હોય છે, પણ જેટલા રાજ્યવાદી છે તે બધા સરમુખત્યારશાહીવાળા નથી હોતા. આ બધાએ રાજ્યને ભગવાન બનાવી દીધું. રાજ્યસંસ્થાનું દૈવીકરણ થયું. મનુષ્યે એક તરફ તો દેવતાઓમાં મનુષ્યના ગુણોનું આરોપણ કર્યું અને બીજી બાજુ મનુષ્યોમાં દેવતાના ગુણોનું આરોપણ કર્યું કેટલાકોએ કહ્યું કે આવી રાજ્ય-સંસ્થા હોય તો મનુષ્યનો વિકાસ નહીં થાય. માટે રાજ્ય સંસ્થાનો નાશ કરવો જરૂરી છે. આ બધા અરાજ્યવાદી તરીકે ઓળખાયા.

અરાજ્યવાદીઓનું કહેવું હતું કે મનુષ્યમાં એટલી સદ્‌બુદ્ધિ છે કે એને રાજ્ય-સંસ્થાની જરૂરત જ નથી. એમને પૂછ્યું કે રાજ્ય-સંસ્થા નહીં હોય તો પછી વ્યવસ્થાનું કેમનું થશે? ઉદ્દંડ લોકોને કાબૂમાં કેવી રીતે રાખશો? લઘુમતીઓનું શું થશે? આ બધાનો એમની પાસે જવાબ નહોતો. એમણે એટલું જ કહ્યું કે મનુષ્યની અંતઃપ્રવૃત્તિ, એની આંતરિક પ્રેરણા જ એટલી શુભ છે કે એને માટે વ્યવસ્થા કે રાજ્ય-સંસ્થાની જરૂરત નથી. વ્યવસ્થાપકો અને રાજ્યકર્તાઓએ મનુષ્યોને વિકૃત કરી મેલ્યા છે.

પ્રિન્સ ક્રોપોટ્કિનનું કહેવું એમ હતું કે નાગરિકોની પારસ્પરિક સહાયતા પર સમાજ ચાલશે. હું મારા પડોશીને મદદ કરીશ, પડોશી મને મદદ કરશે. એવી હાલતમાં રાજ્ય-સંસ્થાની જરૂરત નહીં રહે. એમણે આ વિષય પર પણ એક પુસ્તક લખ્યું છે: 'Mutual Aid'—પારસ્પરિક સહાયતા.

ત્રીજો હતો માઈકલ બાકૂનિન. એની ચોપડીનું નામ છે: God and the State—ઈશ્વર અને રાજ્ય. એનું કહેવું હતું કે લોકોએ રાજ્યને જ ઈશ્વર બનાવી દીધું છે, પણ ઈશ્વરનીયે જરૂર નથી અને રાજ્યનીયે જરૂર નથી. એ હતો તો સામ્યવાદી, પણ

શાસનહીન સમાજની વાત કરતો. આ મુદ્દા પર એનો માકર્સ સાથે ઝઘડો થયો, અને એમ આ અરાજ્યવાદી (anarchist) જુદા પડ્યા. "The state shall wither away—રાજ્ય ચીમળાઈને ખરી પડશે, વિલીન થઈ જશે"—એ વાત પાછળથી અરાજ્યવાદમાંથી સામ્યવાદમાં આવી.

### ગોડવિન અને સોરેલનો મત

વિલીયમ ગૉડવિન ઈંગ્લંડનો હતો અને સોરેલ ફ્રાન્સનો હતો. વિલીયમ ગોડવિનનો મજેદાર કિસ્સો છે. ટૉમસ પેને ઍડમંડ બર્કના જવાબમાં Rights of Men (મનુષ્યના અધિકાર) નામનું પુસ્તક લખ્યું. મેરી વૉલસ્ટોન ક્રેફ્ટે The Rights of Women—સ્ત્રીઓના અધિકાર નામનું પુસ્તક લખ્યું. સ્ત્રીઓની ભૂમિકા અંગે આ જાતનું આ પહેલું શક્તિશાળી પુસ્તક છે. એમાં હિમ્મત અને વૈજ્ઞાનિકતાપૂર્વક સ્ત્રીઓની સ્વતંત્રતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પાછળથી એ જ મેરી વોલસ્ટોન ક્રેફ્ટ વિલીયમ ગોડવિનને પરણી. બંને ખૂબ જ પ્રસિદ્ધ હતાં.

વિલીયમ ગોડવિનનું કહેવું હતું કે રાજ્ય સંસ્થાની જરાયે જરૂર નથી. પરંતુ જે અવસ્થામાં રાજ્ય-સંસ્થાની જરૂરત નહીં રહે તે અવસ્થા આવે ત્યાં સુધી શું કરવું? રાજ્ય-સંસ્થાના નિવારણ માટે શું કરવું? અરાજ્યવાદીઓ પાસે આનો જવાબ નહોતો. એક માત્ર જવાબ હતો—હિંસા. અને, હિંસામાંથી કદી અરાજ્યવાદ આવી ન શકે. વિલીયમ ગોડવિને કહ્યું કે આને માટે લોકો સાથે ચર્ચા-વિચારણા કરો, લોકોને વાત સમજાવો, વિચારોની આપ લે કરો.

સાંભળવામાં આ વાત જરા અટપટી લાગે છે, પરંતુ સંસદીય (Parliamentary) પદ્ધતિની સરકારનો આધાર જ વિચાર—વિનિમય છે. તેથી એ પદ્ધતિ સર્વશ્રેષ્ઠ ગણાઈ છે. 'પાર્લે'નો અર્થ જ થાય છે 'બોલવું.' એના પરથી જે ઠેકાણે પ્રસ્તાવ મુકાય, સંશોધન થાય, પ્રતિવાદ થાય અને અંતે કાયદો બને તે જગ્યાને પાર્લામેન્ટ—સંસદ કહે છે. આમ છતાં કેટલાય ક્રાંતિકારીઓ કંટાળી જઈને કહે છે કે એ ગપ્પાં મારવાની દુકાન છે, કામ કરવાની જગા નથી.

પાર્લામેન્ટનો મુખ્ય ઉદ્દેશ શું છે? રાજ્ય-વ્યવસ્થા મનુષ્યોના વિચાર-વિનિમયથી ચાલે. આમ રાજ્ય-શાસનનો આધાર થયો સમ-

જાવવું. જ્યાં સમજાવટનું તત્ત્વ આવ્યું ત્યાં રાજ્ય-શાસન ઘટતું જવાનું. રાજ્ય-વ્યવસ્થા સેનાને બળે નહીં, વિચાર-વિનિમયથી ચાલશે. એટલે કે રાજ્ય-વ્યવસ્થામાં સમજાવટ વધારે હશે, સત્તા ઓછી. પોલીસ, ફોજ અને જેલ એ ત્રણેનો ઉપયોગ ઓછામાં ઓછો કરવાનો રહેશે. આમ રાજ્યમાં સત્તા ઓછી અને વ્યવસ્થાનું તત્ત્વ વધારે હશે. માટે ગોડવિન કોઈ હવાઈ વાતો નહોતો કરતો. સમજાવટથી જ કાયદા ઘડાય છે. હવે સવાલ એ રહે છે કે કાયદાનો અમલ પણ સમજાવટથી થાય.

### રાજ્ય-સંસ્થાનાં ત્રણ કામ

આજની રાજ્ય-સંસ્થાનાં ત્રણ કામ હોય છે: કાયદા ઘડવા, કાયદાનો અમલ કરવો અને કાયદાનું અર્થઘટન કરવું. ત્રણેનાં ત્રણ વિભાગ છે. પહેલાનું નામ વિધાનસભા, બીજાનું નામ વહીવટી તંત્ર અને ત્રીજાનું નામ છે ન્યાય તંત્ર. આ ત્રણેમાં સૌથી મુખ્ય છે વિધાન વિભાગ. એનો આધાર છે વિચાર-વિનિમય. ન્યાય વિભાગ એવો છે જેના પર સત્તાનો કોઈ પ્રભાવ ન પડવો જોઈએ એવું મનાય છે. આ બંને વિભાગો સર્વશ્રેષ્ઠ છે. વિધાન-વિભાગ અને ન્યાય-વિભાગ પર વહીવટી વિભાગનો પ્રભાવ ન પડવો જોઈએ. જેના પર વહીવટી તંત્રનો પ્રભાવ ન પડે તે ઉત્તમ રાજ્ય. પોલીસ, ફોજ, જેલ અને અદાલતનો ઓછામાં ઓછો ઉપયોગ થતો હોય તે ઉત્તમ રાજ્ય. વિલીયમ ગોડવિને વિચાર-વિનિમયની જે વાત કહી છે તે અત્યંત બુનિયાદી વાત છે. પરંતુ ત્યાં સુધી કોઈને ખ્યાલ નહોતો કે સમજાવવાથી કામ બની શકે. સમજાવટથી કામ ન બને તો શું?—એનો જવાબ આમનામાંથી કોઈની પાસે નહોતો.

### થોરો અને તૉલ્સ્તોય

આ સવાલનો જવાબ દેવાની કંઈક કોશિશ થોરોએ કરી અને કંઈક કોશિશ તૉલ્સ્તૉયે કરી. હેનરી થોરોએ "On the Duty of Civil Disobedience—સવિનય કાનૂનભંગનું કર્તવ્ય" નામનો એક નિબંધ લખ્યો હતો. તૉલ્સ્તૉયની રચનાનું નામ છે—"The Kingdom of God is Within You"—પરમાત્માનું શાસન તમારી અંદર છે. એમના કહેવાનો મુખ્ય સાર એ હતો કે તમારી અંદર

જે ભગવાન બેઠો છે તેના આદેશનું પાલન કરશો તો રાજ્યની જરૂરત નહીં રહે. પોતાના અંતરાત્માના આદેશને અનુસરીને જે ચાલે છે તેને રાજ્યથી કે સેનાથી બીવાપણું નથી. સેનાઓ સંરક્ષણ નથી કરતી, અત્યાચાર કરે છે. સેનાઓએ મનુષ્યની માનવતાનું સંરક્ષણ નથી કર્યું. માટે દુનિયામાં ક્યાંય સેના ન હોવી જોઈએ. દરેક મનુષ્યે પોતાના અંતરાત્માના પ્રત્યય માટે પ્રાણ આપવાની તૈયારી રાખવી જોઈએ. આમ થાય તો એમનું કહેવું હતું કે શસ્ત્ર, યુદ્ધ અને રાજ્યની જરૂર જ નથી. તોલ્સ્તોય "આધ્યાત્મિક અરાજ્યવાદી" અને થોરો "માનવતાવાદી અરાજ્યવાદી" કહેવાતો. તોલ્સ્તોય મહાન કળાકાર હતો, એના જીવનમાં અનેક પ્રકારના વિરોધ અને વિવિધતા હતાં, પણ થોરોનું તેવું નહોતું. એ તો સીધું સાદું ફકીરીનું જીવન જીવતો. કુદરતની વચ્ચે રહેવાનો એને અનુભવ હતો. 'વાલ્ડેન" નામની ચોપડીમાં એણે એ વર્ણવ્યું છે.

### ગાંધીનો સત્યાગ્રહ

રાજ્ય સત્તાની વ્યાપકતા ઓછી કરવાનો ઉપાય—સત્યાગ્રહ ગાંધીએ ચીંધ્યો. એણે કહ્યું કે હું અરાજ્યવાદી નથી, મારે વ્યવસ્થા જોઈએ છે. પણ શેની વ્યવસ્થા? વસ્તુઓની વ્યવસ્થા, માણસની નહીં. વસ્તુઓનું નિયંત્રણ, માણસનું નહીં. સમાજવાદનો નિયમ છે કે મનુષ્યોનું નિયંત્રણ નહીં થાય, વસ્તુઓની વ્યવસ્થા થશે. પ્રશાસન ઘટતું જશે અને વ્યવસ્થા વધતી જશે. આ ક્યારે થાય? મનુષ્યમાં આત્મ-નિયંત્રણ આવે ત્યારે. તમને નિયંત્રણ નથી ખપતું? નિયંત્રણ તો જોઈએ છે, પરંતુ એક વ્યક્તિ બીજી વ્યક્તિનું નિયંત્રણ કરવા માંડે તો? તો સત્યાગ્રહ કરીશું, જોઈએ તો જાન દઈ દેશું પણ કોઈની હકૂમત નહીં માનીએ. સામ્યવાદનો આદર્શ છે કે રાજ્ય-સંસ્થા વિલીન થઈ જશે, તે પહેલાં મનુષ્યના નિયંત્રણને બદલે વસ્તુઓનું નિયંત્રણ આવશે. પરંતુ અહીં તો આત્મ-નિયંત્રણની વાત આવી. એકબીજાનું નિયંત્રણ નહીં, આત્મ-નિયંત્રણ હોવું જોઈએ, આત્મનિયંત્રણની, સંયમની આ શક્તિ આ પહેલાં કોઈએ નાગરિકને બતાવી નહોતી. રાજ્યવાદી અને અરાજ્યવાદી અને બીજે હાથે સત્યાગ્રહી વચ્ચે આ જ ફરક છે. સત્યાગ્રહીનું કહેવું છે કે રાજ્ય-સંસ્થા હશે યા નહીં એના વિવાદમાં

પડવાને બદલે આત્મનિયંત્રણ પર જ ભાર મૂકો, તેથી સત્યાગ્રહીને તમે અરાજ્યવાદી અથવા જુનવાણી અથવા ઉદાર મતવાદી નહીં કહી શકો.

પુસ્તકાલય
જનરલ નં

Liberal—ઉદારમતવાદી કહે છે કે રાજ્યની સત્તા ઓછામાં ઓછી હોય. નાગરિકોની સ્વાયત્ત સંસ્થામાં અધિક સત્તા હોય. ઇંગ્લંડમાં આવા પ્રકારની સંસ્થાઓ સાર્વજનિક મનોવૃત્તિના આધારે ચાલે છે. અહીં સાર્વજનિક વૃત્તિ નથી; એનો અર્થ એ નથી કે એનો વિકાસ જ થઈ શકે તેમ નથી. જે વ્યક્તિ બ્રહ્મવિદ્યાની વાત કરે છે, સત્યની વાત કરે છે, દુનિયાને ચાર દિવસની ચાંદની ગણે છે, એ વ્યક્તિનો વિકાસ નથી થયો અથવા એનામાં સાર્વજનિક મનોવૃત્તિનું બીજારોપણ નથી થયું એમ કહેવું બરાબર નથી. એનામાં આ વિષયની ગ્રહણશક્તિ ઓછી છે એવું પણ નથી. એક રીતે જોવા જાવ તો એનામાં આ અંગે ઘણી ગ્રહણશક્તિ છે. એ સત્યને સમજે છે, અહિંસાની વાત સાંભળે છે, ત્યાગ અને તપને માટે એના મનમાં આદર છે—આવી એની પરંપરા છે. સત્ય, કરુણા કે તપસ્યાનું નામ સાંભળતાં એના મનમાં આદરનો ભાવ જાગે છે. અહીં આ એક અનુકૂળતા છે. ગાંધી માટે એ અનુકૂળતા હતી. પરંતુ એની સાથે આધુનિક સાર્વજનિક ભાવનાની કલમ કરવાની જરૂર હતી. ગાંધીનો જે વિચાર યા પ્રક્રિયા છે તે ભિન્ન ભિન્ન ઘટકોના સંયોગથી બનેલી છે. પશ્ચિમની આધુનિક સામાજિકતામાં સમાજસેવા છે, સ્વાતંત્ર્યની અને સમાનતાની ભાવના છે, આમ ત્યાં સ્વતંત્રતા, સમાનતા ને નાગરિકતા છે. પરંતુ ભારતની પરંપરા છે—સત્ય, અહિંસા અને તપસ્યા માટે નિષ્ઠા. આના સંયોગમાંથી ભારતીય વિચાર બન્યો છે. બીજી બાજુ અરાજ્યવાદીઓ પાસે એવી કોઈ પદ્ધતિ કે સાધન નહોતું જેના વડે સામાન્ય મનુષ્યમાં શક્તિ જાગ્રત કરી શકાય અને જે શાસનમુક્તિ સુધી દોરી જઈ શકે. શાસ્ત્ર અથવા વૈભવમાંથી આ શિક્ષણ નહીં આવે. તો પછી ક્યાંથી આવશે ? એનો જવાબ છે—સત્યાગ્રહમાંથી.

### ઉદાર-મતવાદી

આ પછી આવે છે ઉદાર રાજ્યવાદી. એમનું કહેવું છે કે સ્વાયત્ત સંસ્થાઓ વધતી જશે અને રાજ્યના હાથમાં ઓછામાં ઓછી સત્તા રહેશે. મોરલે, ટી૦ એચ૦ ગ્રીન, ટી૦ એલ૦ હોબહાઉસ–

આ ત્રણ બહુ મોટા ઉદાર-મતવાદી છે. ત્યાર બાદ નામ આવે છે જોન સ્ટ્રેચી. એ આધુનિક વિચારક છે. એમના પુસ્તકનું નામ છે Contemporary Capitalism—સમકાલીન મૂડીવાદ. મોરલે કહે છે, રાજ્યનો આધાર શું હોવો જોઈએ જેથી રાજ્યને શક્તિનો વધારે પ્રયોગ કરવો ન પડે ? ચર્ચા થવી જોઈએ એ તો માન્યું, પરંતુ એનું કહેવું એમ છે કે સમજવું પૂરતું નથી, સમાધાન થવું જોઈએ. તેથી લોકજીવનનું આધારતત્ત્વ છે સમાધાન. સમાધાનમાં શું હોય છે ? સમાધાનમાં તમારે ને મારે કંઈક ને કંઈક છોડવું પડતું હોય છે. તમે જે કંઈ છોડો છો તેને એ બરાબર છે એમ માનવા છતાં છોડો છો. હું પણ જે કંઈ છોડું છું તે બરાબર છે એમ માનવા છતાં છોડું છું. બન્નેએ થોડી થોડી પોતાની ખરી વાત છોડી અને બન્ને વચ્ચે થોડી થોડી ખરી વાત બચી ગઈ. બન્ને એકમત હોય ત્યાં તો કશું છોડવું પડતું નથી. મતભેદ હોય ત્યાં જ છોડવું પડે છે. જે વાત પર મતભેદ હોય તે છોડે છે અને બન્નેને મંજૂર હોય તેટલું રહી જાય છે. આને સમાધાન કહે છે.

સત્યાગ્રહમાં શું હોય છે ? એમાં સમાધાન નહીં, સમન્વય થાય છે. સત્યાગ્રહનું પરિણામ સમાધાનમાં નહીં, સમન્વયમાં આવે છે. સત્યાગ્રહી શું કરે છે ? "હું સત્યાગ્રહ શા માટે કરી રહ્યો છું ? મારી વાત મનાવવા માટે નહીં, સત્યાગ્રહ તો એ વાત સમજાવવાનો પ્રયત્ન છે. સમજાવવાની શક્તિ પૂરી ન પડી એટલે અહિંસક શક્તિની મદદ લઈ રહ્યો છું, અને તેમ છતાં તમારી વાત પણ સમજવા માટે લગાતાર કોશિશ કરું છું. જે મિનિટે મને મારી ભૂલ સમજાઈ જશે તે જ મિનિટે જાહેર કરીશ કે મારો સત્યાગ્રહ ખોટો છે." સત્યાગ્રહીની આ અસલ ભૂમિકા છે. સત્યાગ્રહ સામાવાળાના મત-પરિવર્તનનું સાધન છે. સાથે સાથે એમાં વિનય એ છે કે તમારી વાત પણ સમજવા માટે હું પ્રામાણિક પ્રયત્ન કરું છું. હું પ્રામાણિકતાપૂર્વક કહું છું કે તમે મને તમારી વાત સમજાવો, મારી ભૂલ હશે તો સ્વીકારી લઈશ.

### સત્યાગ્રહની અહિંસક પ્રક્રિયા

વિરોધી મતોને પકડીને સત્યાગ્રહ કરશો તો તે ઠીક નહીં થાય. 'હું તમને મંદિરમાં નહીં જવા દઉં' એમ કરીને એક

જણુ દરવાજા આડે લાંબો થઈને સૂઈ જાય, અને બીજો કહે કે 'હું મંદિરમાં જવાનો જ' એમ કરી એ પણ દરવાજાની આડે લંબાવે તો અનંતકાળ સુધી સૂતા રહેવાનું જ નસીબમાં આવશે. આ ખરી રીતે સત્યાગ્રહ નથી. આ તો થયો નિઃશસ્ત્ર પ્રતિકાર. સત્યાગ્રહમાં તો બંને એકબીજાને સમજાવશે. અહિંસક પ્રક્રિયામાં સમજાવવાની તૈયારી કરતાં સમજવાની તત્પરતા વધારે રહેવી જોઈએ. સામાવાળાની વાત સમજવાની પ્રક્રિયામાં જ્યાં આપણને સમજાયું કે આપણે જે વાત કહી હતી તેમાં તત્ત્વ નથી તે જ પળે એને છોડી દેવી જોઈએ.

સત્યાગ્રહમાં અહં-પ્રતિષ્ઠા નથી થતી, એમાં આત્મમર્યાદા હોય છે. સત્યાગ્રહ કોઈનું અપમાન કરવા નથી તાકતો, એમાં વિનય હોય છે. મારી મા કહે છે કે અછૂતો સાથે બેસીને ન જમ. એની સામે મારે સત્યાગ્રહ કરવો હોય તો એમાં મારા અહંકારનો સવાલ નહીં આવે. આપણી પ્રક્રિયામાં વિનય અને પ્રેમ નહીં હોય તો સત્યાગ્રહ નહીં થાય. પ્રેમ સંપર્કથી આવે છે. સત્યાગ્રહમાં સાર્વત્રિક પ્રેમની ભૂમિકા હોવી જોઈએ. સત્યાગ્રહીમાં વિનય તો હોવો જ જોઈએ. એણે સામેવાળાની પ્રતિષ્ઠા વધારવાની છે, ઘટાડવાની નથી.

### આત્મ-પ્રત્યય

જોન મોરલેએ જે સિદ્ધાંત બતાવ્યો તેનાથી રાજ્ય-સત્તાનું વિલીનીકરણ થઈ શકે તેમ નહોતું. એમાંથી લોક શાસન-મુક્તિ તરફ ન જઈ શકે. એના liberal— ઉદાર રાજ્યવાદમાં અંતિમ અધિષ્ઠાન લશ્કર રહે છે. રાજ્યવાદને ક્ષીણ કરવાનો એકમાત્ર ઉપાય છે જનતાનો આત્મ-પ્રત્યય. આત્મ-પ્રત્યયનો અર્થ છે એકબીજા પર વિશ્વાસ. આને સામુદાયિક સત્યાગ્રહ કહે છે. સેનાના સિપાઈઓમાં સૈનિકકાર્ય અંગે પરસ્પર વિશ્વાસ હોય છે, પરંતુ દારૂ પીતી વખતે અથવા એક જ સ્ત્રી તરફ બંનેનું મન ખેંચાતું હોય ત્યારે અથવા તો એક જણો કોઈ એક મિત્રનું અપમાન કરતો હોય ત્યારે એ લડી પડે છે. આવાં કારણોને લીધે સૈનિકોમાં પારસ્પરિક વિશ્વાસ નથી હોતો. સત્યાગ્રહમાં દરેક નાગરિક બીજાનો અભિભાવક હોય છે, સંરક્ષક હોય છે. હું તમારો ને તમે મારા એમ પરસ્પર આપણે એકબીજાના અભિભાવક અને સંરક્ષક છીએ.

નાગરિક એકબીજાના અભિભાવક બને છે ત્યારે એમનામાં પરસ્પર વિશ્વાસ અને આત્મ-પ્રત્યય હોય છે. એવા સમાજનું એક સાધન સત્યાગ્રહ છે. સત્યાગ્રહનું એક પાસું વિધાયક કાર્ય છે. એમાં તમે સત્તા-વિહીન રાજ્ય-વ્યવસ્થાનો પ્રયોગ કરો છો. એ એક એવી વ્યવસ્થા છે જેમાં શાસન ઘટી ગયું છે અને વ્યવસ્થા કરવાનું કામ વધ્યું છે. આવો પ્રયોગ નાગરિકોમાં એકબીજા પ્રત્યે વિશ્વાસ અને દરેકમાં પોતાનામાં આત્મ-વિશ્વાસ જાગ્રત કરવા માટે હોય છે. આ પ્રકારના નાગરિકો જ્યારે સત્યાગ્રહ કરે છે ત્યારે એમનામાં શાસન-મુક્ત લોકનીતિનો ઉદય થાય છે. સત્યાગ્રહ પ્રતિકારાત્મક જ હોય એ જરૂરી નથી. પ્રતિકારાત્મક હોઈ પણ શકે, ન પણ હોય. વિધાયક કાર્ય પ્રામાણિકતાપૂર્વક પૂરું કરાયું હોય તો પણ પૂરતું છે. એનાથી વિધાયક વૃત્તિ પેદા થાય છે. એમાંથી લોકનીતિનો વિકાસ થાય છે. તેથી ગાંધીએ કહ્યું હતું કે રચનાત્મક કામ પોતાનામાં પૂરતું છે, એને પૂરું કરો તો એનું જ નામ સ્વતંત્રતા છે. આ કોઈ ભાષાનો અલંકાર નથી. જેટલા અરાજ્યવાદી થઈ ગયા તે બધાએ રાજ્યની મર્યાદાઓ ચીંધી અને દોષ ચીંધ્યા. પણ શાસનમુક્ત અવસ્થામાં પહોંચવા માટેનું સાધન બરાબર બતાવી શક્યા નહીં. એકે કહ્યું સમજાવટ, બીજાએ કહ્યું હિંસા અને ત્રીજાએ સમાધાન બતાવ્યું. આમાંથી એકેય લોકનીતિના વિકાસનું સાધન બતાવી શક્યા નહીં, અને રાજ્ય-સંસ્થા-નિવારણનો માર્ગ રજૂ કરી શક્યા નહીં.

## લોકનીતિનો વિકાસ

ગાંધીએ આને માટે સત્યાગ્રહનો માર્ગ ચીંધ્યો. સત્યાગ્રહનો આધાર સમજાવવું નથી, મત-પરિવર્તન છે. બીજાનું મત-પરિવર્તન કરવાની કોશિશમાં પોતાના મત-પરિવર્તનની તત્પરતા હોવી જોઈએ. આ પ્રામાણિકતા છે. એમાંથી લોકનીતિનો વિકાસ થાય છે. ગાંધીના સત્યાગ્રહને લોકોએ પ્રતિકારાત્મક સાધન ગણ્યું તેથી લોકનીતિને બદલે સંઘર્ષ પેદા થયો. તેથી વિનોબાને રાજ્ય-નિરપેક્ષ લોકનીતિની વાત કરવી પડી. પ્રૂધોંએ કંટાળીને કહેવું પડ્યું કે સવાલ રાજનૈતિક સ્વતંત્રતાનો નથી, રાજનીતિથી સ્વતંત્ર થવાનો છે. વિનોબા પણ એવી જ વાત કહે છે, પણ જુદા અર્થમાં. રાજ-નીતિથી સ્વતંત્રતાનો અર્થ છે રાજ્ય-નિરપેક્ષ લોકશક્તિ. રાજ્ય-

નિરપેક્ષ લોકશક્તિ તટસ્થ છે. એની જરૂરત એટલા માટે છે કે નાગરિકોમાં પરસ્પર વિધાયક વૃત્તિનું નિર્માણ કરવું છે. એટલે કે તટસ્થ શક્તિનું નિર્માણ કરવું છે. આમાંથી જ શાસન-મુક્તિ આવશે. કેવળ પ્રતિકારથી એક રાજ્ય-સંસ્થાને હટાવી એની જગ્યાએ બીજીને બેસાડવાની શક્તિ આવે છે. પરંતુ રાજ્ય-પરિવર્તનની શકિત એ જુદી વાત છે અને શાસન-મુકિત એ જુદી વાત છે. શાસન-મુકિત પ્રતિકારથી નથી આવતી. એને માટે તો લોકનીતિનો વિકાસ કરવો પડે. લોકનીતિની સ્થાપના કરવાનો એક ઉપાય છે—પારસ્પરિકતા. પરસ્પર મદદરૂપ થવાશે, પરંતુ એમાં પ્રતિદાનની અપેક્ષા નહીં હોય. ગાંધી કહેશે કે એ બધું ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરો. વિનોબા પણ કહેશે કે ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરો. તમે કહેશો કે સમાજને અર્પણ કરો. સેવાનો, સહકારનો અને સહાયતાનો બદલો ન હોય. ઉપકારને સાટે ઉપકાર કે સહાયતાને સાટે સહાયતા ન હોય. ઉપકાર, સેવા અને સહાયતા ત્રણે નિરપેક્ષ હોય છે.

### રાજ્ય-નિરપેક્ષતા શા માટે ?

સવાલ છે કે રાજ્ય-નિરપેક્ષ શા માટે ? એટલા માટે કે રાજ્ય તરફથી કશી આશા અપેક્ષા નથી. તો શું રાજ્યનો વિરોધ છે? રાજ્યનો વિરોધ નથી. સહકાર સૌનો હશે, આશ્રય કોઈનો નહીં—રાજ્યનો પણ નહીં, સંસ્થાનો પણ નહીં. એ બન્નેથી મુક્ત થવું છે માટે નાગરિક ન તો સંસ્થાશ્રિત હશે ન તો રાજ્યાશ્રિત. ત્યાં પ્રશ્ન એ આવે છે કે એવી સ્થિતિ આવતાં સુધી શું ? માણસ સંસ્થા પાસેથી શુદ્ધ ભૂમિકા પર સહાયતા લે છે. એ જુએ છે કે સહાયતાની સાથે—પાછળ પાછળ સત્તા તો નથી આવતી ને ? નિયંત્રણ તો નથી આવતું ને ? નિયંત્રણ આવતું હશે તો એ મદદ નહીં લે. તો સમૂહવાદનું સૌથી મોટું પ્રતીક રાજ્ય છે. એની સત્તાનું આકર્ષણ સૌને હોય છે, પણ એ શરતે કે સત્તા મારા હાથમાં હોય, સત્તા મારા પર ન ચાલે. રાજ્યનું નિયંત્રણ મારા હાથમાં હોય, એ મારા પર ન ચાલે. રાજ્યની લગામ મારા હાથમાં હોય, હું સારથી રહું, ઘોડો નહીં. આવી જાતનું સત્તાનું આકર્ષણ દૂષણ છે, પુરુષાર્થહીનતા છે. એવા લોકોને રાજ્યનું રક્ષણ તો જોઈએ છે પણ હસ્તક્ષેપ નહીં. આ જુદી જુદી ભાવનાઓ સમજવાની જરૂર છે. પ્રભુત્વવાદ ક્ષીણ

થાય, રક્ષણાકાંક્ષિતા ક્ષીણ થાય ત્યારે શાસન-મુક્તિની દશા પ્રાપ્ત થશે. કેવળ રાજ્યના વિરોધ યા પ્રતિકારથી એ અવસ્થા નહીં આવે. રાજ્યના પ્રતિકારથી રાજ્ય-પરિવર્તન થઈ શકે. આજના જેટલા પક્ષ છે તે એકે એક શાસન-પરિવર્તનવાદી છે, શાસનમુક્તિવાદી નથી. લોકનીતિવાળાઓની ભૂમિકા પક્ષ-નિરપેક્ષ રહેશે. એ બધાને અભિમુખ રહેશે, પરંતુ રહેશે નિરપેક્ષ. સહાયતા સૌની ચાહશે, પણ આશ્રિત કોઈના નહીં રહે.

રાજ્યને એવો નાગરિક જોઈએ છે કે જેના પૂરા જીવન પર એનું નિયંત્રણ હોય. પક્ષ માને છે કે નાગરિકના મત પર એનું નિયંત્રણ હોવું જોઈએ. પક્ષ પોતાની ઇચ્છા પ્રમાણે મતદાતાના મતનો ઉપયોગ કરે છે, અને એ રીતે નાગરિકના વ્યક્તિત્વને ક્ષીણ કરે છે. રાજ્ય કેવળ ભૌતિક જ નહીં, આધ્યાત્મિક નિયંત્રણ પણ ઇચ્છે છે. એ રક્ષણ, પોષણ અને શિક્ષણ—ત્રણે પર પોતાનું નિયંત્રણ રાખવા ઇચ્છે છે. પક્ષ ઇચ્છે છે કે રાજ્ય-નિર્માણની તમારી શક્તિ પર એનું નિયંત્રણ હોવું જોઈએ. તમારો વોટ એ તમારા પ્રતિનિધિત્વનો અધિકાર છે, એ જ રાજ્ય-નિર્માણનો અધિકાર છે. એના ઉપર પક્ષ પોતાનો કાબૂ એટલા માટે જમાવવા માગે છે કે જેથી એને પોતાની ઇચ્છા પ્રમાણે વાળી શકે, વાપરી શકે. એટલે પક્ષની દૃષ્ટિએ તમે શું થયા ? કેવળ વોટ ! પાર્લામેન્ટમાં તમારા કેટલા આદમી છે એમ પૂછશો તો કહેશે—આદમીની વાત ન પૂછો, વોટની વાત પૂછો. તમે પૂછશો, 'આદમી કેમ નહીં ?' તો કહેશે કે 'આદમી તો એકસો છે, પણ વોટ આપતા નથી એટલે ફાયદો શું ?'

### વ્યક્તિનાં ભિન્ન ભિન્ન સ્વરૂપ

કારખાનામાં વ્યક્તિ single function—એક જ કામ છે, બજારમાં વેચાઉ છે, અને પક્ષમાં એ વોટ છે. આમ આપણે માટે બધી જ સંસ્થાઓ વિષમ છે. મનુષ્યના વ્યક્તિત્વને એ કેવળ સીમિત જ નથી કરતી, એને કચડી નાખે છે, જકડી નાખે છે. માટે આપણે ત્રણ વસ્તુનું—મનુષ્યની પ્રતિષ્ઠાનું, એની આત્મ-મર્યાદાનું અને એના વ્યક્તિત્વનું રક્ષણ કરવાનું છે. વ્યક્તિત્વમાં એક અક્ષર ઉમેરી મેં વ્યક્તિમત્વ ( Personality ) કહ્યું હતું, તેનું પણ રક્ષણ કરવાનું છે. આજે તો સંસ્થાવાદ અને રાજ્યવાદને કારણે એનો

હ્રાસ થઈ રહ્યો છે. ત્રીજી વસ્તુ છે મનુષ્યની જવાબદારી. સંસ્થા અને રાજ્ય જેટલી વધારે જવાબદારી સ્વીકારતાં જશે, વ્યક્તિની જવાબદારી એટલા પ્રમાણમાં ઘટતી જશે. જેટલી જવાબદારી ઘટશે તેટલું કર્મ-સ્વાતંત્ર્ય પણ ઘટશે. પોતાનાં ખરાં ખોટાં કામોની જવાબદારી એ જ મનુષ્યનો ગુણ છે. દરેક વ્યક્તિનું વ્યક્તિત્વ જળવાય. વ્યક્તિની પ્રતિષ્ઠા, આત્મમર્યાદા, જવાબદારી અને એના વ્યક્તિત્વનું સંરક્ષણ થવું જોઈએ. સમૂહવાદમાંથી આ સંરક્ષણ નથી આવતું, સામાજિકતામાંથી આવે છે. સમૂહવાદ અને સામાજિકતા અલગ અલગ વસ્તુ છે. સમૂહવાદ મનુષ્યનો ધર્મ નથી, સામાજિકતા મનુષ્યનો ધર્મ છે. સમૂહવાદ એક એવી વસ્તુ છે જે મનુષ્યનું ગળું ટૂંપી નાખે છે. આપણે વિશ્વવ્યાપી સમૂહવાદ તરફ નહીં, વિશ્વ-કુટુંબ તરફ જવાનું છે.

●

૩

# નિર્વિકાર બનવાની પ્રક્રિયા : સત્યાગ્રહ

પૂર્વ અને પશ્ચિમમાં સામાજિક ક્રાંતિની દૃષ્ટિએ તત્ત્વજ્ઞાનનો વિકાસ કેવી કેવી રીતે થયો તેની આપણે બે ત્રણ રીતે ચર્ચા કરી ગયા. શિક્ષણ અને સમાજ-પરિવર્તન તરફ જોવાના કેટલા પ્રકાર છે તે પણ આપણે જોયું. શિક્ષણ પ્રચારનું સાધન છે. વિશિષ્ટ વ્યક્તિઓના વિશિષ્ટ વિચાર પ્રમાણે બાકીના લોકોનાં વ્યક્તિત્વોને ઘડવા કોશિશ કરાતી હોય છે. પરંતુ દરેક વ્યક્તિ પોતાનામાં એક વિશિષ્ટ વ્યક્તિ છે એનો ખ્યાલ રહેવો જોઈએ. પરંતુ આ બંનેમાં એ ખ્યાલ નથી રહેતો.

### ગુણ અને કુશળતાનો વિકાસ

ઉપકરણોનું સ્થાન શું હશે ? અર્થવ્યવસ્થામાં બે ચીજો હોય છે. એક તો જરૂરિયાતો પૂરી પાડવી જોઈએ અને બીજું, ઉત્પાદનની પ્રક્રિયામાં મનુષ્યના વ્યક્તિત્વનો વિકાસ થવો જોઈએ. વ્યક્તિત્વનાં બે અંગ છે—ગુણનો વિકાસ અને કુશળતાનો વિકાસ. આ બન્ને વસ્તુઓ ટેકનોલોજી અને સર્વોદયના વિષયમાં સમાન છે. આ પછી નાનાં મોટાં પરિમાણોનો વાદ-વિવાદ વ્યર્થ છે. પરિમાણ એવડા કદનું હોવું જોઈએ કે જેથી એમાં કોમ્યુનિયન—પ્રત્યક્ષ સંબંધ, કોમ્યુનિકેશન—પ્રત્યક્ષ નિવેદન, અને શેરિંગ—સહઉપભોગ થઈ શકે. આટલી બાબત જેમાં હોય તેને આપણે ‘ વિશ્વ-કુટુંબ ’ કહીએ છીએ. આ પછી એટમનો અને વીજળીનો ઉપયોગ કેટલો કરવો તેની ચર્ચા ગૌણ બની જાય છે.

પણ આટલે સુધી પહોંચવામાં અડચણ શી આવે છે ? દુર્ભિક્ષ—અભાવ. અભાવને લીધે માણસ વૈભવલોલુપ બની જાય છે, અને આવો અભાવ વેઠેલા લોકો વિશ્રામવાદી બની જાય છે. આને લીધે પશ્ચિમમાં લોકો વિશ્રામવાદી બન્યા અને અહીંના લોકો વૈભવવાદી

બન્યા. અને તેથી 'યાંત્રિક જીવન' માટેનો મોહ પેદા થયો.

અહિંસાત્મક પ્રક્રિયાના પ્રતિરોધાત્મક અને રચનાત્મક એમ બે પાસાં છે. અહિંસાત્મક કાર્યક્રમ રચનાત્મક–વિધાયક જ હોય છે. એમાં જે પ્રતિરોધ હોય છે તે પણ સહયોગ-પ્રેરિત હોય છે. જે પ્રતિકાર સહયોગ-પ્રેરિત નથી હોતો તે બહુ જ જલદી નિઃશસ્ત્ર પ્રતિકારમાં પરિણુત થાય છે. સહયોગ કઈ કઈ ચીજમાં થાય છે? હું સમજીશ, માનીશ, બદલાઈશ; નહીં તો બીજાને સમજાવી—મનાવી લઈશ. આમાં પણ હું સમજીશ એ વાત પર અધિક ભાર મુકાય છે. અભિક્રમ આપણા હાથમાં હોવો જોઈએ. સત્યાગ્રહી અભિક્રમ કદી છોડતો નથી.

પ્રથમ પ્રવૃત્તિ–પહેલને અભિક્રમ કહે છે. એટલે પોતે સમજવા માટેની પૂરી તૈયારી હોય છે. બીજાની વાત મને સમજાય તો હું પ્રતિકાર કરવાનું છોડી શકું અને તો મને આનંદ થશે. એટલે ઉપર કહ્યાં તે બે પાસાંઓમાં પરસ્પર વિરોધ નથી, બન્ને એક-બીજાનાં પૂરક છે. કાર્ય પાર પડે તો પ્રતિકારની જરૂરિયાત જ ખતમ થાય છે. પરંતુ ક્યારેક ક્યારેક પ્રતિકારનો પ્રસંગ આવે છે. એમાં વૃત્તિ એ રહેશે કે પ્રતિકાર જેટલો જલદી પતે તેટલું સારું. એમાં કોઈનો પણ જય પરાજય નથી હોતો. અહિંસામાં જય-પરાજય હોતા નથી. આમ છતાં ખ્યાલ રહેવો જોઈએ કે સત્યાગ્રહ એ મત-પરિવર્તનની પ્રક્રિયા છે.

'સમાધાન'માં બન્ને પોતાનું સારાપણું—સારાં તત્ત્વો પણ ક્યારેક છોડતા હોય છે. મત-પરિવર્તનમાં એમ નથી થતું. બન્નેનો એક સંયુક્ત માર્ગ બને છે. એમાં જય પણ કોઈનો નથી થતો અને પરાજય પણ કોઈનો નથી થતો. અહિંસામાં જય-પરાજય નથી હોતા. એમાં કોઈને વિષાદ અને કોઇને હર્ષ એવું પણ નથી હોતું. એક જણ જયથી માતેલો અને બીજો પરાજયથી ઉદાસીન—ખિન્ન એવું અહિંસામાં નથી હોતું.

### પ્રભાવ અને દબાવ

જેની સામે સત્યાગ્રહ થાય છે તેના પર એની શી અસર થાય છે તે જોવું જોઈએ, એના વ્યક્તિત્વનો વિકાસ થાય છે કે એ દબાઈ જાય છે? એનું વ્યક્તિત્વ દબાઈ જાય તો જાણવું કે સત્યાગ્રહમાં

દબાવ છે. અને દબાતું ન હોય તો જાણવું કે એમાં પ્રભાવ છે, દબાવ નથી. આપણે એને દબાવતા નથી, પ્રભાવિત કરીએ છીએ. સત્યાગ્રહમાં પણ થોડો દબાવ હોય છે, પરંતુ એમાં ઉદ્બોધન અધિક હોય છે. આપણે એના આત્માને જગાડીએ છીએ, એને કોઈ રીતે પરાસ્ત નથી કરતા.

જેમાં બીજાનો આત્મા પરાસ્ત થાય તેમાં દબાવ છે એમ જાણવું. દબાવ હોય પણ તો તે નૈતિક દબાવ હોવો જોઈએ. નૈતિકતાનો પ્રભાવ પડવો જોઈએ. સૂર્ય ચંદ્રના પ્રકાશનો, ફૂલની સુગંધનો અને જળની શીતળતાનો જેમ સહજ રીતે પ્રભાવ પડે છે તેવો જ સહજ પ્રભાવ નૈતિકતાનો પડવો જોઈએ. એ અહિંસક પ્રભાવ છે. મારા પ્રેમપૂર્ણ કષ્ટ-સહનનો પ્રભાવ જરૂર પડશે, પણ એમાં દબાવની ભાવના નથી. બે વચ્ચે આટલો ફરક છે.

સત્યાગ્રહીની બુદ્ધિ તટસ્થ હોવી જોઈએ. એ પોતાને વિષે એટલો નિર્ણય કરી શકવો જોઈએ કે અત્યારે હું જે કરી રહ્યો છું તેમાં સ્વાર્થ નથી અને વિકાર પણ નથી. આટલા પરથી સત્યાગ્રહનું સ્વરૂપ નક્કી થાય છે. આવા સત્યાગ્રહમાં સમજાવવાનો પ્રયત્ન જરૂર થશે, પરંતુ સમજવાની તૈયારી વધારે હશે. મનુષ્યનું હૃદયપરિવર્તન કરવાનું હોય ત્યાં દબાવ ન હોવો જોઈએ, લગાતાર સમજાવવાની કોશિશ ચાલવી જોઈએ. એની સાથે સાથે સમજવા, પોતે પરિવર્તિત થવા — બદલાવા તૈયાર હોવો જોઈએ. સામેવાળો સમજતો નથી, તો કેમ નથી સમજતો તે સમજવાની આપણે કોશિશ કરીશું.

તમે કોઈને માલિકી-વિસર્જનની વાત સમજાવી, પણ એ એનો અમલ નથી કરતો, તો એનો અર્થ એ થયો કે એની ઇચ્છા-શક્તિ ઓછી છે. ઇચ્છા-શક્તિ કરતાં પરિસ્થિતિ અધિક પ્રબળ બની જશે તો પરિસ્થિતિ જ એને બદલશે. મનુષ્ય પરિસ્થિતિનો દાસ બનશે. પરિસ્થિતિ તો માણસનું પોતાનું સર્જન હોય છે, પણ માણસ પછી એને કાબૂમાં રાખી શકતો નથી. ભૂત જગાડ્યો, એને કાબૂમાં રાખતાં તો આવડતું નથી! પછી ભૂત દોડાદોડ કરે જ ને! એ રીતે માણસે દુનિયાની અબુદ્ધિપૂર્વક રચના કરી છે. પોતાના ગજા ઉપરવટની દુનિયા બનાવી મેલી, અને પોતે દુનિયાના માપનો બની ન શક્યો.

પાંચ વરસનો છોકરો મોટરમાં બેસી ગયો. ગાડી ગીઅરમાં મૂકવી, ચાલુ કરવી એટલું તો આવડયું, પણ બંધ કરતાં અને ગાડીને સીધી ચલાવતાં કે વાળતાં નથી જાણતો, પછી શું થાય? જઈને ખાડામાં જ પડે ને!

મનુષ્યને દુઃખ વેઠવું ગમતું નથી. ઠીક છે. પણ એક સુખી માણસ અને એને ફરતે ઘણાં દુઃખી માણસો વસતાં હોય તો એ સુખીના સુખની સાચવણી કોણ કરશે? એ સંરક્ષણ રાજ્યે કરવાનું રહેશે.

માર્કસે કહ્યું હતું કે પ્રતિષ્ઠિત વર્ગની જરૂરિયાતો પૂરી કરવા માટે રાજ્યની આવશ્યકતા છે. પણ રાજ્ય આ ક્યાં સુધી કરી શકશે? ત્યાં સુધી જ, જ્યાં સુધી મતદાતા પોતાના સ્વાર્થ વિરુદ્ધ મોહ યા અજ્ઞાનને લઈને મતદાન કરશે. મતદાતા જે દિવસે જાગી જશે તે દિવસે પોતાના વોટથી સરકારને બદલી નાખશે. અને, પોતાના સ્વાર્થની વિરુદ્ધ મત આપતો રહેશે તો વિપ્લવ થશે. જાગ્રત જનમત સરકારને વિધિપૂર્વક બદલી નાખશે.

### સમજવું એ જ મુખ્ય સાધન

સમજાવવા માટે તમે એક તરફથી તમારા ત્યાગ અને બલિદાનને કામે લગાડો છો અને બીજી બાજુથી રચનાત્મક કાર્યને. આ કેવળ બૌદ્ધિક પ્રયત્ન નથી. આમાં મનોબળ અને આત્મબળનો પ્રયોગ થાય છે. બે પ્રકારના પ્રયોગ છે. એક વિધાયક અને બીજો પ્રતિકારાત્મક. આ પ્રયોગો માટે સંયમ અને ત્યાગની જરૂરત પડે છે. અહીં સંયમ અને ત્યાગને ધાર્મિક ગુણોના અર્થમાં નથી વાપરતો, આત્માના ગુણોના અર્થમાં વાપર્યા છે.

તમે માલિકી છોડવા સમજાવો છો. તો તમારી માલિકી નહીં હોવી જોઈએ. અને તમારી પાસે સંગ્રહ પણ નહીં હોવો જોઈએ. તમે પોતે જ સંગ્રહશીલ હશો તો તમારા ચરિત્રમાં શક્તિ અને પ્રભાવ નહીં આવે. આ કોઈ નિરપેક્ષ ચારિત્ર્યના ગુણ નથી. આ ગુણો તો સામાજિક થઈ ગયા છે. આવા તમામ ગુણો સમાજ-પરિવર્તન માટે જરૂરી છે. ક્રાંતિમાં આની સાથે એક નવું પરિમાણ દાખલ થાય છે. આ કેવળ સમજાવટ નથી, એ સમજાવટમાં શ્રદ્ધા, ત્યાગ અને સંયમ વધારે છે. ત્યાગ અને સંયમ સામાવાળાને અભિમુખ કરી શકે છે. પરંતુ જે અભિમુખ જ નથી, અથવા

અભિમુખ હોય તો પણ જેની બુદ્ધિમાં શક્તિ નથી તેને સમજાવવામાં સમય લાગશે. માટે સમજાવવું એ જ મુખ્ય સાધન છે.

એક તો વિધાયક પાસું છે; એમાં તમે એક એવો નમૂનો સામે ધરો છો જેને જોઈને માણસ સમજે છે કે સમાજમાં એકબીજા સાથે કેવા સંબંધો હશે. બીજું પ્રતિકારાત્મક પાસું તમારા બલિદાનનું છે. હું સમાજ-ક્રાંતિને પ્રતિકૂળ એવું કોઈ કામ કરીશ તો તેમાં તમે મારી સાથે અસહકાર કરશો. અસહકાર પૂરતો નહીં નીવડે તો બીજા ઉપાયો અજમાવશો. ક્યાંક પિકેટિંગ, ક્યાંક હડતાલ તો ક્યાંક સવિનય કાનૂન ભંગ કરશો. જે સાધન હાથવગું હોય તેનો પ્રયોગ કરશો, અને કરવો જોઈએ. પરંતુ આમ સત્યાગ્રહ કરનારો વિજયાકાંક્ષી નહીં હોય, બીજાને હરાવવાની કે નીચું જોવડાવવાની આકાંક્ષા એનામાં નહીં હોય. અને જે એકલે હાથે સત્યાગ્રહ કરે છે તેને માટે કેવળ એનો આત્મ-પ્રત્યય પૂરતો થશે.

### સત્યાગ્રહના દૂધમાં પાણી કેટલું હોય?

આપણે જાણીએ છીએ કે સત્યાગ્રહ શુદ્ધ ન હોઈ શકે, એમાં થોડીક ભેળસેળ થવાની જ. બાળકને ચોખ્ખું દૂધ આપી ન શકાય. એમાં કેટલું પાણી ભેળવવું એ એની મા પર છોડવું પડે છે. માતામાં બે ગુણ છે. બાળક માટે એના હૃદયમાં નિતાન્ત સ્નેહ છે. બાળકને ખવડાવવાની ઇચ્છા છે, સાથે સાથે બાળકના સ્વાસ્થ્યની પણ માને ચિંતા છે.

પ્રશ્ન એ છે કે સત્યાગ્રહના દૂધમાં કેટલું પાણી ભેળવવું એનો નિર્ણય કોણ કરે? સત્યાગ્રહ વ્યક્તિગત હશે તો સત્યાગ્રહી પોતે જ એનો નિર્ણય કરશે; કારણ વેઠવાનું પણ એને જ છે. એટલે એ એના મન પર નિર્ભર છે. પરંતુ બીજાઓના મનમાં ડર ક્યારે પેદા થાય છે? સત્યાગ્રહ સામૂહિક હોય છે ત્યારે. જે સત્યાગ્રહથી આશાને બદલે આશંકા પેદા થાય, ભરોસાને બદલે ડર પેદા થાય તેમાં બન્ને પક્ષે દોષ હોઈ શકે. એક પક્ષ પોતાના સંખ્યાબળથી યા સત્યાગ્રહની ઉગ્રતાથી સામા પક્ષના મનમાં ભય પેદા કરવા માગે અથવા તો સામા પક્ષના મનમાં લોભ હોય તો તેને લીધે એના મનમાં ડર પેદા થાય એમ બને.

આ બધાંમાંથી કયું કારણ વાસ્તવિક તે કોણ ઠરાવે? જેના

મનમાં ભય અને લોભ નહીં હોય, જેનું મન ખૂબ તટસ્થ હશે તે જ નક્કી કરી શકશે. તેથી ગાંધી કહેતા કે સત્યાગ્રહ કરવો હોય તો પહેલાં મને પૂછજો. આજે હું જે ઉપવાસ કરું છું તેને આજે તો ઉચિત માનું છું, પરંતુ સંભવ છે આવતી કાલે એ મને ખોટા લાગે.

### ભૂલનો સ્વીકાર

અંબાલાલ સારાભાઈ ગાંધીજીના દોસ્ત હતા. એમની બહેન અનસૂયાબહેન મજૂરોના સત્યાગ્રહમાં હતી. અંબાલાલ સારાભાઈ મિલમાલિક હતા. એ બે જણાં વચ્ચે ઝઘડો હતો. ગાંધીજીએ ઉપવાસ શરૂ કર્યા, એટલે અત્યાર સુધી અક્કડ બની બેઠેલા અંબાલાલ સારાભાઈ પીગળી ગયા. ગાંધીજીએ ઉપવાસ છોડ્યા અને કહ્યું કે 'મને ખબર છે કે તને મારા માટે પ્રેમ છે તેથી તું પીગળ્યો છે, મારી વાત સમજ્યો છે તેથી નહીં.' ત્યાર બાદ એમણે 'યંગ ઇંડિયા'માં લખ્યું કે 'મારા આ ઉપવાસ ખોટા હતા.'

રાજકોટના દીવાન સજ્જન માણસ નહોતા. ગાંધીજીએ ઉપવાસ શરૂ કર્યા. વાઇસરોયે દીવાનને લખ્યું કે 'ગાંધીના ઉપવાસ શરૂ થયા છે, વખતસર ચેતજો'. ગાંધીએ ઉપવાસ બંધ કર્યા અને લખ્યું કે મારા એ ઉપવાસ ખોટા હતા. જે માણસ પોતાની ભૂલોને સમજી શકે અને એને પોતાના છાપામાં પણ છાપી શકે છે તે બીજાને સલાહ આપી શકે. તેથી ગાંધીજી કહેતા કે કોઈ સત્યાગ્રહ કરવા માગતા હોય તો પહેલાં એમને પૂછે.

આ કેટલાક દાખલા છે. પૂજા, ઉપાસના અને જપની જેમ મનુષ્યને નિર્વિકાર અને નિઃસ્વાર્થ બનવા માટે એક સાધન સત્યાગ્રહ પણ છે. પણ તે ક્યારે? સત્યાગ્રહી અહિંસાની દૃષ્ટિએ પોતાના દરેક સત્યાગ્રહમાં પોતાની ભૂલ શોધવા—જોવા પ્રયત્નશીલ રહેતો હોય ત્યારે. એનો ગજ સફળતા-નિષ્ફળતાનો નથી હોતો. સત્યાગ્રહ શુદ્ધ હોય તો એ સાધન છે, અને શુદ્ધ નહીં હોય તો એ શસ્ત્ર છે. હવે એ સાધન છે કે શસ્ત્ર એનો નિર્ણય દરેક સત્યાગ્રહીએ પોતે કરવાનો હોય છે.

### અહિંસક સંગઠનના ત્રણ ભાગ

સર્વોદય સમાજ-રચના સારુ અહિંસક સંગઠનની આવશ્યકતા છે, અને એના સ્વરૂપના ત્રણ હિસ્સા છે: (૧) Institution —

સંસ્થા (૨) Organisation —સંગઠન અને (૩) Discipline — અનુશાસન. શાસન અને વ્યવસ્થાનો અંશ ધીરે ધીરે ઘટતો જવો જોઈએ; વ્યવસ્થાપકોની સંખ્યા ઘટતી જવી જોઈએ અને છેવટ જતાં કોઈ વ્યવસ્થાપક ન રહેવો જોઈએ. અનુશાસન નિયંત્રણથી નહીં, સ્વેચ્છાપૂર્વક થવું જોઈએ.

સંસ્થા અને સંગઠનનું અહિંસક સ્વરૂપ શું હોવું જોઈએ? શાસન મનુષ્યોનું નહીં પણ વસ્તુઓનું થાય. નિયંત્રણ બહારનું નહીં, આંતરિક હોય. નિયંત્રણને બદલે સંયમ રહેશે. અનુશાસન સ્વેચ્છાપૂર્વક સચવાશે. અનુશાસનની જગ્યાએ સંયમ રહેશે. વસ્તુઓનું નિયોજન થશે, પણ એમાં વ્યવસ્થાપકની સત્તા નહીં હોય.

મોટાં મોટાં શહેરો બને છે તેમાં માણસ ખોવાઈ જાય છે. આકાર મોટો હશે તેટલો મનુષ્યોનો એકબીજા સાથેનો સંપર્ક ઓછો રહેશે. મનુષ્ય ગુમનામ–બેનામ બનતો જશે. ગામ અને શહેરનો વિવાદ નકામો છે. ઉપનગર અને ઉપનગરવાદ માણસને નથી તો ઘરનો રહેવા દેતા કે નથી ઘાટનો રહેવા દેતા. ઉદ્યોગોને શહેરોમાંથી ખસેડી બીજે લઈ જવા જોઈશે. આપણે નથી ઇચ્છતા કે એક પ્રકારનો ઉદ્યોગ એક જ સ્થળે હોય. એને વ્યાપક કરી દેવો જોઈએ. ઉદ્યોગો એવી રીતે ગોઠવવા જોઈએ કે બે ત્રણ ઉદ્યોગો વિકેન્દ્રિત સ્વરૂપમાં ઠેકઠેકાણે વહેંચાયેલા હોય. વિશ્વ-વિદ્યાલય અને શિક્ષણ સંસ્થાઓ આમ તેમ ફેલાયેલી-વહેંચાયેલી હોય. સમાજવાદમાં વ્યાજ, ભાડું, ઠેકો કે દલાલી નહીં રહેવાં જોઈએ. આ વસ્તુઓ નહીં રહે તો શહેરો આટલાં મોટાં નહીં બને. એટલે, આટલાં મોટાં શહેરો થઈ ગયાં છે એનું શું થશે?—એવી ચિંતા નકામી છે. હા, ક્રાંતિ વિના શહેરોને બદલવાં અશક્ય છે. ભગવાન પણ એને બદલી શકે તેમ નથી. અર્થ-વ્યવસ્થામાં ફેરફાર થાય તો પણ શહેરો આવાં વિશાળકાય થતાં અટકી શકે.

●

૪

# વિશ્વસ્તયોગ

ટ્રસ્ટીશિપનો અર્થ છે કોઈની થાપણ સાચવવી તે—થાતીદારી. થાપણ માટે હિંદી શબ્દો છે : ધરોહર અને થાતી. સંસ્કૃતમાં એને માટે 'ન્યાસ' શબ્દ છે. આમ ટ્રસ્ટી એટલે ન્યાસી અથવા વિશ્વસ્ત. આપણે ટ્રસ્ટીશિપ માટે 'વિશ્વસ્તયોગ' શબ્દનો પ્રયોગ કરશું.

'શાકુંતલ'માં કણ્વનું વાક્ય છે : "प्रत्यर्पितन्यास इवान्तरात्मा." શકુંતલાને એના પતિને ઘેર વળાવીને કણ્વ ઋષિ કહે છે, "હવે હું સ્વસ્થ–શાંત થઈ ગયો. કોઈની થાપણ આપણી પાસે પડી હોય અને તે પાછી સોંપી દીધાથી જેવી નચિંતતાનો અનુભવ થાય તેવી નચિંતતાનો હું અનુભવ કરું છું. अर्थो हि कन्या परकीय अेव—કન્યા પારકું ધન છે. પારકું ધન મારી પાસે પડયું હતું તે મેં પ્રત્યર્પણ કરી દીધું, પાછું સોંપી દીધું."

### સમાજને પ્રત્યર્પણ

વિનોબાનું દાન પણ એક અર્થમાં પ્રત્યર્પણ છે. સ્વામિત્વ અને સંપત્તિ રાખી બેઠા હતા તેમનું કામ છે કે એ પાછાં આપે. આ દાન મૌલિક નથી, પ્રત્યર્પણ છે. આપણે જે ચીજ લઈ લીધી હતી, જે ચીજનું અપહરણ કર્યું હતું તે વસ્તુનું હવે આપણે પ્રત્યર્પણ કરીએ છીએ. એનો અર્થ એ કે દુનિયામાં આજે જે વ્યકિતઓ અથવા સંસ્થાઓ પાસે જે સંપત્તિ અને સ્વામિત્વ છે તે તમામ 'ન્યાસ' છે, સાચવવા માટે સોંપાયેલ થાપણ છે. 'ન્યાસ' પ્રત્યર્પણ માટે હોય છે, સાચવનારના ઉપભોગ માટે નથી હોતો. ટ્રસ્ટીશિપનો આ મધ્યવર્તી વિચાર છે.

બીજો દાખલો 'રામચરિતમાનસ'માં કૈકેયીનો છે. કૈકેયી દશરથ રાજાને કહે છે, "મારાં બે વરદાનની થાપણ તમારી પાસે છે. મેં અત્યાર સુધીમાં એ માગ્યાં નથી, વટાવ્યાં નથી." આ રીતે

મારી પાસે જે કંઈ વસ્તુ છે તેને હું સમાજની અથવા ઈશ્વરની થાપણ માનું છું. એ થાપણ છે અને છેવટ સુધી થાપણ છે. ટ્રસ્ટીશિપની મૂળભૂત ભાવના આ છે.

### સ્વામિત્વ અને સંપત્તિમાં પ્રતિષ્ઠા

સમાજ-પરિવર્તન અંગે જે જે વિચારો થયા અને જેટલી આર્થિક યોજનાઓ બની તે બધીમાં મુખ્ય વિચાર એ હતો કે માલિકી—સ્વામિત્વ પ્રત્યે મનુષ્યનું વલણ કેવું રહે, અને મિલકત—સંપત્તિને લઈને માણસ માણસ વચ્ચે કેવા સંબંધ હોવા જોઈએ. સંપત્તિ સાથેનો માણસનો સંબંધ ક્રાંતિવિચારનો મુખ્ય આધાર રહ્યો છે. ક્રાંતિવિચારના ઘણા પાયામાંથી એક મુખ્ય પાયો એ રહ્યો કે માલિકી અને મિલકત અંગે મનુષ્યનું શું વલણ હોવું જોઈએ. જૂના જમાનામાં સ્વામિત્વ અને મારી સંપત્તિ એ બે પ્રતિષ્ઠાના આધાર ગણાતા. મારું સ્વામિત્વ અને મારી સંપત્તિ એ બે મારી પ્રતિષ્ઠાનાં પ્રતીક છે. કારણ આનું એ હતું કે સ્વામિત્વ અને સંપત્તિ એ કમાણીના ક્ષેત્રમાં પરાક્રમનાં દ્યોતક હતાં. માલિકી અને મિલકત બે રીતે ઊભાં થતાં—એક પરાક્રમથી અને બીજું, કરકસર અને સંયમથી.

ભર્તૃહરિનું વાકય છે : उद्योगिनं पुरुषसिंहम् उपैति लक्ष्मीः । એટલે કે ઉદ્યોગી પુરુષસિંહ પાસે લક્ષ્મી આવે છે. दैवेन देयम् इति कापुरुषाः वदन्ति । એટલે કે જે કાયર છે, નકામાં છે, આળસુ છે તે જ કહે છે કે દૈવ દેશે તો લક્ષ્મી મળશે. કિસ્મત જાગશે, નસીબ ચમકશે એમ જે કહે છે તે કાયર છે, પુરુષાર્થહીન છે.

આપણે કહીએ છીએ, આનો હાથ ઝટ લઈને ખૂલતો નથી, મુઠ્ઠીનો સાંકડો છે. મુઠ્ઠીનો સાંકડો એટલે પૈસા ઓછા છે એમ નથી, હાથમાંથી ધન છૂટતું નથી. કંજૂસ છે. જે માણસ કસી કસીને ખર્ચે છે તેને માટે કહેવાય છે કે મોટા દિલનો નથી. એની મૂઠી ઝટ લઈને ખૂલતી નથી, કોથળીને ખેંચીને ગાંઠ વાળે છે. જ્યારે કરકસર એ જુદી જ વસ્તુ છે. જૂના જમાનામાં તો માણસના ચારિત્ર્યનું એ લક્ષણ ગણાતી. વ્યવસ્થિત ખર્ચ, ધગશ—અભિક્રમ, ઉદ્યોગશીલતા અને પુરુષાર્થ વડે માણસ મિલકત અને માલિકી ઊભાં કરતો, એટલે કમાણીમાં એનો પુરુષાર્થ અને સંયમ પ્રકટ

થતા હતા. એ જમાનામાં કહેતી હતી કે Property is propriety—સંપત્તિ જ શિષ્ટતા છે. જૂના અર્થશાસ્ત્રમાં માલિકી અને મિલકત બન્નેની પ્રતિષ્ઠા ગણાઈ છે. મનુષ્યના આ અધિકારને કોઈ છીનવી શકતું નહીં. ત્રણ અધિકાર મુખ્ય ગણાતા : (૧) જીવન (૨) સંપત્તિ અને (૩) સુખની શોધ. માલિકી ધરાવવી અને સુખ મેળવવાની યોજના બનાવવી એ માણસના અધિકાર ગણાતા.

### સમાજવાદનું અર્થશાસ્ત્ર

ત્યાર બાદ સમાજવાદનું અર્થશાસ્ત્ર આવ્યું. એ કેમ આવ્યું ને શી રીતે આવ્યું તે સૌ કોઈ જાણે છે. સ્વામિત્વ અને સંપત્તિના અર્થશાસ્ત્રમાં યાંત્રીકરણનો યુગ આવ્યો ત્યારે સંપત્તિના પ્રમાણની મર્યાદા ન રહી. સંપત્તિ ઉપાર્જનનો એવો ઉપાય માલિકોને હાથે ચડ્યો કે માલિકી કેન્દ્રિત થતી ગઈ અને શ્રમનું સમાજીકરણ થતું ચાલ્યું ગયું. પરિણામે એમાં અંતર્વિરોધ પેદા થતો ગયો, અને ધીરે ધીરે વધતો જ ગયો.

આ વિરોધ અંદર ને અંદર વધતો ચાલ્યો જાય ત્યારે પાકા ફળની બહારની છાલ પોતાની મેળે ફાટી જાય તેમ સમાજનું ઉપરનું કવચ ફૂટી જાય છે. આને ક્રાંતિ કહે છે. માર્ક્સ પોતાના પુસ્તક ‘કેપિટલ’માં બહુ રોમાંચક શબ્દોમાં મૂડીવાદીઓને ચેતવે છે. મૂડીવાદી પદ્ધતિનું પરિણામ એ આવે છે કે બહારનું કવચ એની મેળે ફૂટી જાય છે અને એમાંથી ક્રાંતિ સર્જાય છે—the expropriretors are expropriated—આજ સુધી જેમણે અપહરણ—પરિહરણ કર્યું હતું, હવે તેમનું અપહરણ થશે. તમામ અપહરણકર્તાઓનું પરિહરણ કરવામાં આવશે.

ટ્રસ્ટીશિપમાં આપણે સ્વીકારીએ છીએ કે જે કંઈ માલિકી કે મિલકત છે તે ન્યાસ છે અને ન્યાસ પ્રત્યર્પણ માટે હોય છે. પ્રત્યર્પણ નહીં કરે તો જે અપહર્તા છે, તેમનું પરિહરણ થશે. સમાજવાદે ક્રાંતિની આ પ્રક્રિયા, ક્રાંતિનો આ તર્ક મૂડીવાદી સમાજ સામે રજૂ કર્યો.

### સંપત્તિ અને શોષણ

સમાજવાદમાં પહેલાં સુધારાવાદી, આર્થિક સુધારાવાદી આવ્યા. એક જૂના સમાજવાદીએ કહ્યું હતું, Most property

is improperty — મોટા ભાગની સંપત્તિ અને સ્વામિત્વ અશોભનીય, અશિષ્ટ છે. બીજા સમાજવાદીઓએ કહ્યું કે Property is theft—સંપત્તિ ચોરી છે. આથી આગળ ગયા તે લોકો આત્યંતિક મતવાદી, તીવ્ર સમાજવાદી હતા. એમણે તો એટલે સુધી કહ્યું કે Property is murder—સંપત્તિ હત્યા છે. કારણ કે એમાં શોષણ રહેલું છે. પરિગ્રહ માત્ર ચોરી છે. આમ એકે માલિકીને અશોભનીય કહી, બીજાએ ચોરી કહી અને ત્રીજાએ હત્યા.

### પરિગ્રહમાં ચોરી

આપણા એકાદશ વ્રતમાં અસ્તેય અને અપરિગ્રહ બન્ને સાથે છે. આપણે સ્તેય અને પરિગ્રહને એક સાથે મૂકીએ તો એનો અર્થ થશે કે પરિગ્રહ સ્તેય છે—સંગ્રહ ચોરી છે—property is theft. પરિગ્રહ માત્ર ચોરી છે. પરિગ્રહ કરવાનાં બે કારણ—લોભ અને અસલામતી. અસલામતી એટલા માટે કે જરૂરિયાતોની પૂર્તિનું વચન સમાજમાં નથી.

લોભ જ પરિગ્રહનું કારણ છે એમ ન માનવું જોઈએ. એવું માનશો તો આપણે idealist—પ્રાતિભાસિક બની જઈશું. પ્રાતિભાસિક સત્તાવાદનો અર્થ એ છે કે આખી દુનિયા સ્વપ્નવત્ છે. જાગૃતિમાં એ દેખાય છે, છતાં એ સ્વપ્નવત્ છે, પ્રાતિભાસિક છે. આપણે જો એમ માની લઈએ કે લોભ નામના વિકારમાંથી આખી મૂડીવાદી રચના ઊભી થઈ અને વિકાસ પામી તો તે ખોટું થશે, અવૈજ્ઞાનિક થશે.

આખી દુનિયા કેટલાકની લાલચનું પરિણામ છે એવું માની ન શકાય. તેવી જ રીતે સંપત્તિ એ કેવળ મનુષ્યના પુરુષાર્થનું પરિણામ છે અથવા એની કરકસરનું પરિણામ છે એમ આપણે નથી માનતા. મૂડીવાદી સમાજમાં આવશ્યકતાઓની પૂર્તિની બાંહેધરી નથી તેથી સંગ્રહ આવ્યો. છતાં સંગ્રહ અને પરિગ્રહ ચોરી છે તે એટલા માટે કે બીજી બાજુ અભાવ અને આવશ્યકતા છે. એક હાથે ક્યાંક વિપુલતા છે તો બીજી બાજુ આવશ્યકતા અને અકાળ છે. માટે એ વાત ખરી છે કે જે કંઈ સંપત્તિ અને સ્વામિત્વ છે તે ચોરી છે.

સંપત્તિ એ અર્થમાં ચોરી છે કે જે લોકોને જરૂરત છે, એમને મળતું નથી, અને છતાં આપણે સંગ્રહ કરીએ છીએ. વસ્તુસ્થિતિને

લીધે આ બે વચ્ચે જે ભેદ અથવા અસમાનતા ઊભી થઈ છે તેના પરથી આપણે કહીએ છીએ કે આ ચોરી છે. તમારા મનમાં લાલચ હોય કે ન હોય, શોષણની ભાવના હોય કે ન હોય, પરંતુ પરિણામતઃ એ સ્તેય છે, ચોરી છે. વસ્તુતઃ પરિગ્રહ ચોરી છે.

ગોરાઓ દક્ષિણ અને પૂર્વ આફ્રિકા ગયા ત્યારે શું લઈને ગયા હતા? ત્રાજવું ને બાઈબલ લઈને ગયા હતા. પણ હવે દક્ષિણ આફ્રિકાનો મૂળ નિવાસી શું કહે છે?: "ગોરો પહેલાં આવ્યો ત્યારે એની પાસે બાઈબલ હતી અને અમારી પાસે જમીન, હવે એની પાસે જમીન છે અને અમારી પાસે બાઈબલ!" જે લોકો બાઈબલ લઈને ગયા હતા તે લોકો જમીન પડાવી લેવા નહોતા ગયા. પણ જે લોકો ત્રાજવું લઈને ગયા હતા તેમણે એક પલ્લામાં બાઈબલ મૂકી અને બીજામાં વેપાર.

એમ પણ નથી કે જેની પાસે પરિગ્રહ છે તે હંમેશાં દુષ્ટ જ હોય છે. અહિંસક પ્રક્રિયામાં આ વાત સમજી લેવી બહુ જરૂરી છે. ઘણી ઘરડી સ્ત્રીઓ અસ્પૃશ્યતાની તરફેણ કરે છે, વ્યક્તિગત રીતે એ દુષ્ટ નથી હોતી, ઊલટું એ ઘણી દયાવાન હોઈ શકે છે.

તો મુખ્ય સવાલ એ થયો કે પરંપરાથી જે માલિકી ને મિલકત ચાલ્યાં આવે છે તેનું નિવારણ શી રીતે થાય? આનો વિચાર કરતી વખતે બે ચીજોનો ખ્યાલ રાખવો કે એક તરફ થાતીદારી છે અને બીજી બાજુ અપરિગ્રહનો સિદ્ધાંત છે. લોકો કહે છે કે સ્વામિત્વ અને સંપત્તિને અમારે ચિરસ્થાયી બનાવવાં છે, એને કાયમી કરવાં છે ત્યારે એમણે આ બે વસ્તુઓનો એક સાથે વિચાર કરવો જોઈએ. મુખ્ય સિદ્ધાંત અપરિગ્રહનો છે. અસ્તેય અને અપરિગ્રહ આર્થિક રચનાના મૂળ સિદ્ધાંત છે. સમાજવાદનો આધારભૂત સિદ્ધાંત છે—આવશ્યકતા અનુસાર લેવું અને સામર્થ્ય અનુસાર દેવું. અહીં આ મુખ્ય સિદ્ધાંત કેવળ વ્યક્તિગત આચરણનો નથી, સામાજિક સંયોજનનો પણ છે. સંયોજનનો આધાર શું હશે? અસ્તેય હશે. સંયોજનનું સ્વરૂપ શું હશે? અપરિગ્રહ હશે.

### વ્યક્તિગત સંપત્તિ અને સ્વામિત્વ

સવાલ એ છે કે વ્યક્તિગત સંપત્તિ અને વ્યક્તિગત સ્વામિત્વની મર્યાદા શું હોવી જોઈએ? માણસ સંગ્રહ કરશે, એમ

માનીને કરશે કે આ મારા પોતાના ઉપભોગ માટે નથી, સમાજ માટે એ વાપરવાનો છે ત્યારે ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત અમલમાં આવશે. પણ સમાજ માટે વાપરવાનો છે તો પછી સંગ્રહ શા માટે કરે છે? ત્યાં માણસનું કહેવું એમ છે કે ક્યારેક સમાજના અને મારા વિચારો વચ્ચે આત્યંતિક વિરોધ ઊભો થશે તે દિવસે સમાજની સામે મારી પાસે રક્ષણનું કયું સાધન? માલિકી અને મિલકત એ રક્ષણ પૂરું પાડશે. મારી પાસે માલિકી અને મિલકતનું કવચ છે. આ ન હોય તો મનુષ્યનું સમગ્ર વ્યક્તિત્વ અને એની સ્વતંત્રતા સમૂહવાદમાં ખોવાઈ જશે. આ વાતને સારી રીતે સમજવી હોય તો અસ્તેય અને અપરિગ્રહને ભેળવવાં પડશે. નહીં ભેળવો તો એનો વિકાસ નહીં સમજાય.

સમાજવાદી વિચાર વિકસિત થતો ગયો, પરંતુ એમાં એક ચિરાડ રહી ગઈ. એ ચિરાડ તે એ કે એમાં ખેડૂતનો વિચાર ન થયો. સમાજવાદે એમને અંગે ન વિચાર્યું. એનો વિચાર ફિઝિયોક્રેટોએ કર્યો. એ લોકો સમાજવાદથી જરા ભિન્ન ગણાતા, પણ હું એમને સમાજવાદી માનું છું. એમનામાંથી બે નામ મહત્ત્વનાં છે—સિસમંડી અને હેનરી જોર્જ. હેનરી જોર્જનું પુસ્તક Progress and Poverty વાંચતાં હોઈએ ત્યારે લાગે કે કોઈ ભૂદાનીએ એ લખ્યું હશે.

અસ્તેય, અપરિગ્રહ અને ટ્રસ્ટીશિપને એક સાથે લઈએ ત્યારે ખ્યાલ રહેવો જોઈએ કે આધારભૂત સિદ્ધાંત અસ્તેય અને અપરિગ્રહ છે. ટ્રસ્ટીશિપ વ્યક્તિગત છે. એ વ્યક્તિગત એ રીતે કહેવાય કે સંયોજન અને સમાજ-પરિવર્તન બન્નેનો આધાર ટ્રસ્ટીશિપ છે.

સત્તા અને સંપત્તિ બંને શ્રમિકોના હાથમાં હોવી તેને Dictatorship of the Proletariat—શ્રમિકોની સરમુખત્યારી કહે છે. એનો અર્થ એ થયો કે શ્રમિકોના હાથમાં સત્તા પણ હશે અને સંપત્તિ પણ હશે. શા સારુ? તો એનો જવાબ એ છે કે આજ સુધી એ મૂડીવાદીઓના હાથમાં હતી. જે વર્ગને કાઢવો છે તેના હાથમાં હવે એ નહીં રહે. જે વર્ગની પ્રતિષ્ઠા વધારવી છે તે વર્ગના હાથમાં એ રહેશે. અને એ વર્ગ જ નહીં રહે ત્યારે રાજ્યની આવશ્યકતા પણ નહીં રહે.

## સંક્રમણકાળની સ્થિતિ

સવાલ એ છે કે સમાજ-પરિવર્તનના સંક્રમણ કાળમાં શું સ્થિતિ હશે?

આક્ષેપ એવો કરવામાં આવે છે કે સંક્રમણ કાળમાં જેમના હાથોમાં સત્તા અને સંપત્તિ—બન્ને કેન્દ્રિત થઈ હશે તે લોકો શું દેવદૂત હશે કે જેથી એ પોતાની મરજીથી એ બન્નેને છોડી દેશે? વર્ગ-નિરાકરણમાં જેટલા દિવસ જશે તેટલા દિવસમાં તો એક બીજો વર્ગ ઊભો થઈ જશે, અને એ વર્ગને સત્તા અને સંપત્તિ એ બન્નેનો મહાવરો થઈ ગયો હશે. એ મહાવરાને કારણે "આ મારા અધિકાર છે" એવો સંસ્કાર એના મનમાં પેદા થશે અને એમ એમાંથી એક નવો વર્ગ ઊભો થશે. પહેલાં સંપત્તિધારીઓનો, માલિકોનો અને અમીરોનો વર્ગ હતો. બધી સત્તા એમના હાથોમાં હતી. ધીરે ધીરે લોકશાહી આવી અને એમના હાથોમાંથી રાજ્યસત્તા સરકવા લાગી. રાજ્યસત્તાને એ ખરીદી શકે તેવી સ્થિતિ હજી હતી પણ આખી રાજ્યસત્તાના એ હકદાર ન રહ્યા.

પછી શું થશે? બંધારણ, કાયદો અને ક્રાંતિ-સિદ્ધ અધિકારને લઈને મુઠ્ઠીભર માણસો જે પોતાને શ્રમિકોના પ્રતિનિધિ તરીકે ઓળખાવશે તે લોકો સત્તા અને સંપત્તિના અધિકારી બની બેસશે. એક અનર્થ કાઢવા જતાં બીજો એક ભયાનક અનર્થ દુનિયામાં સ્થપાશે. આવી જાતનો આક્ષેપ છે.

## સંપત્તિ મારી નહીં, સમાજની

આ આક્ષેપમાંથી નીકળવાનો રસ્તો ટ્રસ્ટીશિપનો છે. ટ્રસ્ટીશિપમાં એ યોજના છે કે મારી પાસે જે સંપત્તિ છે તેને મારી પોતાની નહીં ગણું. આ વાત સ્વેચ્છાપૂર્વક સ્વીકારવા માટે પરિસ્થિતિમાં પણ પ્રેરણા છે. પરિસ્થિતિનું દબાણ છે. એમાં કેવળ નૈતિક અથવા હૃદયની ઉદારતાની જ પ્રેરણા નથી, એક ભૌતિક પ્રેરણા પણ છે. આ ભૌતિક પ્રેરણા કઈ છે? મૂડીવાદની અંદર જ વિરોધ પેદા થઈ રહ્યો છે. એ મૂડીવાદીઓએ જ પેદા કરેલો છે. એમણે રાજ્ય સાધારણ મનુષ્યના હાથમાં સોંપી દીધું. સત્તા સાર્વત્રિક હોય અને સંપત્તિ સાર્વત્રિક ન હોય એ વિરોધ ઝાઝા દિવસ ન નભે. આમ એમાં સ્વેચ્છા જરૂર છે, પરંતુ એ સ્વેચ્છાના અમલ માટે પરિ-

સ્થિતિમાં પ્રેરણા પણ છે. આજે જેટલી સંપત્તિ મારી પાસે છે, તે બધી સંપત્તિને હું મારી નહીં ગણું, સમાજની ગણીશ.

હવે આમાં કઈ મર્યાદાઓ આવે છે? ટ્રસ્ટીશિપની ઓળખ શું? દરેક અમીર કહી શકે કે હું ટ્રસ્ટી છું, હું મારી સંપત્તિ સમાજ માટે છે એમ માનું છું. હવે આજે કોઈની પાસે બે લાખ રૂપિયા છે, બે વરસ બાદ એને પૂછો કે હવે "કેટલી સંપત્તિ છે?" તો કહે છે, "દસ લાખ." આ ટ્રસ્ટીશિપ થઈ ન કહેવાય.

મારી પાસે જે સંપત્તિ જન્મથી અથવા પરિસ્થિતિવશ આવી છે તેનો જો હું મને ટ્રસ્ટી માનતો હોઉં તો હું એને વધારવાની કોશિશ નહીં કરું. કારણ, મારે આગળપાછળ ક્યારેક એ સમાજને સોંપી દેવાની છે. સમાજને માટે જ હું એને આજે જાળવું છું. હા, જે સમાજમાં એ રહે છે તે સમાજ જ એને કહે કે આ સંપત્તિ અમને વધારી આપો તો તે એને વધારી આપશે. પરંતુ સમાજ વિવેકી હશે તો તેમ નહીં કહે. શા માટે નહીં કહે? કારણ, વધારવા માટે એને સંપત્તિ પર વ્યાજ લેવું પડશે. પરિણામ એ આવશે કે મૂળ મૂડી જેમની તેમ પડી રહેશે અને સમાજ ઇચ્છશે કે અમારું કામ વ્યાજ પર જ ચાલે. એટલે સમાજ સમાજવાદની દિશામાં આગળ વધતો હશે તો આવી ઇચ્છા નહીં રાખે. હા, એ મૂડીવાદી સમાજ હોય તો વાત જુદી. મૂડીવાદી સમાજમાં પણ કરવેરા નાખવા પડે છે. ટૂંકમાં, સમાજ સમજીને તરત જ કહેશે કે આ રીતે તમે સંપત્તિ વધારો છો તે બરાબર નથી.

### સમ્પત્તિ વધારવી બંધ કરો

જેટલી સંપત્તિ છે તેને મનુષ્ય વધારી શકે કે નહીં? આમાં મુખ્ય વિચાર કરવાનો એ રહે છે કે સંપત્તિ વધારવાનો રસ્તો કયો છે—નફો, ભાડું કે ઈજારો? આનો આરંભ આપણી સંસ્થાઓથી કરવાનો રહેશે. ત્યાર બાદ બીજાઓને કહી શકાશે. આજ તો આપણે ઊલટો ન્યાય કરીએ છીએ. ગાંધી સ્મારક નિધિને આ લાગુ નહીં પડે, કસ્તુરબા ટ્રસ્ટને લાગુ નહીં પડે, રાજકીય પક્ષોના ફંડને લાગુ નહીં પડે, સર્વ સેવા સંઘને લાગુ નહીં પડે—આમ કરીશું તો તે નહીં ચાલે. પહેલાં તમે સંસ્થાઓને જ કહેશો કે સંપત્તિ વધારવાની કોશિશ ન કરશો.

બીજો સવાલ એ થાય છે કે કોઈ પોતાની જાતને ટ્રસ્ટી લેખાવે છે અને બીજી બાજુ સંપત્તિ પણ વધારતો જાય છે તો શું કરવું? એ ટ્રસ્ટી હશે તો પોતાની સંપત્તિની જાહેરાત કરશે. એમાં જે વધારો થશે તે એ સમાજને આપી દેશે. ટૂંકમાં એમાં જે લાભની પ્રેરણા છે તે ઘટતી જશે, ત્યાર બાદ પણ વહેવારમાં જે દોષો રહેશે તેને માટે જુદા ઉપાયો વિચારવા પડશે. પરિસ્થિતિમાં દબાણ પેદા કર્યું જેથી એણે પોતાને ટ્રસ્ટી ઘોષિત કર્યો; તેવા જ બીજા ઉપાયો વિચારવાના રહેશે. બીજું, ટ્રસ્ટીશિપ વારસાગત નહીં હોય. હા, સમાજ પોતે થઈને કહે કે તારો બાપ ટ્રસ્ટી હતો, હવે તું સંભાળ તો તે જુદી વાત છે. દરેક વખતે ફરી વિચાર કરશે, ટ્રસ્ટીના મૃત્યુ વખતે સંપત્તિ બચી ન હોય તો તો સવાલ જ નથી.

ટ્રસ્ટી હોવાની એક ઓળખ એ પણ છે કે એની પોતાની સંપત્તિમાં વધારો નહીં થવો જોઈએ.

૫.

# વિશ્વસ્તયોગનો સમગ્ર સિદ્ધાંત

સામાજિક પરિસ્થિતિને લીધે યા પોતાના પુરુષાર્થથી આપણને જે કંઈ મળે તે બધાને જ આપણે ન્યાસ, થાપણ યા અમાનત લેખીશું — આ વૃત્તિનું નામ છે ટ્રસ્ટીશિપ.

બીજી ચીજ એ પણ છે કે આપણને જે કાંઈ મળ્યું છે તે કેવળ આપણા ઉપભોગ માટે નથી, 'પ્રત્યર્પણ' માટે છે. 'પ્રત્યર્પણ' એટલા સારુ કરવાનું કે આજે જે કંઈ સંપત્તિ અથવા સ્વામિત્વ છે તેનો ઘણો ખરો ભાગ અપહરણ છે. અપહરણ ચોરી છે. પરિગ્રહ ચોરી છે, સ્તેય છે. અસ્તેય અને અપરિગ્રહ બન્ને સાથે સાથે રહેનારાં તત્ત્વો છે. અસ્તેય અને પરિગ્રહ એક સાથે રહી ન શકે. તેથી સંપત્તિ અને સ્વામિત્વના વિષે સમાજમાં અલગ અલગ ધોરણ અને સિદ્ધાંત બન્યાં છે.

### ક્રાંતિનો પાયો

ક્રાંતિકારીઓમાં જે લોકો સુધારાવાદી હતા તે તો એટલે સુધી કહી ગયા કે તમામ પરિગ્રહ ચોરી જ છે કે નહીં તે તો અમે નથી જાણતા, પરંતુ એટલું અમે જાણીએ છીએ કે ઘણો ખરો પરિગ્રહ એવો છે જેને ચોરી કહી શકાય અથવા જે ચોરીનું પરિણામ છે. તેથી સંપત્તિ અને સ્વામિત્વ તરફનું મનુષ્યનું વલણ બદલવું, સંપત્તિના આધારે મનુષ્યોના જે પારસ્પરિક સંબંધો ગોઠવાયા છે તેમાં ધરમૂળથી ફેરફાર કરવો એને ક્રાંતિનો પાયો ગણ્યો છે.

સંક્રમણકાળમાં આજે મારી પાસે જે સંપત્તિ અને સ્વામિત્વ છે તે સમાજને પ્રત્યર્પણ કરવા માટે, પાછું વાળી દેવા માટે છે. એ પોતાના ઉપભોગ માટે નથી. હું એમાં અભિવૃદ્ધિ—વધારો નહીં કરું. ઊલટું, જે કાંઈ છે તેને ઓછું કરવાની કોશિશ કરીશ. સમાજ માટે એ વધારવું પણ હશે તો વ્યાજ, ભાડું, નફો, ઠેકો કે દલાલી જેવાં સાધનોથી એને નહીં વધારું.

સમાજમાં કોઈ વિશ્વસ્ત ( Trustee ) હોય, અને એને સમાજ કહે કે આપણી સંપત્તિ વધારવી છે, એ વધારવાની કળા અમારા કરતાં તને વધારે આવડે છે, માટે તું એને વધારી આપ, તો, એ સંપત્તિ વધારી આપશે; પરંતુ જેટલી સંપત્તિ વધશે તે બધી જ સમાજની થશે. આમ ન થઈ શકે તો વિશ્વસ્તયોગ (Trusteeship) નો વિચાર ક્રાંતિકારી નીવડી નહીં શકે.

વિશ્વસ્તયોગ એ સમાજ-પરિવર્તનનું સાધન બનવું જોઈએ. એટલે કે, વિશ્વસ્તયોગ વડે સંપત્તિ તરફનું અને માલિકી તરફનું મનુષ્યનું વલણ, તથા સંપત્તિ પર આધારિત માણસ માણસ વચ્ચેના સંબંધોમાં પરિવર્તન આવવું જોઈએ. અને આમ જો ન થયું તો પછી વિશ્વસ્તયોગ એક પ્રાચીન-પરંપરાની દાનવૃત્તિની સંસ્થા બની જશે, એમાંથી કોઈ પણ જાતના સમાજ-પરિવર્તનની શક્તિ પેદા નહીં થાય.

વિશ્વસ્તયોગના આધાર હશે અસ્તેય અને અપરિગ્રહ. અસ્તેય આધાર હશે જ્યારે અપરિગ્રહ એનું સ્વરૂપ હશે. અપરિગ્રહ અને અસ્તેયનો સિદ્ધાંત સ્વીકારવામાં નહીં આવે તો પછી વિશ્વસ્તયોગ અને વ્યક્તિગત માલિકી વચ્ચે કશો ફેર નહીં રહે. જુનવાણી લોકો કહેતા હતા કે સંપત્તિ અને માલિકીના અધિકાર મૂળભૂત અધિકાર છે. એ સ્વીકારીએ તો વિશ્વસ્તયોગ સમાજ-પરિવર્તનનું સાધન બની શકે નહીં.

## સ્વામિત્વની પ્રેરણાનો પ્રશ્ન

વ્યક્તિગત સ્વામિત્વ તથા વ્યક્તિગત સંપત્તિનું આયોજન, સમાજ અને વ્યક્તિ વચ્ચે વિરોધ પડે તો વ્યક્તિની સ્વતંત્રતા માટે કંઈક આધાર અને આશ્વાસન રહે તે માટે કરવામાં આવ્યું હતું. એને વ્યક્તિની સ્વતંત્રતાનો આધાર લેખ્યો હતો. સમાજ અને વ્યક્તિ વચ્ચે વિરોધ પડે તો વ્યકિત પાસે પોતાની સ્વતંત્રતાનું સંરક્ષણ કરવા માટેનું કોઈ સાધન છે ખરું ? તો જવાબ એ મળે છે કે મનુષ્યની વ્યકિતગત સંપત્તિ છે તે એવું સાધન છે. તેવી રીતે વ્યકિત પરિશ્રમ કરે છે તે માટેની એને કોઈ પ્રેરણા છે કે ? એનો જવાબ મળે છે કે સ્વામિત્વની પ્રેરણાથી પ્રેરિત થઈ એ પરિશ્રમ કરે છે.

આરંભમાં ગાંધીજી આવું માનતા હતા. એમના સાથીઓ પણ એમ માનતા હતા. તેથી એક ભ્રમ પેદા થયો કે ગાંધી-વિચારમાં વ્યકિતગત સ્વામિત્વનું એક અનિવાર્ય સ્થાન છે. બીજો એક ભ્રમ એ પણ ઊભો થયો કે ગાંધીજીના આદર્શ-સમાજમાં વર્ગો રહેશે અને વર્ગ-સમન્વય થશે, વર્ગ-નિરાકરણ નહીં થાય. સ્વતંત્ર પક્ષ આજે આ જ ભ્રમ આપણી સામે વારે ઘડીએ ધરે છે. પણ આપણે જાણીએ છીએ કે ગાંધી અને એના સાથીઓમાં વિશ્વસ્તયોગના વિચારનો વિકાસ થયો છે. એ થવાનું કારણ એ છે કે એમણે સમાજની રચના માટે જે આધારભૂત સિદ્ધાન્ત માન્યા હતા તે અસ્તેય અને અપરિગ્રહ હતા. એક વાર આ બે સિદ્ધાંત સ્વીકારો એટલે સંપત્તિ અને સ્વામિત્વની ભાવનામાં કેટલીય જાતના ફેરફારો કરવા અનિવાર્ય બની જાય છે.

## બ્રહ્મચર્યનું વ્રત

એક દાખલો લઈએ. બ્રહ્મચર્યનું વ્રત વિવાહનો વિરોધ કરવા માટે નથી. છતાં આશ્રમના નિયમોમાં લખ્યું હતું કે ત્યાં 'વિવાહિત બ્રહ્મચર્ય' પાળવાનું રહેશે. વિવાહિત બ્રહ્મચર્ય કહ્યું એટલે વિવાહનું જે પ્રયોજન હતું તે જ ખતમ થઈ જાય છે. બન્ને જણાં સાથે રહે છે, પણ પતિ-પત્ની તરીકે નથી રહેતાં. વિવાહનો સંબંધ ગૌણ બની જાય છે અને બ્રહ્મચર્ય જ મુખ્ય બને છે. તેવી જ રીતે સંતતિ-નિયમનનો સવાલ આવે છે તેને અંગે કહે છે કે સંયમથી એ સધાવું જોઈએ. એનો અર્થ એ થયો કે વિવાહિત અવસ્થામાં પણ નૈષ્ઠિક બ્રહ્મચર્યપૂર્વક રહેવું જોઈએ જેથી બાળક પેદા થવાની સંભાવના જ ન રહે. આમ બ્રહ્મચર્યને આધારે વિવાહ થાય તો વિવાહની ભૂમિકા ગૌણ બની જાય છે. પતિ-પત્નીનો શરીર-સંબંધ ગૌણ બને છે ત્યાં પ્રેમ મુખ્ય થાય છે.

વિવાહની ભૂમિકા એ છે કે સ્ત્રી-પુરુષના સંબંધ કરતાં એમનો પ્રેમ-સંબંધ વધારે મહત્ત્વનો છે. એમ ન થાય તો વિવાહનું કોઈ પ્રયોજન જ નથી રહેતું. આ રીતે આપણે અસ્તેય અને અપરિગ્રહના આધારભૂત સિદ્ધાંતોને સ્વીકારીએ તો સ્વામિત્વ અને સંપત્તિની ભૂમિકા અને આશય એટલાં બદલાઈ જાય છે કે સ્વામિત્વ અને સંપત્તિનું લગભગ વિસર્જન થઈ જાય છે.

કાયદામાં સંપત્તિ માટે જે શબ્દ ચાલે છે તે ખૂબ અન્વર્થક છે. એ શબ્દ છે—holding property–હોલ્ડિંગ પ્રૉપર્ટી. I hold એટલે હું ધારણ કરું છું. કાયદામાં હોલ્ડિંગ માટે બીજો શબ્દ પણ છે—'પઝેઝન' ( કબજો ). કોઈ વસ્તુ તમારા કબજામાં હોય એટલે નેવુ ટકા તો તમારી થઈ જ ગઈ. દસ ટકા તો એટલા માટે છોડવાના કે કદાચ એમ સાબિત થાય કે એ ચીજ તમે અપહરણ કરી મેળવી છે, તો તેવા સંજોગોમાં એ વસ્તુ તમારી રહેતી નથી. સવાલ એ આવે છે કે જે સમાજમાં અસ્તેય અને અપરિગ્રહ હોય તે સમાજમાં વિશ્વસ્તવૃત્તિ ( ટ્રસ્ટીશિપ )ને માટે અવકાશ રહેશે ખરો કે ? સમાજવાદીઓએ આનો ઉત્તર આપ્યો છે; બીજે, અર્થશાસ્ત્રીઓએ અને સદાચારવાદી યા નીતિવાદી લોકોએ તો એ આપ્યો જ છે. અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે મૂડી આજે શ્રમ પાસેથી કામ લે છે. મહેનતવાળાને એટલે કે મજૂરને મૂડી કામ આપે છે. મૂડી માલિક છે, મજૂર નોકર છે. ખરી રીતે માલિક કોણ છે ? પરિશ્રમ માલિક છે, પરિશ્રમ મૂડીનો ઉપયોગ કરશે. શ્રમ માટે મૂડીનો ઉપયોગ થવો જોઈએ, મૂડી માટે શ્રમનો નહીં. મુખ્ય વસ્તુ છે કલા, પ્રતિભા અને શ્રમ.

## શ્રમ પણ પ્રત્યર્પણની વસ્તુ

વિશ્વસ્તયોગ કહે છે કે જેમની પાસે શ્રમ-શક્તિ છે તેમણે શ્રમને પણ પ્રત્યર્પણ કરવાની વસ્તુ માનવી જોઈએ. શ્રમશક્તિ પણ ઉપભોગ માટે નથી. 'મારા શ્રમનું જે ફળ આવે તે મારું છે' એવું માનનારો વિશ્વસ્ત–ટ્રસ્ટી નથી. કારીગર પોતાને પોતાનાં ઓજાર અને પોતાની મહેનતનો ટ્રસ્ટી માનશે. એ એમ ન કહી શકે કે આ મારું ઓજાર છે, અને એનો હું ફાવે તેવો ઉપયોગ કરી શકું; 'ફાવે તો એને ભાંગી ફોડી નાખું, ફાવે તો નદીમાં ફેંકી દઉં' આવું એ નહીં કહી શકે. એ જો એવાં વેણ મોઢેથી કાઢે તો એ ટ્રસ્ટી નથી. પછી તો મૂડીવાદી માણસ પોતાને મૂડીનો માલિક ગણે છે તેવી રીતે આ પણ પોતાની વસ્તુનો નાનો માલિક છે. અને નાનો હોવાથી એ ઓછો મૂડીવાદી નથી. 'આ મારી ફાઉન્ટન પેન છે, હું એનો ફાવે તે ઉપયોગ કરી શકું' એમ કહેનાર કોઈ પણ

માણસ મોટા મૂડીવાદી જેટલો જ મોટો મૂડીવાદી છે. સમાજ કહેશે કે આમાં વસ્તુનું અપમાન છે, એમ કરવું એ સાંસ્કૃતિક દોષ છે.

આ બધી જીવનની વિભૂતિઓ છે, એમને માટે આદરનો ભાવ હોવો જોઈએ. આ સંસારમાં જીવનને સંપન્ન કરનારી જે વસ્તુઓ છે તે બધી જીવનની વિભૂતિઓ છે. એટલું જ નહીં, જે વસ્તુઓ જીવનને સંપન્ન નથી કરતી તે પણ વિભૂતિઓ છે. કોઈ કહેતું હોય કે "મેં ટેક્સ ભર્યો છે, માટે નળનું પાણી ફાવે તેમ વહેવા દેવું એ મારી મરજીની વાત છે," તો તે બરાબર નથી. ટ્રસ્ટીશિપમાં સૃષ્ટિ પ્રત્યે જેટલો આદર રાખવામાં આવે છે તેટલો જ આદર વસ્તુ પ્રત્યે, ઉપકરણ પ્રત્યે અને શ્રમ પ્રત્યે પણ રહેશે.

### આત્મહત્યા : શરીર અને આત્મા

શરીર તરફ આદરની વાત કહી ત્યારે મેં કહ્યું હતું કે પોતાના શરીર પ્રત્યે જુગુપ્સા કે તુચ્છતાનો ભાવ એ નથી તો ધાર્મિક કે નથી આધ્યાત્મિક, નથી તો નૈતિક કે નથી સાંસ્કૃતિક. બીજાનું શરીર અવધ્ય છે, અનાક્રમણીય છે; બીજાના શરીર પર આક્રમણ કરી ન શકાય, એની ઇચ્છા વિરુદ્ધ એના શરીરનો ઉપયોગ કરી ન શકાય, કરવો પણ ન જોઈએ. પારકું શરીર જેમ અનાક્રમણીય અને અવધ્ય છે તેવી જ રીતે મારું પોતાનું શરીર પણ અનાક્રમણીય અને અવધ્ય છે; આત્મહત્યાને કાયદેસર ગુનો ગણવામાં આવ્યો છે તે જુદી વાત છે. એ ગુનો એક વાર પાર પાડી શકયા તો તો કાયદો કંઈ જ કરી શકતો નથી, પણ બચી ગયા તો સજા થાય છે. આત્મહત્યાનો ગુનો પૂરો થઈ શકયો તો કાયદાથી પર થઈ જવાય છે. પરંતુ કાયદામાં suicide—આત્મહત્યાની વિરુદ્ધ જે જોગવાઈ કરવામાં આવી છે તે એક સંકેત છે કે માનવ અવધ્ય છે, કોઈ માણસ બીજા કોઈને કે પોતાને પણ મારી ન શકે.

બીજા માણસનું શરીર અનાક્રમણીય અને પવિત્ર છે. જીવનમાં એ પ્રતિભા અને કળાનો વિકાસ કરી શકે છે. માટે ભગવાનના મંદિર કરતાં પણ એ વધારે પવિત્ર છે. આમ બીજાના શરીર માટે મારી જે ભાવના છે તેવી જ ભાવના મારા પોતાના શરીર તરફ પણ હોવી જોઈએ.

મનુષ્ય આત્મહત્યાનો પ્રયત્ન કરે છે. એ બચી જાય છે તો

કાયદો એને સજા કરે છે; પણ જો પ્રયત્નમાં સફળ થઈ ગયો તો પછી કાયદો શું કરી શકવાનો હતો? કાયદાની આ કમજોરીની પૂર્તિ ટ્રસ્ટીશિપ—વિશ્વસ્તવૃત્તિનો સિદ્ધાંત કરી શકે છે. એ માને છે કે દરેક જણ પોતાના શરીરનો ટ્રસ્ટી છે. કેટલાક કહે છે ને— "આ શરીર તો ગધેડો છે, એને હું ફાવે તે કરી શકું. હું આ શરીરથી કંટાળી ગયો છું, એ બદસૂરત છે. એમાં શું ભર્યું છે? એના કરતાં તો આજે જ મરી જાઉં તો સારું."

એવા માણસને કોઈ પૂછી શકે કે "તો પછી તું જ શા માટે મરી નથી જતો? શરીરને શા માટે મારી નાખવું છે?" પણ શરીર સાથે એ એટલો જોડાયેલો છે કે એના વગર મરવાનું પણ અશક્ય છે.

"આ શરીરથી તો કંટાળ્યો, હવે તો એને છોડી ચાલ્યો જાઉં એમ થાય છે" એમ કોઈ કહેતું હોય છે. એવાને પૂછીએ કે શરીર તો મણિકર્ણિકાના ઘાટે—મસાણે જશે, પણ તું ક્યાં જઈશ?" શું જવાબ દે? બિચારો સમજતો હશે કે આ શરીરથી છૂટીને બીજી કોઈ વધારે સારી જગ્યાએ ચાલ્યો જઈશ.

એક તરફ તો શરીરથી એટલો કંટાળ્યો છે કે એનાથી છૂટવા માગે છે, જ્યારે બીજી બાજુ શરીર વગર મરી શકતો પણ નથી. વિશ્વસ્તવૃત્તિ કહે છે કે શરીર માટે એટલાં અભિમાન આસક્તિ ન હોવાં જોઈએ. 'મારું શરીર છે, એનું ફાવે તે કરીશ' એમ કહેવામાં તટસ્થતા અને નમ્રતા નથી. દરેક મનુષ્ય બીજા માટે પોતાની શક્તિભર કામ કરશે અને કેવળ જરૂર જેટલો ઉપભોગ લેશે. "જરૂરત જેટલું લેવું અને શક્તિભર કામ કરવું" — આ સિદ્ધાંત પર અમલ થશે ત્યારે માણસ પોતાની ક્ષમતાને પોતાની માલિકીની નહીં માને.

આપણી કલ્પનાના સમાજમાં માણસ પોતાની સ્વતંત્ર પ્રેરણાથી પોતાની શક્તિ અને રુચિ પ્રમાણે કામ કરશે, કળાપૂર્ણ રીતે કામ કરશે અને કામ કરવાની પોતાની કુશળતાનો વિકાસ કરશે. બીજી બાજુ, લેશે પોતાની જરૂરત પૂરતું જ. સમાજમાં અભાવ હશે તો એ પોતાનું લેવાનું ઘટાડતો જશે અને કામ કરવાની શક્તિ વધારતો જશે. ટૂંકમાં એ વધુમાં વધુ આપશે અને ઓછામાં ઓછું લેશે. જીવનનાં આ મૂલ્યો અવાંતર પ્રેરણામાંથી નથી ઊભાં થયાં. ખરી

વાત તો એ છે કે અવાંતર પ્રેરણાઓ અને અવાંતર કારણોને લીધે જીવનનાં મૂલ્યો પર આવરણ આવી ગયું છે. આ વાત ખરી હોય તો એનાં કારણો શોધવાં રહ્યાં. પરંતુ જીવનનાં જે મુખ્ય મૂલ્યો છે તે જીવનની પ્રવૃત્તિમાંથી આવે છે. આમાં રખે એવું સમજતા કે આપણે સંયમની વાત કરીએ છીએ. સાચી વાત એ છે કે પ્રેમ મનુષ્યનો સ્વભાવ છે, એ પ્રેમમાં જેટલાં અવાંતર મૂલ્યો આવતાં જશે તેટલો એ પ્રેમ કલુષિત થશે. એમાં દોષ પેદા થાય છે. તેથી કહે છે કે મિત્રનો, સખાનો પ્રેમ સૌથી શુદ્ધ હોય છે.

## સગુણ મૂર્તિ

સામે કોઈ સગુણ મૂર્તિ હોવી જોઈએ. તારી કળા, તારી પ્રતિભા, તારો શ્રમ બધું જ પ્રત્યર્પણ માટે છે. કોને પ્રત્યર્પણ કરવાનું? તારા પડોશીને પ્રત્યર્પણ કરવાનું છે. ગાંધીએ એને સ્વદેશીનું નામ દીધું. જેને માટે આ બધું છે તે માનવનું કોઈક સગુણરૂપ સામે હોવું જોઈએ. ટ્રસ્ટીશિપનો આ સિદ્ધાંત સમાજ-પરિવર્તન અને સમાજ-ધારણાનો સિદ્ધાંત છે.

આપણે આ પ્રશ્નનો બેઉ બાજુથી વિચાર કર્યો. આપણી પાસે સંપત્તિ છે, એને રાખવાની ઇચ્છા પણ છે. તો એવી કઈ પદ્ધતિ છે જેથી આપણે સંપત્તિ રાખી પણ શકીએ અને સમાજમાં આપણી પ્રતિષ્ઠા પણ રહે ?—'એ માટે આ ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત સગવડ-ભરેલો છે' એવી જેની મનોવૃત્તિ હશે તેને માટે ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત નથી, પછી ભલેને એ કોઈ ખેડૂત જ હોય કે મોટો ઉદ્યોગપતિ.

માલિકીને પકડી રાખનાર ખેડૂત નાનો હોય તો પણ એ નાનો મૂડીવાદી બુર્જ્વા જ છે. આકાર ભલે ને નાનો હોય, એની વૃત્તિ મૂડીવાદીની છે. સ્વામિત્વનું વિસર્જન કરવાનું કામ સૌથી અઘરું હોય તો તે જમીનના ક્ષેત્રમાં. જમીન સાથે ખેડૂતનો, એના ખેડનારનો જે પ્રેમ હોય છે તે કેવળ ભૌતિક ચીજ નથી હોતો. જે મહાન નિરીક્ષકો છે તેમણે એનો ઊંડાણથી અભ્યાસ કર્યો છે. પર્લ બકે ઘણી નાની ઉંમરથી ખેડૂતના જીવનનું નિરીક્ષણ કર્યું હતું. ખેડૂતનો એની ભૂમિ સાથે કેવો સંબંધ હોય છે તેનું એણે વર્ણન કર્યું છે.

કવિ ગોલ્ડસ્મિથે જોયું કે મોટા મોટા જમીનદારો હજારો એકર જમીનને દબાવી ને બથાવી પડ્યા છે. ખેડૂતો પોતાની જમીનો છોડી છોડી બેઘર બની રહ્યા છે. એમાંથી કેટલાક અમેરિકા જતા રહ્યા છે, જાય છે. એ બધાનું એણે પોતાના કાવ્ય 'Deserted Village—ભાંગેલું ગામ'માં વર્ણન કર્યું છે. એમાં એ ખેડૂતની વ્યથાનું વર્ણન કરે છે. એ ખેડૂતના જમીન પ્રત્યેના પ્રેમને વર્ણવતાં કહે છે કે કોઈ દેશભક્તનો પોતાના દેશ સાથે જેવો પ્રેમ હોય છે તેવો જ સજીવ પ્રેમ એક ખેડૂતનો એની જમીન સાથે હોય છે. માણસ જે ભૂમિ પર જન્મ્યો હોય છે તેના તરફ એને એક વિશેષ ભાવના હોય છે. આ ભાવના કેવળ ભૌતિક નથી હોતી.

ખેડૂતની જમીન માટેની ભાવનાનાં બે પાસાં છે. એક તો એ કે ખેડૂત પોતાની જમીન નહીં છોડે. સ્વતંત્ર પાર્ટીવાળા એ જ કહે છે કે જમીન સાથે ખેડૂતની જે લાગણી છે તે તમે જોશો ને સમજશો તો તમને લાગશે કે ખેડૂતની માલિકી કાયમ રહેવી જોઈએ. એ એની માલિકી છોડી દેશે એવું રખે સમજતા.

વિનોબાએ એથી સાવ ઊલટું દૃષ્ટિબિંદુ લીધું. માને માટે હોય તેટલી પૂજ્ય બુદ્ધ જમીન માટે ખેડૂતના મનમાં છે. ત્રણ માતાઓ મનાઈ છે: જનની, જન્મભૂમિ અને ગાય. ભાવનાની દૃષ્ટિએ સૌથી પહેલી જનની, પછી જન્મભૂમિ અને પછી ગાય. જન્મભૂમિ માટેની ભાવનાથી ઊલટી માલિકીની ભાવના છે. આ વાત એમને સમજાવવી જોઈએ. જમીન માટે ખેડૂતની જે ભૂમિકા છે તે માલિકી-વિસર્જનને અનુકૂળ છે. ગાંધીના વિચારમાં પણ ક્યાંક ક્યાંક એની ઝાંખી થાય છે. એ કહે છે કે પંચતત્ત્વોમાંનું એક તત્ત્વ ભૂમિ છે, માટે ભગવાનના તમામ પુત્રોને એ સમાનરૂપે મળવી જોઈએ.

ગાંધીની વાતનો ધ્વનિ એવો છે કે ખેડૂત પોતાને ટ્રસ્ટી માને અને કહે કે ભૂમિ પર જે શ્રમ થાય છે તે અણમોલ છે. કેમ? આમાં ભેગો બીજો પણ એક સંકેત છે. આપણા દેશમાં અન્નના દાનને શુદ્ધ દાન ગણ્યું છે. એટલું શુદ્ધ દાન બીજું એકે નથી. કારણ પૂછશો તો કહેશે કે અન્નનો દુરુપયોગ થઈ શકતો નથી. અન્નના દાનનું એક જ પાત્ર છે—ઉદર-પાત્ર. એટલે ઉદરના પાત્રમાં અન્નનું દાન

બહુ નિર્દોષ ગણાય છે, અને અન્નનું વેચાણ દોષિત ગણાય છે. એક જમાનામાં તો દૂધ વેચવું એ પણ દોષમાં ગણાતું. આમાં જે તત્ત્વ રહેલું છે તે એ છે કે અન્નનો ઉત્પાદક એના ઉત્પાદનનો માલિક નહીં ગણાય. એટલે કે એનો શ્રમ અણમોલ છે. પરંતુ અર્થશાસ્ત્રનું ગણિત તદ્દન ઊલટું છે. દુનિયા અનાજ સસ્તું માગે છે, જે દેશમાં ભૂખ હોય તે દેશમાં અનાજ સુલભ હોવું જોઈએ. આર્થિક દૃષ્ટિએ અનાજ કરતાં કાચો માલ મોંઘો હોય છે, કાચા માલ કરતાં પાકો માલ મોંઘો હોય છે, અને પાકા માલ કરતાં વેપારી માલ મોંઘો હોય છે. આ આજના અર્થશાસ્ત્રને બદલવું પડશે. નહીં તો, અનાજ પકવનારને માટે અનાજ પકવવા સારુ કોઈ ભૌતિક પ્રેરણા નહીં રહે. ભૌતિક પ્રેરણા નહીં હોય તો અનાજ પાકશે શી રીતે?

### સમાજ-પ્રેરણા

આજ સુધીની સમાજની પ્રેરણા ધાર્મિક હતી. એની જગ્યાએ સામાજિક પ્રેરણા દાખલ કરવી પડશે. અનાજ કાચા માલ સાથે, પાકા માલ સાથે અને વેપારી માલ સાથે હરીફાઈ ન જ કરી શકે તો અનાજના ઉત્પાદનની પણ એક વિશિષ્ટ ભૂમિકા હોવી જોઈશે. આ દૃષ્ટિએ કેટલાક લોકો કહે છે ને દાખલો ટાંકે છે કે ખેડૂત એક શેર વાવીને એક મણ લણે છે. વગર મહેનતે આટલા ગણું ઉત્પાદન બીજી કોઈ પણ વસ્તુનું નથી થતું. એક મૂઠી કપાસિયા ઓર્યા ને અંદરથી એક ધોતિયું નીકળ્યું એવું નથી બનતું. એક ફિઝિયોક્રેટ અર્થશાસ્ત્રી તો એટલે સુધી કહેતો હતો કે સૌથી વધારે ટેક્સ ખેડૂત પાસેથી લેવો જોઈએ. બીજા કોઈ પાસેથી શા માટે લેવો?

### રેશનિંગ પાછળની ભાવના

ખેડૂતની અને બીજાઓની ભૂમિકા વચ્ચે આ જે ફરક છે તેમાં અદ્‌ભુત રહસ્ય છે. દુકાળ વખતે જે અનાજ પાકે છે તે બધું જ ટ્રસ્ટ બની જાય છે. એક રીતે તો બધી સંપત્તિ ટ્રસ્ટ બની જાય છે. તમે એના પર અંકુશ મૂકો છો. કહો છો કે જે કંઈ સામગ્રી છે, ભાગે પડતી વહેંચાશે. વહેંચવું એટલે ઊંચે ભાવે ખરીદે તેને વેચવું એમ નથી. આજનું બજાર તો લીલામ-બજાર છે. એમાં સોદાબાજી કરતાં લીલામનું તત્ત્વ જ વધારે છે. એમાં તો જે સૌથી વધુ ભાવ આપે તેને વસ્તુ મળે છે. પરંતુ સમાજમાં વસ્તુના ભાવ ઠરાવવાની જરૂરત

ઊભી થતી હોય છે. માગણી વધારે અને વસ્તુ થોડી હોય ત્યારે જ કન્ટ્રોલ રેશનિંગ કરી વિતરણને વ્યવસ્થિત કરવાની જરૂરત ઊભી થાય છે. આમ કરવા, ભાવ ઠરાવવા પાછળ ટ્રસ્ટીશિપની ભાવના રહેલી છે.

### ત્રણ પ્રકારનાં સ્વામિત્વ

આ ટ્રસ્ટીશિપનો જે સિદ્ધાંત છે તે એના વિકસિત રૂપમાં ક્રાંતિકારી સિદ્ધાંત છે. ટ્રસ્ટીશિપના વિચારને બહુ સારી રીતે સમજી લેવો જરૂરી છે. આજે ત્રણ પ્રકારનાં સ્વામિત્વની વાત ચાલે છે— રાજ્ય સ્વામિત્વ, સંસ્થા-સ્વામિત્વ અને વ્યક્તિ અથવા કૌટુંબિક સ્વામિત્વ. એક ચોથા પ્રકારની માલિકી પણ છે; સમાજવાદ અને સામ્યવાદમાં એ જાતની માલિકી યોગ્ય ગણી છે—વપરાશની વસ્તુઓની વ્યક્તિગત માલિકી. હવે બે વસ્તુ થઈ. સંપત્તિ પેદા કરવાનાં સાધનોની માલિકી વ્યક્તિગત કે કૌટુંબિક ન હોવી જોઈએ. ઉપભોગની–વપરાશની વસ્તુઓની માલિકી વ્યક્તિગત કે કૌટુંબિક હોઈ શકે. સમાજવાદ અને સામ્યવાદમાં આ જે ખાસ બાબત છે તે સમજી લેવી જરૂરી છે. ભોગ્ય અને ઉપયોગી વસ્તુઓની વ્યક્તિગત અથવા કૌટુંબિક માલિકી રહેશે. કેવળ તમારાં કપડાં જ નહીં, તમારું રહેવાનું મકાન, તમારાં ટેબલ ખુરશી, તમારો પલંગ, તમારી થાળી —આ બધાં પર તમારી માલિકી રહેશે.

### અતિ-સંગ્રહ કુસંસ્કાર

વપરાશની વસ્તુઓનો અતિ સંગ્રહ એક જાતનો કુસંસ્કાર છે. મનુષ્યનો એ સ્વભાવ નથી. એની ભોગ-ક્ષમતા સીમિત છે. મરાઠીમાં ખાડિલકરનું એક નાટક છે. એક પાત્ર હાથની દસે આંગળીઓમાં દસ વીંટી પહેરીને આવે છે. એની પાસે વીસ વીંટીઓ છે. એ ભગવાનને કહે છે કે બીજા બે હાથ માગીશ તો ભગવાન જ બની જઈશ, ચતુર્ભુજ બની જઈશ. બે પગ માગીશ—નૂપુર બાંધવા માટે. ચતુર્ભુજ નહીં તો ચતુષ્પાદ જ ભલે!

તમારી પાસે પચાસ ઝભ્ભાઓ છે, પણ પહેરવા માટેનું શરીર તો એક જ છે. મોટર સો ભલે રહી, પણ બેસવા માટે તમારી પાસે બેઠક તો એક જ છે. તો પછી પચાસ પચાસ ઝભ્ભા શા સારુ લઈ બેઠા છો? વટ વધારવા?! પણ જે દિવસે એમાં ગૌરવ નહીં મનાતું હોય ત્યારે કોઈ ઠાલા અમસ્તા ઝભ્ભા શા સારુ રાખશે? તમને



૪

કોઈ કહે કે જાવ, જરા બજારમાં એક આંટો મારી આવો; તો તમે બિસ્તરામાં સાચવીને રાખેલા ઇસ્ત્રીદાર કપડાં કાઢશો. પણ અહીં શંકરરાવજીને મળવા જવા માટે તમે એમ નહીં કરો.

જ્યાં વપરાશનાં ઘણાં સાધનોમાં સામાજિક પ્રતિષ્ઠા નથી હોતી ત્યાં માણસ વપરાશનાં સાધનો ભેગાં કરવામાં પ્રતિષ્ઠા નથી માનતો. માણસનો સાંસ્કૃતિક વિકાસ થતો જાય છે તેમ તેમ વિલાસની ચીજોની સામાજિક પ્રતિષ્ઠા ઘટતી જાય છે. સામ્યવાદમાં એનો દાખલો જોવા મળે છે. ત્યાં એક પુરુષને ચાર સ્ત્રી હોય તો તે પ્રતિષ્ઠાની બાબત નથી. સમાજવાદી દેશો હવે માનવા લાગ્યા છે કે વેશ્યા એ કોઈ શહેરની શોભાનું સાધન નથી, તેવી જ રીતે શરાબ એ વિલાસનું સાધન નથી.

### માનવીય પ્રકૃતિ

મનુષ્યની ભોગક્ષમતા સીમિત છે. લોકો કહે છે કે માણસની આકાંક્ષા અનંત છે. ભોગનાં સાધનો વધી રહ્યાં છે આકાંક્ષાની પાછળ, ક્ષમતા પાછળ નથી વધતાં. ભોગક્ષમતા તો મનુષ્યના સંગ્રહને મર્યાદિત કરે છે. સૌ જાણે છે કે સમાજમાં ભોગની આકાંક્ષા વધી તેના પ્રમાણમાં ભોગનાં સાધનો પણ વધતાં ગયાં, પરંતુ મનુષ્યની ભોગ કરવાની ક્ષમતા એના પ્રમાણમાં નથી વધી. ધારો કે અત્યારે ભજિયાં ખાવા મારું મન લલચાય છે, પરંતુ હજમ કરવાની તાકાત નથી તો શી રીતે ખવાય? બે મોટર રાખવામાં સામાજિક પ્રતિષ્ઠા નહીં હોય તો કોઈ બે મોટર રાખશે શા સારુ? આમ સંઘરો કરવો એ માણસનો સ્વભાવ નથી, એને નાહકનો ભાર વહેવો પસંદ નથી.

### દરેક વસ્તુ માટે આદર

મનુષ્યની ઉપભોગ અને સંઘરો કરવાની ઇચ્છા એ બે જુદી વસ્તુ છે. સમાજવાદ અને સામ્યવાદ તમારા ઉપભોગ અને ઉપયોગની વસ્તુઓની માલિકીને ક્ષમ્ય માને છે. ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત કહે છે કે એ વસ્તુઓના પણ તમે તમને ટ્રસ્ટી લેખો. પોંડિચેરીના આશ્રમમાં દરેક વસ્તુ પર એક ચબરખી ચોડેલી હોય છે—"આ વસ્તુનું પોતાનું એક વ્યક્તિત્વ છે, મહેરબાની કરી એને બગાડશો નહીં." આ છે વસ્તુ માત્ર માટે આદર.

સાહિત્યકાર અને કવિઓ ઉપમાઓ આપે છે તે ક્યાંથી લાવે છે? એ દરેક વસ્તુને વિભૂતિ માને છે તેથી ઉપમા દઈ શકે છે.

એના વગર સાહિત્ય દીપતું નથી. જે આખી સૃષ્ટિને વિભૂતિ ન માનતો હોય તેના સાહિત્યમાં શોભા કયાંથી આવવાની હતી? કાલિદાસ વાલ્મીકિ વગેરેમાં ક્યાંક વેશ્યાનો ઉલ્લેખ આવશે તો તે પણ એ વિભૂતિ બનીને જ આવશે. આખી સૃષ્ટિ પોતે એક વિભૂતિ છે. સૃષ્ટિ, જીવનનાં સાધનો, ઉત્પાદનનાં ઓજારો, ઉપભોગ્ય વસ્તુઓ વગેરે વિષે પણ આપણે આ જ દૃષ્ટિથી જોવું રહ્યું. ધારો કે કોઈ માણુસ ઝભ્ભો ચીરી નાખે છે. ટ્રસ્ટી હશે તો પૂછશે, "અરે, ઝભ્ભો શા માટે ફાડે છે?"

"કાપડની છત છે, જોઈએ તેટલા ઝભ્ભા મળશે."

"કાપડ બનાવવાનાં સાધનો અમાપ હોય તોયે તને કપડાં ફાડવાનો અધિકાર નથી. ગંગાજળ અમાપ હોય તોય તને એને ગમે તેમ ફેંકવાનો અધિકાર નથી."

વિદેશી વસ્ત્રોની હોળી કરી ત્યારે દીનબંધુ એન્ડ્ર્યુઝે ગાંધીજી પર આક્ષેપ કર્યો, "એક ભાઈના તૈયાર કરેલા સુંદર વસ્ત્રને ગાંધી, તું બાળે છે?" ગાંધીએ જવાબ દીધો, "મારા ભાઈની બનાવેલી દરેક વસ્તુ કલા-કૃતિ છે. મારી દીકરીના હાથે ઘડેલા રોટલા માટે મને પ્યાર હોય તેમ મનુષ્ય માત્રની બનાવેલી વસ્તુ માટે આદર હોવો જોઈએ. પરંતુ એ રોટલામાં જો ઝેર યા રોગના કીટાણુ પડ્યા હોય તો એનો હું જરૂર નાશ કરું." ગાંધીએ કહેલી વાત મેં મારી રીતે તમારી સામે મૂકી.

### સૃષ્ટિ માટે આદરનો અર્થ

સૃષ્ટિ માટે આદરની વાત કરીએ છીએ ત્યારે એ સૃષ્ટિના પેટાળમાં રહેલા Capital Resources—મૂળધન—જમીન, લોઢું, કોલસો, આકાશ, પ્રકાશ વગેરે તમામ વસ્તુઓનો સમાવેશ થાય છે. ઓજારો માટે પણ આદરભાવ હોવો જોઈએ. આપણે જે વસ્તુઓ બનાવીએ છીએ તેને માટે પણ આદર હોવો જોઈએ. આ છે ટ્રસ્ટીશિપ—વિશ્વસ્તયોગનો સમગ્ર સિદ્ધાંત. આપણે એને બહુ સાંકડો બનાવી મેલ્યો હતો. વિશ્વસ્તયોગની મનોવૃત્તિમાં અને એના સમગ્ર સિદ્ધાંતમાં આ બધી વસ્તુઓ સમાય છે. સંસ્કૃતિને કારણે એમાં આપોઆપ સંયમ આવે છે. વસ્તુને માટે મનમાં આદરનો ભાવ હોય તો આપણે એનો દુરુપયોગ યા નાશ થવા નહીં દઈએ.

૬

# વિશ્વસ્તયોગ : કર્મની પ્રેરણા : કર્મ સ્વાતંત્ર્ય

ભોગક્ષમતાની એક મર્યાદા હોય છે. એનો અર્થ એ થયો કે ભોગ-શક્તિ ક્ષીણ ન થાય તેવા પ્રકારનો ઉપભોગ હોવો જોઈએ. ભોજન એવું હોવું જોઈએ જેથી પાચન-શક્તિ નબળી ન પડે. સંયમ વગર શરીર-ધારણા થઈ નથી શકતી.

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥

ગીતામાં યોગનું આ પ્રમાણે લક્ષણ વર્ણવ્યું છે. આહારવિહાર યુક્ત હોવા જોઈએ. યુકત એટલે મર્યાદિત અને સંતુલિત. કર્મ તેમ જ બીજા બધા વહેવાર-વર્તન—સૂવું ઊઠવું વગેરે પણ મર્યાદિત હોવાં જોઈએ. આવા પુરુષને યોગ ' દુઃખહા '–દુઃખ હરણ કરનારો કહે છે. જીવન-સ્વાસ્થ્ય અને મનો-સ્વાસ્થ્ય માટે યોગયુકત જીવનની આવશ્યકતા રહે છે. ટ્રસ્ટીશિપના વિચારમાં આટલી વાત જોડવી જોઈએ.

### કૌટુંબિક જીવનમાં વિશ્વસ્તયોગ

એક સવાલ એ ઉઠાવવામાં આવ્યો છે કે ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત સામાન્ય કૌટુંબિક જીવનમાં કેવી રીતે લાગુ કરવો ? આને માટે આપણે વ્યાપકતા તરફ વધવાનું છે. આપણા કુટુંબમાં જે મુખ્ય પુરુષ હોય છે તે ટ્રસ્ટી જેવો જ હોય છે. આ મનોવૃત્તિનો વિસ્તાર કરવો છે. એને અધિક વ્યાપક બનાવવી છે. એનાં બે ત્રણ પ્રકારનાં સ્વરૂપ હોઈ શકે.

એક તો એ કે પોતાની ખેતીમાં એ માણસ યા જાનવર કશાનું પણ શોષણ નહીં કરે. આજે આપણી મનોવૃત્તિ વિચિત્ર થઈ ગઈ છે. સંપત્તિ અને સ્વામિત્વની ભાવના કયારેક એટલી ઉત્કટ બની જાય છે કે એ માણસની પ્રાણી તથા મનુષ્ય પ્રત્યેની ભાવનાને ક્ષીણ

કરી નાખે છે. છોકરાના પગમાં વાગે તો માણસને એટલો આઘાત નથી લાગતો જેટલો કાચનો પ્યાલો તૂટી જાય તો લાગે છે. વસ્તુ પ્રત્યે આદર હોવો જ જોઈએ, પણ એનો એ અર્થ નથી કે જીવન પ્રત્યે એથી ઓછો આદર હોય. સંપત્તિની ભાવનામાં આ વસ્તુ આવે છે. એને જ લીધે સંપત્તિ સારુ ભાઈ ભાઈનું ખૂન કરી નાખે છે. માણસ ટ્રસ્ટી બનવા ઇચ્છે તો ત્રણ ભાવનાઓ મુખ્ય બને છે: એક તો એને ત્યાં બળદને ઓછામાં ઓછી તકલીફ થવી જોઈએ. બીજે, એની સાથે કામ કરનારા માણસો પ્રત્યે એની ભાવના એવી હોવી જોઈએ કે જમીનનો હું જેટલો માલિક છું તેટલા જ માલિક આ લોકો પણ છે. કાયદેસરની માલિકીમાં એ આજે એમને સામેલ કરી નહીં શકે તો પણ એની ભાવના એવી હોવી જોઈએ કે આ લોકો પણ મારી જેમ જ જમીનના માલિક છે. તેથી એમની સાથેના મારા વહેવારમાં કામ વધારે લેવાનું અને દામ ઓછાં દેવાનું મારું વલણ ન રહેવું જોઈએ. એમની અને મારી ભૂમિકા sharing—ભેગા મળીને ઉપભોગ કરવાની હોવી જોઈએ. ત્રીજે, એનો સંકલ્પ એ હોવો જોઈએ કે મારા પછી કુટુંબમાં કોઈ જમીન ખેડનાર ન રહે તો જમીન મારા કુટુંબમાં ન રહેવી જોઈએ. આને માટે એણે પોતાને જીવતેજીવત જ પોતાના કુટુંબને તૈયાર કરવું જોઈએ. એ જો આ ત્રણ કામ કરે છે તો એણે ટ્રસ્ટીશિપ તરફ ડગ દીધાં ગણાશે.

### ગામની માલિકીનો અર્થ

ટ્રસ્ટીશિપ આનુવંશિક નહીં હોય. ખેડૂતનો ખેડવાનો અધિકાર આનુવંશિક માની શકાય. ખેડૂત આજે જમીન ખેડે છે, એના પછી એનો દીકરો એ જમીન ખેડવા ઇચ્છે તો ગામે બનતાં સુધી એ જમીન એને આપવાનું ગોઠવવું જોઈએ. એનો અધિકાર પહેલો ગણાવો જોઈએ. છતાં ગામને લાગે કે એ ખેડવા તો તૈયાર છે, પણ એ માટે એની યોગ્યતા નથી તો ગામને કહેવાનો અધિકાર રહેશે કે એને ટ્રસ્ટી નહીં બનાવી શકાય. બાપના પછી એનો દીકરો ટ્રસ્ટી બની શકે કે નહીં તેનો વિચાર કરવાનો અધિકાર ગામને રહે. છેવટ જતે તો આપણે સમાજની માલિકી પણ નથી રાખવી, એને પણ અપરિગ્રહી બનાવવો છે.

ગ્રામદાની ગામવાળાઓને કહેવું જોઈએ કે તમારા ગામના

ઉત્પાદનમાંથી ગામની જરૂરિયાત જેટલું તમે રાખી શકશો, એટલું જ તમને મળશે. વધારાનું ઉત્પાદન બજાર માટે કે સાટા માટે નથી. જમીન ગામની છે, એનો એટલો જ અર્થ કે ખેડવા પૂરતી એ ગામની છે. ગામ એને વેચી ન શકે.

ગામની માલિકીની મર્યાદા એ રહેશે કે ગામ ઇચ્છે તોય એ જમીનને વેચી યા બગાડી ન શકે. એક ગામમાં ઓછી જમીન છે, બીજામાં વધારે છે. એક ગામમાં વધારે વસ્તી છે અને બીજામાં ઓછી, તો એ બે ગામ મળીને એક ક્ષેત્ર બનશે. તમારે અનાજ જોઈએ છે, બીજાને કપાસ જોઈએ છે તો બન્ને અદલોબદલો કરી શકશો. અદલાબદલાનો અર્થ એવો નથી કે જેટલી કિંમતની વસ્તુ તમે લેશો તેટલી જ કિંમતની સામી આપશો. વધારાનું ઉત્પાદન, જ્યાં જરૂરત હોય ત્યાં જવું જોઈએ. વિકાસ માટે જેટલાની જરૂરત હોય તેટલું તમે પાસે રાખી શકશો. આમ કર્યા પછી જે ઉત્પાદન વધે તે, જ્યાં વિકાસ માટે જરૂરત હોય ત્યાં આપવાનું રહેશે.

### માનવીય પ્રેરણા

માણસ ભૂખ્યો હોય તો પહેલાં તો પોતાની ભૂખનો વિચાર કરશે. એમ કહી શકાય કે હજી એનામાં માનવતાનો આરંભ નથી થયો. પરંતુ એનામાં માનવતાનો આરંભ થઈ શકે તેમ છે. ભગવાને માણસને એટલી અદ્ભુત શક્તિ આપી છે કે ભૂખ્યો માણસ પણ મંદિરમાં જઈને કંઈક ચઢાવે છે. આ આપણે રોજ જોઈએ છીએ. મનુષ્યની આ પ્રેરણા છે તેને આપણે સાથેસાથે જગાડતા જઈએ. આજે જ એ પ્રેરણા સક્રિય ન થાય તો ભલે, પણ એ સાવ નષ્ટ ન થાય તેનો ખ્યાલ રાખવો જોઈએ. દુકાળ હશે તો પહેલી પ્રેરણા એના નિવારણની જ થવાની. એ અધમ પ્રેરણા નથી, ઉચિત પ્રેરણા છે.

આપણે ઉપભોગની મર્યાદા શા માટે બાંધીએ છીએ? એની પાછળ એક પ્રેરણા તો ચારિત્ર્યનો વિકાસ કરવાની છે. બીજી પ્રેરણા છે — ભોગક્ષમતા એકસો વર્ષ સુધી જાળવી રાખવાની. શરીર-સ્વાસ્થ્ય સો વર્ષ સુધી જાળવવાનું છે, એટલે ઉપભોગ એવો ન હોવો જોઈએ જેનાથી ભોગશક્તિ ક્ષીણ થાય.

### વિભૂતિઓ અને ગુણ

કાર્લાઈલ જેવા કેટલાકનું માનવું છે કે ઇતિહાસના વિધાતા

અને નિર્માતા વીર પુરુષ હોય છે. કાર્લાઈલે ફ્રાંસની ક્રાંતિ અંગે એક પુસ્તક લખ્યું. એના બીજા પુસ્તકનું નામ છે 'Hero and Hero-worship—વીર અને વીર પૂજા'. એક હદ સુધી તો એ વાત સાચી છે કે સંસારમાં કેટલીક વિભૂતિઓ અવતરે છે. વિભૂતિ એટલે genius, જેનામાં ગુણ ઊર્જિત અવસ્થામાં હોય તે. જેનામાં ગુણ પ્રગટ થાય છે તેને ઊર્જિત ગુણવાન મનુષ્ય કહે છે. ભગવદ્-ગીતાના દસમા અધ્યાયમાં ભગવાને કહ્યું છે, 'અર્જુન, જ્યાં જ્યાં ગુણનો વૈભવ અને તેજ જુએ ત્યાં ત્યાં મારો અંશ છે તેમ જાણ!' આવી વિભૂતિઓ આવે છે અને સમાજમાં પરિવર્તન લાવે છે એ વાત સાચી. પરંતુ કેવળ વિભૂતિઓથી જ પરિવર્તન આવે છે એમ કહેવું ખોટું થશે. વીર પુરુષ દુનિયાનો ઇતિહાસ ઘડે છે તે વાત સાચી પણ એ આંશિક સત્ય છે. સન ૧૯૧૦ થી ૧૯૧૩માં સર રામસે મેકડોનાલ્ડે એક પુસ્તક લખ્યું હતું. કોયલાની ખાણમાં કોયલાથી પાટિયાં પર લખીને એ લખતાં વાંચતાં શીખ્યો હતો. આગળ જતાં એ ઈંગ્લંડનો વડો પ્રધાન બન્યો. એ લેબર પાર્ટી–મજૂર પક્ષનો સભ્ય હતો. Socialist movement—સમાજવાદી આંદોલન પર એણે એક પુસ્તક લખ્યું છે. એમાં એણે મહાપુરુષોનાં જીવનને Romantic history—કાવ્યમય ઇતિહાસ કહ્યાં છે. પરંતુ ઇતિહાસનો એક બીજો ભાગ હોય છે જેમાં લોકોની પ્રેરણા અને પરાક્રમ મુખ્ય હોય છે.

જેમને બે ટંક ખાવા નહોતું મળતું તેવાઓનાં દિલમાં સમાજ-પરિવર્તનની ઝંખના જાગી. પરંતુ જેમને ખાવા મળતું હતું તેવા લોકોને પણ આવી જ પ્રેરણા થઈ. આ બન્ને વાત સાચી છે. જેની પાસે છે તેનું હૃદય-પરિવર્તન થઈ શકે છે, તેમ જ જેની પાસે કંઈ નથી તેનું પણ થઈ શકે છે. મારી પાસે શું છે એ વિચારવાને બદલે હું શું છું તે વિચારવું જરૂરી છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ જે અડીખમ ઊભું રહી શકે તે છે ચારિત્ર્ય. આપણે ત્યાં પાંચ સ્ત્રીઓને ચારિત્ર્યવાન કહી છે—અહલ્યા, દ્રૌપદી, સીતા, તારા, મંદોદરી. આમાંથી કલંકિત ન થઈ હોય એવી એક પણ સ્ત્રી નથી. કાં તો એ કલંકિત થઈ છે, અથવા એના પર કલંકનું આળ આવ્યું છે. ચારિત્ર્ય એ સજીવ વસ્તુ છે. જીવનમાં એ કેવળ નિષેધાત્મક નથી. આ સ્ત્રીઓને પ્રતિકૂળ પરિસ્થિતિમાં લોભ અને ભયનો

સામનો કરવો પડ્યો. એને માટે કષ્ટો વેઠવાં પડ્યાં. સજા ભોગવવી પડી. આ બધાંમાંથી પાર ઊતરી એટલે એ ચારિત્ર્યવાન કહેવાઈ.

ટૉમસ હાર્ડીએ બે પુસ્તકો લખ્યાં છે. એક છે — "Mayor of Casterbridge–કેસ્ટરબ્રિજનો મેયર" અને બીજું છે "Tess of Durber Ville–ડર્બર ગામની ટેસ". ટેસ નામની આ છોકરી અને મેયર બંને અપરાધી અને દોષી છે. પરંતુ બન્ને વિલક્ષણ ચારિત્ર્યનાં છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં ટકી શકવાની તાકાત હોય, ચીવટ હોય ત્યાં સત્ત્વ હોય છે. આ સત્ત્વ એ મનુષ્યનું ચારિત્ર્ય છે. સાધારણ માણસ શુકદેવ તો ન બની શકે, પરંતુ એના સત્ત્વનો વિકાસ તો જરૂર થઈ શકે છે.

### દોષ અને ચારિત્ર્ય

એક ભાઈએ સવાલ કર્યો છે કે જે માંસ ખાતો હશે તેનામાં કંઈ ને કંઈ ક્રૂરતા તો હોવાની જ. પરમ કરુણામૂર્તિ રામ હરણનો શિકાર કરવા ગયા હતા. એ માંસ ખાતા હતા કે નહીં તે વાત છોડો, પણ એટલું તો માનશું ને કે એ હરણનો શિકાર કરવા ગયા હતા અને હરણને માર્યું ? સીતા જાણતાં નહોતાં કે એ મારીચ હતો. પત્નીએ કહ્યું કે આ હરણને મારીને મને એનું ચામડું લાવી આપો. એ માગણીના જવાબમાં રામ હરણને મારવા ગયા. છતાં એ પરમ કરુણાવાન અને અતિ કૃપાળુ હતા તેમાં પણ કોઈ શક નથી. એ જ રીતે જોઈએ તો આપણા તમામ ઋષિઓ કામ, ક્રોધ, લોભ, મોહ, દ્વેષ વગેરેથી ગ્રસ્ત હતા. એમાં શુકદેવ જેવા એકાદ અપવાદ હોય તે ભલે, બાકી ઘણાખરા માટે એ જ વાત સાચી હતી. અને છતાં આ જ ઋષિઓએ વેદ મંત્રોને પ્રકટ કર્યા છે. જે લોકોએ પોતાનાં જીવનોને રસ્સીથી કચકચાવીને જકડી રાખ્યાં છે તેવા લોકોનો ભ્રમ છે કે પરંપરાગત અર્થમાં જે લોકો સદ્ગુણી નથી હોતા તેમની વાણી શુદ્ધ નથી હોતી. હું જેમ જેમ વિચારતો જાઉં છું તેમ તેમ ભગવાનની વિલક્ષણતાથી અભિભૂત થાઉં છું.

ટેનિસને 'In Memorium' કાવ્યમાં લખ્યું છે :

The old order changeth, yielding place to new
And God fulfills himself in many ways,
Lest one good custom should spoil the world.

ક્યાંક એમ ન થાય કે સદાચાર જ દુનિયાનો સર્વનાશ કરી નાખે. આ એક બહુ મોટી બાબત છે, આપણે સૌએ એને વિચારવી ને સમજવી જોઈએ. દોષ હોય ત્યાં ચારિત્ર્ય નથી એમ ન માનવું જોઈએ. એમ માનવું તો નાસ્તિકતા થશે. દોષની પાછળ સદ્‌ગુણ ઢંકાઈને પડ્યો હોય છે. આ વસ્તુ સાધારણ મનુષ્ય તથા દુર્જન વિષે પણ આપણા મનમાં શ્રદ્ધા પેદા કરે છે.

ચારિત્ર્ય પ્રકટ થવું એ એક વાત છે અને ચારિત્ર્ય પ્રવૃત્ત થવું તે બીજી વાત છે. એમ બને કે ચારિત્ર્ય મારામાં પોતામાં પ્રવૃત્ત થાય અને પ્રકટ બીજામાં થાય. એમ પણ બને કે એનું તેજ મારા વ્યક્તિત્વમાં ન પ્રસરે અને છતાં એ મારા હૃદયની ભીતર પ્રકટ થઈ શકે. પણ સમાજ એને પ્રકટ થવા દેતો નથી. એક વાર જે અપરાધી બન્યો તેને સમાજ હમેશાને માટે અપરાધી અને દુર્જન બનાવી દે છે.

### 'લા મિઝરેબલ'નો નાયક

વિકટર હ્યુગોએ 'લા મિઝરેબલ'ના ચારિત્ર્ય-ચિત્રણમાં દેખાડયું છે કે માણસ એક વાર ભૂલ કરે છે, પરંતુ એ ફરી ફરીને ઊભો થવા, સારો બનવા કોશિશ કરે છે. અપરાધની પ્રવૃત્તિ વારંવાર પ્રકટ થાય છે, એ પડે છે અને ફરી ઊઠવા કોશિશ કરે છે. પણ જેટલી વાર એ ઊભો થાય છે તેટલી વાર સમાજના સજ્જનો એને દબાવવા પ્રયત્ન કરે છે. તે બધું છતાં એ ઊઠી શક્યો તો તે કેવળ એના દૃઢ નિશ્ચયને લીધે જ.

માર્ક્સે નિયતિવાદ અને ઇતિહાસવાદનો આશ્રય લઈને આ વસ્તુની જરૂરત જ ખતમ કરી દીધી. એણે સમાજ-પરિવર્તનની એક એવી પ્રક્રિયા અને એવા વૈજ્ઞાનિક સિદ્ધાંતો શોધી કાઢ્યાં કે જેને કારણે ક્રાંતિકારીના ચિત્તમાંથી આ જાતના પરિવર્તનની જરૂરત જ ખતમ કરી નાખી. ઇતિહાસના વિકાસક્રમમાં સૃષ્ટિની કુદરતી નિયતિ જ હોય તો પછી ત્યાં ચારિત્ર્ય માટેનું આકર્ષણ ઘટી જાય છે. મને કોઈ કહે કે તેં જિંદગીમાં જેટલાં પાપ કર્યાં હશે તે બધાં ગંગામાં એક વાર નહાવાથી ધોવાઈ જશે, તો પછી પાપ ન કરવાની મારી પ્રવૃત્તિ ક્ષીણ થઈ જવાની. એટલું જ નહીં, પછી તો ગંગાને કિનારે પહોંચતાં સુધી ભલેને ફાવે તેટલાં પાપ થયે જતાં, કારણ, મારું

મન કહેતું રહેશે કે હવે આમેય તો ડૂબકી લગાવવા જાઉં જ છું, પછી તો બધાં પાપ ખતમ થવાનાં જ છે, પછી શી ફિકર! આમ મનુષ્યની જવાબદારી ઘટી જાય છે. અને જવાબદારી ઘટવાનો અર્થ જ છે મનુષ્યતા ક્ષીણ થવી. આ જાતની જવાબદારીની ભાવનાનો, દાયિત્વનો વિકાસ ભલા અને બૂરા બંને પ્રકારના માણસોમાં થઈ શકે છે. ઇતિહાસ એનો સાક્ષી છે.

અંગ્રેજીમાં એક કહેવત છે: It is better to waste out than to rust out—કાટ લાગીને ખતમ થવા કરતાં ઘસાઈને ખતમ થવું સારું છે. ગાંધી સામે સવાલ હતો કે જીવનમાં કાટ ચઢવા દઉં કે ઘસાઈને ખતમ થાઉં? એ પોતાની જીવન-જ્યોત પ્રજ્વળતી રાખવા માગતા હતા, પણ જ્યાં બીજાઓને જીવન દોહ્યલું થતું હોય ત્યાં જરૂર પડ્યે એ પોતાનું જીવન સમર્પણ કરવા તત્પર રહેતા. ગાંધી જેવો માણસ મર્યાદિત ભોગ ભોગવી જીવનનો આનંદ પામવા ચાહે છે અને જીવે છે ત્યાં સુધી આનંદપૂર્વક જીવે છે. પરંતુ પ્રસંગ આવ્યે આનંદપૂર્વક આત્મોત્સર્ગ પણ કરી દે છે.

### ઇતિહાસનો વિકાસક્રમ

તમે કહો કે એ તો ઇતિહાસનો વિકાસ-ક્રમ છે કે હવે મૂડીવાદી પદ્ધતિમાંથી અંતર્વિરોધ ઊભા થશે, એ અંતર્વિરોધોનું પરિણામ એ આવશે કે શ્રમિક વર્ગ એક જ જગ્યા પર કામ કરતો હોવાથી સંગઠિત થશે. માલિકી ઘટતી જશે અને શ્રમિકોની સંખ્યા વધતી જશે. એ શ્રમિકો સંગઠિત થતા જશે. ત્યાર બાદ એમના પુરુષાર્થથી ક્રાંતિ થશે. આમ થવું અનિવાર્ય છે. આ જ ઇતિહાસનો ક્રમ છે, આ જ નિત્યનૈસર્ગિક સિદ્ધાંતોની નિયતિ છે. આટલું માનો છો ત્યાં સુધી તો ઠીક છે. પરંતુ, અહીં તમે મનુષ્યને નિયતિના હાથનું રમકડું તો બનાવતા નથી ને? આ પ્રશ્ન વિચારણીય છે.

### દરેક વ્યક્તિ એક વિભૂતિ

દરેક વ્યક્તિ પોતાનામાં એક વિભૂતિ છે એમ કહેવાનો અર્થ એ છે કે દરેક વ્યક્તિમાં કોઈક એવી વસ્તુ છે જે મારામાં નથી. આ જે દિવસે સ્વીકારશો તે દિવસે તમે તમામ ભૂતો સમક્ષ નમ્ર બની જશો. વાઘમાં, હાથીમાં, કીડીમાં, દરેક પ્રાણી અને દરેક માનવમાં એવી એક વિશેષ શક્તિ છે જે મારાથી કંઈક વિશેષ છે. આ શક્તિ

ક્યાંથી આવે છે? આંધળો અંધારું શી રીતે ભાળશે? અંધારું ભાળવા માટે પણ આંખમાં રોશની જોઈએ. બહાર શક્તિ જોવા માટે અંદર શક્તિ હોય છે. કોઈ માણસ ગાઈ રહ્યો છે. મારામાં ગાવાની વિશેષ આવડત નથી. તો પછી ગાયનનો આનંદ માણવાની શક્તિ મારામાં શી રીતે આવી? એનો અર્થ એ થયો ને કે સંગીત મારામાં લપાઈને પડ્યું છે. આ બધી સુપ્ત શક્તિઓ છે. કેટલીક શક્તિઓ વ્યક્ત હોય છે. કોઈમાં ગાયનની વિભૂતિ છે, તો કોઈમાં નૃત્યની. આમ દુનિયામાં એક એક genius—વિભૂતિ આવે છે.

### કર્મસ્વાતંત્ર્ય અને કર્મફળ

પોતાનાં ખોટાં કામોનું ફળ માણસ ભોગવવા ઈચ્છતો નથી. માણસને કર્મ-સ્વાતંત્ર્ય છે. કર્મ-સ્વાતંત્ર્યનો અર્થ છે જવાબદારી. જવાબદારી એટલે કે મારાં સારાં કામો માટે તેમજ મારાં ખોટાં કામો માટે પણ હું જવાબદાર છું. પણ મોટા ભાગે થાય છે એવું કે માણસને સારાં કામનાં ફળ તો જોઈએ છે, પણ બૂરાં કામનાં ફળ નથી જોઈતાં. એને સત્કર્મ કરવું નથી, પણ સત્કર્મનાં ફળ જરૂર જોઈએ છે. પાપનાં ફળ નથી જોઈતાં, પણ પાપ કરે છે ખરો. પોતાનાં ખોટાં કામો માટે એ માફી ચાહે છે જ્યારે સારાં કામો માટે ઇનામ ઇચ્છે છે. "મેં સારું કામ કર્યું પણ તમે મને જરા શાબાશીના બે શબ્દ પણ ન લખ્યા! પછી મારો ઉત્સાહ વધે શી રીતે? કંઈક તો કદર કરવી હતી! માળા ન પહેરાવો તો ભલે, પણ કદરના બે શબ્દ પણ ન મળ્યા!" માણસ આટલી આશા રાખે છે.

કર્મ પોતે તો જડ છે. આ કર્મ કર્યું અને આ ફળ આવ્યું એમ નથી બનતું. હા, એનું પરિણામ આવે છે, પણ ફળ નથી આવતું. મેં કોઈ મનુષ્યને તરવારનો ઝાટકો મેલ્યો. એ મરી ગયો—આ થયું પરિણામ. પરંતુ એ કામનું ફળ મને મળવું જોઈએ તે તે જ ઘડીએ નથી મળતું, હું એ ફળથી ભાગું છું. તો એ ફળ આપનાર કોણ? તો કહે, એ તો ઈશ્વર. યોગશાસ્ત્ર ઈશ્વરને માને છે. ઈશ્વરની જરૂરત એટલા માટે ઊભી થઈ કે માણસ કર્મ માટે જવાબદાર છે. એને એનાં ખરાં ખોટાં કામોનું ફળ મળવું જોઈએ. એ પોતે તો પોતાનાં ખોટાં કામોનાં ફળ ટાળવા માગે છે, લેવા માગતો નથી. તો પછી એને કોણ આપે? માટે એવી એક

શક્તિ હોવી જોઈએ જેનું પોતાનું કોઈ કર્મ નહીં હોય, જે તટસ્થ હશે, નિત્યતૃપ્ત હશે, શુદ્ધબુદ્ધ હશે. આ શક્તિ કઈ? એ ઈશ્વર હશે, નિયંતા હશે, વિધાતા હશે.

### ભલાં બૂરાં કામ ઈશ્વરાર્પણ

અહંકારનું વધારે કારણ પુણ્યકર્મ હોય છે. પરંતુ પાપકર્મમાંથી અહંકાર પેદા થતો નથી. આ એક વિલક્ષણતા છે. પાપી ડિંગ હાંકી શકતો નથી. પાપી પોતાની નજરમાં નીચો પડે છે, તેમ જ બીજાની નજરમાં પણ નીચો પડે છે. તેથી પાપમાંથી અહંકાર પેદા થતો નથી. પુણ્યમાંથી અહંકાર પેદા થાય છે, તેથી એ વધારે બંધનકારક હોય છે. હવે પુણ્યના આ સોનેરી સુંવાળા રેશમી બંધનમાંથી છૂટવાનો રસ્તો શું? એનો રસ્તો એ છે કે આપણે આપણાં કામો ભગવાનને સમર્પિત કરી દઈએ. આપણે કહીએ કે જે કંઈ થાય છે તે તારી કૃપા વડે જ થાય છે, હું કંઈ જ નથી કરતો.

તો સવાલ થશે કે ભગવાનને શા સારુ સમર્પણ કરવું? ખોટાં કામ તો માણસ ભગવાનને પધરાવવા તૈયાર જ છે; અપરાધ થઈ ગયો તો ઝટ લઈને કહેશે, ભાઈ, ભૂલ થઈ ગઈ. માફ કરજે. પેન્સિલ છોલતાં હાથ છટક્યો ને ચાકુ મારા નાકને વાગી ગયું. આ કંઈ નાનીસૂની ભૂલ નથી, ભારે મોટી ભૂલ છે. પરિણામ પણ આવવાનું હતું તે આવી ગયું. છતાં એનું ફળ તમારે નથી ભોગવવું. તમે હાથ જોડો છો, કહો છો કે માફ કરો. એટલે કે થઈ ગયું તે વેઠી લો. આમ અપરાધ સમર્પિત કરવા આપણે પહેલેથી જ તૈયાર છીએ, તો સત્કર્મ પણ સમર્પિત થવાં જોઈએ. સત્કર્મ કોને સમર્પિત કરવાં? તેને, જેનામાં સત્કર્મોને હજમ કરવાની શક્તિ હોય. સત્કર્મને હજમ કરવાં અઘરાં હોય છે. તો એવાને સમર્પણ કરીએ જેનાં પોતાનાં કોઈ કર્મ ન હોય. આમ ઈશ્વરની પ્રાપ્તિ થઈ. આ એક ઔપાધિક કલ્પના છે. એ ક્યાં સુધી વાસ્તવિક છે? જ્યાં સુધી મારા જીવનમાં એને સ્થાન છે ત્યાં સુધી. અંતિમ વાસ્તવિકતા તો એ જ છે કે એની અને મારી વચ્ચે ભેદ નથી. મારા પિતાજી કલ્પનાત્મક પણ છે અને વાસ્તવિક પણ છે. વાસ્તવિક છે મારા જનક તરીકે, ભાવનાત્મક છે મારા પિતાજીના રૂપમાં.

### અંતર્યામીનો પોકાર

જે ક્ષણે હું સ્વીકારી લઉં છું કે મારાં પોતાનાં કર્મો માટે હું

જ જવાબદાર છું, ઈશ્વર જવાબદાર નથી, તે ક્ષણે બહારનો ઈશ્વર મારી અંદર આવીને બેસી જાય છે. એ અંતર્યામી બની જાય છે. અંતરાત્માના અવાજનું રૂપ ધારણ કરે છે.

આપણે સમાજને અને પડોશીને ખરા ખોટા ... બનાવીએ છીએ. તમારું સ્વાર્થરહિત, વિકારરહિત જે રૂપ છે તેને જ ઈશ્વર કહ્યો છે. જ્યાં સુધી તમે તમને તમારાં ખોટાં કામોનાં ફળ આપવા માગતા નથી, અને પડોશીનાં સારાં કામોની કદર કરવા તૈયાર નથી ત્યાં સુધી તમને, માનવ માત્રને ઈશ્વરની જરૂરત છે.

### આધ્યાત્મિક ચંચળતા

તમે દસ ઉપદેશકો પાસેથી દસ જાતના આધ્યાત્મિક પ્રવચનો સાંભળો છો. આમાં તમે અસાવધ રહ્યા તો તમારામાં આધ્યાત્મિક ચંચળતા પેદા થશે. તમારે અભિભૂત થવું ન જોઈએ. અભિભૂત થયો એના પગ જમીન પરથી ઊખડ્યા જ સમજો. તમે માની લીધું કે તમારા પ્રયત્ન કર્યા વગર જ કોઈક વિભૂતિના દર્શન માત્રથી કશુંક થઈ શકવાનું છે તો તમે આધ્યાત્મિકતામાંથી હાથ ધોઈ નાખ્યા સમજજો. કોઈના દર્શનથી કશું થઈ જશે એમ માનવું એ ઈશ્વરની નિયતિની વિરુદ્ધનું છે. ઈશ્વરની નિયતિ એ છે કે હું મારાં કર્મનાં ફળ ભોગવું. ઈશ્વરની કરુણા અદનાથી અદના આદમીમાં અને મહાનથી મહાન વિભૂતિમાં પણ પ્રકટ થઈ શકે છે. એમના અનુગ્રહથી મારા ચિત્તમાં પરિવર્તન થાય એ સમ્ભવ છે.

મારાં કર્મોનાં ફળ બીજાઓએ ભોગવવાં પડતાં હોય તો તેનો આશય એ થયો કે હું કુકર્મ ન કરું. એનો અર્થ એ થયો કે હું રસ્તા પર કેળાની છાલ ન ફેંકું. છાલ ફેંકી ને કોઈ લપસ્યો તો પછી એવો તર્ક કરવો કે હજારોમાંથી કોઈ ન લપસ્યું ને આ જ કેમ લપસ્યો ? એ તો દિમાગની શતરંજના ઊંટની ચાલ જેવી વાત થઈ. સીધી વાત એ છે કે જેની સાથે હું રહું છું તેનાં કર્મ મારાં કર્મમાં સામેલ છે, હું એનાં કર્મમાં સામેલ છું, કારણ કે એ 'સહકર્મ' કહેવાય છે, એનું નામ જ 'સહયોગ' છે. તેથી જ કેટલાક તત્ત્વજ્ઞાનીઓ તો એમ માને છે કે વ્યક્તિગત મુક્તિ અસંભવ છે; કારણ, આપણું સહકર્મ અને સહજીવન છે, તેથી સહમુક્તિ હોવી જોઈએ. શ્રી અરવિંદનો સિદ્ધાંત કંઈક આવો જ

છે. એ એમ માને છે કે જે સ્વયં મુક્ત છે તે જ સહમુક્તિનો આરંભ કરે છે. જે માણસ જીવન્મુક્ત થઈ જાય છે, પોતાની આંખે પોતાનું મોત ભાળી લે છે, તે સામુદાયિક અને સામાજિક મુક્તિનો આરંભ કરે છે. શ્રી અરવિંદનો આ અવતારવાદ છે. એ માને છે કે સમાજ માટે જે નવા જીવનનો આરંભ થાય છે તેમાં કોઈ અતીન્દ્રિય અથવા વિલક્ષણ શક્તિ આવે છે. આ રીતે પરમ યોગીનો ફરી અવતાર થાય છે.

સાધન અને સાધ્યમાં પ્રકારભેદ નથી. સાધના પરિપૂર્ણ થાય ત્યારે એનું નામ સિદ્ધિ છે. જ્યાં સુધી સિદ્ધિ પ્રાયોગિક અવસ્થામાં હોય છે ત્યાં સુધી એ સાધના કહેવાય છે.

**ચિત્તનું સંતુલન જરૂરી**

માટે ચિત્તનું સંતુલન જળવાઈ રહે, સમત્વ રહે તે જરૂરી છે. આપણે મુક્ત રહીએ, અહંકાર ન હોવો જોઈએ. છતાં ખુલ્લા રહેવાનો અર્થ ચંચળ રહેવું એમ નથી. જે રંગે રંગવું હોય તે રંગ ભેળવી રંગી લો—આ કંઈ ચિત્તના પ્રસાદનું લક્ષણ નથી.

ભૌતિકતા અને વૈજ્ઞાનિકતાની પ્રતિક્રિયામાંથી આખી દુનિયામાં આધ્યાત્મિકતાની આકાંક્ષા જાગ્રત થઈ. પરંતુ એ પ્રતિક્રિયાજનિત હોવાને કારણે ઘણો ઉપદ્રવ કરે છે. ચિત્તની સમતાનો એ નાશ કરી રહી છે.

અગાઉ માનવી ઐતિહાસિક અને વૈજ્ઞાનિક સપનાં સેવતો. આજે એના પર આધ્યાત્મિકતાની ધૂન સવાર થઈ છે. હજારો વખત એને જીવનમુક્તિનો ભ્રમ થાય છે. એને થાય છે—આપણે આપણો જ ખ્યાલ રાખીએ, બીજાઓ વિષે વિચારવાની જરૂર નથી. કેટલાક લોકો પૂછે છે ફલાણા મહાપુરુષ છે, એમને વિશે તમારો શું ખ્યાલ છે? ભલા ભાઈ, અમુક માણસ જીવનમુક્ત છે કે નહીં તે હું શી રીતે જાણું? તું બીજા વિષે જાણવા આવ્યો છે, પણ તારા દિલમાં કૂડકપટ ભર્યાં હોય, અપ્રામાણિકતા અને લુચ્ચાઈ ભર્યાં હોય તો બીજા વિષે જાણીને શો લાભ? ધારો કે એ કેવા માણસ છે તે તને ખબર પણ પડી તો તેથી તને થોડું જ બ્રહ્મજ્ઞાન મળી જવાનું છે? આ બધાં આધ્યાત્મિક ચંચળતાનાં લક્ષણો છે. પણ માણસ વિભૂતિઓને શોધે છે, સંસ્થાઓને શોધે છે, અનેક ઠેકાણે આંટાફેરા કરે છે, પણ છેવટે ભટકી ભટકીને પાછો આવે છે. એ જ કોરો ધાક શાલિગ્રામ!

૭

# સમાજ-વ્યવસ્થામાં વ્રતોનું સ્થાન

ક્રાંતિમાં સંપત્તિ અને માલિકીના વિસર્જન માટે ટ્રસ્ટીશિપના સિદ્ધાંતનું આચરણ પોતાનાથી શરૂ થવું જોઈએ. વ્યક્તિગત સંપત્તિ અને માલિકીના વિસર્જન માટે ટ્રસ્ટીશિપના સિદ્ધાંતનો અમલ કરાશે. અહિંસક સમાજની રચના માટે આપણે શ્રમ-શક્તિ, બુદ્ધિ-શક્તિ અને બીજી શક્તિઓને થાપણ ગણીને ચાલશું, પોતાની માલિકીની એ બધી શક્તિઓ છે એમ નહીં માનીએ. તેવી જ રીતે ઓજારો, કુદરતી સંપત્તિ અને શક્તિઓ, કુદરતમાં અન્ય જે કંઈ ધન છે તે બધા પ્રત્યે પણ આપણી એવી જ ભાવના રહેશે. વસ્તુઓ પ્રત્યે પણ એક આદર અને નિષ્ઠાનો ભાવ રહેશે. આ જાતનો આદરનો ભાવ મનુષ્યના સ્વભાવમાં વિદ્યમાન છે જ. બજારમાં કોઈ વસ્તુ પસંદ કરતા હો છો ત્યારે એ વસ્તુ ઘાટદાર, સુડોળ, ચમકદાર અને આખી હોય તે જુઓ છો. વસ્તુ પર ડાઘો હોય, તીરાડ પડી હોય, કૂબડી હોય તો તમે ખરીદતા નથી. સૌંદર્યની આ ભાવના મનુષ્યમાં જન્મસિદ્ધ, સ્વયંસિદ્ધ હોય છે.

માનવ મનમાં સ્વચ્છતા, સુંદરતા અને પવિત્રતાના ભાવો હોય છે. એના વિકાસ માટે મોકો મળવો જોઈએ, એને માટે સંયોજન હોવું જોઈએ. માલિકીની ભાવનાને કારણે માણસ વસ્તુ, જીવ અને પ્રાણી વચ્ચે ઉચિત વિવેક કરી શકતો નથી, એ વસ્તુનિષ્ઠ વલણ રાખી શકતો નથી. પરિણામ એ આવે છે કે ક્યારેક જીવ કરતાં એ વસ્તુને વધારે પડતું મહત્ત્વ આપી બેસે છે. આમ ન થવું જોઈએ. માનવ-જીવનનો આદર કરવો જોઈએ. બીજા જીવો પ્રત્યેનો આદર તો મનુષ્યના સ્વભાવમાં નિહિત જ છે. આપણને ખ્યાલ રહેવો જોઈએ કે જે લોકોએ કરુણાનો ઉપદેશ આપ્યો તે બધા શાકાહારી નહોતા. આપણા દેશમાં પણ જેટલા ધર્મ-સંસ્થાપકો પાક્યા તેમાં પણ શાકાહારી ઓછા જ હતા. બુદ્ધ અને મહાવીર

એ બે મહાન વિભૂતિઓએ અહિંસા ધર્મની સ્થાપના કરી. એ બન્ને ક્ષત્રિય હતા. ગીતાના ઉપદેશક શ્રીકૃષ્ણ પણ બ્રાહ્મણ નહોતા. નાનકે શીખ ધર્મની સ્થાપના કરી. એ અહિંસા અને કરુણાનો ધર્મ ભલે ન હોય, પરંતુ એ ધર્મમાં માનવીય સદ્‌ગુણોનો ઉપદેશ છે. ઇતિહાસમાં સંયોગ એવો ઘડાયો છે કે જીવન અને જીવની પ્રતિષ્ઠા માટે આદર-બુદ્ધિ સેવવાનો ઉપદેશ જેમણે દીધો તે લોકો શાકાહારી નહોતા. આનો અર્થ એ થયો કે જીવનની પ્રતિષ્ઠા મનુષ્ય માત્રમાં છે. વસ્તુની પ્રતિષ્ઠા એ જીવનની પ્રતિષ્ઠાથી આગળનું પગલું છે. માનવની બનાવેલી વસ્તુનો આપણે આદર કરીશું.

## સાર્વજનિક ધર્મના સિદ્ધાંતો

એક પ્રશ્ન પુછાયો છે કે ગાંધીજીની આશ્રમ-સંસ્થાના મૂળમાં આપણી પ્રાચીન વિચારધારાનો કોઈ સિદ્ધાંત સમાયેલો છે કે?

આશ્રમ-સંસ્થાના મૂળમાં આપણી પ્રાચીન વિચારધારાનો કયો સિદ્ધાંત રહેલો છે તે તો સ્પષ્ટ જ છે. આશ્રમનાં જે બધાં વ્રત છે તે બધાં જ આપણા સાર્વવર્ણિક ધર્મમાંથી લેવાયાં છે. મનુએ અહિંસા સત્ય વગેરેને સાર્વવર્ણિક ધર્મ ગણાવ્યા છે. બ્રાહ્મણનો ધર્મ અલગ, ક્ષત્રિયનો અલગ, વૈશ્યનો અલગ અને શૂદ્રનો અલગ. આમ અલગ અલગ જાતિઓ માટે, વર્ણો માટે, અલગ અલગ ધર્મો બતાવ્યા પછી પણ તમામ વર્ણો માટે કેટલાક સમાન ધર્મ બતાવ્યા. સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરે સાર્વવર્ણિક ધર્મો છે, મનુષ્યો માટેના ધર્મો છે. એમને સામૂહિક આચરણ માટેના વ્રતનું રૂપ આપવામાં આવ્યું છે. ગાંધીએ આશ્રમ-સંસ્થામાં એને સામાજિક મૂલ્ય બનાવવા પ્રયત્ન કર્યો. આ એ સંસ્થાની વિશેષતા છે.

સમાજ-પરિવર્તન માટે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ વગેરેની જરૂરત છે. આ વ્રતો દ્વારા એવું પરિવર્તન આવી શકે એ વાત કોઈએ નહોતી કહી. સામાન્ય રીતે એમ કહેવાયું કે આરોગ્ય જળવાવું જોઈએ. વ્યક્તિગત જીવનમાં આરોગ્યની જરૂરત છે માટે સમાજમાં એની પ્રતિષ્ઠા થવી જોઈએ. લોકોને એમાં શ્રદ્ધા હોવી જોઈએ. સમાજમાં સેવા કરવી હોય, કામ કરવું હોય તો ઈમાન જોઈએ, સચ્ચાઈ જોઈએ. આ બધી વાતો ગાંધી પહેલાં કહેવાઈ હતી, પરંતુ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરે

સમાજ-વ્યવસ્થાના આધારભૂત સિદ્ધાંત છે એ વાત કોઈએ કહી નહોતી.

આમાં બે ચીજો છે. એક તો એ કે શબ્દો પરંપરાગત સંકેતમાંથી ઉપાડ્યા છે, પરંતુ એમાં આશય નવો ભર્યો છે. આમ એમને સામાજિક મૂલ્યોમાં બદલી નાખવાનો પ્રયત્ન કર્યો છે. બીજી વાત એ કે સંસ્થા અને કુટુંબ એ બેમાં કોઈ પણ જાતનું ક્રાંતિકારી જીવન સંભવિત નથી એમ લાગતું હતું. કુટુંબો જૂની પરંપરા પ્રમાણે ચાલતાં હતાં. કેટલાંક કુટુંબો સુધારાવાદી બની જાય તે જુદી વાત છે, પરંતુ બધાં કુટુંબો ક્રાંતિકારી સંસ્થા બની શકે એ આજે સંભવ નથી દેખાતું. તો શું કરવું ? એટલે ગાંધીએ એવો પ્રયોગ કર્યો કે ક્રાંતિકારી મૂલ્યોવાળી સંસ્થા હોય અને એમાં કૌટુંબિકતા પણ હોય. એવી કોઈ સંસ્થા હોય જેમાં મૂળભૂત કૌટુંબિક મૂલ્ય પણ હોય, સ્નેહ હોય, પવિત્રતા હોય અને સાથે સાથે સામાજિક ક્રાંતિ એ એનો મુખ્ય કાર્યક્રમ હોય. સામાજિક ક્રાંતિના કાર્યક્રમનું નિત્ય આચરણ થતું હોય અને એની સાથે પવિત્રતા અને સ્નેહ પણ હોય. આશ્રમ સંસ્થા દ્વારા આવો પ્રયોગ કરવા ગાંધીએ કોશિશ કરી.

### કૃષ્ણમૂર્તિ અને ગાંધી

એક પ્રશ્ન એવો આવ્યો છે કે કૃષ્ણમૂર્તિના મત પ્રમાણે પૂર્ણતા ન આવે ત્યાં સુધી વ્યક્તિ સમાજ-ક્રાંતિ કરી ન શકે. તો શું પૂર્ણતા પામ્યા પછી જ સામાજિક-ક્રાંતિ કરવાની ? ગાંધી અને કૃષ્ણમૂર્તિનો આમાં સમન્વય કેવી રીતે સાધવો ?

કૃષ્ણમૂર્તિ પૂર્ણતા-અપૂર્ણતામાં માનતા નથી. સામાજિક ક્રાંતિ નામની કોઈ વસ્તુ એમના મનમાં નથી. સમાજ નામની કોઈ વસ્તુ છે અને તેમાં ક્રાંતિ કરવાની છે એ વાત જ એ માનતા નથી. માનવોના પારસ્પરિક સંબંધો છે, અને તે જ વાસ્તવિક છે. સમાજ નામની કોઈ એક સ્વતંત્ર વસ્તુ નથી. માનવ માનવ વચ્ચે જે સંબંધો છે તેમાં હરીફાઈ, ઈર્ષ્યા, લોભ વગેરે ભાવના ન હોવી જોઈએ. તમામ સંબંધોનો આધાર પ્રેમ હોવો જોઈએ. મનુષ્યમાં પ્રેમ સ્વાભાવિક જ છે. તો પછી હરીફાઈ આવે છે ક્યાંથી ? હરીફાઈ સરખામણીમાંથી આવે છે. આપણે આપણી જાતને બીજા સાથે સરખાવીએ છીએ અને પછી એની બરાબરીએ પહોંચવા મથીએ

છીએ. આમાંથી ઈર્ષ્યા આવે છે. હરીફાઈમાં ઈર્ષ્યા થાય છે. હું છું તેવા નથી રહેવું, બીજાના જેવા બનવું છે. અમુક છું, અને અમુક બનવા માગું છું. એ બેની વચ્ચે જે દ્વન્દ્વ છે તેમાંથી બધી સમસ્યાઓ પેદા થાય છે. દ્વન્દ્વનું સ્વરૂપ સમજી લઈએ તો દ્વન્દ્વ સમાપ્ત થઈ જાય છે. સમસ્યાઓને સમજવી એ જ સમસ્યાનો ઉકેલ લાવવા બરાબર છે. સમસ્યાને સમજ્યા પછી એને માટે કોઈ નવો ઉકેલ શોધવા જવું પડતું નથી.

વિનોબા મનથી ઉપર ઊઠવાની વાત કહે છે તે કોઈ જુદી વસ્તુ નથી. મનથી ઉપર ઊઠવાનાં સાધન પણ આ જ છે અને એની પ્રક્રિયા પણ આ જ છે. જો તમે એમ માનતા હશો કે સામાજિક કાર્ય જુદી વસ્તુ છે અને મનથી ઉપર ઊઠવાની સાધના અલગ ચીજ છે તો તમારે ચાલીસ પચાસ વર્ષ સાર્વજનિક સેવા કર્યા બાદ કહેવા વારો આવશે, હવે મનથી ઉપર ઊઠવાનો અભ્યાસ કરવા સારુ મારે બીજે જવું પડશે. ત્યારે કહેવાશે કે તમારાં એ પચાસ વર્ષ એળે ગયાં.

### સત્યની શોધ માટે તપસ્યા

ગાંધી અને કૃષ્ણમૂર્તિ વચ્ચે સમન્વય સાધવાની કોશિશ જ ન કરવી જોઈએ. બે જુદી જુદી વિભૂતિઓ વચ્ચે સમન્વય ક્યાં થાય છે તેનો વિચાર આપણે ન કરીએ. એમના વિચારોમાં જે સારાપણું છે તે આપણે સ્વીકારવાના હોઈએ તો સૌ પ્રથમ આપણે એ સ્વીકારવું પડશે કે મનુષ્યનો આત્મા અંતિમ પ્રમાણ છે : आत्मार्थे पृथिवीं त्यजेत् । કોઈએ પૂછ્યું, "સત્ય શું છે? એને અંગે કોઈ ગ્રંથ યા ગુરુ પ્રમાણ છે?" જવાબમાં ગાંધીએ કહ્યું કે મારી બુદ્ધિને સત્યનો જે પ્રકાશ દેખાય છે તે જ મારે માટે સત્ય છે. કૃષ્ણમૂર્તિએ કહ્યું, "દરેકનો માર્ગ પોતપોતાનો આગવો હશે, એકનો માર્ગ બીજાને કામ નહીં આવે." આમ સત્ય અંગેની ભૂમિકા એ છે કે મારો આત્મા મારે માટે પરમ પ્રમાણ છે. સત્યને શોધવાનું મારું એકમાત્ર સાધન વિકારરહિત અને સ્વાર્થ-નિરપેક્ષ બુદ્ધિ જ છે.

એ બુદ્ધિની શુદ્ધિ માટે હું સેવા કરું છું. સ્વાર્થ-નિરાકરણ માટે શું કરું છું? પોતાના સ્વાર્થને છોડી બીજાના સ્વાર્થ અને સમાજના હિતનો વિચાર કરું છું. આમ કરવાથી મારો સ્વાર્થ ઘટતો જાય છે, ઓછો થતો જાય છે. વિકાર ઓછો કરવા માટે શું કરું છું?

સત્યની શોધ કરતાં બીજા સાથેનો વિરોધ ઊભો થાય છે ત્યારે સામાવાળાને કષ્ટ નથી આપતો, જાતે સહન કરું છું. આ રીતે તપસ્યા, બલિદાન અને કષ્ટ-સહન વડે હું મારી બુદ્ધિને શુદ્ધ કરું છું. સત્યની શોધમાં હું લાગેલો છું, સત્યની શોધ માટે સેવા કરતો રહું છું. સ્વાર્થથી ઉપર ઊઠવા માટેની મારી આ સત્યની શોધ દરમ્યાન બીજા સાથે વિરોધ ઊભો થાય ત્યારે, "મને સત્યની શોધ કરવાનો જેટલો અધિકાર છે, તેટલો જ એને પણ છે" એવું સ્વીકારી નિર્વિકાર બનવા સારુ એનો ક્રોધ સહન કરું છું. પોતે ક્રોધ નથી કરતો. એ હિંસા કરે તે વેઠું છું, પણ હું પોતે હિંસા નથી કરતો. સામાને દુઃખ દેવાને બદલે હું પોતે દુઃખ વેઠું છું. આ જ મારાં સાધન છે. વ્યક્તિ માટે એનો અંતરાત્મા જ પ્રમાણ હોવો જોઈએ. સત્યનો નિર્ણય કરવાનાં સાધન વિકારરહિત બુદ્ધિ અને સ્વાર્થરહિત અંતઃકરણ છે. સેવા પાછળ નિરપેક્ષતાની અને પ્રેમની ભાવના હોવી જોઈએ. બીજી બધી પ્રેરણાઓમાં વિચાર અને વિવેકને સ્થાન હોય છે, 'જો તો' ને સ્થાન હોય છે, પરંતુ પ્રેમની પ્રેરણામાં વિચાર, વિવેક અને 'જો તો' જેવું કશું નથી હોતું.

### મનાવવાનો પ્રયોગ

ક્રાંતિમાં મનાવવાનો પ્રયોગ આવે છે. મનવવાનાં બે સાધન—એક તો દબાણ લાવવું, સત્તા વાપરવી, અધિકારનો પ્રયોગ કરવો. બીજું છે પ્રભાવ પાડવો. આપણી ક્રાંતિમાં પ્રભાવ પાડવાની પ્રક્રિયાને આજે આપણે ક્ષમ્ય ગણી છે. કારણ, આપણે એ સ્વીકારી લીધું છે કે સમજાવવાની આપણી શક્તિ મર્યાદિત છે. તેવી જ રીતે એ પણ સ્વીકારી લીધું છે કે આપણી સમજવાની શક્તિ પણ મર્યાદિત છે. એવી હાલતમાં આપણો પ્રયત્ન એ રહે છે કે આપણે જે દબાણ કરીએ તે pressure—દબાણ, ધમકીનું દબાણ—coercion ન હોય.

આપણે જે pressure—દબાણ લાવીએ છીએ તેમાં એવી પરિસ્થિતિ ઊભી કરવા મથીએ છીએ કે સામાવાળાની સદ્‌ભાવના જાગ્રત થાય, માનવતા જાગ્રત થાય, એના સ્વાભિમાનને ચોટ ન લાગે અને એના વ્યક્તિત્વનો વિકાસ રૂંધાઈ ન જાય.

એક માણસ આવે છે. આંખો કાઢીને છરો દેખાડે છે. આ થઈ coercion—ધમકી. આનાથી ભય અને ક્રોધ બન્ને ભાવો

જાગ્રત થાય છે. બીજો માણસ આવે છે. એના વહેવારથી ક્રોધ અને ભય તો નથી જ જાગતા, ઊલટું કરુણા જાગે છે. પણ તમારું મત-પરિવર્તન નથી થતું. એક ગરીબ માણસનું ઘર બળી ગયું છે, આવનાર જણ ઇચ્છે છે કે તમે એનું મકાન બનાવી આપો. તમને લાગે છે કે એ કંઈ તમારી ફરજ નથી. પણ એણે જે રીતે વિનંતિ કરી, તમને સમજાવવા પ્રયત્ન કર્યો એ બધાથી તમારી કરુણા જાગી ઊઠી. એણે એક પ્રકારનું દબાણ તો વાપર્યું જ, પરંતુ એ દબાણ તમારા વિકાસને અનુકૂળ છે, પ્રતિકૂળ નથી.

સત્યાગ્રહમાં pressure—દબાણ છે અને influence—પ્રભાવ પણ છે. તમે સામાવાળા પર પ્રભાવ પાડો છો, પણ એ પ્રભાવ કોઈ સત્તા, સંપત્તિ કે શસ્ત્રનો નથી. સંખ્યાબળનો પણ નથી. સંખ્યાનો પ્રભાવ પડતો હોય છે; એનો જે આકાર હોય છે તેના પરથી સામાવાળાને એ વાતની વ્યાપકતાનો ખ્યાલ આવે છે. સંખ્યા સૂચવે છે કે ઘણા લોકોની આ જ ઇચ્છા છે. સંખ્યા ડર પેદા કરવા માટે નથી હોતી. અમારી સાથે ઘણા લોકો છે, તમારી સાથે ઓછા છે, આ સંખ્યાનો પ્રતિકૂળ પ્રભાવ છે. આમ છતાં એનો એક નૈતિક પ્રભાવ પણ છે જ.

તમે મને ભાષણ માટે બોલાવવા આવો છો. હું કહું છું કે અત્યારે પ્રેરણા નથી થતી, અને આ એને માટેનો સમય પણ નથી. પણ તમે કહો છો કે ના, આ તો બધાની ઇચ્છા છે.

આ 'બધાની ઇચ્છા છે' એ તમારી વાતનો મારા મન પર પ્રભાવ પડે છે. 'મારી એકલાની ઇચ્છા નથી, બધાની ઇચ્છા છે' એમ તમે કહો છો ત્યારે મારા મનમાં એની કદર જાગે છે. એક માણસની ઇચ્છા માટે મારા મનમાં આદર છે જ, પણ વધારે લોકોની ઇચ્છા માટે વધારે આદર છે. આ પણ એક સ્વાભાવિક વૃત્તિ છે.

કોઈ આવીને કહે છે કે તમે ત્યાં ભાષણ આપ્યું તેની ઘણા લોકો પ્રશંસા કરતા હતા. તમે કહો છો, "હશે, એક બે મિત્રોએ પ્રશંસા કરી હશે." સામેવાળો કહે છે, "નહીં સાહેબ, કેટલા બધા માણસો હતા, બધા જ તારીફ કરતા હતા!" સાંભળીને તમે ફુલાયા; કારણ કે ઘણા બધા તારીફ કરતા હતા. કોઈ એકાદ જણાએ નિંદા કરી હોત તો તમે કહેત, "હશે કોઈ એકાદો મૂરખ!" પણ ધારો કે

નિંદા કરનારા ઘણા વધારે હતા એમ કોઈ કહે તો તમે સુકાઈને કાંટા જેવા થઈ જશો, મોઢું પડી જશે. મનુષ્યની આ સ્વાભાવિક પ્રવૃત્તિઓ છે.

મનુષ્યના સ્વભાવને ઓળખવો જોઈએ. માનવસ્વભાવનું જ્ઞાન ન હોય તો માનવીય ક્રાંતિ અસંભવ થઈ જાય છે. ઈશ્વરને સમજવો સહેલો છે, પણ માણસને સમજવો અઘરો છે. કારણ, એ પોતાને સમજવા પ્રયત્ન નથી કરતો. કોઈ આવીને કહે કે અમુક માણસ તમારું ભૂંડું બોલતો હતો; તો સાંભળતાં જ આપણને ગભરાટ થાય છે. અને કોઈ કહે કે અમુક તમારી તારીફ કરતો હતો તો સાંભળતાં જ છાતી ફુલાય છે. જેને મન બીજાના અભિપ્રાયની કદર છે તે નિંદા-સ્તુતિ અંગે બેપરવા રહી શકતો નથી. હા, તટસ્થ રહી શકે ખરો. નિંદા-સ્તુતિ વિષે તટસ્થ રહેવું એ નમ્રતા અને નિરહંકારિતા છે. પરંતુ નિંદા-સ્તુતિ તરફ બેપરવા થવામાં ઘમંડ છે, અહંકાર છે. આ વસ્તુ પણ આપણામાં લપાઈને પડી છે તે આપણે સમજવું જોઈએ.

આપણા સત્યાગ્રહમાં, આપણી પ્રક્રિયામાં દબાણ હશે. પણ એ દબાણ શસ્ત્રોનું, સંખ્યાનું, ધનનું કે સત્તાનું નહીં હોય; એ સદાચાર અને સદ્ગુણનું હશે.

આજે એક એક કરીને હજારો લોકો પોતાનો માલિકી હક છોડી રહ્યા છે. એને લઈને માલિકી છોડવા માટે પરિસ્થિતિમાં એક દબાણ ઊભું થયું છે. બધા જ માથે ગાંધી ટોપી ચઢાવીને ફરવા માંડે છે. તમે પણ ગાંધી ટોપી ચઢાવો છો. તમારો દીકરો પૂછે છે, "ગઈ કાલ સુધી તો તમે ગાંધી ટોપીની વિરુદ્ધ હતા, આજ શી રીતે અનુકૂળ થઈ ગયા?" તમે જવાબ આપો છો, "શું થાય? બધા જ પહેરવા માંડ્યા, ને હું નહીં પહેરું તો બધાથી અળગો પડી જઈશ. બધા મારી જ તરફ આંખો ફાડી ફાડીને જોવા માંડશે." આમ, કોઈ એક સદાચાર કે ગુણને સમાજમાં પ્રતિષ્ઠિત કરો છો તો એમાંથી એક દબાણ ઊભું થાય છે.

તમે કોઈ સમાજની એટલી સેવા કરી કે ત્યાં તમારો પ્રભાવ જામ્યો. હવે કોઈ પ્રસંગવશાત્ તમારે કહેવું પડે છે કે "જુઓ, આ કામ થવું જ જોઈએ; મારા મનમાં ખૂબ વ્યથા છે. કામ નહીં થાય તો હું અનાજ મોઢામાં નહીં મૂકું." તમારું ચિત્ત વ્યથિત છે, તે એક

પ્રકારનું નૈતિક દબાણ છે. આવી જાતનું નૈતિક દબાણ ચાલી શકે.

હા, એટલું જરૂર યાદ રાખવું કે સત્યાગ્રહમાં સમજવું ને સમજાવવું એ સિવાય ત્રીજી વાત નથી. પ્રયોગના ક્ષેત્રમાં આત્મબળને સ્થાન છે, પણ અધ્યયનના ક્ષેત્રમાં નથી. દા. ત. હું તમને ગીતાનો એક શ્લોક શીખવું છું. તમે કહો છો, "સમજ નથી પડતી." હું કહું છું, "ઠીક છે ત્યારે, હું ઉપવાસ કરું છું." બીજે દિવસે શું થશે? તમે કહેશો, "સમજ પડી ગઈ, જમી લો!" ભલે ને સમજ ન જ પડી હોય. ટૂંકામાં, ત્યાગ અને તિતિક્ષાને ક્રાંતિમાં સ્થાન જરૂર છે, અધ્યયનમાં એને સ્થાન નથી. અધ્યયન અને શિક્ષણના ક્ષેત્રમાં નૈતિક દબાણ દાખલ થશે તો એટલા પ્રમાણમાં શિક્ષણ કલુષિત થશે.

## કાર્યકર્તા અને જનસંપર્ક

બીજો એક પ્રશ્ન આવ્યો છે: કાર્યકર્તાને જનસંપર્ક વધારવાનું કહેવામાં આવે છે, એ શી રીતે કરવું?

આ એક વાસ્તવિક સમસ્યા છે. એની બે રીત છે. એક એ કે જનતાની દરેક મુશ્કેલીને કાર્યકર્તા પોતાની સમજે. પણ દરેક સંકટનો જવાબ કાર્યકર્તા પાસે નથી હોતો. કેટલાકનું કહેવું છે કે આવા દરેક સંકટનો ઉપયોગ સંકટગ્રસ્ત વ્યક્તિના ક્રોધને વધારવામાં કરવો. આ એક રીત છે. એને વર્ગ-સંઘર્ષની પ્રક્રિયા કહે છે. સંકટનો દરેક પ્રસંગ પોતાની ક્રાંતિ માટે વાપરો. અને સંકટ ન જ હોય તો સંઘર્ષના પ્રસંગો ઊભા કરો.

ધારો કે લોકેન્દ્ર મારી સાથે રહે છે. એ પહેલાં હું માંદો હતો ત્યારે લવણમ્ મારી સાથે રહેતો હતો. એ એકવાર કહે, "ભગવાનની કૃપા છે કે મને તમારી સેવા કરવાનો અવસર મળ્યો." મેં કહ્યું, "ભગવાન કરે, તારી સેવા કરવાનો અવસર મને ન મળે." એટલે કે મારી પ્રાર્થના છે કે "તને આવો ફોલ્લો ન થાય. મને થયો તેમાં તારા પર ભગવાનની ભારે કૃપા થઈ, પણ ભગવાન કરે, મારા પર એવી કૃપા ન વરસાવે."

ક્રાંતિકારી હોય છે તે જનતાના સંકટને ક્રાંતિનો અવસર લેખે છે. જનતાની મનોવૃત્તિ અસ્વસ્થ થાય તો કાર્યકર્તાએ શું કરવું?

ધારો કે ગામમાં મુશ્કેલી ઊભી થઈ છે, એક તરફ આખું ગામ છે ને બીજી તરફ પટેલ છે. તમારે ગામલોકોને સમજાવવું જોઈએ કે પટેલ ગામના આધાર પર તો જીવે છે અને ઉપરથી ગામને દબડાવે પણ છે. હવે કાર્યકર્તા અને પટેલ વચ્ચે અથડામણ થાય છે તો ગામવાળા કહેશે કે અમે કાર્યકર્તાની સાથે છીએ. પરંતુ ગામ કોઈ ખોટા માણસને ચલાવી ન લેતું હોય તો પટેલ પણ ટકી નહીં શકે, અને તેવા સંજોગોમાં સામનો અને સાથની જરૂર નહીં રહે. પણ પટેલનું ચાલે છે તેમાં એક બીજું પણ કારણ છે. પટેલની પાછળ એક અવ્યક્ત સત્તા ખડી છે તેનો ગામલોકોને ડર લાગે છે. પટેલની પાછળ પોલીસ, ને પોલીસ પાછળ કલેકટર અને કલેકટરની પાછળ ગવર્નર ખડો છે. આ શક્તિથી ગામવાળા ગભરાય છે.

કાર્યકર્તા ગામલોકને પૂછશે કે "તમારે પટેલને બદલવો છે કે પછી એને રાખીને થોડો ફેરફાર કરવો છે? એને બદલવો હોય તો હું તમને એનો રસ્તો બતાવું. એમ કરવા જતાં જરા કષ્ટ તો થશે, પણ કષ્ટ વેઠ્યા વિના કોઈ કામ સધાતું નથી. વળી તમારી તો ગામમાં સંપત્તિ છે, સ્વાર્થ છે, એટલે તમને વધારે જ તકલીફ થશે."

ધારો કે પોલીસ આવીને કાર્યકર્તાને જેલમાં નાખે છે, તો ત્યાર બાદ શું કરવું તે પણ ગામલોકોને સમજાવવું જોઈશે.

ક્રાંતિ કરવાની જરૂરત કેમ પડે છે? આપણે નાની નાની ફરિયાદો દૂર કરી શકતા નથી. જે ફરિયાદ ઊભી થઈ તેનું નિવારણ કરી શકીએ તો ક્રાંતિની જરૂર જ ન પડે. હવે સવાલ એ છે કે દરેક ફરિયાદનો ઉપયોગ આપણે ક્રાંતિકાર્ય માટે કરવો? એટલે કે દરેક નાની ફરિયાદમાંથી સંઘર્ષનો પ્રસંગ ઊભો કરવો છે? એમ કરવું હશે તો તમારે ક્રાંતિની બીજી પદ્ધતિનો ઉપયોગ કરવો પડશે.

સાધારણ માણસ આ તથ્ય નથી સમજતો એમ કહેવું ઠીક નહીં થાય. એ વાત એ બહુ સારી રીતે સમજે છે. એને તમે પૂછો કે "આ પટેલ છે ને તમે છો ત્યાં સુધી સમાજ બદલાવાનો નથી; તો પછી તમારી પાસે શો ઉપાય છે? પછી તો તમે રહો, નહીં તો પટેલ રહે એ જ ઉપાય રહ્યો ને?" એ તમને શો જવાબ વાળશે? કહેશે, "પટેલ સાથે તમે માથાફોડ કરતા રહો,

અમારું તો કામ થવું જોઈએ." ત્યારે તમારે એને સાફ કહેવું જોઈએ કે "અમે આવું કંઈ કરવાના નથી."

ગામમાં કેટલાક મોટા લોકો હોય છે. પટેલ પણ એમની સાથે હોય છે. એવા ગણ્યાગાંઠ્યા લોકોનો ગામ પર કાબૂ હોય છે. એ પકડ ઢીલી કરવી છે. એ ઢીલી કરવાનો એક ઉપાય એ છે કે તમે એ લોકોની સામે ઊભા થઈ જાવ. લોકો કહેશે, "આ એક આદમી આવ્યો છે. એને કોઈની પડી નથી. તલાટીને, જમીનદારને, ફોજ-દારને કોઈને ગણતો નથી. છે એક તીરંદાજ જેવો." આ એક પદ્ધતિ છે. એમાંથી થોડી ઘણી હિમ્મત જરૂર વધી શકે. પણ ગામ લોકોનું જ સત્ત્વ જાગ્રત કરવું હોય તો આ રીત નથી. એમાં તમે પણ ગામના પેલા મોટા લોકોમાંના એક બની જશો, બસ. ગામના જેટલા પાપ-ગ્રહો છે તેમાં એક શુભ-ગ્રહ બની જશો. બસ, ગામની કુંડળીમાં એટલો ફેર પડશે. પણ એથી વધારે પરિવર્તન આ પ્રક્રિયાથી નહીં આવે.

## "ભિન્ન" પ્રકારનો સત્યાગ્રહ

એટલે કાર્યકર્તાએ પહેલાં તો જોઈ લેવું જોઈએ કે પચાસ-સાઠ કે સો ફરિયાદો છે તેમાંથી એવી કઈ છે જેનાથી સમાજ-પરિવર્તન થઈ શકે તેમ છે. એને એણે પ્રતિકારનું નિમિત્ત બનાવવું.

ગાંધીજી હતા ત્યારે અને ગાંધીજીના ગયા બાદ જોઈએ છીએ કે સત્યાગ્રહ જ સત્યાગ્રહ ચાલે છે. સત્યાગ્રહનું નામ ન લેતો હોય તો તે એક વિનોબા છે. અને વિનોબા ગાંધીનો ઉત્તરાધિકારી કહે-વાય છે. બીજા જે લોકો ગાંધીના રસ્તાને ખોટો ગણે છે અને વિનોબાના રસ્તાને અપૂરતો ગણે છે તે જ લોકો આજે સત્યાગ્રહ કરી રહ્યા છે. એ લોકોના સત્યાગ્રહમાં અને તમારા સત્યાગ્રહમાં લોકોને સ્પષ્ટ ભેદ દેખાવો જોઈએ. લોકોને મોઢેથી નીકળે કે આજ સુધી સત્યાગ્રહો જોતા આવ્યા તેમાં અને આમાં ફેર છે. આ કંઈ ભિન્ન પ્રકારનો સત્યાગ્રહ લાગે છે.

આવો 'ભિન્ન' પ્રકારનો સત્યાગ્રહ ધારો કે અસફળ થયો. પૂછશે કે "કેમ અસફળ થયો?" બીજો કહેશે, "બહુ શુદ્ધ સત્યા-ગ્રહ હતો એટલે અસફળ થયો. એ લોકો જરા પણ આમતેમ

ચલાવી લેવા તૈયાર નહોતા એટલે ક્યાંથી સફળ થાય ?" ત્યારે તમને થશે કે મેં જે જનસંપર્ક કર્યો હતો તે એળે ગયો.

આજ સુધી જે સત્યાગ્રહો થયા તે બધા અસફળ રહ્યા. તમારો સત્યાગ્રહ પણ અસફળ થયો તો પછી ભવિષ્યમાં કોઈ સત્યાગ્રહનું નામ નહીં લે. તમારો સત્યાગ્રહ શુદ્ધ જ હોવો જોઈએ. તમે એવી સ્થિતિમાં સત્યાગ્રહ કરી રહ્યા છો કે જેમાં લોકો તમારા સત્યાગ્રહ-માં સાથે ભળે છે, અને તમે જેમની વિરુદ્ધ સત્યાગ્રહ કરો છો તેમને લોકો વોટ પણ આપે છે. આ વિરોધનો આપણે વિચાર જ નથી કર્યો. લોકતંત્રમાં સત્યાગ્રહ જરૂર થઈ શકે. પરંતુ જે તમારી સાથે સત્યાગ્રહમાં ભળે છે તે પાછા, જેની વિરુદ્ધ સત્યાગ્રહ થઈ રહ્યો છે તેને વોટ આપે છે; તો એ સત્યાગ્રહની ભૂમિકા નથી.

આજકાલ જે જાતના સત્યાગ્રહો થાય છે તેમાં તમને જોડાવા બોલાવે છે. તમે કહો છો કે આ તો સત્યાગ્રહ જ નથી. એ કહે છે કે અમારો સત્યાગ્રહ બરાબર નથી તો તમે સત્યાગ્રહ કરો. તમે શુદ્ધ સત્યાગ્રહ શરૂ કરો છો, લોકો પૂછવા આવે છે કે અમે તમારા સત્યાગ્રહમાં જોડાઈએ ? તમે કહો છો કે ના. તો પછી તમારા સત્યાગ્રહમાં જોડાઈ શકે તેવા બહુ થોડા જ લોકો નીકળવાના.

બીજો સવાલ એ છે કે તમે સત્યાગ્રહ કોના નામ પર કરો છો. તમારા પોતાના નામ પર કરતા હો તો કોઈને કંઈ કહેવાનું નથી. પણ જો તમે કહો કે આ વિનોબાનો સત્યાગ્રહ છે, તો પછી વિનોબા જેને મંજૂર કરી શકે તેવો એ સત્યાગ્રહ હોવો જોઈએ. પણ એ તો કહે છે કે હું તો સત્યાગ્રહ નામથી જ ગભરાઉં છું. તમે કહેશો કે "કાયર બની ગયા. ક્રાંતિકારી મટી ગયા." "તો પછી મને શા સારુ પૂછવા આવે છે? તારા જ નામે શા માટે નથી કરતો? પોતાને નામે જ કર ને! પોતાની છાપનો કર! એ તારો અધિકાર છે, સૌનો અધિકાર છે!"

### સત્યાગ્રહ અને હિંસા

બિલકુલ શુદ્ધ સત્યાગ્રહ કદાચ હશે જ નહીં. એમાં થોડી ઘણી હિંસા તો રહેવાની જ. ગાંધીના વખતમાં થઈ હતી, અને આપણા સત્યાગ્રહમાં પણ ભલે ને ઓછામાં ઓછી જ હો, હિંસા રહેવાની

જ. આજે પરિસ્થિતિ એવી છે કે ગાંધીના જમાનામાં જેટલી હિંસા થતી હતી તેથી વધારે જ હિંસા થાય છે, ઓછી નહીં. જે નેતા હોય છે તેના હૃદયમાં સત્યાગ્રહનો પ્રત્યય હોતો નથી. એવી સ્થિતિમાં આપણે સત્યાગ્રહ કરવાનો રહેશે. તમે દબાણથી કામ લઈ શકો, પરંતુ દબાણ પરિસ્થિતિનું હોવું જોઈએ, પ્રત્યક્ષ બળ-પ્રયોગનું નહીં. એ દબાણ નૈતિક હોવું જોઈએ.

નૈતિક દબાણ ક્યારે થઈ શકે? જે દોષ કાઢવા માટે તમે સત્યાગ્રહ આદર્યો હોય તે દોષ તમારામાં ન હોય ત્યારે. એટલું જ નહીં, જે સમૂહ સત્યાગ્રહ કરતો હોય તે આખા સમૂહમાં એ દોષ ન હોવો જોઈએ. અંગ્રેજોને આપણે કહેતા કે અમારો સત્યાગ્રહ તમારા સામ્રાજ્યની વિરુદ્ધ છે, અને અમે પણ સ્વતંત્ર થઈને કોઈ બીજા દેશ પર સામ્રાજ્ય નહીં જમાવીએ. આપણો દેશ કોઈ પર પોતાનું આધિપત્ય જમાવે તે આપણે નથી ઇચ્છતા. તેવી જ રીતે આપણે જ્યારે એમ કહીએ છીએ કે માલિકી અને મિલકત નહીં રહે ત્યારે એ કેવળ મોઢાની વાત નથી રહેતી, આપણે પણ માલિકી અને મિલકત છોડી દઈશું.

સત્યાગ્રહીમાં આટલા ગુણ હોવા જોઈએ :

એણે એના જીવનમાંથી અસ્પૃશ્યતાનું નિવારણ કર્યું હશે. હિંદુ-મુસ્લિમ એકતામાં એને શ્રદ્ધા હશે. એ ખાદી પહેરતો હશે. ગાંધીજીએ સત્યાગ્રહના નિયમો ઘડ્યા હતા તેવા જ કંઈક તમારા પણ નિયમ હશે. એમાં સૌથી મોટી શરત એ જ હશે કે જે માલિકી અને મિલકતને મિટાવવા માટે સત્યાગ્રહીઓ નીકળ્યા હશે તે માલિકી ને મિલકત સત્યાગ્રહી પાસે નહીં હોય, જે કંઈ હશે તેના વિસર્જન માટે એ સંકલ્પબદ્ધ છે. આ બધી શરતોનું પાલન થાય તો સત્યાગ્રહ ન કરવા માટે કોઈ કારણ નથી. આ બધી બાબતો આપણા સામર્થ્યની છે.

આજે સંદર્ભ બદલાઈ ગયો છે એ વાત તમારે સારી રીતે સમજી લેવી જોઈએ. અને જ્યારે પ્રાતિનિધિક સત્તા સામે સત્યાગ્રહ કરવાનો હોય ત્યારે જે સંસ્થાની સામે સત્યાગ્રહ કરવો પડ્યો હોય તેને કે તેના માણસોને ફરી વોટ ન મળે તે તમારે જોવું જોઈશે. આ બધો વિચાર સત્યાગ્રહની સાથે સાથે થવો જોઈશે.

એક સવાલ એ આવ્યો છે કે સર્વોદય આંદોલનમાં મજૂર અને કિસાનોની સમસ્યાનું સ્વરૂપ શું હશે? મજૂરોના કામના કલાક ઘટે, એમની મજૂરી વધે, એમનાં સુખ-સગવડ વધે—આ બધું શી રીતે થશે?

મજૂરોની સમસ્યાનાં બે સ્વરૂપ છે. એક તો એને વેતન વધારે મળે, કામના કલાક ઘટે અને જીવનની સગવડો વધારે મળે. પણ સાચી ક્રાન્તિનો આ ઉપાય નથી. સાચી ક્રાંતિ તો ત્યારે થઈ ગણાશે જ્યારે wage earner–પેટિયું રળનાર જેવો મજૂર જ સમાજમાં નહીં હોય. મજૂરીને સાટે કામ કરનારો કોઈ મજૂર નહીં હોવો જોઈએ. તેથી તો આપણે કારખાનાની માલિકી કાઢવા–ખતમ કરવા કહીએ છીએ. કારખાનાની માલિકી સાર્વજનિક કરવા માટે રાજ્ય-સ્વામિત્વ એક માત્ર વિકલ્પ છે એમ ન ગણાવું જોઈએ. રાજ્ય-સ્વામિત્વ અને લોક-સ્વામિત્વ વચ્ચે પાયાનો ભેદ છે. આજે આપણા દેશમાં એવી સાર્વજનિક મનોવૃત્તિ નથી કે કોઈ સાર્વજનિક કોરપોરેશન લોક-સ્વામિત્વનું કોરપોરેશન બને. માલિકો ને ઉત્પાદકોનું બનેલું કોરપોરેશન જ માલિક બની બેસે, અને લોકોના નામે કારખાનું ચલાવે એમ બને.

આજે જે બહુ મોટાં મોટાં કારખાનાં છે તેમનું કદાચ રાજ્યીકરણ થશે. એ કારખાનાં માટે આજે બીજો રસ્તો દેખાતો નથી. એમને માટે જો કોરપોરેશન બનાવવા જઈશું તો એ જ કારખાનેદાર બની બેસશે, પછી કોરપોરેશનનો મૂડીવાદ આવશે, રાજ્યમાં કમમાં કમ એટલું છે કે એ તમારા પ્રતિનિધિના હાથમાં રહે છે. કોરપોરેશન કારખાનેદાર બની બેસવાને બદલે લોકને જવાબદાર બને functional—વ્યવસાયાશ્રિત બને–યુગોસ્લાવિયામાં બન્યાં છે તેમ–તો એમાંથી એક રસ્તો નીકળી શકે. સમાજવાદ આજે એવા પ્રયત્નમાં છે કે રાજ્યની માલિકી ન હોય અને કોઈ બીજી રીતે સાર્વજનિક સ્વામિત્વની સ્થાપના થઈ શકે. આપણા દેશમાં પણ આ માટેના માર્ગ શોધી શકાય. આમાં ટ્રસ્ટીશિપની યોજના ઉપયોગી સિદ્ધ થઈ શકે.

હમણાં તો આપણે ઉદ્યોગના ક્ષેત્રનો વિચાર કરીએ છીએ. આમાં એ વાતનું ધ્યાન રાખવાનું છે કે માલિકો અને મજૂરોનો

નિહિત સ્વાર્થ ઊભા ન થઈ જાય. હમણાં આપણે ઉદ્યોગક્ષેત્રનો વિચાર કરી રહ્યા છીએ. આમાં ધ્યાન રાખવાની ખાસ જરૂર છે કે એમાં માલિકો અને મજૂરોનાં નિહિત સ્વાર્થો ઊભા ન થઈ જાય. ધારો કે ચમારોએ જોડા બનાવનારી એક સહકારી સંસ્થા બનાવી અને પછી કહે છે કે દસ રૂપિયેથી ઓછી કિંમતે જોડા નહીં વેચીએ. બીજી બાજુ ગ્રાહકોએ પોતાની સંસ્થા ઊભી કરી અને કહે છે કે અમે આઠ રૂપિયાથી વધારે ભાવ નહીં આપીએ. આમ એમાંથી બે પ્રકારના નિહિત સ્વાર્થ ઊભા થાય છે અને એમાંથી જ સંઘર્ષનો જન્મ થાય છે.

ઝઘડો અને સોદાબાજી કરવા કરતાં તો માલિકોનું મત-પરિવર્તન કરવાનો પ્રયત્ન કરવો સારો. એ લોકોને જ સાર્વજનિક માલિકીની દિશામાં લઈ જવા પ્રયત્ન થવો જોઈએ. ધારો કે કોઈ કારખાનામાં ટ્રેડ યુનિયન છે. એનો માલિક કહે છે કે હું મજૂરો પાસેથી આઠ કલાકને બદલે ચાર જ કલાક કામ લઈશ અને પગાર સોળ કલાકનો ચૂકવીશ. સોળ કલાકની મજૂરી ને કામ ચાર જ કલાક કરવાનું ! માલિક જો આવો ઉદાર થઈ જાય તો મજૂરો ક્રાંતિ કરવાનું નામ પણ લેશે ખરા ?

મજૂરો પોતાની મજૂરી એકઠી કરે. મજૂર યુનિયન કહે કે અમારો કોઈ પણ સભ્ય ઠરાવેલા કલાકો કરતાં જરા પણ ઓછું કામ નહીં કરે. અમારા યુનિયનમાં કોઈ ઠોઠ કારીગર કે કામચોર નહીં હોય. આવી કેટલીક નક્કર વાતો એમના જીવનમાં આવવી જોઈએ. એમ થશે તો મજૂરોમાં તાકાત આવશે. અમદાવાદમાં મજૂર-સત્યાગ્રહ થયો ત્યારે મજૂરોએ ગાંધીજી સામે પ્રતિજ્ઞા કરી હતી કે અમે ફંડફાળા પર નહીં જીવીએ, કોઈ ને કોઈ ઉદ્યમ કરીને જીવશું. હડતાલ દરમ્યાન એ લોકો આશ્રમનાં મકાનો માટેની ઈંટ વહેતા હતા. આવી રચનાત્મક વૃત્તિ આવે તો એનું દબાણ પડે છે. પણ એમ થવાને બદલે કેવળ સંખ્યાનું જ દબાણ આવશે તો સંગઠનની ભૂમિકા જ બદલાઈ જશે. આ દેશમાં મજૂરોના સંગઠનને અવકાશ નથી એમ માનવું બરાબર નથી. શરત એ છે કે એ લોકહિતકારી હોવું જોઈએ. આટલું પણ પૂરતું તો નથી જ. કારખાનાની માલિકીમાં પણ મજૂરોની ભાગીદારીનો ઉપક્રમ થવો જોઈએ.

અહીં એક વાત ખાસ યાદ રાખવી જોઈએ કે જ્યાં સુધી સમાજનું માળખું નહીં બદલાય ત્યાં સુધી ક્રાંતિના પ્રયોગને પૂરી સફળતા નહીં મળે. દા. ત. ગ્રામદાની ગામ મંગરોઠમાં ગ્રામ-સ્વરાજ્યનું સંપૂર્ણ ચિત્ર દેખાવું જોઈતું હતું, પરંતુ આજે એ સંભવ નથી. આ માન્યતા કોઈ નબળાઈમાંથી નથી આવી, આ તો વૈજ્ઞાનિક માન્યતા છે. તમારે સમાજનું પરિવર્તન કરવું છે, પણ આજે સમાજનો માપવાનો ગજ જુદો છે. તમે એક નાના અમસ્તા ક્ષેત્રમાં પ્રયોગ કરો છો અને માની બેઠા છો કે આ પ્રયોગમાંથી ક્રાંતિનું સંપૂર્ણ દર્શન થશે. પણ એને માટે તમારે આજના ગજ છોડવા પડશે. સંપૂર્ણ દર્શનનો અર્થ શું છે? તમે ખેતી કરી, પાક ઊતર્યો, આ સંપૂર્ણ દર્શન થયું. પરંતુ તમે ખેતી કરી અને સ્વાવલંબી ન થયા, કારણ કે અનાજના ભાવ તમારા હાથની વાત નથી. પરિણામે તમે કહેશો કે પ્રયોગ નિષ્ફળ ગયો. પ્રયોગ તો તમે ક્રાંતિકારી કર્યો, પણ ગજ લીધો બજારનો. આવાં કારણોસર આપણા પ્રયોગ નિષ્ફળ સિદ્ધ થાય છે. તમારો સત્યાગ્રહનો પ્રયોગ હો યા ગમે તે જ પ્રયોગ હો, એક વાત સમજી લો કે સત્યાગ્રહ સફળ થયો તો તે આખરી સત્યાગ્રહ હશે, અથવા સત્યાગ્રહ કર્યા વગર જ સફળતા મળી જશે. બેતાલીસના આંદોલનમાં નિષ્ફળતા મળી, પણ એના પછી સ્વરાજ્ય આવ્યું. આપણે ક્રાંતિનો વૈજ્ઞાનિક રીતે વિચાર કરતા હોઈએ ત્યારે એમાં એટલો ખ્યાલ જરૂર રહેવો જોઈએ કે દરેક ક્રાંતિમાં અસફળતા એ ક્રાંતિયાત્રાનો એક પડાવ માત્ર હોય છે. અસફળતાના આવા કેટલાયે પડાવો થશે. એ પડાવો કેટલા હશે તે આપણા પુરુષાર્થ પર અવલંબિત હશે. પરંતુ એ નક્કી કે આવા પડાવો વચ્ચે વચ્ચે આવતા રહેવાના.

●

૮

# ખેતમજૂર : કાર્યકર્તા : કાળાબજાર

સવાલ પૂછ્યો હતો કે ખેતમજૂરોનું સંગઠન થઈ શકે કે નહીં ? આ સવાલનાં બે પાસાં છે. એક તો એ કે આ ખેતમજૂરોને મજૂર જ રહેવું છે કે ખેડૂત પણ બનવું છે, માલિક બનવું છે? આપણું સૂત્ર એ છે કે "ભૂમિહીન કોઈ નહીં રહે" અને ત્યારબાદ- "ભૂમિ-માલિક કોઈ નહીં રહે." ભૂદાનયજ્ઞમાં આપણી યોજના એ છે કે ખેતીના ક્ષેત્રમાં મજૂર કોઈ ન રહે, બધા માલિક બની જાય. પહેલાં બધા જ માલિક બને અને પછી માલિકીનું વિસર્જન થાય. બન્ને પ્રક્રિયાઓ સાથે સાથે ચાલે. એક તરફ તો જે માલિક છે તે પોતાની માલિકીનું વિસર્જન કરે અને બીજી તરફ જે લોકો માલિક નથી તેમને પોતાની માલિકીમાં સામેલ કરતા જાય. આ બે પ્રક્રિયા છે. અને બન્ને સાથે સાથે ચાલવી જોઈએ.

આપણે ખેતમજૂરોના સંગઠનની વાત કરીએ છીએ ત્યારે એમાં એક જગ્યા જરા આળી આવે છે—નાના માલિક અને મજૂરો વચ્ચે સંઘર્ષ પેદા થવાનો સંભવ આવે છે. વળી મોટા માલિકો ને નાના માલિકો એક થઈ જાય અને બધા મજૂર એક તરફ થઈ જાય—એ જાતનો વર્ગ-સંઘર્ષ ઊભો થયો તો એમાંથી પણ લાભ નહીં થાય. નાના માલિક અને ભૂમિહીન મજૂર એક થઈ જવા જોઈએ, બન્નેની એકતા એટલે કે પ્રત્યક્ષ અને વ્યાવહારિક એકતા. આ એકતા સ્થાપિત થઈ શકી તો જાણજો કે એમાંથી ક્રાંતિ થઈ શકશે. પણ આ એકતા સ્થાપિત ન થઈ શકી, માલિક એક તરફ થઈ ગયા અને ગૈર-માલિક એટલે કે મજૂરો એક તરફ થઈ ગયા તો કરવું એ પડશે કે નાના માલિકોને ગૈર-માલિક—અમાલિક બનાવવા પડશે.

ખેતીના ક્ષેત્રમાં નાના માલિકોની સંખ્યા ઘણી મોટી છે. એટલે કેવળ મોટા માલિકોની માલિકી ખતમ કરવાથી માલિકીનો

પ્રશ્ન ખતમ નથી થતો. મોટા માલિકોની માલિકી સમાપ્ત કરવી એ ખેતીના ક્ષેત્રમાં પૂરતું નથી. માટે આપણે ખેડૂતોના અને ખેત-મજૂરોના સંગઠનની વાત કરીએ ત્યારે આ બાબતનો ખ્યાલ રહેવો જોઈએ.

આમાં બીજો પણ સવાલ છે. મિલના મજૂરોના કામના કલાક ઘટે અને મજૂરી વધે તે માટે આંદોલન થઈ શકે, પરંતુ ખેતમજૂરોના કામના કલાક ઘટે અને મજૂરી વધે એમ કરાવવું લોઢાના ચણા ચાવવા જેવું છે. કારણ, ખેતમજૂરોની મજૂરી વધશે તે દિવસે નાના માલિકો હેરાન થઈ જશે. પછી એ પોતાની માલિકી ટકાવી નહીં શકે. આજે પણ ગ્રામીણ ક્ષેત્રમાં એમ જ થઈ રહ્યું છે ને! બીડી બનાવનારને બે ત્રણ રૂપિયા રોજ પડે છે, અને સડક પર મજૂરી કરનારને દોઢથી બે રૂપિયા રોજ પડે છે. કોઈ પણ ખેડૂત આટલી મજૂરી ચૂકવી ન શકે. પરિણામે, નાના ખેડૂતોને મજૂર મળતા નથી. આનો એક ઉપાય એવો વિચારાયો છે કે બધા જ મજૂરોને મજૂરી અનાજમાં ચુકવાય. મહેસૂલ, મજૂરી ને પગાર એ ત્રણે માટે વિનોબા એક જ સૂચન કરે છે. એ કહે છે કે આ બધું જ અનાજના રૂપમાં ચુકવાય. પગારનો પણ એક ભાગ અનાજના રૂપમાં ચુકવાય. કુટુંબની અનાજની જરૂરત અનાજના રૂપમાં જ પૂરી પાડવામાં આવે.

### ખેતમજૂર

આજની હાલત એ છે કે જો મજૂરીથી પેટ ભરાતું હોય તો ખેતમજૂરને માલિક બનવું નથી. તમે એને પાંચ એકર જમીન આપો તો એ લેવા રાજી નહીં થાય. કહેશે કે બીજાને ત્યાં મજૂરી કરવાથી મળે છે તેટલું પણ આમાંથી નહીં પાકે.

મજૂરને અધિક વેતન મળતું હોય તો ત્યાં સુધી એ મજૂર રહેવામાં જ ફાયદો માનશે. મોટા માલિકોની સંખ્યા ઘટી જશે અને એ લોકો જાતે ખેતી નહીં કરી શકે તે દિવસે બધા જ મજૂરો કાં તો માલિક બની જશે અને કાં તો કહેશે કે ખેતીનું રાષ્ટ્રીકરણ કરી નાખો. આ સમાજવાદની પ્રક્રિયા છે. એમણે આ જ ચિત્ર જોયું છે. ૧૮૪૮માં જે કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો છપાયો હતો તેમાં પણ આ જ કલ્પના રજૂ કરવામાં આવી છે.

## કાર્યકર્તાઓનો પ્રશ્ન

એક સવાલ કાર્યકર્તાઓ અંગેનો છે. આ વિષયમાં હું થોડી પાયાની વાત કહેવા માગું છું.

આપણા ચિત્ત પર વ્યાવહારિકતાનું ભૂત ચઢી બેઠું છે. વ્યાવહારિકતા એ પોતે અસલ વસ્તુ નથી, એ તો પડછાયો માત્ર છે. આજ સુધી આપણા દેશમાં વેતનભોગી સાર્વજનિક સેવકોની પ્રતિષ્ઠા નથી મનાઈ. આ દેશમાં દક્ષિણા અને ભીખનું મહત્ત્વ છે. સમાજ પાસેથી પ્રતિગ્રહ લઈને જે માણસ સાર્વજનિક સેવા કરે છે તેને સમાજ પ્રતિષ્ઠા નથી આપતો. ગામના લોકોને ગાળ ચોપડાવીને પણ બે જણા બહુ સારું ભોજન પામે છે—એક પોલીસ ને બીજો વૈરાગી. એક દંડાવાળો ને બીજો ચીપિયાવાળો. એ લોકો ગામવાળાઓને ગમે તેવી સંભળાવશે અને છતાં આનંદથી ભોજન પામશે. એક ભગવાનને ભોગ ચડાવે છે ને બીજો સત્તાને. પરંતુ જે માણસ લોકોની સેવા કરે છે તેની પ્રતિષ્ઠા નથી. આપણે હજી સુધી આ મૂલ્યની સ્થાપના કરી શકયા નથી. રાજેન્દ્રબાબુ, રાજાજી અને પ્રફુલ્લચંદ્ર ઘોષ જેવાઓ પણ પગાર લઈને સાર્વજનિક સેવાનો પ્રયોગ કેટલાક દિવસ કરી ચૂકયા છે. આમ છતાં એમની જે વ્યક્તિગત પ્રતિષ્ઠા હતી તે આને લીધે કંઈક ઘટી જ હતી. બધું જ ત્યાગ્યા પછી પણ એ લોકો કશું જ ન લેત તો એમની પ્રતિષ્ઠા વધી હોત. પોતાની બધી જ સંપત્તિ સમાજને અર્પણ કરી દઈને પોતાના નિભાવ માટે સમાજ પાસેથી કંઈ લેવાને બદલે એ લોકો જો પોતાની સંપત્તિની એવી કંઈ વ્યવસ્થા ગોઠવી શકયા હોત કે જેથી એમને જિંદગીભર મહિને દોઢસો બસો રૂપિયા મળતા રહે અને બાકીની વધેલી બધી સંપત્તિ સમાજને સોંપી દેત તો એમની પ્રતિષ્ઠા વધારે થાત. જે માણસ પચાસ વર્ષ સુધી પોતાને દર મહિને સો રૂપિયા મળતા રહે તેવા હિસાબથી બેંકમાં પૈસા જમા કરાવી સાર્વજનિક કામ કરવા નીકળે તે વધારે પ્રતિષ્ઠિત ગણાશે. અને જે માણસ પોતાની બધી સંપત્તિ સમાજને સોંપી દીધા પછી કહે કે હવે મારો ખર્ચ સમાજ ચલાવે તો ત્યારે સમાજ એમ માનશે કે આપણે આને આપીને એના પર પાડ ચડાવીએ છીએ.

એણે પોતાના ચરિતાર્થ–નિર્વાહથી વધારે રાખ્યું હોય ત્યારે જ

લોકોની નજર એની બેંક પર જાય છે. બહુ થયું તો લોકો એ જ પૂછશે ને કે બેંકમાં કેટલા મૂકયા છે? એ જવાબ આપશે, આટલા મૂકયા છે, એમાંથી આટલા આટલા ખરચું છું. "વ્યાજ લો છો?" "ના, વ્યાજ હું નથી વાપરતો, જેટલું આવે છે તેટલું સાર્વજનિક સંસ્થાઓને આપી દઉં છું." આવું કહેનારો વધારે પ્રતિષ્ઠિત ગણાશે. આજે સમાજમાં આવી જ ધારણા ચાલે છે.

આવી પરિસ્થિતિમાં આપણે કામ કરવાનું છે.

બીજી પણ એક પરિસ્થિતિ છે. તમારે જે ક્રાંતિ કરવી છે તેમાં ધારો કે કોઈ એવું મૂલ્ય છે જે પરંપરાગત સમાજને મંજૂર નથી; તો જે દિવસે તમે એનો અમલ કરવા જશો તે જ દિવસથી સમાજ તમારું ભરણ-પોષણ કરવું બંધ કરી દેશે. તમારો વિરોધ શરૂ થઈ જશે અને તે એટલી હદે જશે કે તમને રહેવા માટે જે ઘર મળ્યું હશે તેને પણ આગ ચાંપવા તૈયાર થઈ જશે. એટલે પરંપરાગત સંસ્કારોનો વિરોધ, એમાંથી ઉત્પન્ન થનાર અપમાન અને પરંપરાગત રૂઢિઓમાંથી પેદા થનાર યંત્રણા વગેરેને જે કાર્યકર્તા સહી શકશે તે જ લોકાધારિત બની શકશે. લોકાધારિત બનવા માટે એણે આ બધી પરીક્ષાઓમાંથી પસાર થવું જ રહ્યું.

અપ્પાસાહેબ પટવર્ધન રત્નાગીરી જિલ્લામાં કામ કરે છે. રત્નાગીરીના લોકો એમને પૂજ્ય અપ્પાસાહેબ કહે છે. પરંતુ એમણે જે દિવસે કહ્યું કે સંયુક્ત મહારાષ્ટ્ર માટે આપણે ઝઘડો ન કરવો જોઈએ તે દિવસે લોકો એમના આશ્રમને આગ ચાંપવા પહોંચ્યા. અપ્પાસાહેબે કહ્યું કે 'આ આશ્રમ તમારો જ બનાવેલો છે, એને આગ ચાંપવાનો તમને અધિકાર છે. આ દેહને પણ બાળી મેલવાનો તમારો અધિકાર છે.' આમ જેમણે પોતાનું શરીર ઈશ્વરાર્પણ કરી લોક-સમર્પિત કરી દીધું હોય તેને આ કસોટીઓ પાર ઊતર્યા પછી ચરિતાર્થ—નિર્વાહનો સવાલ નહીં રહે. જેને માટે ચરિતાર્થનો સવાલ રહેશે તેણે પોતાના સાથીઓના આધાર પર રહેવું પડશે. કુટુંબમાં કમાનારા પર સૌ આધારિત હોય છે તેમ આમાં પણ સમર્થ કાર્યકર્તા ઉપર આધારિત રહેવું પડશે. એવા કાર્યકર્તાના મનમાં અહંકાર હોય અને એ એમ માને કે હું આનું ભરણપોષણ કરું છું તો તે એનો દોષ લેખાશે. બાકી આની અસમર્થતા તો

છે જ. આ વસ્તુસ્થિતિ છે. જે સામર્થ્યવાન છે તેને અભિમાન થાય છે. પણ એમ થવું એ સર્વોદયને અનુકૂળ છે ખરું ? નહીં, બિલકુલ પ્રતિકૂળ છે. તો એ ક્રાંતિને અનુકૂળ છે ખરું ? ના, ક્રાંતિ માટે પણ તદ્દન પ્રતિકૂળ છે. હું ફરિયાદ કરું છું કે આનાથી તો મારા સ્વાભિમાનને ઠેસ પહોંચે છે. તો એનો જવાબ રોકડો છે કે એવું હોય તો મારા પર આધાર ન રાખો.

આ છે કાર્યકર્તાઓના નિર્વાહની સમસ્યા. જ્યારે જ્યારે આ સવાલ ઊઠે છે ત્યારે, હું વર્ણવી નથી શકતો કે મારા ચિત્તમાં કેટલી વેદના થાય છે. જે દેશમાં આપણે ક્રાંતિ કરવા નીકળ્યા છીએ અને જ્યાં કાર્યકર્તા સર્વસ્વનો પરિત્યાગ કરીને આવે છે ત્યાં એના નિર્વાહ માટે આવો સવાલ ! ?

આવાં કારણોને લીધે મને ક્યારેક એમ લાગ્યું છે કે લોકાધારિત થવા કરતાં સંસ્થાશ્રિત બનવું વધારે સલામત છે. કારણ, તમે અસ્પૃશ્યતા-નિવારણનું કામ કરવા જાવ તો પણ સંસ્થા તમારો નિર્વાહ તો નહીં અટકાવે. હા, ચારિત્ર્યદોષ થયો હોય યા પૈસાનો દુરુપયોગ થયો હોય તો એ સાર્વજનિક પ્રકારના દોષ હોવાથી સંસ્થા નિર્વાહ રોકવાનું વિચારી શકે. પરંતુ જ્યાં સુધી કાર્યકર્તા પોતાની શક્તિ લગાડી ઈમાનદારી સાથે કામ કરતો હશે ત્યાં સુધી સંસ્થા એનો નિર્વાહ નહીં રોકે. પરંતુ કાર્યકર્તા સંસ્થા યા સંગઠનના આધાર પર રહેતો હશે તો એનો લોકસંપર્ક ઘટશે. લોકો પણ એને વિશે એમ વિચારશે કે આ તો પગારદાર છે. અને આપણો દેશ એવો અભાગિયો છે કે કોઈ બે ટંક સૂકો રોટલો પણ ખાવા પામે છે તો તે સુખી લેખાય છે. લોકો પાસેથી ભીખ માંગીને સાધુ બાવા શીરા-પૂરી ખાય અને ગાંજો ફૂંકે તોય લોકોને વાંધો નથી હોતો. પણ કાર્યકર્તા કોઈ સંસ્થામાંથી થોડું વેતન લઈને બે ટંક સૂકો રોટલો ખાતો હશે તો ગામના લોકો એની અદેખાઈ કરશે.

આ બધી વિટંબણામાંથી આપણે કાર્યકર્તાનો પ્રશ્ન ઉકેલવાનો છે.

એનો જવાબ શું હોઈ શકે ? આમાં મુખ્ય જવાબ તો એ જ રહેશે કે પગારદાર કાર્યકર્તા ક્રાંતિ કરી શકે એવું બહુ થોડું બને છે. ક્રાંતિ તો જનતા કરે છે, નાગરિક કરે છે યા તો કોઈ ક્રાંતિકારી જૂથ કરે છે. એવું જે ક્રાંતિકારી જૂથ હોય છે તેમાં

મોટા ભાગના માણસો એવા હોય છે જે પગારદાર નથી હોતા. કોણ ક્યાંથી લાવે છે તેનો હિસાબ હોતો નથી. જ્યાં ચાર જણા મળીને રહેતા હોય છે ત્યાં જે મળ્યું તે ખાઈ લે છે. કોણ લાવ્યું ને કેટલું લાવ્યું ? કોઈ હિસાબ નહીં. સૌ મળીને લાવે છે, જ્યાંથી મળે છે ત્યાંથી લાવે છે. કોઈ વધારે લાવે છે તો કોઈ થોડું. એ બધું ભેગું કરે છે અને એમ એમનો નિર્વાહ ચાલે છે. પણ આવા માણસો પણ આંગળીને વેઢે ગણાય તેટલા જ હોય છે. ટૂંકમાં, કાર્યકર્તાઓમાં પરસ્પર બંધુભાવ હોય તે વિના બીજો ઉપાય નથી. જેટલી કમાણી થાય તે બધાની ગણાય અને જે ઘર હોય તે સૌનું નિવાસસ્થાન બને.

હવે આનો શો અનુભવ આવે છે તે જોઈએ.

એક કાર્યકર્તા બધું સંપત્તિદાન લાવે છે. એના કુટુંબમાં એની પત્ની છે અને એનું એક બાળક છે. બીજા કાર્યકર્તાઓને થાય છે કે આના હાથમાં બધા પૈસા આવે છે એટલે એ આપણા બધા કરતાં જરૂર વધારે લેતો હશે. નહીં તો એની પત્ની પાસે આ નવી સાડી ક્યાંથી આવી ? આમ કાર્યકર્તાઓને અંદરોઅંદર વિશ્વાસ નથી.

આપણે લોક-પ્રતિનિધિઓની અને લોકસેવકોની ચૂંટણી કરી. બીજી પાર્ટીઓની ચૂંટણી કરતાં આ ચૂંટણી ઘણી વધારે સારી થઈ હતી એમ મને નથી લાગ્યું. એટલે પઠાણકોટમાં સર્વ સેવા સંઘનું બંધારણ રજૂ કરવામાં આવ્યું ત્યારે મેં કહ્યું કે સર્વ સેવા સંઘ માટે આ અશુભ દિન છે. કાર્યકર્તાઓએ પણ એનો સ્વીકાર કર્યો. અશુભ શા માટે ? એટલા માટે કે આપણે સ્નેહસંબંધમાંથી વૈધાનિક સંબંધની દિશામાં, બંધુત્વથી સદસ્યત્વની દિશામાં ડગ ભર્યાં છે.

એક મોટા શહેરમાં હુલ્લડ થયું. ત્યાં શાંતિસૈનિકોએ કામ કર્યું. મને એક શાંતિસૈનિકે લખ્યું કે બીજા શાંતિસૈનિકો ખોટું બોલે છે. બીજો આવીને કહે છે કે એ જુઠ્ઠાઓએ તમને કહ્યું ને તમે માની લીધું ? હવે મારે શું કરવું ? એક શાંતિસૈનિક બીજા શાંતિસૈનિક વિષે સારી વાત લખે છે તેટલી માનું અને બાકીની છોડી દઉં. આ સિવાય મારાથી બીજું થઈ શું શકે ?—જ્યાં કાર્યકર્તાઓમાં આપસમાં આવા સંબંધ હોય, સત્તાની સ્પર્ધા હોય, સંપત્તિની ઈર્ષ્યા હોય ત્યાં પછી આત્મ-પરીક્ષણનો જ અવસર છે કે

આપણે કઈ માટીના ઘડાયેલા છીએ! આપણે આ અંગે નથી વિચાર્યું તેથી જે સમસ્યા છે તે છે. નહીં તો એ ન હોત.

આ દેશમાં ભલભલાં મોટાં આંદોલનો થયાં, સ્વતંત્રતાના આંદોલનમાં આ સમસ્યા હતી, પરંતુ તે આ રૂપમાં નહોતી આવી. અને આવે પણ શી રીતે? કોણ કોને કહે કે હવે હું સત્યાગ્રહ કરવા જાઉં તો મારા કુટુંબની દેખભાળ રાખજો? કોની જવાબદારી હશે તે કોણ જાણતું હતું? કારણ, એમાં તો શરત એ હતી કે જે માણસ સત્યાગ્રહમાં ભાગ લેવા જશે તે પોતાના કુટુંબ માટે મદદની આશા નહીં રાખે. પહેલી શરત એ જ હતી. જયપ્રકાશજીએ જીવન-દાન વખતે એ શરત જાહેર કરી હતી. એમ છતાં હજારો જીવનદાન જાહેર થયાં. એનું કારણ એ છે કે આ દેશમાં સત્તા સંપત્તિ અને શસ્ત્રની જેટલી કિંમત છે તેટલી જીવનની નથી રહી—પોતાના જીવનની પણ નહીં અને પારકાના જીવનની પણ નહીં. આનો અર્થ એવો નથી કે એ બધા બહુ મોટા વીર છે, પોતાનો જાન આપવા તૈયાર છે. જીવન જ એવું શુષ્ક થઈ ગયું છે કે એ આપી દેતાં આંચકો નથી લાગતો. મોટા ભાગનું જીવન નિઃસાર થઈ ગયું હોય છે.

મને સેવક કહી શકો તો જિંદગીભર હું સુખી સેવક રહ્યો છું. મને કદી કોઈ તકલીફ નથી થઈ. તેથી મારી દૃષ્ટિ આશાવાદી હોઈ શકે. જેમની સાથે મારો તીવ્ર મતભેદ રહ્યો તેમણે પણ મને કદી સતાવ્યો નથી—ન સરકારે, ન સનાતનીઓએ. સનાતનીઓએ ક્યારેક મારો સૌમ્ય બહિષ્કાર કર્યો, પરંતુ ક્યારેય દુઃખ નથી દીધું. તેથી પણ મારી આવી વૃત્તિ બની હોય એમ બને. આમ છતાં જેટલી તટસ્થતાથી વિચારી શકાય તેટલી તટસ્થતાથી મેં આ સમસ્યા અંગે વિચાર્યું છે.

કાર્યકર્તાઓએ બને ત્યાં સુધી આત્મ-નિર્ભર—સ્વાવલંબી રહેવું જોઈએ. આત્મ-નિર્ભરતાનાં બે પાસાં છે. એક પાસું એ છે કે એ કોઈ પાસે કંઈ પણ માગતો નથી. અને બીજા પાસેથી જે કંઈ મળે છે તેનો એના મન પર કશો ભાર નથી. બીજું પાસું એ છે કે જે ક્ષેત્રમાં રહે છે તે ક્ષેત્રમાં આત્મમર્યાદાનું પાલન કરીને ચાલે છે, અને ત્યાંના લોકો એનો નિર્વાહ ચલાવે છે. આ બે પ્રકારના

પુરુષાર્થ છે જેમાંથી ઉપાર્જન થઈ શકે છે. એટલે તો એ પોતાને માટે એક ક્ષેત્ર બનાવી લે છે—ઉપાર્જનનું નહીં, સંગ્રહનું. બીજું એને અનાયાસ યોગક્ષેમ મળી રહે છે. એને માટે એણે પ્રયત્ન કરવો પડતો નથી.

ત્રીજી પદ્ધતિ એ છે કે આપણું કુટુંબ એવું હોય કે જેથી આપણે બીજા પર આધાર રાખી શકીએ. પણ એ બરાબર ખ્યાલ રાખજો કે આવો આધાર કાં તો કોઈ વ્યક્તિનો હશે અને કાં તો કોઈ સંસ્થાનો હશે. એ વ્યક્તિ તમારો સાથી હોઈ શકે અથવા સંપત્તિદાતા પણ હોઈ શકે.

આ ક્રાંતિકાર્ય અદ્ભુત પરાક્રમનું કાર્ય છે, પ્રાચીન વીર પુરુષોએ અને સાધુસંતોએ જે ચમત્કાર કર્યા હતા તેથી ઓછું મૂલ્ય આ ચમત્કારનું નથી.

એક વાર રસાયણશાસ્ત્રના એક પ્રોફેસરને એક પ્રયોગ કરવો હતો. એ વિમાસણમાં પડ્યો હતો. પ્રયોગ કરવા જાય છે તો જાન જવાનો ખતરો હતો અને ન કરે તો વિજ્ઞાનની પ્રગતિ રૂંધાતી હતી. એણે પોતાના એક મુરબ્બીની સલાહ લીધી. મુરબ્બીએ કહ્યું કે એ અખતરો કોઈ એવા મૂરખની પાસે કરાવો કે જેને ગતાગમ જ ન હોય કે આ અસંભવિત કામ છે. આ વાત લખ્યા પછી લેખક આગળ લખે છે કે લેનિન એવો જ એક બેવકૂફ આદમી હતો. બીજો કોઈ અક્કલવાળો હોત તો હિસાબ માંડત, વાતને તોળી જોત, આગળ-પાછળનો વિચાર કરત. પણ આણે એમ ન કર્યું.

સાયમને દક્ષિણ અમેરિકાને આઝાદ કર્યો. આમ તો આ કામ અશક્ય મનાતું હતું. છતાં એ ત્યાં ક્રાંતિ કરી શક્યો. એને કોઈએ પૂછ્યું કે આવું સાહસ તું શી રીતે કરી શક્યો ? એણે જવાબ આપ્યો કે આજ સુધીના ઇતિહાસમાં ત્રણ મૂર્ખશિરોમણિઓ પાક્યા છે– ઈસુ ખ્રિસ્ત, ડૉનક્વિક્ઝોટ, અને ત્રીજો હું. હું એમાંનો એક હોવાથી આ કામ સાધી શકાયું.

એટલે એક વાતની પાકી ગાંઠ વાળી લો : ક્રાંતિ શરૂ થાય છે ત્યારે એ ક્યારેય વહેવારુ નથી હોતી. એ તો સંપન્ન થઈ જાય ત્યારે જ વહેવારુ દેખાવા લાગે છે. પણ સંપન્ન થતાં પહેલાં જે

લોકોને એ વહેવારુ દેખાવા લાગે છે તે લોકો સમાજમાં બુદ્ધિમાન નથી લેખાતા. બુદ્ધિમાન એટલે ડાહ્યા–વહેવારડાહ્યા. જો કે એમને લોકો પ્રતિભાવાન માને છે પણ વહેવારડાહ્યા નથી માનતા. આપણે જે ક્રાંતિનો વિચાર કરીએ છીએ તે આજ સુધી થઈ ગયેલી બધી ક્રાંતિઓથી જરા વધારે અઘરી છે. એને માટે પરિસ્થિતિ અનુકૂળ છે, પરંતુ માણસની મનોવૃત્તિ એની સાથે કદમ મેળવી શકી નથી. વિજ્ઞાને અદ્‌ભુત વિકાસ સાધ્યો છે. પરંતુ માણસ એને અનુરૂપ પોતાનો મનોવિકાસ સાધી શકયો નથી. હૃદયનો વિકાસ પણ નથી સાધી શકયો અને મનનો પણ નથી સાધી શકયો. ત્યારે બીજી બાજુ અહિંસક ક્રાંતિ માટે આજે પરિસ્થિતિ જેટલી અનુકૂળ છે તેટલી આ પહેલાં કયારેય નહોતી. પણ પરિસ્થિતિની અનુકૂળતા સાથે માણસની મનોવૃત્તિ તાલ મેળવી શકી નથી. એમાં કાર્યકર્તા પણ સામેલ છે અને લોકો પણ સામેલ છે. વિજ્ઞાનને લઈને પરિસ્થિતિની અનુકૂળતા પેદા થઈ ગઈ છે તે માટે આપણે જવાબદાર નથી એ આપણું દુર્ભાગ્ય જ છે. આપણા પુરુષાર્થથી એ અનુકૂળતા પેદા થઈ હોત તો સાથે સાથે આપણી મનોવૃત્તિમાં પણ એને અનુરૂપ પ્રગતિ થઈ હોત. અનાયાસ આવી પડેલી વૈજ્ઞાનિક પ્રગતિના માપનો માણસ ન બની શકયો એ જ મૂળ વિરોધ છે.

બીજો પણ એક સવાલ છે. કાર્યકર્તા આપણે માટે સગુણ અને સજીવ મૂર્તિ છે. એ આપણા સ્નેહ અને શ્રદ્ધાનો પાત્ર છે. આપણે માટે બીજા કોઈ સાધુસંત નથી. આપણે માટે કાર્યકર્તા જ સર્વસ્વ છે. તેથી જ એનો સવાલ જીવતો થઈને આપણી સામે આવે છે.

### સામાજિક અન્યાય

સામાજિક અન્યાય વિષે સવાલ પૂછવામાં આવ્યો છે. એમાં પહેલો સવાલ ખાદ્ય-સમસ્યાનો છે. અનાજની વહેંચણી બરાબર થતી નથી.

આમાં સવાલ એ છે કે વહેંચણીની જવાબદારી તમે ઉપાડી શકો છો ? હું તમારી સામે કોઈ તાત્ત્વિક સવાલ મૂકતો નથી. સતારાથી મારા પર એક પત્ર આવ્યો છે. લખે છે કે 'અહીં અનાજની વહેંચણી બરાબર થતી નથી, તમે સર્વોદયવાળા એની જવાબદારી ઉપાડી લો.' યશવંતરાવ ચૌહાણને આપણે આ વાત

કહીએ તો કહેશે કે 'લો, આ તમને સોંપ્યું.' પણ સવાલ એ છે કે સરકારી નોકરો પર જે આળ આવે છે તે તમારા પર નહીં આવે કે? મને આનો અનુભવ છે.

મધ્યપ્રદેશમાં રેશનિંગ હતું ત્યારે પાટીલ સાહેબ ખાદ્યમંત્રી હતા. આપણા કસાયેલા ને ચકાસાયેલા કાર્યકર્તાઓને આપણે લાયસન્સ અપાવ્યાં. લોકોએ આવીને મને કહ્યું કે "પહેલાંના વેપારી હોશિયાર હતા, આ લોકો ફૂવડ છે. એ સિવાય બેમાં ઝાઝો ફેર નથી." આપણે ત્યાં લોક-ચારિત્ર્યનો જ અભાવ છે. ગુલઝારીલાલ નંદા મંત્રી નહોતા ત્યારે રાઉના સર્વોદય-સંમેલનમાં એક લાંબુંલચક સોગંદનામું લઈને આવ્યા હતા. મેં કહ્યું કે સોગંદ આમ તો બહુ સારા છે, પણ એને પાળશે કોણ? અહીં પાછો એ જ સવાલ છે જે બધે જ ઠેકાણે અનુભવમાં આવે છે. કોઈ માણસ કોઈ સાધુસંત કે મુનિ સામે પ્રતિજ્ઞા લે છે કે લાંચરુશવત નહીં લે. તો એ પ્રતિજ્ઞાનું એ પાલન કરે છે. પરંતુ એ જ પ્રતિજ્ઞા કોઈ સંસ્થામાં લે છે તો એને એ પાળતો નથી. કારણ, એને લાગે છે કે મુનિ તો બધી જગ્યાએ જુએ છે, એટલે એનો ડર એને લાગેલો રહે છે. પણ સંસ્થાનો વડો તો બધે જોઈ શકતો નથી. આનો ઉપાય એક જ છે, જનતામાંથી જ કેટલાક લોકો તૈયાર થાય જે એમ કહે કે અમે જવાબદારી લેવા રાજી છીએ અને પછી એ જવાબદારીનું ઈમાનદારીથી પાલન કરે ત્યારે આ કામ થશે.

બીજી સમસ્યા સંઘરાની છે. વેપારી સંઘરો કરી રાખે છે, એની સામે લોકમત તીવ્ર નથી. કારણ, બધા જ માણસોને સંઘરો કરવો હોય છે, પછી એ નાના હોય કે મોટા. પરંતુ જ્યારે વસ્તુઓની અછત હોય ત્યારે સંઘરો કરવો એ પાપ છે, કમમાં કમ આટલો લોકમત તો આપણે ઊભો કરવો જ જોઈએ. વેપારીઓમાં અને ખેડૂતોમાં પણ સંઘરાખોરી પાપ છે એવી ભાવના પેદા કરવા પ્રયત્ન થવો જોઈએ.

### કાળાબજાર

કાળા બજારનો શો ઉપાય થઈ શકે તે કમમાં કમ મને તો સમજ પડતી નથી. મેં એના પર ઘણું માથું ખર્ચ્યું છે. એક વાર તો જવાહરલાલ કાળા બજાર કરનારને ફાંસીએ લટકાવવાની વાત

કહેતા હતા. સાઉદી અરબસ્તાન અને એની આજુબાજુના અરબ દેશોમાં ચોરોના હાથ કાપી નાખવામાં આવે છે. પછી એ લોકો પોતાના ઠૂંઠા હાથ ગજવામાં લટકાવીને બજારમાં જતા હોય છે. આનો અર્થ એ થયો કે એક વાર એણે ચોરી કરી એટલે ખતમ! જિંદગીભર એને સુધરવા મોકો જ નહીં! કાળાબજારમાં દુકાનદાર જેટલો ભ્રષ્ટ હોય છે તેટલો જ ગ્રાહક પણ ભ્રષ્ટ હોય છે. એટલે કાળાબજારિયાની પ્રતિષ્ઠા ખતમ કરવી જરૂરી છે. આ વસ્તુ આપણે આપણા સમાજમાં સાધી શક્યા નથી. આપણો તો એક અદ્ભુત સમાજ છે. એમાં નૈતિકતા અને આધ્યાત્મિક પરંપરા અને સંસ્કાર રહ્યા છે. આમ છતાં અહીં ધનવાન માણસ અનૈતિક અને દુરાચારી હોય તો પણ એની પ્રતિષ્ઠા રહી છે. આપણે બે વાત કરવી જોઈએ. કાળાબજારિયાની પ્રતિષ્ઠા તોડવી જોઈએ અને લાંચિયાની પ્રતિષ્ઠા તોડવી જોઈએ. આ દેશનું દુર્ભાગ્ય છે કે લાંચખોર મંદિર કે ઘાટ બનાવી આપે, નિશાળનું મકાન કરાવી આપે કે એ જ ભ્રષ્ટાચારના પૈસાથી સત્યનારાયણની કથા પણ કરાવે તો પણ એની વાહવાહ જ થાય છે, નિંદા નથી થતી. એ જ સ્થિતિ કાળાબજારિયાની છે. કોઈ કાળાબજારિયો વિશ્વનાથજીના મંદિર પર સોનાનો કળશ ચઢાવી આપે કે એવું બીજું કંઈ કરી આપે તો લોકો એનાં પાપ ભૂલી જાય છે ને ઉપરથી વાહવાહ કરે છે તે જુદું. આપણે ત્યાં, બીજા સાથે ભોજન ન કરે તેને સદ્ગુણ માન્યો છે. વ્યભિચારી પુરુષ જે સ્ત્રી સાથે વ્યભિચાર કરે છે તેના પણ હાથનું ન જમે તો એ પવિત્ર ગણાય છે. નૈતિક સદાચાર કરતાં જાતિ-મર્યાદાઓનું પાલન કરવાને આપણો સમાજ વધારે મહત્ત્વનું લેખે છે એ આમ થવાનું કારણ છે.

●

૯

# ગ્રામોમાં શાંતિકાર્ય : સહકાર

પ્રશ્ન : ગામમાં શાંતિ સેનાએ કેવી રીતે કામ કરવું જોઈએ ?

દાદા : પહેલું કામ તો ગામમાં ઝઘડા થવાની સંભાવના ઓછી કરે. આ જે કરી શકશે તેણે શાંતિ સેનાનું કામ સફળ કર્યું. પોલીસ, અદાલત અને જેલખાનું આ ત્રણેનો ઉપયોગ સમાજમાં ઘટવો જોઈએ. ગામમાં આ સંસ્થાઓ નથી, પરંતુ એવી વ્યક્તિઓ છે જે આ ત્રણે જાતનાં કામ કરી શકતી હોય છે. એ પ્રકારની વ્યક્તિઓની ચુંગાલમાંથી ગામને છોડાવી શકો તો શાંતિ સેનાનું કામ બજાવ્યું ગણાશે.

પ્રશ્ન : પરંતુ વચગાળામાં શું કરવું ?

દાદા : ધારો કે ગામમાં ઝઘડો થયો. પણ ઝઘડો કરનારામાંથી એકને કોઈકે ધમકાવીને દબાવી દીધો. હવે ઝઘડો અદાલતમાં તો ન ગયો પણ તેથી શું વળ્યું ? મેં પહેલાં કહ્યું તેમ ગામમાં પોલીસ અદાલત ને જેલખાના જેવું કામ કરનારા કેટલાક લોકો હોય છે. એમાંથી એકે બીજાને ધમકી દીધી કે "બહાર તો નીકળ, તને જોઈ લઈએ છીએ." આટલું કહીને એણે જેલનું કામ તો કરી જ દીધું. હવે પેલો ઘરની બહાર નીકળી શકતો નથી. એવી જ રીતે કોઈ વળી ધમકી ઉચ્ચારે છે કે "જોઈએ છીએ, ગામમાં પગ તો મૂક !" તો ઝઘડો અદાલતમાં ન ગયો એટલા માત્રથી વાત પતતી નથી.

પ્રશ્ન : મધ્યમ માર્ગ શું છે ?

દાદા : મધ્યમ માર્ગ તો એ છે કે ગામના તરુણોમાં શક્તિ આવવી જોઈએ. ગામમાં ગુંડાનો, પૈસાવાળાનો, કે સત્તાધારીઓનો ડર ન રહે એવી શક્તિ આવવી જોઈએ. ગામ પર કોઈ પણ પ્રકારની આફત આવે ત્યારે તો તરુણોને આગળ કરીએ જ છીએ ને !

અંગ્રેજોના રાજ્યકાળ દરમ્યાનનો મારો અનુભવ કહે છે કે આ જાતનાં સંગઠનોથી લાભ થાય છે. નાગપુરની રાષ્ટ્રીય શાળામાં અમે મુઠ્ઠીભર શિક્ષકો હતા. પ્રારંભમાં ઘણા શિક્ષકો હતા કારણ કે વિદ્યાર્થીઓ પણ હજારોની સંખ્યામાં આવતા હતા. ત્યાર બાદ દસેક જણા બાકી રહેલા. આમ છતાં અમારો એ અનુભવ હતો કે લોકોને રાજકીય પક્ષો કે બીજી સંસ્થાઓમાં જેટલો વિશ્વાસ નહોતો તેટલો અમારામાં હતો. હુલ્લડ વખતે અમે હુલ્લડની વચ્ચે જતા. હુલ્લડખોરો અમને ઓળખી લેતા તો કહેતા કે "આ તો રાષ્ટ્રીયશાળાવાળા છે, એમને મારવા-કરવાથી ફાયદો નથી. એ લોકો મરી ગયા તો તે સારું નહીં કહેવાય." અમે આમ તો બહુ નાના માણસો હતા. અમે અમીર, સત્તાધારી કે બહુ વિદ્વાન પણ નહોતા. આમ છતાં એ બે ત્રણ લાખની વસ્તીવાળા શહેરમાં અમે આઠ-દસ જણા આટલું કામ જરૂર કરી શકતા હતા. લોકોની અમારા વિષેની માન્યતા કેવળ અમારી નિઃસ્પૃહતા અને તટસ્થતાને લીધે હતી. કામ પણ બધી જ જાતનાં કરવાનાં આવતાં. કોઈ મરેલાનું શબ સડતું હોય તો ઉપાડવાનું સદ્ભાગ્ય અમારે ભાગે આવતું. કોઈ ભંગીની ગાડી ઊંધી પડી ગઈ તો તે સીધી કરવા અમે જતા. બીજી બાજુ, શહેરના કોઈ પ્રતિષ્ઠિત માણસોમાં ઝઘડો થઈ ગયો તો એમની વચ્ચે સમાધાન કરાવવા પણ અમે જતા. હિંદુ-મુસલમાનોના હુલ્લડોમાં તેમજ સવર્ણ-અછૂતોના તોફાનોમાં શાંતિ સેનાનું કામ થઈ શકે. ગામોમાં પણ આ જાતનાં કામો થઈ શકે.

ગામડામાં ક્ષેત્ર નાનું હોવાને કારણે પાર્ટીઓ, જૂથબંધી વગેરે ભેદ વધારે તીવ્ર હોય છે. અને એ ઝઘડા છેક વ્યક્તિગત જીવન સુધી પહોંચી જાય છે. તેથી ગામડાંઓમાં તો શાંતિનું કામ કરવું બહુ જરૂરી છે. ત્યાં અનુકૂળતા હોય તો તે એ વાતની છે કે ઘણાં ગામડાં વચ્ચે મળીને એક જ પોલીસથાણું હોય છે. આજે પણ ગામડાંનું જીવન પોલીસ વગર જ ચાલે છે. ગામડાંમાં અદાલતો તો હોતી જ નથી, જેલ પણ નથી હોતી. એટલે એ રીતે પરિસ્થિતિ ઘણી અનુકૂળ છે.

## મોટા અને નાના ઉદ્યોગો

પ્રશ્ન : સરકાર અને કારખાનેદારો તો મોટા ઉદ્યોગો ચલાવે

છે, અને તમે લોકો સર્વોદય સંયોજનની વાત કરો છો!

દાદા : આમાં અમારી જે મુશ્કેલી છે તે કહું. આ દેશના લોકોને પૂછો કે તમારે ગ્રામોદ્યોગ જોઈએ છે કે મોટા ઉદ્યોગ. તો જવાબ મળશે—મોટા ઉદ્યોગ. તો પછી તમે એમના પર બળજબરીથી ગ્રામોદ્યોગ લાદશો? તમે તો બધાં કામ લોકશાહીથી કરવા માગો છો ને! તેવા સંજોગોમાં એક જ ઉપાય છે: ગ્રામસંકલ્પ કરાવવા જોઈએ. દેશમાં અનેક ક્ષેત્રોમાં એવા સંકલ્પો થવા જોઈએ કે પોતા માટે જરૂરી મોટાભાગનું ઉત્પાદન અને વિતરણ જે તે ક્ષેત્રમાં જ થવું જોઈએ. ગ્રામસ્વરાજ્ય એ આનો પ્રત્યક્ષ અને ભાવરૂપ ઉપાય છે. એ સિવાય બીજો રસ્તો નથી.

આ ગામડાંના લોકો કાપડની ને ખાંડની મિલો પર પિકેટિંગ કરવા જશે એવું તમે ધારો છો? અરે, એ તો ઊલટું માગણી કરશે કે અમારે ત્યાં પણ એક મિલ ખોલી આપો. આજે પણ એ લોકો સરકાર પાસે આવી જ માગણી મૂકે છે. હવે આપણું સાધન તો લોકશાહી છે. ગ્રામોદ્યોગના વ્રતનો સવાલ આવ્યો ત્યારે આ વાત ઊઠી હતી. મેં કહ્યું કે આ બેકાર વાત છે. વ્રતની શી જરૂર છે? ગ્રામોદ્યોગનો પણ વિકાસ થવો જોઈએ એમ તમે ઇચ્છતા હો તો જ્યાં જ્યાં નવી મિલો ખૂલવાની હોય ત્યાં જઈને વિરોધ કરવો જોઈએ. ત્યારે ધીરેનદાએ કહ્યું કે આપણે તો મિલોનો વિરોધ કરવા જશું અને આપણે જેમની ઉન્નતિની કામના કરીએ છીએ તે ગામવાળાઓ મિલનું સ્વાગત કરવા જશે. એટલે અમે વ્યક્તિગત આચરણથી શરૂ કરીએ છીએ અને તમને પણ કહીએ છીએ કે તમે પણ વ્રત લો.

આ કામમાં આ જ સૌથી મોટી મુસીબત છે, અને તેથી જ એ કામ સાધી શકાતું નથી. હજી સુધી આપણે લોકોને ગળે આપણી વાત ઉતારી જ શકચા નથી. ઔદ્યોગીકરણનું પોતાનું એક ભારે આકર્ષણ હોય છે. આપણે ત્યાં એકાદ મિલ થઈ તો એ ગૌરવની વાત ગણાય છે. આ બધી પ્રગતિની નિશાની મનાય છે. સમાજની આ ભાવનામાં આપણા કાર્યથી કશો ફેર પડચો નથી. વળી જ્યાં ગ્રામદાનો થાય છે, ગ્રામોદ્યોગ ઊભા કરવામાં આવે છે

ત્યાંના મનુષ્યનું માનસ પણ ગ્રામ-સ્વરાજ્યવાળું નથી બન્યું. આ જાતનું માનસ ઘડવું એ એક માત્ર ઉપાય છે.

બીજો પણ એક ઉપાય છે, પરંતુ એ આજે આપણી મર્યાદામાં બંધબેસતો થતો નથી. એ ઉપાય તે એ કે ચૂંટણીમાં લોકોને આપણે કહીએ કે અમે ચૂંટાઈને આવશું તો યાંત્રીકરણનો વિરોધ કરશું. પછી આપણે મોટી સંખ્યામાં ચૂંટાઈ આવીને લોકસભા અને વિધાનસભામાં જઈને એનો વિરોધ કરશું. આમાં પણ સવાલ એ આવે છે કે આવા ઘોષણા-પત્ર પર તમે ચૂંટાશો ખરા ? લોક પૂછશે કે ત્યાં જઈને તમે શું કરવાના છો ? તમે કહેશો કે તેલની મિલો બંધ કરીશું અને ઘાણી ચલાવીશું, કાપડની મિલો બંધ કરીશું અને ચરખા ચલાવીશું. તો એ લોકો કહેશે, સારુ સારુ, એટલા માટે તમારે ત્યાં જવાની જરૂર નથી, ઘેર બેઠા બેઠા કર્યા કરો તમે કરવું હોય તે !

પ્રશ્ન : આપણા દેશમાં લોકો આધ્યાત્મિકતાની વાતો માંડે છે અને સાથે સાથે ધનની વાત પણ કરે છે. આ અંતર્વિરોધ ખતમ કરવાનો ઉપાય શું છે ?

દાદા : જે લોકો આધ્યાત્મિકતાની વાતો કરે છે એમનામાં બેકારી અને ભૂખ છે. એ દૂર કરવાની જરૂર છે. આધ્યાત્મિકતાની વહેવારુ ભૂમિકા નિર્માણ કરવી હોય તો આ દેશમાં જે દીનતા, દારિદ્રય અને બેકારી છે તે દૂર કરવા રહ્યાં.

## સામ્યીકરણ

પ્રશ્ન : વર્તમાન પરિસ્થિતિમાં સ્ટાન્ડર્ડાઇઝેશન–સામ્યીકરણ કેટલે સુધી થશે તે કહો.

દાદા : આ સ્ટાન્ડર્ડાઇઝેશનની કોઈ મર્યાદા નહીં રહે. કારણ, સ્ટાન્ડર્ડાઇઝેશનનાં જે સાધનોની શોધ થઈ છે તે સાધનો પર મનુષ્યનો કાબૂ રહ્યો નથી. અને સૌથી મોટો સવાલ એ જ છે. જે સાધનો શોધાયાં છે અને જેનો આજે સમાજમાં ઉપયોગ થઈ રહ્યો છે તેના પરનું માનવીય નિયંત્રણ ઘટી ગયું છે. એનું કારણ એ છે કે હવે એની કોઈ સીમા નથી રહી. આને માટે શું કરવું જોઈશે ? માણસે સાવધાન થવું જોઈશે. સાવધાન એટલે સ્વાર્થ અને

વિકારોથી ઉપર ઊઠવું. ઉપકરણો અને સાધનોનું નિયંત્રણ મનુષ્યનું મન જ કરી શકે છે. પણ એ કયું મન? જે મનમાં સ્વાર્થ અને વિકાર ઓછા હોય. તેથી વિનોબા હમેશાં કહેતા રહ્યા છે, માણસ મનથી ઉપર ઊઠે તે આજની વૈજ્ઞાનિક આવશ્યકતા છે, પરિસ્થિતિ-જનિત આવશ્યકતા છે અને ઐતિહાસિક આવશ્યકતા છે. નામ તમારે આપવું હોય તે આપો. પોતાના મનને સમજવું અને સામાવાળાના મનને સમજવું, આપણા મનને સામાવાળાના મન પર કાબૂ રાખવાના મોહથી બચાવવું અને આપણા મન પર બીજાનું નિયંત્રણ ચાલવા ન દેવું— આ આજની આવશ્યકતા છે.

પ્રશ્ન : આ સંદર્ભમાં લોકોએ મનથી ઉપર ઊઠવાનું છે?

દાદા : બુદ્ધિ, મન જે કંઈ કહેવું હોય તે કહો. એ બેમાં શો ફરક છે તે હું નથી જાણતો. મન સંકલ્પ-વિકલ્પ કરે છે અને બુદ્ધિ નિર્ણય કરે છે. હવે મન જો સંકલ્પ-વિકલ્પરહિત થઈ શકે તો એ શાંત થઈ જશે. અને ત્યારે બુદ્ધિની નિર્ણય-શક્તિ કામ કરશે. બુદ્ધિએ નિર્ણય કરવાપણું નહીં હોય ત્યારે બુદ્ધિ આત્મસ્થ અને નિત્ય-તૃપ્ત રહેશે. પણ જો બુદ્ધિએ નિર્ણય કરવાનો હોય તો એ વિકાર-રહિત અને સંસ્કાર રહિત હોવી જરૂરી છે. પરંપરાગત સંસ્કાર, કુળના સંસ્કાર, શિક્ષણના સંસ્કાર, ઇતિહાસના સંસ્કાર આ બધાથી મુક્ત થઈ બુદ્ધિએ પરિશુદ્ધ બનવું પડશે. આવી બુદ્ધિ પરિમાર્જિત હશે અને એનો નિર્ણય પણ પરિષ્કૃત હશે. આ જાતની બુદ્ધિની જરૂર છે.

પ્રશ્ન : આપણું કામ ભૂતદયાનું હશે. ભૂતદયાથી સમાજમાં અન્યાય પેદા થશે એવું તમને નથી લાગતું?

દાદા : ભૂતદયાનો અર્થ એ છે કે જેનામાં જે શક્તિ હોય તે તે શક્તિ કમજોરને મદદ કરવા માટે વાપરે. એ અર્થ મનમાં રાખી આ સવાલ પૂછ્યો લાગે છે. પણ આ ભૂતદયા એ આપણા કામનો પાયો નથી. આપણા કામનો આધાર તો સ્નેહ છે, ભૂતદયા નહીં. સ્નેહમાં સમાનતા, નમ્રતા અને નિરપેક્ષતા હોય છે. આ ત્રણ જ્યાં નથી ત્યાં સ્નેહ નથી. સમાનતા અને નમ્રતા સાથે સાથે શી રીતે હોય છે? મને તમારે માટે આદર છે, માટે હું તમને ચાહું છું. તમને ચાહું છું માટે આદર કરું છું. તમે મારો આદર કરો છો તેથી મને ચાહો છો, અને મને ચાહો છો તેથી મારો

આદર કરો છો. આમ સ્નેહ અને પ્રતિષ્ઠા સાથે સાથે આવે છે. સ્નેહમાં નિરપેક્ષતા એટલા માટે છે કે એ વળતો સ્નેહ—પ્રતિ-સ્નેહની અપેક્ષા નથી રાખતો. વાર્તાઓમાં, નવલકથાઓમાં જેને Love–પ્રેમ કહે છે તે જાતનો પ્રેમ આ નથી. એમાં તો શારીરિકતા અને કામ-વાસના હોય છે. સાચા પ્રેમમાં એવી વાસના ન હોવી જોઈએ. તેથી ત્યાં પ્રતિ-પ્રેમની અપેક્ષા નથી એમ કહ્યું.

### ભીખ માગવાનો પ્રશ્ન

પ્રશ્ન : કોઈ મજબૂત માણસ ભીખ માગતો હોય તો એને ભીખ આપવી બરાબર છે?

દાદા : આપણે એને કામ આપી શકતા હોઈએ તો ભીખ આપવી બરાબર નથી. એનું એક બીજું પણ પાસું છે. તે એ છે કે આપણે પોતે બેઠા બેઠા ખાતા હોઈએ તો એને મહેનત કરવાનો ઉપદેશ દેવાનો અધિકાર આપણને નથી.

ભિખારીને આપણે કહેતા હોઈએ છીએ કે અહીં કોઈ માણસ નથી, જા. એ ત્રણ-ચાર વાર સાંભળ્યા બાદ જતી વખતે હાથ જોડીને કહેતો જાય છે, "હજૂર, હું તો સમજતો હતો કે સામે બેઠા છે તે આદમી છે. એમ સમજીને માગતો હતો. ભૂલ થઈ, જાઉં છું."

સામે બેઠેલો માણસ પાન ચાવી રહ્યો છે. ઓડકાર ખાય છે ને બગાસાં ખાય છે. હવે એવો માણસ આળસભર્યા અવાજે ભિખારીને કહે છે, આવો તગડો તો છે, કામ કેમ કરતો નથી? તો આનો શું અર્થ થયો?

એ વાત સાચી કે દરેક માગવાવાળાને આપણે ભીખ આપી શકીએ નહીં. પરંતુ જે દેશમાં કામ કરવાની ઇચ્છાવાળાને પણ કામ મળતું નથી, અને જ્યાં ભીખની પ્રતિષ્ઠા મનાઈ છે ત્યાં ભીખ માગનારનો જેટલો દોષ છે તેટલો જ દોષ પરિસ્થિતિનો પણ છે. આ ભૂતદયા છે, સહાનુભૂતિ છે. આટલી સહાનુભૂતિ આપણા મનમાં હોવી જોઈએ. બધા જ માગનારાને ભીખ આપવી જરૂરી નથી. ન આપીએ, પણ એને ધિક્કારવાની પણ જરૂર નથી. "કામ કરવા લાયક શરીર છે ને કામ કેમ કરતો નથી?" એમ પૂછીએ છીએ. પણ એ કામ માટે તો તૈયાર છે, એને કામ નથી મળતું

એનું શું ? કામ માટે તૈયાર તો હોય પણ કામ કરવા લાયક શરીર ન રહ્યું હોય એમ પણ બને. દા. ત. મારું જ શરીર કામ કરવા લાયક આજે નથી. એવી જ હાલત ભિખારીની પણ હોઈ શકે. આટલા બધા દિવસોના સંસ્કારને કારણે શરીરમાં કામ કરવાની ક્ષમતા ન રહી હોય, પરિશ્રમશીલતા ન રહી હોય એમ બને. શરીર મજબૂત હોવું એક વાત છે અને પરિશ્રમશીલતા હોવી બીજી વાત છે. કાશીના સ્ટેશન પરનો કૂલી જેટલો બોજો ઉપાડી શકે છે તેટલો બોજો અહીંના અખાડાનો પહેલવાન ઉપાડી નહીં શકે, કારણ કે એના શરીરમાં એટલી પરિશ્રમશીલતા નથી. તો આ બધા વિચારોમાં થોડી સમગ્રતા આવવી જોઈએ.

પ્રશ્ન : લોકોનું કહેવું છે કે અહિંસક સમાજ-રચનામાં વધારે કરકસર અને વધારે ઉત્પાદન થશે.

દાદા : આપણે એ બેમાંથી ક્યાં પહોંચવું છે ? એની કસોટી શું હશે ? મનુષ્યનો સહ-ઉપભોગ વધે તે દિશામાં આપણે જવું જોઈશે. સમાન વિતરણથી આ એક ડગલું આગળ છે. સમ્યક્ વિતરણ અને સમાન વિતરણ—આનાથી આગળનું ડગલું છે સહ-ઉપભોગ. જે પદ્ધતિ આપણને આ દિશામાં લઈ જાય તેને આપણે અપનાવીશું. વિજ્ઞાનમાં રોજે રોજ નવી નવી શોધો થાય છે, એ તો ક્યારેક આ બાજુ હશે તો ક્યારેક બીજી બાજુ.

### સહકાર સ્વયંસ્ફૂર્ત હોવો જોઈએ

પ્રશ્ન : આમ તો સહકારી ખેતી તરફ જવાશે.

દાદા : ગામમાં સહકાર તો આવવાનો જ. પણ એ સહકાર ઔપચારિક હશે કે હાર્દિક તે જ સવાલ છે. કુટુંબોમાં લગ્ન-પ્રસંગે હાર્દિક સહકારની ભાવના હોય છે તેવો સહકાર હોવો જોઈએ. એ સહકાર અલિખિત હોય છે. એના કોઈ નિયમ-કાનૂન નથી હોતા. જીવનમાં સ્વાભાવિકતા વધારે અને ઔપચારિકતા કમ હોવી જોઈએ. આને માટે કુટુંબ-સંસ્થાનો ઘણો ઉપયોગ થઈ શકે. કુટુંબ એક એવી સંસ્થા છે જેમાં ઔપચારિકતા ઓછામાં ઓછી હોય છે. એમાં સંકેત વધારે હોય છે, નિયમ ઓછા. એ જ રીતે આપણે વિશ્વકુટુંબ બનાવવું હશે તો એમાં પણ સંકેત અધિક

હશે, ઔપચારિક નિયમો ઓછા. સહકાર એ એક તત્ત્વ છે, પદ્ધતિ નથી; મનુષ્યના પારસ્પરિક સંબંધોનું નિયમન કરનારું, આપસી વહેવારમાં દાખલ કરવાનું એ તત્ત્વ છે. એટલે એને વહેવારમાં લાવવામાં ઝાઝી મુશ્કેલી ન નડવી જોઈએ. એને માટે જ્ઞાનની જરૂરત પડશે. પણ હમણાં આપણી પાસે એ જ્ઞાન નથી. અને મઝા તો એ છે કે જેની પાસે જ્ઞાન નથી તેને જ આપણે પૂછીએ છીએ. આપણામાંથી એકાદ જણને હોય તો ભલે, બાકી મોટા ભાગનાને નથી. એટલે આપણે માટે આ તો શોધખોળનો અને પ્રયોગનો વિષય છે. એ બન્ને આ ક્ષેત્રમાં થવાં જોઈએ. સહકારનો મૂળ સિદ્ધાંત એ છે કે એ સ્વયંસ્ફૂર્ત હોવો જાઈએ. નિયંત્રિત સહકાર, માર્ગદર્શિત સહકાર—આ બધું વિવશતાનો પર્યાય છે. ઘણાખરા સામ્યવાદી દેશો એનો પ્રયોગ કરી રહ્યા છે. એમનું કહેવું એમ છે કે સ્વયંસ્ફૂર્ત સહકાર અસંભવ છે. પણ જે વ્યક્તિને અહિંસક સમાજ-રચનામાં શ્રદ્ધા છે તે કહે છે કે સ્વયંસ્ફૂર્ત સહકાર અસંભવ હોય તો પછી મનુષ્યની સ્વતંત્રતા પણ અસંભવ છે. પછી તમે કહેશો કે મનુષ્યની સ્વતંત્રતાના આધાર પર સંયોજન પણ નહીં થઈ શકે.

આમાં ખ્યાલમાં રાખવાની બીજી પણ એક બાબત છે. આજે સંસ્થાઓનો એટલો વિશાળ અને અજસ્ર આકાર બની ગયો છે કે હવે એની સામે સામુદાયિક શક્તિ વગર માણસ પાસે બીજો ઉપાય બચ્યો નથી. એને માટે વ્યક્તિ-શક્તિ પૂરતી નથી. સામુદાયિક પ્રયત્નની જરૂરત છે. વ્યક્તિની આત્મશક્તિ અનંત છે, એની વ્યાપકતા અનંત છે, જ્યારે સમુદાય હમેશાં સીમિત જ રહેવાનો, પછી ભલે ને ગમે તેટલો મોટો હોય; આંતરરાષ્ટ્રીય હોય તો પણ એ સીમિત જ રહેવાનો. પરંતુ અનેક વ્યક્તિઓની આત્મ-શક્તિ ભેળી મળીને કામ કરે તો એના ગુણમાં, એની ગુણકારિતામાં વૃદ્ધિ થઈ શકે છે. આજે તો બહુ મોટા પ્રબળ સમુદાયો બની રહ્યા છે. એની સામે એક જ ઉપાય છે. આકારનો મુકાબલો કરવો હોય તો ગુણની શક્તિ હોવી જોઈએ. ગુણનો મુકાબલો ગુણ સિવાય દુનિયાની બીજી કોઈ પણ શક્તિ કરી નહીં શકે. ગુણને સીમા નથી હોતી, આકારને સીમા હોય છે. ગુણ જેટલો ઉત્કટ, તેટલી સંખ્યા ઓછી હશે. મરચું જેમ વધારે તીખું તેમ ઓછું નંખાશે. તીખાશ બહુ જ

ઓછી હશે તો લોકો એને ભાજી મૂળાને લેખે લઈ શાક બનાવી ખાશે. ટૂંકમાં ગુણ અધિક હશે તો આકારની આવશ્યકતા એટલી ઓછી જ રહેશે.

મેં તમારી સામે બે વાત મૂકી. વ્યક્તિના સામર્થ્યની અને સમુદાયના સામર્થ્યની. વ્યક્તિની અનંત શક્તિ સમુદાયમાં શી રીતે આવી શકે? એ કામ સંખ્યા દ્વારા નહીં થઈ શકે. એનો દરવાજો સંખ્યા નથી. એ કામ તો ગુણ દ્વારા જ થઈ શકે. તેથી સમુદાયોની ગુણાત્મકતા વધારવી જોઈએ. ગુણાત્મકતા વધતી જશે તેમ તેમ સમુદાયની શક્તિ, સમુદાયની ક્ષમતા વધતી જશે. સહકારની વાત હો કે બીજી કોઈ પદ્ધતિની; વિચાર પદ્ધતિને બદલે એમાં રહેલા આશયને જોવો જોઈએ. એમાં આશય શું છે? કયું તત્ત્વ છે? એ તત્ત્વ જો તમે કાઢી લો તો પછી સહકાર એના ક્ષેત્ર અને કામને અનુરૂપ જુદા જુદા ચહેરા ધારણ કરશે. થયું છે એવું કે એક સૂત્ર ગાજતું થઈ ગયું—સહકાર, સહકાર, સહકાર! પછી જોગાનુજોગ એનો એક નમૂનો પણ નીકળી આવ્યો. એટલે બધા જ હવે એની પાછળ પડ્યા છે. પણ એમ કરવાની જરૂર નથી. સહકાર તો મનુષ્યોની પારસ્પરિકતા અને સામુદાયિક જીવનનું તત્ત્વ છે. એમાં ઔપચારિકતા કમમાં કમ હોવી જોઈએ અને હાર્દિકતા વધુમાં વધુ હોવી જોઈએ. એને માટે આપણે ત્યાં પુરાણી સંસ્થા કુટુંબ છે. એનો ઉપયોગ થઈ શકતો હશે તો કરીશું, નહીં તો એના મૂલ્યોનો જ સમાજમાં વિસ્તાર કરીશું.

●

૧૦

## સત્યાગ્રહ : વ્યક્તિગત અને સાર્વત્રિક

પ્રશ્ન : ગાંધીના અને આજના સત્યાગ્રહમાં શો ફેર હશે?

દાદા : ગાંધીનો સત્યાગ્રહ સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટેનો હતો. એ વખતે લોકોની ચૂંટેલી સરકાર નહોતી. આજે સત્યાગ્રહ સામે એ પરિસ્થિતિ નથી.

પ્રશ્ન : લોકોની સરકાર પણ ફાવે તેમ વર્તે તો ?

દાદા : તો એને દૂર કરવી જોઈએ.

પ્રશ્ન : કેવી રીતે દૂર કરવી?

દાદા : લોકોએ સરકાર શી રીતે બનાવી?

પ્રશ્નકર્તા : વોટથી.

દાદા : તો વોટથી એને દૂર પણ કરી શકાય.

પ્રશ્ન : શહેરમાં આંદોલનકારીઓ શાંતિપૂર્ણ હતા, પરંતુ પાછળથી પોલીસે પોતે જ અશાંતિ કરી જેના પરિણામે આંદોલનકારીઓની ધીરજ ખૂટી અને એમ હિંસા ફાટી નીકળી. પોલીસ ઊઠીને જ ઉશ્કેરણી કરે તો પછી અહિંસાનું પાલન શી રીતે કરવું ?

દાદા : સવાલ તો એકદમ ઠીક છે. આમાં તમારે બીજો પણ એક સવાલ પૂછવો જોઈએ—શાંતિપૂર્ણ એટલે શું ? સામેવાળા શાંત રહે ત્યારે જ આપણે રહીશું ? અને સામેવાળો અશાંત બન્યો તો આપણે પણ અશાંત થઈશું ? આને શાંતિપૂર્ણ વલણ કહેવાય ખરું ? શાંતિપૂર્ણ વલણનો અર્થ તો એ છે કે સામેવાળો શાંતિભંગ કરશે તો પણ આપણે તો શાંત જ રહીશું.

તમે કહો છો કે રાતના આઠ વાગ્યા સુધી લોકો બહુ શાંત હતા અને પોલીસ પણ શાંત હતી. પોલીસ અશાંત થઈ ત્યારે ભીડ પણ અશાંત થઈ. પણ પોલીસની તો અશાંતિની જ યોજના હોય

છે. પોલીસે કે સરકારે તો અહિંસાનું વ્રત નથી લીધું. અહિંસક અને શાંત રહેવાની પ્રતિજ્ઞા કોની છે? એ પ્રતિજ્ઞા સાર્વજનિક આંદોલન કરનારાઓની છે. એનો અર્થ એ થયો કે આંદોલનકારી નિષ્ફળ ગયા ને પોલીસ સફળ થયા. તમે તમારી મર્યાદાનો ભંગ કર્યો, એ ભંગ કરાવવામાં સફળ થયા. રાવણ સફળ થયો ને લક્ષ્મણ હાર્યો.

આમાં સિદ્ધાંત ક્યાં આવ્યો? જ્યાં જ્યાં આપણે નિષ્ફળ જઈએ છીએ ત્યાં ત્યાં આપણે કહીએ છીએ કે આપણે અવહેવારુ છીએ. તો એમ જ કહો ને કે સફળતા એ જ સૌથી મોટી વ્યાવહારિકતા છે.

જનતાએ સમજી લેવું જોઈએ કે અહિંસાનો સંકલ્પ એમનો છે, સરકારનો નથી. એટલે આપણે જ આપણા સંકલ્પનું પાલન કરવું રહ્યું. એ જ આપણી તૈયારી. તૈયારીમાં કોઈ દંડ-બેઠક તો કરવાનાં નથી. અહિંસક પૂર્વ તૈયારી એટલે શું? તો કે હિંસા આચરાતી હશે ત્યાં પણ આપણો અહિંસક જ રહેવાનો સંકલ્પ રહે. ખ્યાલ રાખવાનો મુદ્દો અને ખતરાની સંભાવના એ ઠેકાણે છે કે જ્યાં સ્વાભાવિક રીતે જ લોકોમાંથી હિંસા ફૂટી નીકળે છે, કારણ આપણે તો લોકોની હિંસાનો પણ સામનો કરીશું. એટલે કે આવો ખતરો પણ આવી શકે તેની ગણતરી આપણા મનમાં રહેવી જોઈએ. લોકોમાં હિંસા ફૂટી નીકળે તો તેનો ઉપાય તો આપણા હાથમાં નથી એવી જો ધારણા રહી તો આપણું કામ નહીં થાય.

તમે શાંતિસૈનિક થાવ છો ત્યારે તમારી પ્રતિજ્ઞા તો એ હોય છે કે માર ખાઈશ પણ હાથ નહીં ઉપાડું. આમ છતાં મોકા પર માણસ સામે આવ્યો ને હાથ ઊપડી જ ગયો તો શું? આપણે એટલું જોખમ માનીને જ ચાલીએ છીએ. આમ છતાં આપણી કોશિશ એ રહે છે કે હાથ ન ઊપડે. સત્યાગ્રહમાં જે કોઈ શામેલ થાય તેનામાં કમમાં કમ એટલી શક્તિ તો હોવી જ જોઈએ. સત્યાગ્રહમાં મુખ્ય શક્તિ ભડકાવવાની નથી હોતી, સંભાળવાની હોય છે. અહિંસાનું નેતૃત્વ હિંસાને રોકવાની શક્તિમાં છે. કારણ કે હિંસામાં તો તમારો પરાજય છે. હિંસાને રોકવાની શક્તિમાં જ તમારો પુરુષાર્થ છે. હિંસક પ્રતિકારમાં હિંસા ઝડપી અને કાર્યક્ષમ

હોવી જોઈએ; એમાં સમય ઓછામાં ઓછો લાગે છે અને કાર્ય-ક્ષમતા વધુમાં વધુ હોય છે. અહિંસા પણ એ જ રીતે કાર્યક્ષમ હોવી જોઈએ.

માટે નેતાઓમાં હિંસાને રોકવાની શક્તિ હોવી જરૂરી છે. આજે મજૂર, કિસાન અને વિદ્યાર્થીઓના નેતાઓમાં એ શક્તિ નથી. એના જવાબમાં જો એમ કહેવાનું હોય કે એવી હાલતમાં અહિંસક પ્રતિકાર અસંભવ છે તો પછી આપણે વિચારપૂર્વક એની વાત છોડી દેવી જોઈએ. અમસ્તા એની પાછળ પડવામાં શું લાભ? પણ જો એનો ઉત્તર એ હોય કે ના, આપણે એ દિશામાં આગળ તો વધવું જ છે તો પછી જે એ જાતનો પ્રયોગ કરવા માગતા હોય તેમણે જનતાના કરતાં પહેલાં પોતાને ગળે આ વાત ઉતારી લેવી જોઈશે.

ક્યારેક હિંસાને રોકવા જતાં મરવું જરૂરી બની જાય છે, પરંતુ એટલું જ પૂરતું નથી. લોકોની હિંસા રોકવા જતાં અહિંસક પુરુષાર્થવાનનું મૃત્યુ થાય તેનું ભારે મોટું મહત્ત્વ છે. પરંતુ ગાંધી પછી આ દેશમાં એક પણ એવો સત્યાગ્રહી નથી પાક્યો કે જેણે પોતાના માણસોની વિરુદ્ધ સત્યાગ્રહ કર્યો હોય. આનું કારણ એ છે કે હજી સુધી આપણામાં હિંસાને રોકવાની શક્તિ આવી નથી.

પ્રશ્ન : ગાંધીજીનો સત્યાગ્રહ અંગ્રેજોની શાસન પદ્ધતિ વિરુદ્ધ હતો. આજે પણ આપણી સામે એવી અનેક સમસ્યાઓ પડી છે તો ગાંધીજીની પદ્ધતિનો સત્યાગ્રહ આપણે કેમ ન કરવો?

દાદા : મને લાગે છે આના પર આપણે થોડું વિચારવું જોઈએ. આપણે અંગ્રેજોની વિરુદ્ધ નહોતા, એમની પદ્ધતિની વિરુદ્ધ હતા. અંગ્રેજોને લોકમતનું પીઠબળ પણ નહોતું પણ આજે લોકમત કેવો છે તે આપણે જોઈ રહ્યા છીએ. અંગ્રેજોનો એવો પણ આક્ષેપ હતો કે આપણે આંદોલનકારીઓએ લોકોને ભડકાવ્યા છે. ટૂંકમાં, આ બેધારી તલવાર જેવું છે. ચકાસવા જશો તો બન્ને બાજુ કાપશે.

આપણે લોકમત કરતાં આત્મ-પ્રમાણને મોટું ગણ્યું છે. આપણો કાર્યકર્તા આત્મ-નિર્ભર હોવો જોઈએ. એને માટે અંતિમ પ્રમાણ એના અંતરાત્માનો અવાજ છે. અને તમે એ તો કહો જ

છો કે હાલની બધી રાજ્ય-પદ્ધતિઓમાં સૌથી સારી પદ્ધતિ લોકતંત્ર છે. છતાં તમારો આક્ષેપ છે કે આજનું લોકતંત્ર ઔપચારિક છે. આપણે એને હાર્દિકતા તરફ લઈ જવાનું છે. ઔપચારિક લોકતંત્રથી વાસ્તવિક લોકતંત્રની દિશામાં ડગલાં ભરવાનાં છે. પણ આજે જે લોકતંત્ર છે એને તમે ખોટું કહેતા નથી. આજે પ્રચલિત તમામ પદ્ધતિઓમાં લોકતંત્ર વધારે સારી પદ્ધતિ છે. એમાં એક માણસને એક મત હોય છે. પણ કેટલાક માણસો એ વોટ ખરીદી લે છે, અને કેટલાક છીનવી લે છે. હવે આમાં ખરીદનાર અને છીનવી લેનારની જેટલી દુષ્ટતા છે તેટલી જ વેચનારાની પણ છે. તો સત્યાગ્રહ કોના તરફથી કરશો? ખરીદવાવાળા તરફથી, વેચવાવાળા તરફથી કે ડરપોક બનીને વોટ આપી દે છે તેના તરફથી? એનો અર્થ તો એ થયો ને કે સત્યાગ્રહ એ નથી કરતો, તમે કરો છો! વિચારવાની વાત એ છે કે સત્યાગ્રહી-પ્રતિનિધિ તરીકે સત્યાગ્રહ કરશો કે લોકસંમત સત્યાગ્રહ કરશો?

બીજી પણ એક વાત વિચારજો. આજે વોટ વેચાય અને છિનવાય છે. કોઈ ગરીબ માણસ એક ધનવાનની સામે ચૂંટણીમાં જીતી જાય છે તો તમે કહો છો કે લોકમત વ્યક્ત થયો. અંગ્રેજોના વખતમાં નાનામાં નાનો કોંગ્રેસી પણ જીતી જતો. મહાપ્રતાપી અંગ્રેજી સામ્રાજ્યની સામે એક સાવ સાધારણ કોંગ્રેસી જીતી જતો હતો. આજે હવે એમ કેમ નથી થતું? ત્યારે આજે કઈ પ્રેરણા કામ કરે છે?

અંગ્રેજોના જમાનામાં એક મામૂલી નિર્ધન કોંગ્રેસી એક અમીર, વજનદાર, સરકાર-તરફી પ્રતિષ્ઠિત ઉમેદવારને પણ હરાવી દેતો હતો. આજે એવું તે શું છે કે એક ગરીબ માણસ ધનવાન માણસને હરાવી શકતો નથી? પરિસ્થિતિ આટલી બધી શી રીતે બદલાઈ ગઈ? મતદાતાના વલણમાં આટલો મોટો ફરક થવાનું શું કારણ? આને અંગે ઊંડાણથી વિચારશો તો તમારે કમમાં કમ એટલું તો માનવું જ પડશે કે અંગ્રેજી રાજ્યની જે ભૂમિકા હતી તે લોક-નિયુક્ત રાજ્યની ન હોઈ શકે. બન્નેની ભૂમિકાઓમાં મોટો ફરક છે. અંગ્રેજોનું રાજ્ય અપ્રાતિનિધિક હતું. તે વખતે જે કંઈ લોકતાંત્રિક માળખું હતું તેવું આજ પણ છે, પરંતુ મતદાતાના

વલણમાં ફેર પડી ગયો છે. તેથી આપણે યાદ રાખવું જોઈએ કે લોકોની પ્રતિકાર શક્તિને જગાડવા માટે સમસ્યાઓનો ઉપયોગ કરવો એ એક વાત છે, અને લોકોમાં એક વિધાયક શક્તિ નિર્માણ કરવી એ બીજી વાત છે. બન્ને જુદી જુદી વસ્તુ છે.

આમાં હવે શું કરવું તે ઠરાવી લેવું જોઈશે. લોકોની પ્રતિકાર શક્તિ જગાડીને સમસ્યાઓનું સમાધાન કરવું હશે તો સત્તા વગર એ સમાધાન નહીં થાય. કેવળ પ્રતિકાર એ કોઈ સમસ્યાનું સમાધાન નથી. ધારો કે તમે પ્રચંડ લોકમત જાગ્રત કર્યો. તમારા સત્યાગ્રહમાં એક લાખ માણસ ભેગું થયું. સરકાર હતી તેને હટી જવું પડયું. પણ ત્યાર પછી શું ? ત્યાર પછી પણ તમારે કંઈક કરવું તો પડશે ને ? ખાલી પડેલી જગ્યા કોણ ભરશે ? એ તમારે ભરવાની રહેશે. આ પ્રત્યક્ષ પ્રતિકાર સત્તા દ્વારા પરિવર્તનનો પ્રતિકાર છે.

હવે ગાંધી શું કહેતા હતા તે જોઈએ: એ કહેતા, "અમારું થવાનું હશે તે થશે, તમે તો અહીંથી નીકળો. અમારા દેશમાં અરાજકતા આવી જશે તેની ફિકર પણ તમે છોડો. અમને ભગવાનને ભરોસે છોડીને તમે તમારે જાવ. અમારું જે થવાનું હશે તે થશે, પણ તમારું રાજ હવે નહીં ચાલે." આજના મતદાતાનું આવું વલણ છે ખરું ? એ તો કહે છે કે આના કરતાં તો અંગ્રેજોનું રાજ સારું હતું ! એના મનમાં સ્વતંત્રતા કરતાં સુખની આકાંક્ષા અધિક છે. એ સ્વતંત્રતાવાદી નથી રહ્યો, કલ્યાણવાદી બની ગયો છે. તાત્કાલિક સમસ્યાનો ઉકેલ સત્તાધારીઓના હાથની વાત છે. તમે એને ઉકેલી નહીં શકો. તો પછી તમે શું કરી શકો ? તમે એટલું કરી શકો કે લોકોની સમસ્યાઓમાં તમે એમની સાથે થાવ, લોકોના મનમાં સત્તાધારીઓની વિરુદ્ધ ભાવના પેદા કરી લોકોને તમારા પક્ષે લાવી શકો. એના મનમાં સુખની આકાંક્ષા છે તો એને સમજાવો કે સુખ કોના હાથની વાત છે. સત્તાધારીઓના હાથની વાત હોત તો એમને મત મળવાથી ખેતરમાં અને કારખાનાંઓમાં ઉત્પાદન વધી જવું જોઈએ.

જે લોકો સમસ્યાઓ પેદા કરે છે તે તમારા હાથમાં નથી. તમે તો વચમાં ઊભા છો. એક તરફથી માલિક અને બીજી તરફથી મજૂર સમસ્યા ઊભી કરે છે. એક તરફથી સરકાર ને બીજી તરફથી

પાર્ટીવાળા સમસ્યા ઊભી કરે છે. લોકો પણ એકબીજાની સામસામે ભાષાવાદી ને સંપ્રદાયવાદી સમસ્યાઓ ઊભી કરે છે. સમસ્યા પેદા કરનારા અસંખ્ય થઈ પડ્યા છે, અને તમે તમને બ્રહ્મદેવ માની બેઠા છો એટલે માનો છો કે આ બધી સમસ્યા તમે ઉકેલી નાખી શકશો. હા, એ સમસ્યાઓનો લાભ ઉઠાવવાની વાત તમે કરતા હો તો વાત સમજાય છે. પરંતુ સમસ્યાઓ ઉકેલી નાખવાની વાત કહેતા હશો તો તો એ તમારો બહુ મોટો અહંકાર જ છે. આ બધાની સામે તમારું ગજું ઘણું નાનું છે.

### ભંગીઓની હડતાલ

પ્રશ્ન : પણ આમ તો કામ ધીરે ધીરે થાય છે, તાત્કાલિક પરિણામ આવતું દેખાતું નથી.

દાદા : સંઘર્ષ વગર કદી કોઈ તરત કંઈ કરાવી શક્યું છે કે? તરત તો એટલું કરાવી શકો કે અત્યારે વિદ્યાર્થીઓની ફી માફ થઈ ગઈ, મજૂરોને બોનસ મળી ગયું કે ભંગીઓના પગાર થોડા વધી ગયા. આટલું તરત થઈ શકે. એટલી જ તમારી શક્તિ છે. તમને લાગે કે આ લોકોની માગણી વાજબી છે, એ પૂરી થવી જોઈએ તો તમે એમને મદદ કરો. આમાં પણ એક મર્યાદા જળવાવી જોઈએ કે ભંગી હડતાલ પાડતી વખતે ખાતરી આપે કે શહેરમાં ગંદકી રહેવા નહીં દઈએ.

પ્રશ્ન : ભંગીઓની હડતાલ ચાલતી હોય ત્યારે કોઈ સત્યાગ્રહી ભંગીકામ કરી શકે ખરો?

દાદા : સત્યાગ્રહી ભંગીઓના સફાઈ કાર્યમાં જરૂર ભળી શકે. એક શરતે, ભંગીઓ એને પોતાનો દુશ્મન ન ગણતા હોય.

પ્રશ્ન : હડતાલ વખતે પણ ભંગી કામ કરતો હોય તો પછી એ હડતાલ શાની થઈ?

દાદા : એ પગાર નહીં લે.

પ્રશ્ન : પણ એની અસર તો બહુ મોડેથી થાય ને?

દાદા : હા, શહેરમાં ગંદકી વધી જાય અને એની અસર થાય તેના કરતાં આમાં અસર મોડી પડશે એ તમારો આક્ષેપ હું કબૂલ રાખું છું. તમે માનો છો કે બૂરાઈની અસર વહેલી થાય છે અને

ભલાઈની અસર મોડેથી થાય છે. આમ છતાં, સમાજમાં એ સર્વ સામાન્ય નિયમ છે કે ભલાઈની અસર ભલી જ થાય છે, ભલેને એ થોડી મોડેથી થાય! આનું કારણ તો એ છે કે દવાની અસર કરતાં ઝેરમાં કાતિલપણું વધારે હોય છે.

દવા જીવનને વધારવાનું સાધન છે, એની અસર જરા ધીરે રહીને થાય છે. એ મોડું થવાનું કારણ એ છે કે જીવનને વધારવાના કાર્યમાં જીવનનો સહકાર થવો જરૂરી છે. તમારું શરીર દવા સાથે સહકાર નહીં કરે તો જીવન વધી નહીં શકે, જ્યારે ઝેરને એવા સહકારની જરૂર નથી હોતી. તમારો પ્રતિકાર ક્ષીણ થઈ જાય તેટલું ઝેર આપવામાં આવે તો ઝેરનું કામ વહેલું પતે. જીવનમાં, સ્વાસ્થ્યમાં વિધાયક સહકારની જરૂરત હોય છે. આખું શરીર દવાની સાથે વિધાયક સહકાર કરે એ જરૂરી હોય છે. આજે આપણો સમાજ એવો થઈ ગયો છે કે બૂરાઈની અસર જલદી થાય છે, પણ જેનાથી જીવનની વૃદ્ધિ થાય તેવી વસ્તુની અસર એટલી જલદી થતી નથી. ભંગીઓની હડતાલ પડી. શહેરમાં ગંદકી વધી પડી. એમના પગાર વધી ગયા. પણ આમ થવાથી લોકોનાં મનમાં અનુકૂળતા પેદા થઈ કે પ્રતિકૂળતા?

મુંબઈમાં હડતાલ પડી ત્યારે એકનાથ ભગત અને રામ દેશપાંડે શહેરમાં સફાઈ કરવા માટે જતા હતા. તે વખતે ભંગીઓ એમને મારતા. એમને લાગતું હતું કે આ લોકો સફાઈનું કામ કરે છે તે અમારા સ્વાર્થની વિરુદ્ધ છે. શિક્ષકોની એક સભામાં બોલતી વખતે મેં દાખલો આપી કહ્યું હતું કે પૂજારીઓ હડતાલ પર ઊતરે તો બધાં મંદિર સરકારી થઈ જાય, અને પૂજારીઓ સરકારી નોકર બની જાય. પછી એમનું પણ યુનિયન બનશે. ધારો કે નર્સોએ હડતાલ પાડી. હવે જે નર્સોને બાળકોને દૂધ પાવાનું કામ સોંપવામાં આવ્યું હોય તે પણ હડતાલ પર ઊતરી હોય તો શું થશે? આ કંઈ એવી બાબતો છે જેને વિષે અહિંસક પ્રક્રિયાના સંબંધમાં વધારે ઊંડાણથી વિચારવાની જરૂર છે.

તમે એવો સવાલ પણ કરી શકો કે જનતાના પુણ્યપ્રકોપ અને સાત્ત્વિક વિક્ષોભને યોગ્ય દિશામાં ન વાળવો? વિકાર અને સ્વાર્થથી સમસ્યાઓ પેદા થાય છે. પણ પુણ્યપ્રકોપનો અર્થ અન્યાયની

સામે પ્રકોપ પ્રગટવો. સાત્ત્વિક ક્ષોભને તમે જુદું માનો છો. માણસનો સ્વાર્થ સંડોવાતો હશે ત્યાં અન્યાય જ હોય એ જરૂરી નથી. સ્વાર્થ તો છે પણ તે ન્યાય્ય છે એમ હોઈ શકે. તેથી એમાંથી પેદા થતા પુણ્યપ્રકોપ અને સાત્ત્વિક ક્ષોભને યોગ્ય દિશામાં વાળવા માટે કેટલી હદ સુધી આગળ જવું એ સવાલ છે.

સમાજમાં આપણને પૂછે, લોકો આપણને કંઈક માને એ માટે આપણે થોડું ઘણું લોકોની ઇચ્છા પ્રમાણે વર્તન કરીએ છીએ. આને demagogy—જનોત્તેજન કહે છે. લોકોની ધૂન સાથે આપણે થોડું થોડું ચાલીએ છીએ. શા માટે? એટલા સારુ કે લોકો આપણી વાત માને. તો આ એક અલગ ચીજ છે. આ તો સત્તાની રાજનીતિની દૃષ્ટિએ વિચારવા જેવું થયું—લોકોમાં આપણી પ્રતિષ્ઠા વધે અને લોકોમાં આપણો પ્રવેશ થાય, નહીં તો પ્રવેશ જ થવા પામતો નથી. આ રીતે તમે વિચારશો તો તમારી પાસે માર્ગદર્શક ધ્રુવતારો નહીં રહે.

## વિધાયક પ્રતિકાર

તમારી પાસે એક માર્ગદર્શક ધ્રુવતારો એ છે કે જે પ્રતિકાર હોય તે પૂરેપૂરો વિધાયક હોવો જોઈએ. આની એક નિશાની એ હશે કે સત્યાગ્રહીઓમાં અંદરોઅંદર સત્યાગ્રહ કરવો પડે એવો કોઈ પ્રશ્ન ન રહેવો જોઈએ. એ લોકોની અંદર કેવળ વિરોધાત્મક સહકાર નહીં, કેવળ સંઘર્ષાત્મક સહકાર પણ નહીં, પરંતુ નિત્ય ભાવરૂપ સહકાર હોવો જોઈએ. એની નિશાની એ છે કે જે દોષની વિરુદ્ધ એ લોકોએ સત્યાગ્રહ માંડ્યો છે તે દોષ પોતામાં હોય તો તેને કાઢવા મથી રહ્યા છે કે નહીં. કે પછી, અમે શું કરીએ, અમે તો પરિસ્થિતિના શિકાર છીએ અને પરિસ્થિતિ તો અમારી બનાવેલી નથી વગેરે કહીને મન મનાવે છે? આ રીતે પોતાના દોષનું નિવારણ ન કરતા હોય તો પછી સામુદાયિક પરાક્રમથી તમે એ દોષનું સમાજમાંથી શી રીતે નિરાકરણ કરવાના હતા? એ ખરું કે પરિસ્થિતિ તમારી બનાવેલી નથી, પરંતુ આપણે એ તો માનીએ છીએ ને કે સામુદાયિક પુરુષાર્થથી પરિસ્થિતિ બદલી શકાય છે! તો પછી એ માટેના સત્યાગ્રહનું સ્વરૂપ વિધાયક હોવું જોઈએ, સંઘર્ષાત્મક નહીં. રિક્ષાવાળાઓનું યુનિયન કેવળ રિક્ષાવાળાના



૮

સ્વાર્થનો જ વિચાર ન કરે; સવારીના ભાડાની બાબતમાં યુનિયન રસ લેતું હોય તો એણે સાથે સાથે એ પણ જોવું જોઈએ કે કોઈ રિક્ષાવાળો મુસાફરની સાથે બેઈમાની ન કરતો હોય, અને કરે તો એને કાબૂમાં રાખવાની શક્તિ યુનિયનમાં હોવી જોઈએ. આ શક્તિ ન હોય તો જાણવું કે એમનો પુણ્યપ્રકોપ યા સાત્ત્વિક ક્ષોભ સત્યાગ્રહને લાયક નથી, સંઘર્ષને લાયક છે. એમાંથી સંઘર્ષ જ પેદા થઈ શકે, સત્યાગ્રહ નહીં.

તમારે સમસ્યાઓની પસંદગી કરવાની છે. તમે એવી સમસ્યા પસંદ કરો કે એમાંથી ઊભો થતો પ્રતિકાર સમાજ-પરિવર્તન માટે ઉપયોગી નીવડે. કોમ્યુનિસ્ટો પણ આ જ પ્રમાણે કરે છે. તમારા હજારો સવાલો છે. પણ એ બધામાંથી એ એક-બે જ સવાલ પસંદ કરે છે જેને એ સમાજ-પરિવર્તન માટે ઉપયોગી સમજે છે. ટ્રેડ-યુનિયનિઝમ અને આની વચ્ચે ભેદ છે. કોમ્યુનિસ્ટોનાં મજૂર-આંદોલનો સમાજ-પરિવર્તનની દૃષ્ટિએ કરવામાં આવે છે જ્યારે ટ્રેડ યુનિયનનાં આંદોલનો મજૂરોના કલ્યાણની દૃષ્ટિએ કરવામાં આવે છે. પરિણામે, ટ્રેડ યુનિયન એક હદ સુધી પહોંચીને અટકી જાય છે, ત્યાં પછી એ ક્રાંતિકારી નથી રહેતું. કોમ્યુનિસ્ટો મજૂરોનું કે કિસાનોનું સંગઠન કરે છે ત્યારે એમની સાથે સમાજ-પરિવર્તનનું લક્ષ્ય હોય છે.

### સદ્ભાવનું વાતાવરણ

અહીં જોવાનું એ છે કે તમારા મનમાં કેવી ભાવના હોવી જોઈએ. આપણા મનમાં કોઈ અહિંસક પ્રક્રિયા કે સમાજનું કોઈ ચિત્ર ભલે ન હો; આપણા મનમાં કેવળ એટલું જ જાગ્રત ભાન હોય કે જે સંઘર્ષ થશે તેમાંથી માનવ માનવ વચ્ચે સદ્ભાવ જ પેદા થશે. કેટલાક લઘુમતીવાળા હશે તે સત્યાગ્રહમાં નહીં ભળ્યા હોય, કેટલાક વળી જાણભેદુ ભળ્યા પણ હશે, કેટલાક વળી એવા હશે જે ભળ્યા નહીં હોય પણ વિરોધ પણ કરતા નહીં હોય. આ બધા તરફ તમારું વલણ કેવું હશે એ બહુ મહત્ત્વનું છે.

ધારો કે કલકત્તામાં પચ્ચીસ હજાર લોકો અહિંસક ઊભા છે. સામે એક હરિજન ઊભો છે, એ આ લોકોની વિરુદ્ધ સૂત્રો પોકારે છે. તો એની શી દશા થશે? એને "અહિંસાપૂર્વક" ખતમ કરી

દેવામાં આવશે. એ તો ઠીક કે આપણો વિરોધી હોય તેના તરફ આપણો વહેવાર અહિંસક, શાંતિમય હોવો જોઈએ. પરંતુ આપણો જ સ્વજન વિરોધી હોય તો તેના તરફ આપણો વહેવાર કેવો હોવો જોઈએ એ મહત્ત્વનો સવાલ છે. એ વલણ પરથી એ સંગઠનનું વિધાયકરૂપ પરખાશે. જે જાણભેદુ હોય તેના શરીરનું અને ઇજ્જતનું સંરક્ષણ પણ સત્યાગ્રહીઓએ કરવું જોઈશે. એને જો લાગે કે એ સત્યાગ્રહીઓ વચ્ચે સુરક્ષિત છે તો તત્પૂરતો એ સત્યાગ્રહ બરાબર છે.

"આ બધા તો સત્યાગ્રહી છે, તમે કોણ છો ?"

"હું સત્યાગ્રહી નથી."

"પણ ઘરમાં કેમ ભરાઈ રહ્યા છો ?"

"સત્યાગ્રહીઓની સામે જતાં બીક લાગે છે."

"સત્યાગ્રહીઓની સામે જવામાં કોઈ હરકત નથી. કે પછી તમે કંઈ ખોટું કામ કરો છો ?"

"ના, ખોટું તો કંઈ નથી કરતો; આ સત્યાગ્રહીઓ જ ઊલટું ખોટું કરે છે."

"તો પછી ભરાઈ કેમ રહ્યા છો ?"

"ઘરમાંથી બહાર નીકળું તો પછી પાછો ફરી નહીં શકું."

આવું વાતાવરણ હોય તો તે અહિંસાનું નથી. નિઃશસ્ત્ર ટોળા પર ગોળી ચલાવાતી હોય તેથી કમ ભયાનક યા કમ અત્યાચારી આ વાતાવરણ નથી. હમણાં સવાલ ઊપડ્યો છે કે સિંહભૂમ અને અને માનભૂમ જિલ્લાઓ બંગાળમાં રહે કે બિહારમાં ? બંગાળમાં સભા ભરાઈ છે, લોકો સૂત્રો પોકારે છે કે અમે લીધા વગર છોડશું નહીં. આવે વખતે ધારો કે હું ત્યાંના સર્વોદય કાર્યકર્તાઓ પાસે જાઉં છું. એ લોકો મને એવી જ એક સાર્વજનિક સભામાં લઈ જાય છે. હું કહું છું કે આ "લેકર રહેંગે, લેકર રહેંગે" શું માંડ્યું છે ? આ બધું ખોટું છે. તો આવું બોલનાર એક માણસને એ લોકો મારી નાખે યા ન નાખે તે જુદી વાત છે, પણ બીજી વાર એનો અવાજ ત્યાં સાંભળવા નહીં મળે. આને તમે ભાષણ-સ્વાતંત્ર્ય કહેશો ખરા ? ૧૪૪ મી કલમ બહુ ખરાબ છે, પણ આ એનાથી કઈ રીતે ઊતરતી છે ?

બિહારનો કાર્યકર્તા મને બિહાર લઈ જાય છે. એ કહે છે કે સત્યાગ્રહ માટે વાતાવરણ નિર્માણ કરવાની જરૂર છે, લોકો આપસમાં વાતો કરે છે : "દાદા ધર્માધિકારી પ્રચંડ અને ઓજસ્વી વક્તા છે. એમના જેવી સર્વોદય મીમાંસા કરનાર બીજો જાણ્યો નથી. પણ એમને કહી દેજો કે સિંહભૂત અને માનભૂમ જિલ્લાની વાત ન કરે.

ગાંધીજીએ એક વાતાવરણ ઊભું કર્યું હતું. જે સભામાં ગાંધીજી હોય ત્યાં એમના વિરોધીને બોલતાં કોઈ રોકી શકતું નહીં. આપણે આપણા ક્ષેત્રમાં આમ કરવા તૈયાર છીએ ખરા ? લઘુમતી, કમજોર અને અપ્રતિષ્ઠિતને પોતાની વાત કહેવાનો મોકો હોવો જોઈએ. આજે તો એવો મોકો કેવળ અદાલતમાં હોય છે, અદાલતની બહાર નથી હોતો. અદાલતમાં અપરાધીને પણ પોતાની વાત કહેવાનો મોકો છે, પરંતુ સભ્ય સમાજમાં એવો મોકો નથી. એ મોકો હોય તેવું વાતાવરણ દેશની બધી પાર્ટીઓ મળીને પણ ઊભું કરી શકે તેમ નથી. કારણ, સત્યાગ્રહનું મુખ્ય લક્ષણ એ છે કે પ્રતિપક્ષ–સામા પક્ષ માટે મનમાં ઇજ્જતનો ભાવ હોવો જોઈએ. પણ આજે જે સત્યાગ્રહો થઈ રહ્યા છે તેમાં કોઈમાં એ વસ્તુ દેખાતી નથી. દરેક સત્યાગ્રહી પોતાની સામેવાળાને જુઠ્ઠો, બેઈમાન અને સ્વાર્થી માને છે.

## પ્રતિપક્ષી માટે આદર

તમે ગાંધીજીના લેખ, વાઈસરોય પર લખેલા એમના કાગળો વગેરે વાંચો. એમાં આવી જાતના આક્ષેપો કરેલા નહીં મળે. એમાં પ્રતિપક્ષી માટે આદરનો ભાવ છે. એવો આદરનો ભાવ ન હોય તો સત્યાગ્રહ નહીં, પણ સંઘર્ષ જ થઈ શકે. અમારી વાત કબૂલ નહીં રાખે તે સમાજમાંથી ઊખડી જશે.

માનવતાનાં જે મૂલ્યો અથવા પ્રેમને લઈને આપણે ચાલ્યા છીએ એમાંથી બે જ પરિણામ આવી શકે. સમસ્યાને સમજવા જતાં આપણે પોતે ખતમ થઈ જઈએ. આ ખતમ થવાના બે પ્રકાર હોઈ શકે : જાનથી હાથ ધોવા પડે, અથવા સમાજમાં આપણું જે સ્થાન છે તેનાથી હાથ ધોવા પડે. જે સ્નેહની પ્રેરણાથી તમે મનુષ્યોના પારસ્પરિક સંબંધોમાં પરિવર્તન લાવવા પ્રયત્ન કરી રહ્યા હો તે જ સ્નેહનો આધાર છોડવો પડે ત્યારે તમારા ચારિત્ર્યની

પરીક્ષા થાય છે. સત્યાગ્રહી ગાંધીજી આ માટે તૈયાર રહેતા.

જરા કલ્પના કરો ! આખો દેશ આ છેડાથી તે છેડા સુધી ઉત્કંઠિત થઈ રહ્યો છે કે હવે બારડોલીમાં સત્યાગ્રહ શરૂ થશે, આખા દેશમાં સત્યાગ્રહનાં મંડાણ થશે ! ૧૯૨૧નું વર્ષ પૂરું થવામાં છે અને અંગ્રેજોનું રાજ્ય પણ પૂરું થવામાં છે. દેશ આખાની પુરુષાર્થવાન વ્યક્તિઓ સત્યાગ્રહ માટે તલપાપડ થઈ રહી છે. તેવે વખતે દેશના કોઈ એક ખૂણે હિંસાની એક ઘટના બને છે અને આ માણસ ઊઠીને કહી દે છે કે સત્યાગ્રહ નહીં થાય, સત્યાગ્રહ સ્થગિત ! આવું વિચારવું યા કહેવું કેવું ભયાનક હશે એની કલ્પના કરો. જે નેતાનો પડ્યો બોલ ઝીલી લેવા આખો દેશ ઉત્સુક અને અધીર થઈ રહ્યો હતો તે પોતાની માન્યતા અને નેતૃત્વને જોખમમાં નાખી પોતાની માનવતાનું સંરક્ષણ કરે છે, પોતાના સ્વત્વનું રક્ષણ કરે છે. એમણે એ કાળે દેશમાં અહિંસાના વાતાવરણનું નિર્માણ ન કર્યું હોત તો ૧૯૨૧માં જ કોઈ ઝનૂની દેશભક્તે એમનું ખૂન કર્યું હોત. આને કહે છે ચારિત્ર્યની શક્તિ.

ગાંધીજીના વખતના સત્યાગ્રહમાં અને વિનોબાના વખતના સત્યાગ્રહમાં શો ફેર છે તે તો ગાંધી ને વિનોબા જાણે. હું એટલું જ જાણું છું કે સત્યાગ્રહમાં આટલી શક્તિ ભરી પડી હોય છે. સામાજિક ક્ષેત્રમાં, સ્ત્રી-પુરુષના સંબંધના ક્ષેત્રમાં, આર્થિક ક્ષેત્રમાં શ્રમની પ્રતિષ્ઠા માટે, અને પ્રતિકારના ક્ષેત્રમાં આત્મ-મર્યાદાના રક્ષણ માટે ગાંધીજીએ જે રોમાંચક અને રોમહર્ષક પ્રયોગો કર્યા તેનો જોટો દુનિયાના ઇતિહાસમાં નથી. એ આખાયે રાષ્ટ્રના બાપુ બની ગયા હતા. એ રાષ્ટ્રના ગૌરીશંકર શિખર પર ચઢ્યા હતા. બ્રહ્મચર્યના ક્ષેત્રમાં એમણે જે જે પ્રયોગો કર્યા તેનાથી એમના સાથીઓ પણ અકળાઈ ઊઠ્યા હતા. આર્થિક ક્ષેત્રમાં એ કોંગ્રેસને કહે છે કે ચાર આનાને બદલે એક આંટી સુતરની લો. આ બધાં ભારે હિમ્મતનાં કામ હતાં. સત્યમાં જે સત્ત્વ હોય તે સત્યાગ્રહીમાં હોવું જોઈએ.

જરા વિચારો તો ખરા, ગાંધીએ એક પણ એવું કામ કર્યું હતું ખરું કે જે લોકોને માન્ય હોય? ચરખાની જ વાત લો. રેશમી કપડાં પડતાં કરી શેતરંજી જેવાં જાડાં કપડાં પહેરવાનું

કોને ગમે? ભંગીકામ કરવાનો કોને શોખ હોય? આ દેશમાં અસ્પૃશ્યતાનિવારણ કોને જોઈતું હતું? હિંદુ-મુસલમાન એકતાની કોને પડી હતી? સ્ત્રીઓને સમાન દરજ્જો કોણ આપવા તૈયાર હતું? ઊલટા, ગાંધીના સત્યાગ્રહમાં એવા લોકો પણ હતા જે પોતાની પત્નીઓની મારઝૂડ કરતા હતા. કેટલાક તો વળી એવા પણ હતા જેમણે એક પત્ની જીવતે બીજી કરી હતી, અને કરી તો કરી પણ એને સંભાળતા પણ નહોતા. આ બધું છતાં ગાંધીમાં એક pulling force–ખેંચવાની તાકાત હતી, એક પ્રભાવ હતો. ખાદી નથી ગમતી પણ પહેરે છે, અસ્પૃશ્યતા–નિવારણ કરતા નથી છતાં ફોર્મ ભરી સહી કરે છે કે મેં પોતાના જીવનમાંથી અસ્પૃશ્યતા કાઢી નાખી છે. શા માટે? એટલા માટે કે સત્યાગ્રહમાં જોડાવું છે.

### સત્યાગ્રહની શક્તિ

લોકોના પ્રશ્નોનો લાભ ઉઠાવવામાં સત્યાગ્રહની શક્તિ નથી હોતી. એ તો હોય છે લોકોના પ્રશ્નો ઉકેલવામાં અને લોકોને પોતાની દિશામાં વાળવામાં. પોતાની દિશા એટલે કે માનવતાની દિશા. એમનું પોતાનું સ્વત્વ જાગ્રત થાય, એમની આત્મ-મર્યાદાની સ્થાપના થાય, અને વિધાયક સામુદાયિક પ્રવૃત્તિનો વિકાસ થાય. ગાંધી સત્યાગ્રહમાં આ બધું કરતા. નહીં તો આટલી શક્તિ આવી ક્યાંથી? લોકોની આવશ્યકતા અને પરિસ્થિતિ ન હોત તો વિધાતા આવી જાય તોય કશું ન થાત. વસ્તુ-નિષ્ઠાનો આધાર ન હોય તો કશુંય ન થઈ શકે. આમાંથી પ્રતિકાર પણ ઊભો થાય તો એનું પરિણામ શું આવવું જોઈએ? સદ્ભાવની સ્થાપના થવી જોઈએ.

આ કામ ગાંધી કરી શક્યા. આજે પણ ઇંગ્લંડ આપણું દુશ્મન નથી. આપણા દેશનો સાધારણ માણસ આજે ઇંગ્લંડને દુશ્મન માનતો નથી. આપણે ત્યાં જે દિવસે ગણતંત્રની સ્થાપના થઈ તે દિવસે આપણે માઉન્ટબૅટનને કહ્યું કે "તમે એક વર્ષ રહી જાવ. આજ સુધી તો તમે અમારી નબળાઈને લીધે અને તમારી મરજી-થી અહીં રહ્યા હતા, હવે અમારી મરજીથી અને તમારી સંમતિ-પૂર્વક અહીં રહો." ઇતિહાસમાં આવું ક્યારેય નથી બન્યું. એક સાચા સત્યાગ્રહીનો પરિસ્થિતિ પર કેટલો ઊંડો પ્રભાવ પડી શકે છે તેનો આ વાત પરથી ખ્યાલ આવી શકશે. ગાંધી વિભૂતિ હતા, આપણામાં

એવું વિભૂતિમત્વ નથી. પરંતુ ગુણમાં અંતર શા માટે પડવું જોઈએ? પ્રમાણમાં ભેદ હોઈ શકે, પણ ગુણમાં તો ભેદ ન હોવો જોઈએ ને! ચાંગળાભર પાણીમાં માણસ ડૂબી ન શકે, ડૂબવા માટે માથોડું પાણી જોઈએ. પણ ગુણને લાગે વળગે છે ત્યાં સુધી ચાંગળુ પાણીના ગુણ અને માથોડા પાણીના ગુણમાં કશો ફેર નથી હોતો.

સત્યાગ્રહ વિશે એક વહેવારની વાત પણ કહી દઉં. સામૂહિક કાર્યના આયોજનમાં, સંસ્થામાં, વ્યવસ્થામાં, કાર્યક્રમમાં એક 'રેફરી'ની જરૂર પડે છે. પ્રયોગમાં ક્રિયાત્મક વહેવારની વાત આવે છે. એનો નિયમ એ છે કે એમાં એકસૂત્રતા હોવી જોઈએ. વૈચારિકતાનો નિયમ એ છે કે એમાં ભિન્ન ભિન્ન વિચારોનો વિનિમય અને આદાન-પ્રદાન થવું જોઈએ. ક્રિયાત્મક વ્યાવહારિકતામાં વિચારને કાર્યાન્વિત કરવાનો હોય છે, અમલ કરવાનો હોય છે. કઈ મોટર ખરીદવી તેનો વિચાર ઘરનાં બધાં જણ સાથે બેસીને કરે. પણ મોટર કોણ ચલાવે? તો આખા ઘરનાં માણસો ડ્રાઇવરની જગા પર ચઢી બેસે તે ન ચાલે. ક્રિયાત્મક વહેવારનો આ એક નિયમ છે. એટલે જો તમારે લોકવ્યાપી સત્યાગ્રહ કરવો હોય તો એમાં પુણ્ય-પ્રકોપ, સાત્ત્વિક ક્ષોભની માત્રા કેટલી હોય, કયો સ્વાર્થ ક્રાંતિને અનુકૂળ છે, કયો વિકાર સત્યાગ્રહની પ્રક્રિયામાં ખતમ થઈ શકે તેમ છે, કઈ સમસ્યામાંથી સામાજિક પરિવર્તન માટે મોકો મળી શકે તેમ છે—આ બધી બાબતોનો લોકવ્યાપી નિર્ણય કરવા માટે કોઈ એક વ્યક્તિની સલાહને તમારે આદરણીય માનવી રહેશે. આપણો વિચાર લોકવ્યાપી સત્યાગ્રહ, લોકવ્યાપી સમાજ-પરિવર્તન અને લોકવ્યાપી ક્રાંતિનો હશે તો આપણે જે ક્રાંતિ કરવા માગીએ છીએ તે લોકવ્યાપી હશે અને ખુદ લોક જ એના વિધાતા બનશે. એટલે આપણો વિચાર એ રીતનો હોય તો આપણે એવી કોઈ એક વ્યક્તિનું માર્ગદર્શન મેળવવું રહેશે જેમનું હૃદય શુદ્ધ હશે, અને જેમની બુદ્ધિ એટલી પરિશુદ્ધ એટલે કે સ્વાર્થ વિકાર અને દ્વન્દ્વથી એટલી મુક્ત હશે કે જેથી એ વ્યક્તિ તટસ્થ થઈ ગઈ હશે. એ વ્યક્તિના વ્યક્તિત્વમાં લોકોની આવશ્યકતા, આકાંક્ષા અને સામર્થ્ય પ્રતિબિંબિત થતાં હશે.

અહિંસાની પ્રક્રિયામાં જે નેતૃત્વ હશે તે કેવું હશે? એમાં

નેતૃત્વ હશે, પણ અધિનાયકત્વ નહીં હોય. એટલે કે એ સરમુખત્યારી નહીં હોય. એમાં એટલી આજ્ઞાકારિતા નથી જેટલી સહજ માર્ગદર્શનની આકાંક્ષા છે. આ બે વચ્ચે બહુ મોટો ફરક છે.

એક વાર મનમાં ગાંઠ વળી, નિર્ણય થયો કે "હવે સત્યાગ્રહ કરવો એ મારો ધર્મ છે" પછી તો સત્યાગ્રહી પોતે છે અને એનો ભગવાન છે. કોઈ એનું સમર્થન કરે યા ન કરે, ગાંધી સમર્થન કરે યા ન કરે, અને વિનોબા સમર્થન કરે યા ન કરે — એ સ્વતઃ પ્રમાણ છે. એ પોતાના અંતરાત્મા અનુસાર વર્તે છે. એમાં જો એ કોઈ પાસેથી ભાવનાત્મક મદદની આશા રાખે છે, કોઈનાં સમર્થન યા આશીર્વાદની આશા રાખે છે, અથવા કલ્યાણની કામના એના મનમાં છે તો એટલા પ્રમાણમાં એનું સ્વતઃપ્રામાણ્ય ઘટે છે.

### વ્યક્તિગત અને સાર્વત્રિક સત્યાગ્રહ

બે જાતની સ્થિતિ છે. સ્થાનિક સામાજિક અન્યાયના અંગે આપણા આત્માનો સંકલ્પ થઈ શકે કે સત્યાગ્રહ કરવો એ મારું કર્તવ્ય છે, જ્યાં માણસ પોતે પોતાનો નિર્ણય લઈ શકે છે ત્યાં એણે પોતાના નિર્ણયની સૂચના આપી દેવી. પરંતુ જ્યાં કોઈની અનુમતિ, આશીર્વાદ અને સહયોગની અપેક્ષા રહેતી હોય ત્યાં કોઈ એક વ્યક્તિની સલાહને વધારે મહત્ત્વ આપવું રહેશે. જ્યાં લોકવ્યાપી સત્યાગ્રહ કરવાનો હોય ત્યાં એમાં એકસૂત્રતા હોવી જોઈશે.

સત્યાગ્રહનો નિર્ણય કરતાં પહેલાં એકસૂત્રતા અવશ્ય હોવી જોઈએ. ધારો કે એક ક્ષેત્ર છે, તેમાં બે કાર્યકર્તા કામ કરે છે. એક કહે છે કે સત્યાગ્રહ આવો હોવો જોઈએ, અને બીજો કહે છે કે તેવો હોવો જોઈએ. બંને જણા એક જ પક્ષે છે, એક જ પ્રયોજન માટે સત્યાગ્રહ કરવા માગે છે, પરંતુ સત્યાગ્રહના સ્વરૂપ અંગે બંને જણમાં મતભેદ છે. બન્નેના અભિપ્રાય પોતપોતાની દૃષ્ટિએ શુદ્ધ છે. આવું હોય ત્યારે બંનેનો સત્યાગ્રહ એકબીજાની સામે થશે, અથવા તો પછી એક જણો બીજાનું મત-પરિવર્તન કરશે, અથવા એક જણો એ ક્ષેત્ર છોડી દેશે. છોડશે તે ઉદ્વેગની ભાવના લઈને નહીં, પણ એટલા માટે છોડશે કે સત્યાગ્રહની એકસૂત્રતા જળવાય.

જ્યાં કાર્યકર્તા પોતે સ્થાનિક સમસ્યાને અંગે વ્યક્તિગત સત્યાગ્રહનો નિર્ણય લઈ શકે છે ત્યાં એને માનવાનો અધિકાર

છે કે 'વિનોબા પણ મારા સત્યાગ્રહની નિંદા કરે તો પણ મારો નિર્ણય શુદ્ધ છે. મારી ભૂલ મને સમજાશે તો હું પોતે મારો નિર્ણય બદલીશ." પરંતુ જ્યાં સાર્વત્રિક લોકવ્યાપી સત્યાગ્રહની તૈયારી કરવાની હોય ત્યાં એકસૂત્રતા હોવી જરૂરી છે, અને ત્યાં તમામ વ્યક્તિઓની સલાહ કરતાં કોઈ એક ચોક્કસ વ્યક્તિની સલાહને વધારે મહત્ત્વની લેખવી જોઈએ.

●

## ૧૧

# સંગઠનની અહિંસક દૃષ્ટિ

સંગઠન વિષે વિચારવા બેસીએ ત્યારે આપણને સૌથી મહત્ત્વનો સવાલ ઊભો થાય છે તે એ કે સંગઠન શાને માટે કરવાનું છે? સંગઠનની જરૂર શું છે?

મનુષ્ય એકબીજા વગર રહી શકતો નથી. એણે એકબીજા સાથે રહેવાનું છે. એકબીજા સાથે રહેવાની એની સ્વાભાવિક પ્રેરણા છે. આવી સ્વાભાવિક પ્રેરણાથી જે સંગઠન બને છે તેમનો આધાર પણ સ્વાભાવિકતા જ હોય છે અને તેથી એમાં સ્થાયી તત્ત્વ અધિક હોય છે. જે સંગઠનોનો આધાર મનુષ્યના સ્વાભાવિક પ્રકૃતિ-ધર્મ હશે તેમનામાં અનાયાસ સ્થાયી તત્ત્વ આવી સમાય છે. પણ આપણને એટલાં સંગઠનોથી સંતોષ નથી થતો. એટલે આપણે કેટલાંક એવાં સંગઠનો ઊભાં કરીએ છીએ જે ઔપચારિક અને કૃત્રિમ હોય છે. ઔપચારિક અને કૃત્રિમ સંગઠનોમાં થોડું ઘણું માનસિક પ્રશાસન આવી જાય છે. આમ એમાં કેટલુંક પ્રત્યક્ષ પ્રશાસન પણ આવે છે. ટૂંકમાં, એમાં કોઈ ને કોઈ પ્રકારનું દબાણ આવે જ છે. એટલે શુદ્ધ અહિંસા કે શુદ્ધ સ્નેહને લાગેવળગે છે ત્યાં સુધી સંગઠન એને અનુકૂળ નથી હોતું.

### પરસ્પરવિરોધી શબ્દ

"સ્વાભાવિક સંગઠન"—આ બે પરસ્પરવિરોધી શબ્દ છે. મનુષ્યને એકબીજા સાથે રહેવું છે તો રહેશે. એને માટે સંગઠન-ની આવશ્યકતા નથી. પણ જ્યારે આપણે સંસ્થા અને સંગઠનની જરૂર છે એમ કહીએ છીએ ત્યારે એનો અર્થ એ થયો કે સ્વાભાવિક પ્રેરણાથી મનુષ્યનું જેટલું સહજીવન સધાય છે એટલા-ને આપણે પૂરતું નથી માનતા. આપણે એ સહજીવનને નિયમબદ્ધ અને સુત્રબદ્ધ કરવા ઇચ્છીએ છીએ. એનો અર્થ એ થયો કે એ

સહજીવનને આપણે મર્યાદિત કરવા માગીએ છીએ. સંગઠન જીવનને ઉન્મુક્ત અને જીવનવ્યાપી રહેવા દેતું નથી. સંસ્થા રચી એટલે જીવન સંસ્થાની અંદર સમાયું. એક મર્યાદા લાગુ થઈ. જ્યાં સુધી સંસ્થા અને સંગઠન નથી બન્યાં ત્યાં સુધી જીવન અમર્યાદિત છે. સંસ્થા અને સંગઠન આવતાં જ જીવન મર્યાદિત થઈ જાય છે. ચર્ચ–ગિરજાઘર–દેવળ ધર્મભાવનાને મર્યાદિત કરે છે, અને મંદિર ભગવાનને મર્યાદિત કરે છે. તેવી જ રીતે સંસ્થા અને સંગઠન માનવને મર્યાદિત કરે છે. વિનોબા જેવો ક્રાંતિકારી પુરુષ સંગઠનના વિરોધમાં કેમ છે? એક આત્યંતિક ક્રાંતિકારી પુરુષ ક્રાંતિકાર્યમાં લાગ્યો છે છતાં એને સંગઠનમાં રુચિ નથી. એમ કેમ? એ કહે છે, અનિવાર્ય હશે તેટલું જ સંગઠન બનાવીશ, એથી વધારે નહીં બનાવું. અને અનિવાર્યતા હશે તેની માત્રા પણ ઘટાડતો જઈશ.

સંગઠનની આ અહિંસક દૃષ્ટિ છે.

## અહિંસક સંગઠન

અહિંસક સમાજમાં ઔપચારિક અને કૃત્રિમ સંગઠનો ઓછામાં ઓછાં હોવાં જોઈએ, અને જે હોય તેની સંખ્યા પણ દિવસે દિવસે ઘટતી જવી જોઈએ. સંસ્થા અને સંગઠનનો આપણે એક આપદ્ધર્મ તરીકે સ્વીકાર કરીએ છીએ. બન્નેની દૃષ્ટિ વચ્ચે અંતર છે: એક કહે છે કે જ્યાં સુધી મનુષ્ય સંગઠિત નહીં બને અને જ્યાં સુધી સંગઠન અધિક સક્ષમ નહીં બને ત્યાં સુધી સંગઠનમાં કુશળતા નહીં આવે, ત્યાં સુધી મનુષ્યનો સાંસ્કૃતિક વિકાસ નહીં થાય. બીજો કહે છે કે સંગઠનની કુશળતાની પરીક્ષા જ એ છે કે એમાં ઔપચારિકતા અને પ્રશાસનનો અંશ ઘટતો જાય અને હાર્દિકતાનો અંશ વધતો જાય. સૌથી પહેલાં તો એમાં બંધારણ અને નિયમો જ ન હોય, અને હોય તો ઓછામાં ઓછાં હોય. બંધારણ અને નિયમોના આધાર પર જ જે સંગઠન રચાય છે અને ચાલે છે તે છે રાજ્ય સંસ્થા. અને એને અંગે ગાંધીએ કહ્યું હતું કે "જે સરકાર ઓછામાં ઓછું શાસન કરે તે સરકાર સૌથી સારી. આ વાકય થોરોનું છે. એ વાકયનું ભાષ્ય કરતાં થોરોએ કહ્યું છે કે જેમાં પ્રશાસન અને હકૂમત બિલકુલ ન હોય તે શાસન-પ્રબંધ સારો. હવે રાજ્યસંસ્થા તો સૌથી ચુસ્ત સંગઠન હોય છે તેને

માટે પણ આમ કહ્યું હોય તો પછી બીજાં સંગઠનોને તો એ વાત એથી પણ વધારે લાગુ પડે છે. તેથી જ ગાંધીએ એક વાક્ય કહ્યું છે કે "સંસ્થા અને સંગઠનમાં અહિંસાની કસોટી રહેલી છે." એટલે કોઈકે કહ્યું છે કે સંસ્થા-સંગઠન એવાં હોવાં જોઈએ કે જે માનવને સંગઠન વિના સંપન્ન થનારા સહજીવનની દિશામાં લઈ જાય. સંસ્થા–સંગઠન મનુષ્યને સંગઠન–નિરપેક્ષ જીવનની દિશામાં લઈ જાય. આપણું એક જૂનું સૂત્ર છે કે માનવની સદસ્યતાનો અંત આવે, કેવળ એની માનવતા રહે. સર્વ સેવા સંઘ અંગે બોલતાં વિલક્ષણ શબ્દ-શક્તિવાળા વિનોબાએ સૂત્ર આપ્યું, 'સંઘ' વિલીન થઈ જાવ અને 'સર્વ સેવા' જ રહો. અંતમાં એ કહેશે કે 'સેવા' પણ વિલીન થઈ જાવ અને કેવળ 'સર્વ' જ રહો. સેવાની જરૂરત પણ ન રહો.

## સંગઠન શા માટે?

સૃષ્ટિ, વસ્તુ અને ઉપકરણો પર મનુષ્યનું જે પ્રભુત્વ છે તેની પરિણતી આજે મનુષ્યના મનુષ્ય પરના પ્રભુત્વમાં થઈ રહી છે. એટલે મૂળ પ્રશ્ન એ છે કે સંગઠન શેને માટે? સંગઠન સત્તા માટે કે સ્વતંત્રતા માટે? સત્તાના બે પ્રકાર હોય છે: એક ભૌતિક સત્તા એટલે પ્રકૃતિ પર સત્તા, અને બીજી સત્તા તે મનુષ્ય પર પ્રભુત્વ. આને રાજનૈતિક, સામાજિક અથવા આર્થિક સત્તા કહે છે. તમે કહો છો કે સંગઠન અને સંસ્થા સામાજિક જીવન માટે જરૂરી છે. આ જરૂરત શેને માટે છે? એમાંથી શું સધાશે? તમે શું ઇચ્છો છો? તમે કહેશો — 'સ્વતંત્રતા માટે.' 'સ્વતંત્રતા કોની?' 'વ્યક્તિની.' વ્યક્તિની સ્વતંત્રતા એટલે કે એની બુદ્ધિની સ્વતંત્રતા, એના શુદ્ધ મનની સ્વતંત્રતા. માનસિક સ્વતંત્રતા, બૌદ્ધિક સ્વતંત્રતા, અને આ બન્ને સાથે રહેલી શારીરિક સ્વાસ્થ્યની સ્વતંત્રતા, શારીરિક સંચાર, વિહાર અને પ્રવાસની સ્વતંત્રતા. આવી આવી કેટલીયે સ્વતંત્રતા ગણાવી શકાય. પણ સવાલ પેદા થાય છે એકની સ્વતંત્રતા અને બીજાની સ્વતંત્રતા વચ્ચે વિરોધ પેદા થાય છે ત્યારે ત્યાં બન્નેની સ્વતંત્રતાના રક્ષણ માટે ત્રીજી શક્તિની જરૂરત ઊભી થાય છે.

સંગઠનની આવશ્યકતા છે એમ તમે શા માટે કહો છો? એક અને બીજાના સ્વાર્થમાં વિરોધ ઊભો થાય છે, એકની સ્વતંત્રતા

બીજાની સ્વતંત્રતાની વિરુદ્ધ ખડી થાય છે, ત્યારે સંગઠનની જરૂરત વરતાય છે. માટે સંગઠનનો ઉદ્દેશ હોવો જોઈએ–બન્નેનો અવિરોધી સ્વાર્થ અને બન્નેની અવિરોધી સ્વતંત્રતા. પ્રશાસન ઓછું હોવું જોઈએ એમ કહીએ છીએ તેનો અર્થ શું થયો? એનો અર્થ એ થયો કે તમે મારી સ્વતંત્રતાની આડે નહીં આવો અને હું તમારી સ્વતંત્રતાની આડે નહીં આવું. હું તમારા સ્વાર્થ આડે નહીં આવું, તમે મારા સ્વાર્થ આડે નહીં આવો. બન્નેના સ્વાર્થ પરસ્પર અવિરોધી જ નહીં, બલકે સંવાદી હશે. આવા અવિરોધી સ્વાર્થ અને સ્વતંત્રતાનું જેમાં રક્ષણ થાય તે સંસ્થા સમન્વયાત્મક સંસ્થા ગણાશે. આવી જાતનાં સમન્વયાત્મક સંગઠનો અને સંસ્થાઓની જરૂરત છે.

### શાસનની આવશ્યકતા

હું તમારા સ્વાર્થનો વિરોધ ન કરું, તમે મારા સ્વાર્થનો વિરોધ ન કરો; હું તમારી સ્વતંત્રતાની આડે ન આવું, તમે મારી સ્વતંત્રતામાં આડે ન આવો—આને માટે કોઈ વચ્ચે પડનારા ત્રીજા જણની જરૂરત ઊભી થઈ તો મારી ને તમારી માનવતામાં ત્રુટિ જાણવી. બન્નેની સમજદારીમાં કશીક ખામી છે. એકનાથ લોકેન્દ્રની પેન પડાવી ન લે અને લોકેન્દ્ર એકનાથની પેન પડાવી ન લે તે માટે વચ્ચે બદરીભાઈને બેસાડવો પડે તો જાણવું કે બન્નેની સમજદારીમાં ખામી છે. અને આ જે ત્રીજી વ્યક્તિ વચ્ચે બેસીને બન્નેને રોકવાનું કામ કરે તેનું નામ છે શાસન.

જે સંસ્થામાં શાસનની વધારે જરૂરત પડતી હોય તે સંસ્થાના સાથીઓમાં પરસ્પર વિશ્વાસ અને સ્નેહ ઓછા હશે. અને જ્યાં પરસ્પર સ્નેહ અને વિશ્વાસ હશે ત્યાં એકબીજાના વિચાર માટે કેવળ આદર જ નહીં, અનુકૂળતા પણ હશે. આ સહિષ્ણુતા નથી, બીજાના વિચાર માટે આદર નથી, કેવળ બૌદ્ધિક ઉદારતા પણ નથી. આ તો વિશ્વાસમૂલક અને સ્નેહમૂલક અનુકૂળતા છે. આ જ સંવાદી જીવન છે.

લોક કહે છે કે એમના સંગઠન વિષે અભિપ્રાય આપો. એ શા માટે? એટલા માટે કે એમનો પોતાનો અભિપ્રાય છે તેને પાકો કરવો છે, અથવા તો સામાનો અભિપ્રાય લઈને પોતાનો અભિપ્રાય શુદ્ધ કરવો છે. અભિપ્રાય મેળવ્યા બાદ એમનો જે અભિપ્રાય છે તે પાકો પણ નથી થતો અને સુધરતો પણ નથી

ત્યારે એ આવેલા અભિપ્રાયને સમજવા ઇચ્છે છે. દોસ્તી અને મહોબ્બતથી એકબીજાને સમજવાની કોશિશ પેદા થાય છે તે જ સંસ્થાનો આત્મા છે.

### પરસ્પર સમજવાની કોશિશ

સંસ્થા અને સંગઠનને આત્મા જેવું કંઈ હોતું હશે તો અહિંસક સંસ્થા અને સંગઠનનો આત્મા એના સભ્યોને એકબીજાને સમજવાની કોશિશમાં છે. ન જ સમજાય તો કહેશે કે તમારી વાત મેં સમજવા કોશિશ કરી, હજી પણ મારી કોશિશ ચાલુ જ છે, પણ હજી સુધી હું સમજી શક્યો નથી. સામેવાળો કહેશે કે હજી સુધી તને વાત ન સમજાઈ હોય તો નિર્ણય કરી નાખવાની એવી ઉતાવળ શી છે? તું અડિયલ હોત તો વાત જુદી હતી, પણ તું અડિયલ તો નથી. વળી તું જુએ છે, અમારા બધાનો અભિપ્રાય એક તરફ છે અને તારો બીજી તરફ છે. વળી તને એ પણ ઉત્કંઠા અને ચિંતા છે કે આ બધાનો અભિપ્રાય મળતો આવે છે તો પછી મને જ કેમ નથી સમજાતો? બીજી બાજુ અમને પણ મૂંઝવણ એ વાતની છે કે અમારા બધાની વાત એક છે તો પછી અમે તને કેમ સમજાવી શકતા નથી?

બન્ને બાજુથી આવો હાર્દિક પ્રયાસ થાય તેને સંવાદી ઉત્કટતા કહે છે. સમજાવવાની ઉત્કટતા છે, સમજવાની ઉત્સુકતા છે. આવી પરસ્પર અનુકૂળ ભૂમિકા હોય છે ત્યાં સ્વાભાવિક સર્વાનુમતિ સિદ્ધ થાય છે. એ સર્વાનુમતિ ઔપચારિક નથી હોતી, હાર્દિક હોય છે. તેથી જ્યારે સર્વ સેવા સંઘ સામે એનો વિચાર કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે એમણે Unanimity શબ્દ ન લીધો. Unanimity નો અર્થ થાય છે એકમત. એમણે એકમતને બદલે 'સર્વાનુમત' શબ્દ લીધો, એનો અર્થ થાય છે harmony—સંવાદિત્વ. સંગીતમાં સંવાદિત્વ હોય છે તેવું સંવાદિત્વ. ભેદ તો છે, પણ એ બધા ભેદોને ભેગા કરીએ તો બધા ભેદો એકબીજાને અનુકૂળ છે, અને તેથી જ એમાં-થી સંવાદ પેદા થાય છે. ભિન્નતા જ્યારે પરસ્પર અનુકૂળ હોય છે ત્યારે એ ભિન્નતાઓમાંથી સંવાદ સિદ્ધ થાય છે. આને જ harmony—સંવાદિત્વ કહે છે. સર્વાનુમતિનો ખરો અર્થ તો સમૂહગીતમાં યા સામુદાયિક ગીતમાં જે સંવાદિત્વ હોય છે તે છે. ઓર્કેસ્ટ્રામાં ગાયન

અને વાદન એ બે વચ્ચે ભેદ હોય છે, પરંતુ એ બન્ને મળીને એક સંવાદ–concord સર્જે છે. અને એટલા જ માટે ગાંધીએ કહ્યું કે સંગઠન અહિંસાની કસોટી છે.

### ગાંધી સેવા સંઘ

અમે લોકો ગાંધી સેવા સંઘમાં હતા. ત્યાં કેટલાક મતભેદ હતા તે બાપુના ધ્યાનમાં આવ્યા. એ પણ ધ્યાનમાં આવ્યું કે સુભાષબાબુના કેટલાક અનુયાયીઓ એમ માનતા હતા કે આ કોંગ્રેસ તો સુભાષ-જવાહરલાલની કોંગ્રેસ છે અને બાપુની પોતાની કોંગ્રેસ તો ગાંધી સેવા સંઘ છે. આ જોઈને બાપુએ કહ્યું કે આ સંગઠનમાં દોષ પેદા થયા છે, આને હવે તોડી નાખીશ. જે સંગઠનમાં દોષ પેદા થઈ જાય તેને ટકાવી રાખવી એ અહિંસાના સિદ્ધાંતની વિરુદ્ધનું છે. જેમ સરકારમાં દોષ હોય તેને તોડવી એ મારું કર્તવ્ય છે તેમ જે સંસ્થામાં દોષ હોય તેને તોડવી મારું કર્તવ્ય છે.

કોઈ કે ગાંધીને પૂછયું કે તો પછી તમે નવું સંગઠન બનાવશો ખરા ? એમણે જવાબ દીધો કે એ તો હું નથી જાણતો. પરંતુ જો હું સંગઠન બનાવી ન શક્યો તો હું શરમાયા–સંકોચાયા વગર લોકો પાસે લાજ આઘી મેલી કબૂલ કરીશ કે અહિંસાનું સંગઠન બનાવવું અસંભવ છે. પરંતુ હજી સુધી તો મને આશા છે, અને હું પ્રયોગ કરી રહ્યો છું.

પ્રયોગ કઈ દિશામાં થવો જોઈએ તે જાણી લેવું જરૂરી છે. મહેશ પૂછે છે કે આપણને રાજ્ય તરફથી મદદ મળે છે તો પછી રાજ્યાશ્રિત સંગઠન પણ શા માટે ન બનાવી શકાય ? એટલા માટે ન બનાવાય કે આપણે સંગઠન સ્વતંત્રતાપ્રધાન બનાવવાનું છે, સત્તાપ્રધાન નહીં. બ્લડ બેંક (રક્ત-દાન)ની જ વાત લો. બકાસુરનો કોળિયો બનનારા પોતાના પ્રિયજનને બદલે પોતે જ ત્યાં ગયો હોય એવું જાણ્યું છે. ઇંદ્રને બચાવવા તથા દેવતાઓના રક્ષણ માટે ફરિયાદનો એક પણ હરફ ઉચ્ચાર્યા વગર પોતાનાં હાડકાં આપ્યાનો દાખલો આપણે જાણ્યો છે. પણ આ બધા ત્યાગ તો મહાપુરુષોના કરેલા છે. પરંતુ સામાન્ય માણસોએ આટલા મોટા પ્રમાણમાં બીજાઓ માટે રક્તદાન કર્યાનું જાણ્યું નથી. આ બધી બાબતો આ યુગનાં શુભ લક્ષણ છે, સારપ છે. વળી એક તરફ તો આ છે જ્યારે

બીજી બાજુ વિજ્ઞાનનો ઉપયોગ લોકોનાં લોહી વહેવડાવવામાં થઈ રહ્યો છે.

બે પ્રકારનાં સંગઠન છે. એક છે બ્લડ બેંક–રક્તદાન માટેનું અને બીજું છે અણુશસ્ત્રોનું–લોકોનું લોહી વહેવડાવવા માટેનું. એક સંગઠન છે લોકોના નિવાસોને રોગના કીટાણુઓથી મુક્ત કરવાનું તો બીજું સંગઠન છે લોકોના નિવાસોમાં કીટાણુઓ ઘુસાડવાનું. બંને પ્રકારનાં સંગઠનો આજે ચાલે છે. આપણી સામે સવાલ એ છે કે આપણે બેમાંથી કયા પ્રકારનું સંગઠન રચીશું? આ બન્ને જાતનાં સંગઠનોની જરૂર છે ખરી? બન્ને સમાન રૂપે જરૂરી છે કે પછી એકને આગળ વધારવા જેવું છે અને બીજાને ખતમ કરવા જેવું છે?

આમાં એક બીજો પણ ગંભીર વિચાર આવે છે. સંગઠનોની શક્તિ અને આકાર વધતાં જઈ રહ્યાં છે. મેદાનમાં છોકરા વચ્ચે મારામારી ચાલે છે, આઠ દસ વર્ષના છોકરા છે. એમના હાથ ને આંગળીઓ હજી સુકુમાર છે. એમના મુક્કા પણ એવા જ હોવાના. એટલે તમે એને બહુ ગંભીરતાથી નથી લેતા. પણ બે પ્રૌઢ વ્યક્તિઓ વચ્ચે મારામારી થતી જોશો તો ચિંતા થશે અને વચ્ચે પડવાનું મન પણ થશે કારણ કે પ્રહાર કરવાની એમની તાકાત વધારે છે. એકાદને વાગી બેસવાનો સંભવ છે. અને કોઈ બે જણ સામસામા ભરી પિસ્તોલે દ્વન્દ્વ–યુદ્ધ કરવા ખોડાયા હોય તો તે તો અત્યંત ચિંતાજનક લાગે છે કારણ કે એમાં બન્ને એકબીજાનો જાન લઈ શકે તેમ છે.

### સંગઠનોની ભયાનકતા

સંગઠનોની શક્તિ અને એમની પાસે પ્રહાર કરવાનાં સાધન જેમ જેમ વધતાં જાય તેમ સંગઠનોની ભયાનકતા પણ વધતી જાય છે. આમાં હું કેવળ સેનાની જ વાત કરું છું એમ નથી. શિક્ષણ સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ–આ બધીની પણ પ્રહાર-ક્ષમતા જેમ જેમ વધતી જશે તેમ તેમ માનવ સમાજ માટે એ વધુ ને વધુ વાંધાજનક અને ઘાતક સિદ્ધ થતી જશે. આજે પશ્ચિમમાં કઈ જાતનાં સંગઠનો બની રહ્યાં છે, એમનું સ્વરૂપ શું છે? આ અંગે ત્યાં અત્યંત વૈજ્ઞાનિક રીતે વિચાર થઈ રહ્યો છે. આપણે ત્યાં હજી

એટલું યાંત્રિકરણ નથી થયું, એટલું શિક્ષણ પણ નથી વધ્યું અને એટલી સંગઠન-પરાયણતા પણ નથી આવી. તેથી હું પશ્ચિમના પૂરા સંગઠનવાદની વાત નથી લેતો, પરંતુ આપણે શું શું લેવા જેવું છે અને શેનાથી બચવા જેવું છે તેનો વિચાર તો આજે જ કરી લેવા જેવો છે. એ બહુ જ જરૂરી છે.

### સહયોગનો આધાર

અહિંસક સંગઠન સહયોગાત્મક હોવું જોઈએ, પ્રતીકારાત્મક નહીં. એનો આધાર સહયોગ હશે. સંગઠન માત્રનો ઉદ્દેશ, આધાર અને પદ્ધતિ સહયોગની હોવી જોઈએ, પાયો એનો સહયોગનો હોવો જોઈએ અને ટોચ–શિખર પણ એનું સહયોગ જ હોવું જોઈએ.

આજે કયા પ્રકારનાં સંગઠનો રચાય છે ? આજકાલનાં સંગઠનો-માં પ્રતિકાર માટે અથવા સંઘર્ષ માટે સહયોગ સાધવામાં આવે છે. એનો સંમિશ્ર આશય બુદ્ધિને અસમંજસમાં નાખી દે છે. હૃદયને એ અભિશપ્ત કરી મૂકે છે. પછી અનુભવ થાય છે કે કોઈ પ્રતિપક્ષી ન હોય તો સંગઠનમાં પ્રાણ આવતો નથી. સામે કોઈ પ્રતિપક્ષી ન હોય ત્યાં સુધી સંગઠનમાં તેજ આવતું નથી. 'તેજ'નો અર્થ આપણે 'જવાળા' કરતા હોઈએ છીએ. 'તેજ'નો અર્થ પ્રકાશ નથી કરતા. જ્યોતિ પ્રકાશ આપે છે, પછી ભલે ને એ જરા અમસ્તી હો, જ્યારે જ્વાળામાં દાહકતા છે. આપણે સંગઠનના તેજની વાત કરીએ છીએ ત્યારે એમાં દાહકતા હોવી જોઈએ એમ કહેતા હોઈએ છીએ. એવી દાહકતા આપણા સંગઠનમાં ન હોય તો આપણને લાગે છે કે આપણું સંગઠન નિઃસત્ત્વ, નિસ્તેજ અને નિષ્પ્રાણ છે.

અહિંસક સંગઠન ફીકાં ફીકાં જેવાં કેમ લાગે છે ? કારણ કે એમાં સંઘર્ષનો મસાલો નથી, વિરોધના વઘારનો છમકારો નથી. કોઈ વસ્તુ, કોઈ સંસ્કાર, કોઈ પદ્ધતિ યા કોઈ પ્રક્રિયા આપણા વિરોધમાં હોય તો તે આવેશ માટે પૂરતું નથી લાગતું. એને માટે કોઈ પ્રતિપક્ષી હોવો જોઈએ. પણ એ કોણ હશે ?

રાવણને દસ મોઢાં હતાં તો આપણી પણ દસ ઇંદ્રિયો છે. રાવણને વીસ હાથ હતા તો આપણા પણ કુડીબંધ દોષો હોય

છે. અને રામ આપણા અંતર્યામી ભગવાન છે. કોઈકે કહ્યું કે રામાયણ ફીકી ફીકી છે, એને કોણ વાંચે? અને રામલીલા? હા, રામલીલામાં મજા આવે ખરી. એક નાનકડો અમસ્તો લાગતો જુવાન રામ રાવણ ઉપર તીર ચલાવે છે. તો એમાં જોશ આવે છે. આવા પાયા પર અહિંસક સંગઠન થઈ શકે ખરું? આ સવાલ આપણે વિચારવાનો છે.

અહિંસક પ્રક્રિયામાં પ્રતીકાર તાત્કાલિક અને નૈમિત્તિક ધર્મ છે. નિત્ય આચરણનો ધર્મ સહયોગ છે. આપણો પ્રતિપક્ષી હોય તેની સાથે પણ સહયોગ. જે જગ્યાએ એની સાથે મતભેદ હોય અને જ્યાં વિરોધ કરવો જરૂરી હોય ત્યાં જ વિરોધ. બાકી બધી જગ્યાએ સહયોગ. સહયોગ એનો નિત્ય ધર્મ છે. એટલું જ નહીં, એના પ્રતીકારમાં પણ સ્નેહનું અનુપાન રહે. તીખી પીપર ખવડાવવી હોય તો પણ મધના અનુપાન સાથે ખવડાવવી.

પ્રતીકારમાં આ સ્નેહનું અનુપાન ક્યાંથી આવે છે? એ અહિંસક સંગઠનમાંથી આવે છે. સાર્વત્રિક સ્નેહ અને સૌહાર્દનું વાતાવરણ હોય, સાર્વત્રિક સદ્ભાવ છવાયેલો હોય એવા વાતાવરણમાં સંઘર્ષ થવો જોઈએ. પણ તો પછી સંગઠન યા સંસ્થા બની હતી શા માટે? ભાવરૂપ સહૃદયતા માટે. કોઈ એક ખાસ પ્રસંગમાં તાત્કાલિક સંઘર્ષ અથવા પ્રતીકાર કરવો પડ્યો તો એમાંથી વિષમતા નહીં આવે. નહીં તો વિષમતા આવશે. અહિંસક સંગઠન સંઘર્ષ-પ્રધાન હશે તો મનુષ્યનું જીવન સંઘર્ષ-પ્રધાન બનશે, અને મનુષ્યનું જીવન સંઘર્ષ-પ્રધાન હશે તો તે યુદ્ધ-પ્રધાન બનશે. અને જીવન યુદ્ધ-પ્રધાન બન્યું તો તે પછી સશસ્ત્ર હો યા નિઃશસ્ત્ર, એ સત્તા-પ્રધાન બનશે.

આજે આપણે જોઈએ છીએ કે રાજકીય સંસ્થાઓ બીજી સંસ્થાઓનું નિયંત્રણ કરે છે. પણ રાજ્ય-સંસ્થાનું નિયંત્રણ શસ્ત્ર-સંસ્થા કરે છે. પહેલાં ધારણા એમ હતી કે રાજ્ય સંસ્થા કૂતરું છે અને શસ્ત્ર-સત્તા એની પૂંછડી છે. પહેલાં કૂતરો પૂંછડી હલાવતો, પણ હવે? હવે પૂંછડી કૂતરાને હલાવે છે.

રાજનીતિ વિના યુદ્ધ અસંભવ છે. પણ શું યુદ્ધ વિનાની રાજનીતિ સંભવ છે? આ પ્રશ્નનો જવાબ પશ્ચિમવાળા શોધે છે.

આવો જ ઉત્તર આપણે પણ શોધવાનો છે. તેથી આપણે કહીએ છીએ કે આપણું સંગઠન સત્તા-નિરપેક્ષ હોવું જોઈએ. દરેક જણ પાસે સહયોગ અને સહાયતા લેવાં એ પરાવલંબન નથી. પરંતુ કોઈકને ભરોસે જીવવું, એના આશ્રિત થઈ જવું એ પરાવલંબન છે. આપણું સંગઠન સત્તા-નિર્ભર ન હોવું જોઈએ, રાજ્યાવલંબી ન હોવું જોઈએ અને સંઘર્ષ-પ્રવણ પણ ન હોવું જોઈએ. સંઘર્ષ-પ્રવણ એટલે પ્રતીકારાભિમુખ.

કોલેજમાં છોકરાંઓને શા માટે તાલીમ આપો છો ? તો કે' છેવટે યુદ્ધ કરવાનું આવવાનું છે. કારખાનાં કેમ ખોલો છો ? કારણ છેવટે યુદ્ધ કરવાનું આવવાનું છે. દેવળોમાં પ્રાર્થનાઓ શા માટે ચાલે છે ? યુદ્ધમાં જીત આપણી થાય તે માટે. આમ આપણાં બધાં સંગઠનો પ્રતીકારાભિમુખ હશે તો એમાં પ્રતીકારનો અંશ વધતો જશે, સહયોગનો અંશ ઘટતો જશે. અમેરિકા અને ઇંગ્લેંડ વચ્ચે ખૂબ સહયોગ છે. 'સીટો' અને 'નાટો' રાષ્ટ્રો વચ્ચે પણ ખૂબ સહયોગ છે. પણ એ સહયોગ શા માટે છે ? રશિયાના દાંત ખાટા કરવા છે. ચીન-રશિયા વચ્ચે પણ ખૂબ સહયોગ. છે. કેમ ? અમેરિકાના દાંત ખાટા કરવા છે માટે.* આ સહયોગમાં આવેશ છે, ઉન્માદ છે, પ્રખરતા અને તીવ્રતા છે. લશ્કર માત્રમાં જેટલો સહયોગ હોય છે તેટલો કોઈ શાંતિમય સંસ્થામાં નથી હોતો, એનું કારણ એ છે કે સેનાનો કુલ સહયોગ વિરોધ માટે હોય છે. એ શત્રુ કોણ હશે ? જર્મની ? અમેરિકા ? નહીં. હિટલર હશે, સ્ટાલિન હશે, આઈઝનહોવર હશે. આઈઝનહોવરની જગ્યાએ ટ્રુમેન આવ્યો તો ટ્રુમેન શત્રુ હશે. તમારો વિરોધી કોઈ એક મનુષ્ય નહીં હોય ત્યાં સુધી તમારું સંગઠન પ્રાણવાન નહીં બને. ભૂમિહીનોનું સંગઠન કોની વિરુદ્ધ ? તો કે' માલિકીની વિરુદ્ધ. તો એમાં જોશ નહીં આવે. માલિકી કોઈ ઠેકાણે થોડી જ વસે છે ? તેવી જ રીતે લાલ રંગ સામે સંગઠન કરો તો જોશ નહીં આવે, પણ સામ્યવાદીઓ સામે સંગઠન કરશો તો એમાં જોશ આવશે.

---

* આ ભાષણો ૧૯૬૦ના પ્રારંભમાં અપાયાં હતાં, ત્યારની વાત છે.

પ્રશ્ન એ છે કે શું આ અનિવાર્ય છે?

અહિંસાત્મક પ્રતિરોધાત્મક સત્યાગ્રહનો જવાબ એ છે કે દુનિયામાં આપણો પ્રતિપક્ષી કોઈ નથી. બધાં જ આપણાં સ્વજન છે. આપણે પ્રતીકાર બૂરાઈનો, પાપનો, દોષનો કરીએ છીએ, કોઈ વ્યક્તિનો નથી કરતા. આપણે આપણાં સંગઠનોમાં આ વસ્તુને પકડી છે ખરી? તો આવું હોય સેવા-પ્રધાન સંગઠન. વળી સેવા-પ્રધાન સંગઠનનો અર્થ એવો પણ નથી કે એ કોઈ આફતના પ્રસંગોની રાહ જોતું સંગઠન છે. ક્યાંક આફત આવી પડી, દુઃખ આવી પડ્યું, સંકટ આવી પડ્યું તેની ભાળ રાખ્યા કરે અને ત્યાં દોડી જાય એવું જે સંગઠન છે તે સેવા-પ્રધાન સંગઠન નથી. સમાજમાં સહ-જીવનની બુનિયાદોને મજબૂત કરે તે સેવા-પ્રધાન સંગઠન કહેવાય. એ દુઃખ-દારિદ્રય, દીનતા, સંકટ અને આફતનું નિવારણ પણ સહયોગથી કરતું હશે. એટલે કે એના નિવારણની પ્રક્રિયામાં પણ સહયોગ હશે. એવું નહીં હોય કે એક તો નિવારણ-કર્તા હશે, ઉદ્ધારકર્તા હશે અને બીજો શરણાગત હશે. આવી ભૂમિકા નહીં હોય. એની ભૂમિકા અન્યોન્ય સહયોગની હશે. માટે આપણું સંગઠન સહયોગાત્મક સંગઠન હોવું જોઈશે.

●

૧૨

# સંગઠનની પ્રેરણાનું મૂળ : પ્રેમ

તમે એમ કહેશો કે અમારે એવું સંગઠન બનાવવું છે જેમાં પ્રશાસન નહીં હોય, બંધારણ નહીં હોય, આજ્ઞાપન અને આજ્ઞા-પાલન બન્ને નહીં હોય તો લોક કહેશે કે આજ સુધીનો જે કંઈ અનુભવ છે તે પ્રમાણે જોતાં તો આવું સંગઠન અસંભવ છે. બે પ્રકારના જવાબ મળશે. એક તો એ કે એ પોતે અસંભવ વાત છે, અને બીજું એ કે હા, માણસનો સ્વભાવ છે તેના કરતાં જુદો હોત તો એમ થઈ શકત. એક પાશ્ચાત્ય વિચારકે આ જવાબોને We cant અને Could it એવાં નામ આપ્યાં છે. Could it એટલે કે આમ આમ હોત તો અમે કરી શકત. અને We cant એટલે કે અમારાથી એ બને તેમ નથી. આ બન્નેનું કારણ શું છે? એનું કારણ એ છે કે અહિંસક પ્રતીકાર અને અહિંસક સંગઠનની સંભા-વનાઓના બારામાં શોધખોળ થવી જોઈએ એ વાત તરફ આપણી પ્રવૃત્તિ જ નથી. જેને આપણે વહેવારુ, ભૌતિક અથવા નિયમબદ્ધ બંધારણીય સંગઠન કહીએ છીએ, એના સંસ્કાર આપણા પર એટલા પાકા બેઠા છે કે આપણે બીજી જાતના સંગઠનના પ્રયોગ જ કરવા માગતા નથી. પરંતુ પેલાં સંગઠનો સફળ થયા હોત તો બીજા પ્રયોગ કરવાની જરૂરત જ શી હતી?

પરંતુ એ બંધારણીય અને પ્રશાસનાત્મક દુનિયામાં ક્યાંય સફળ નથી થયા. આ આપણી આંખોની સામે હોવા છતાં આપણે એ વાતને સ્વીકારવા તૈયાર નથી. આનો પ્રત્યક્ષ પુરાવો એ છે કે દુનિયામાં કોઈ પણ લડાઈ ચાહતું નથી. આમ છતાં કેવળ લડાઈ જ નથી થતી, એની તૈયારી પણ ચાલતી જ રહે છે. આનું કારણ એ છે કે લડાઈના ભૂતકાળના સંસ્કાર આપણા મન પર પડેલા છે. આજની લડાઈની તૈયારીનું પરિણામ આવતી કાલની લડાઈ

છે. આ ‘ લડાઈ ’ની જગ્યાએ ‘ સંઘર્ષ ’ શબ્દ મૂકો, યા ‘ પ્રતીકાર ’ શબ્દ મૂકો, પછી સશસ્ત્ર નિઃશસ્ત્રનો વચ્ચે ભેદ નથી રહેતો. આનું કારણ એ છે કે મનુષ્યની આકાંક્ષા તો સંઘર્ષનો અંત લાવવાની છે, પણ એનું મન એ માટે તૈયાર નથી.

### અભિમન્યુનો ચક્રવ્યૂહ

બે વચ્ચે ફેર છે. ‘ઇચ્છા છે’ પણ ‘મનનો નિર્ણય’, મનનો ઇરાદો નથી. ઇરાદો કેમ નથી ? લડાઈ, સંઘર્ષ અને પ્રતીકાર વગર પણ સજીવ સંસ્થા અને સજીવ સંગઠન ચાલી શકે એની એને પતીજ નથી પડી. એણે મોટા મોટા પહાડો ખોદી નાખ્યા છે. પર્વતોને ભોંયસોતા કરી શકે, સમુદ્રો અને ખીણોને લાંઘી જઈ શકે અને એના પર પુલ બનાવી શકે એવાં સાધન એની પાસે છે. પરંતુ મનુષ્યના સંસ્કારોના પહાડોને સપાટ કરી શકે, એમને કોરી શકે અને માણસ માણસ વચ્ચેની ખાઈ પર પુલ બાંધી શકે એવી શક્તિ એની બુદ્ધિમાં દેખાતી નથી. આ અભિમન્યુનો ચક્રવ્યૂહ છે. મનુષ્ય પોતાની બનાવેલી ભુલભુલામણી દુનિયામાં જ અટવાઈ પડચો છે.

એક કારખાનામાં એક માણસ પાંચ હજાર માઈલ પર ફેંકી શકાય તેવું શસ્ત્ર બનાવે છે. શસ્ત્ર બનાવીને એ તો પોતાને ઘેર ચાલ્યો જાય છે. કદાચ કાળક્રમે મરી પણ જાય છે. પરંતુ એના બનાવેલા શસ્ત્રનો ઉપયોગ કેટલાંક વરસો બાદ થાય છે અને ઘણે દૂરના શહેરના કેટલાયે માણસો માર્યા જાય છે. કોઈને ખબર નથી કે પેલો માણસ આ હત્યા પાછળ છે. આમ માણસ ગુમનામ રહીને પણ હત્યા કરી શકે છે. પરંતુ ખૂનમાં એમ નથી થતું. ખૂનીને પોતે કરેલા કામનું ભાન છે અને તેથી એ બચવા માટે ભાગે છે. પરંતુ પેલા ગુમનામ રહી હત્યાના નિમિત્ત બનનારને પોતાની જવાબદારીનું ભાન પણ નથી. આમ મનુષ્ય પોતે ઊભી કરેલી ભુલભુલામણીમાં એવો અટવાયો છે કે પોતાના દ્વારા થયેલા કામનું પણ એને ભાન નથી. આ ચક્રવ્યૂહમાંથી રસ્તો કાઢવો છે.

આપણાં સંગઠન અને સંસ્થાઓનો પણ ગોરખધંધો થઈ પડ્યો છે. શિક્ષણસંસ્થા, ધર્મસંસ્થા, અખબાર, રેડિયો, ડાકઘર, તારઘર, મંદિર, મસ્જિદ આ બધી સંસ્થાઓ પણ નિહિત સ્વાર્થોની સેવામાં જાણે વ્યસ્ત છે. એ બધી સંસ્થાઓ એક સ્વાર્થવશ જાણે એકબીજી

સાથે ગૂંથાયેલી છે. માણસ અવશ એમાં ફસાઈને કામ કરી રહ્યો છે. આવા ચક્રવ્યૂહોમાંથી માણસે મુક્તિનો રસ્તો ખોળવાનો છે. સંસ્થાઓનું નવસંસ્કરણ કરવાની જરૂર છે.

આમાં બુદ્ધિ લગાડવી પડશે. કઈ બુદ્ધિ? હૃદયની સંવેદનાઓ અને આવેગોથી મુક્ત બુદ્ધિ. એવી બુદ્ધિ પ્રક્ષાલિત બુદ્ધિ હશે. એવી બુદ્ધિનું આજે કામ છે. આ બુદ્ધિએ એવી વ્યવસ્થા સમાજમાં લાવવી પડશે જેથી મનુષ્યના વ્યક્તિત્વ અને વહેવારમાં સંવાદિત્વ આવી શકે. આના વિજ્ઞાનનો વિકાસ કરવો જરૂરી છે. સત્યાગ્રહ અને પ્રતીકારના ક્ષેત્રમાં આપણે એના વિકાસ માટે થોડો પ્રયત્ન કર્યો. પણ હવે સમાજ-નિર્માણના ક્ષેત્રમાં એનો પ્રયત્ન કરવો છે. સામાજિક સંબંધોના ક્ષેત્રમાં પરિવર્તન લાવવું છે. એ પરિવર્તન એટલે મનુષ્યોના પારસ્પરિક સંબંધોમાં સંવાદિત્વ અને સામંજસ્યની સ્થાપના અને વિકાસ.

પણ આ બધા માટે આપણી પાસે તૈયાર બન્યો-બનાવેલો નકશો નથી. હજી તો એના ક્રમ-વિકાસની પણ પૂરી યોજના નથી. હજી તો આપણે અખતરો જ કરી રહ્યા છીએ. એમ પણ બને કે આપણે કેટલાક અસફળ પ્રયોગ પણ કરવા પડે. કારણ, આપણા અજ્ઞાનનું પણ આપણને જ્ઞાન નથી.

### યુદ્ધનો વેપાર

આજ સુધી સંસ્થાઓ સંઘર્ષના આધાર પર ચાલી છે. શિક્ષણ સંસ્થાઓએ આ જ જાતની મનોવૃત્તિ ઘડી છે, ધાર્મિક સંસ્થાઓએ આ જ જાતના ધાર્મિક સંસ્કાર આપ્યા છે, અને પ્રચાર કરનારી સંસ્થાઓએ આવી જ મનોવૃત્તિ ઘડવા સારુ શિક્ષણ-સંસ્થા અને ધાર્મિક સંસ્થાઓનો ઉપયોગ કર્યો છે. આર્થિક સંસ્થાઓએ તો એને બધી રીતે ઉશ્કેરવા કોશિશ કરી છે કારણ એમની પોતાની વૃત્તિ યુદ્ધમાંથી આર્થિક લાભ જ ખોળવાની રહી છે. માણસનો આર્થિક સ્વાર્થ, એની આર્થિક ભૂમિકા યુદ્ધ ઝંખે છે. કોઈ શીત-યુદ્ધ ઇચ્છે છે તો કોઈ ઉષ્ણ-યુદ્ધ. આનું કારણ એ છે કે યુદ્ધમાંથી કમાવાના મોકા ઊભા થાય છે. દુનિયામાં આજે સૌથી મોટો વેપાર યુદ્ધનો છે. આમ આ બધી સંસ્થાઓ પરસ્પર ગૂંથાયેલી છે.

સંસ્થાનો ઉદ્દેશ હરીફાઈ અને સંઘર્ષનો છે એવું તમે એક

વાર નક્કી કરો એટલે સંસ્થાનું સ્વરૂપ બદલાઈ જાય છે. અને બધી સંસ્થાઓ એકબીજી સાથે સંકળાયેલી હોવાથી એ બધાના જ આશય, ભૂમિકા અને સ્વરૂપ બદલાઈ જાય છે.

માણસે તમામ બાબતોનો ભય છોડી દીધો છે. એણે ભગવાનનો ભય પણ છોડી દીધો છે. પ્રકૃતિને તો એ રોજેરોજ નાથતો ચાલ્યો જઈ રહ્યો છે. આમ પ્રકૃતિનો ભય તો સાવ ગયો. જંગલી જાનવરોનો પણ ડર નથી રહ્યો. બીમારીઓનો ભય પણ નથી રહ્યો. આમ એણે અનેક ભયને જીતી લીધા, પણ હજી એ પોતાનાથી ભયભીત જરૂર છે. એ પોતાની જાતને જીતી શક્યો નથી. તમામ ભય અહીં એક ઠેકાણે કેન્દ્રિત થયા છે. મનુષ્યને પોતાનો ભય છે. મનુષ્યને મનુષ્યનો ભય છે.

### સંગઠનમાં ત્રણ વૃત્તિઓનો અભાવ હોવો જોઈએ

આપણે સંગઠનમાંથી ત્રણ વૃત્તિઓ કાઢવી છે. આપણું સંગઠન બંધારણીય ન હોવું જોઈએ. શાસનાત્મક પણ હરગિજ ન હોવું જોઈએ. બનતાં સુધી આપણા સંગઠનને બંધારણ હોય જ નહીં, અને હોય તો એમાં નિયમો ઓછામાં ઓછા હોવા જોઈએ. વળી જે નિયમ હોય તેમાંના મોટા ભાગના અલિખિત જ હોય, લેખિત નિયમ ઓછામાં ઓછા હોવા જોઈએ.

### દંડશક્તિ પર શ્રદ્ધા

બીજું, આપણા સંગઠનનો સંબંધ અદાલત, પોલીસ અને શાસન-સંસ્થાઓ સાથે ન હોવો જોઈએ. આપણી સંસ્થાઓમાં નૈતિક, સામાજિક અને કાનૂની અપરાધો થશે, પરંતુ એ માટે આપણે કાનૂન, પોલીસ અને સરકારી અધિકારીઓની સત્તાનો ઉપયોગ નહીં કરીએ. આમ કરવા જતાં આપણે વેઠવા વારો આવશે. કયારેક આપણી સંસ્થામાંથી પૈસા ઉચાપત થશે તો કયારેક કંઈક બીજું થશે. પરંતુ હાલ જે સંસ્થાઓનો ચકરાવો ગોઠવાયો છે તે તોડવો હશે તો એની કિંમત ચૂકવવી જ પડશે. પણ આજે એવી કિંમત ચૂકવવાની આપણી તૈયારી નથી. કારણ કે આપણે માની બેઠા છીએ કે પોલીસ, ફોજ અને જેલના ડરનો માર્યો માણસ સત્પ્રવૃત્ત છે. આ બધા ડર ન હોય તો માણસ સત્પ્રવૃત્ત નહીં રહે.

આમ આપણને મનુષ્યની બુદ્ધિમાં વિશ્વાસ નથી એટલું જ નહીં, એના હૃદયમાં પણ વિશ્વાસ નથી. એને લીધે આપણી સંસ્થાઓ અહિંસક પ્રક્રિયાની વાહક બની શકતી નથી. અહિંસાના તત્ત્વ પ્રમાણે એ ચાલી શકતી નથી. આપણને અંદરખાનેથી દંડશક્તિ પર જ ભરોસો છે. તેથી કોઈ સંસ્થા દંડ-શકિત-નિરપેક્ષ હોઈ શકે ખરી— એનો પ્રયોગ જ આપણે કરી શકયા નહીં. બાકી થઈ થઈને શું થઈ જવાનું હતું? બહુ તો સંસ્થા તૂટી જશે—એ જ ને? ધારો કે તૂટી ગઈ, તો તેથી રોવાને કારણ નથી. કારણ, મહત્ત્વ પ્રયોગનું છે, સફળતાનું નહીં. આમ આ હિમ્મતનું કામ છે.

### ચૂંટણી ન જોઈએ

આવી સંસ્થાઓમાં ચૂંટણી ન હોવી જોઈએ. પ્રતિનિધિત્વ હોય, પણ ચૂંટણી નહીં. એક સહજ-પ્રતિનિધિત્વ હોય છે. તિલક અને ગાંધી આ દેશના સહજ-પ્રતિનિધિ હતા. આવું સહજ-પ્રતિનિધિત્વ હશે ત્યાં સીધી કે આડકતરી કોઈ ચૂંટણી નહીં હોય. અને સહજ-પ્રતિનિધિત્વ નહીં હોય ત્યાં આડકતરી ચૂંટણી પણ સીધી ચૂંટણી જેટલું જ નુકસાન કરી શકશે. આજે રાજ્ય અને સંઘ-રાજ્ય પાસે વધારે સત્તા છે, ગામ પાસે ઓછામાં ઓછી સત્તા છે. એવી હાલતમાં આડકતરી ચૂંટણી અનર્થકારક નીવડશે. વધારેમાં વધારે જવાબદારી હોય ત્યાં પ્રત્યક્ષ પ્રતિનિધિત્વ હોવું જરૂરી છે. જ્યાં નાગરિક માટે વધુમાં વધુ જવાબદારી હોય, વધુમાં વધુ કર્તવ્ય હોય ત્યાં એનું પ્રત્યક્ષ પ્રતિનિધિત્વ હોવું જોઈએ. ઉપર જતાં જેમ જેમ સત્તા અને જવાબદારી ઘટતી જાય તેમ તેમ અપ્રત્યક્ષ પ્રતિનિધિત્વ હોય તો વાંધો નહીં. પણ આજે તો ગામમાં સત્તા જ બહુ ઓછી છે, અને ઉપર જ સત્તા વધારે છે, તેવા સંજોગોમાં અપ્રત્યક્ષ—આડકતરી ચૂંટણીથી થોડા આર્થિક લાભ સિવાય બીજો કોઈ ફાયદો થવાનો નથી.

આપણી સંગઠનાત્મક સંસ્થાઓમાં સહજ-પ્રતિનિધિત્વ હોવું જોઈશે. કામની વહેંચણી કરતી વખતે તમે લોકોએ કહ્યું કે રિપોર્ટિંગનું કામ પદ્મા કરશે. આ શી રીતે કર્યું? એની મેળે કર્યું. એ માટે કોઈ ચૂંટણી નહોતી કરવી પડી. પ્રતિનિધિત્વ—વાસ્તવિક પ્રતિનિધિત્વ હતું જ. એ કામ કરતી જ હતી, અને તમારી બધાની એમાં સંમતિ છે. તેવી જ રીતે કોઈને માંદાની સાર-સંભાળ

લેવાનું સોંપ્યું તો વળી કોઈને બીજું કંઈક. આ બધું તમે લોકોએ અંદરો-અંદર પતાવ્યું. તમે લોકો વિચારવા બેસશો તો તમને જ નહીં સમજાય કે આ બધું શી રીતે નક્કી થયું. આને હું 'સહજ' કહું છું. આમાં હરીફાઈ નથી હોતી. આમાં કોઈને તમારી વિરુદ્ધ ફરિયાદ નથી. તમારી સામે ઠપકાની દરખાસ્ત પણ નહીં આવે, કારણ કે એવો ઠરાવ આવતાં પહેલાં જ તમને વાત સમજાઈ જશે. સંસ્થાઓમાં આ ચીજ સ્વાભાવિક રૂપે આવતી હોય છે. એટલે કે આપણે વિચારપૂર્વક મનુષ્ય પર ભરોસો મૂકી શકતા નથી તેટલો ભરોસો સ્વભાવતઃ આપણામાં હોય છે.

એક માણસ ગામડેથી કાશી જવા નીકળે છે. નીકળતી વખતે લોકો સલાહ આપે છે કે કાશી જાય છે તો જરા સાવધાનીથી રહેજે. પેલો જવાબ આપે છે કે 'કાશીના લોકોને હું ક્યાં નથી ઓળખતો? મરી જાઉં તો લોકો લાત મારીને ચકાસશે કે હું ખરેખર મરી ગયો છું કે નહીં!' પછી એ કાશી પહોંચે છે. એટલામાં એને વીંછી ડંખે છે. એ રાડારાડ કરી મેલે છે, "દોડો દોડો, મને વીંછી કરડ્યો છે!" પણ એમ કરીને એ કોને બોલાવે છે? એ જ કાશીના લોકોને કે જેમને માટે તો હમણાં કહેતો હતો કે એ લોકો મડાનેય પાટુ મારી તપાસે એવા છે. તો હવે એમને જ 'દોડો દોડો' કરીને કેમ બોલાવે છે? એનું કારણ એ છે કે મનુષ્યમાં બીજા પર ભરોસો મૂકવાની પ્રવૃત્તિ સ્વાભાવિક જ છે. અવિશ્વાસ કરવા માટે માણસને કારણની જરૂર પડે છે.

ભૌતિક વિજ્ઞાનનું એક પરિણામ એ આવ્યું કે બધી જાતના ભય તો ઘટી ગયા, પણ માણસનો ભય વધી ગયો. આપણી સંસ્થાઓમાં આપણે મનુષ્યનો વિશ્વાસ કરવાનો પ્રયોગ કરી શકીએ તો કરવો જોઈએ. એમ થઈ શકયું તો કૌટુંબિકતાની દિશામાં આપણાં કદમ આગળ ધપશે.

### સંગઠન કેવું હોવું જોઈએ?

બંધારણ ન હોય અને નિયમો ઓછામાં ઓછા અને તેય અલિખિત હોય. પ્રતિનિધિત્વ હોય પણ ચૂંટણી ન હોય. આ તત્ત્વને આપણે સમાજવ્યાપી બનાવવું છે. વિનોબાએ એને 'તંત્ર-મુક્તિ' નામ આપ્યું. શાસનમુક્ત સમાજ તરફ જવું હોય તો આપણી

સંસ્થાઓમાં તંત્ર-મુક્તિ જરૂરી છે. હવે એમાં જે સેવક હશે તેની ભૂમિકા શું હશે ? આમાં એક વસ્તુ સારી રીતે સમજી લેવાની જરૂર છે, તે એ કે સૈનિકની મનોવૃત્તિ જેમ અસ્વસ્થ હોય છે તેમ સેવકની મનોવૃત્તિ પણ અસ્વસ્થ હોય છે. સૈનિકને માટે સુયોગ કયો ? યુદ્ધ ! અને સેવક માટે સુયોગ કયો ? સંકટ, દુઃખ અને વિપત્તિ !

તમે સેવાપરાયણ વ્યક્તિ છો એનો અર્થ એ થયો કે તમે સેવાની શોધમાં છો. ક્યાંય સંકટ કે વિપત્તિ ન આવે તો તમે બેકાર છો. માટે આપણી મનોવૃત્તિ એવી બનવી જોઈએ જે એવા સમાજનું ઘડતર કરે કે જેમાં સેવા માટે મોકો ન રહે.

### સ્મશાનનું ઉદ્દ્ઘાટન

હું એક શિબિરમાં ગયો. ત્યાંના લોકોએ ગામની પ્રગતિનો હેવાલ સંભળાવ્યો. કહે, "દવાખાનાનું નવું મકાન હજી હમણાં જ તૈયાર થયું છે. અનાયાસ તમે આવ્યા જ છો તો એનું ઉદ્દ્ઘાટન કરો અને અમને આશીર્વાદ આપો." મેં કહ્યું, "એમ તો બહારથી ઉદ્દ્ઘાટન કરીશ; હું બીમાર તો નથી એટલે એનું ખરું ઉદ્દ્ઘાટન તો કરી શકું તેમ નથી; પણ આશીર્વાદ આપું છું કે એમાં પહેલા બીમાર તરીકે તમે દાખલ થજો !" કોઈ કહેશે કે "આ તો કંઈ આશીર્વાદ થયા ? આ તો શ્રાપ થયો !" મેં કહ્યું, "આ હોસ્પિટલ હોય તો પછી એમાં આશીર્વાદ શું હોઈ શકે?"

મારા એક સન્માનનીય મિત્ર ખાદી સંસ્થાના સંસ્થાપક હતા. એમનું મરણ થયું. સ્મશાનમાં એમની શોક સભા થઈ. તેમાં નગરની મ્યુનિસિપાલિટીના એક સભ્યનું ભાષણ થયું. એમણે કહ્યું, "આ એક સારો સુયોગ છે. આ સ્મશાનઘાટ હજી હમણાં જ અમે તૈયાર કર્યો. એમાં પહેલું જ શબ આ મહાપુરુષનું આવ્યું. એક મહાપુરુષના શબથી આનું ઉદ્દ્ઘાટન થયું તે સદ્ભાગ્ય જ ગણાય !" હવે આને શું કહેવું ?

### માનવ્ય-પ્રધાન સંગઠન

મેં ત્રણ સંસ્થાઓ ગણાવી હતી—અદાલત, પોલીસ અને જેલખાનું. આ ત્રણ ઉપરાંત જેને આપણે સેવાની સંસ્થાઓ કહીએ છીએ તેમનો પણ સમાજમાં ઉપયોગ ઓછામાં ઓછો થવો જોઈએ. સેવકની આ ભૂમિકા હોવી જોઈએ. સમાજમાં સેવા માટે જે સંસ્થાં-

ઓ છે તેનો ઉપયોગ કરવા વારો ન આવવો જોઈએ. સેવાની આ ભૂમિકા હોવી જોઈએ. એટલે આપણું સંગઠન સહયોગાત્મક હોવું જોઈશે; સંઘર્ષાત્મક યા પ્રતીકારાત્મક નહીં, અને સેવાત્મક પણ નહીં. આપણે ઇચ્છીએ–ભગવાનને પ્રાર્થીએ કે એવો દિવસ વહેલો લાવ જ્યારે મનુષ્યો સમાનતાની ભૂમિકા પર એકબીજા સાથે સહ-યોગ અને સહભોગ કરશે, સેવા અને સહાયતાની જરૂર નહીં રહે.

સમાન ભૂમિકા પરથી સહયોગ એ આપણી સંસ્થાઓની ઉચ્ચ અવસ્થા છે. તેથી આપણી સંસ્થાઓ વ્યક્તિ-નિષ્ઠ નહીં, માનવનિષ્ઠ હોવી જોઈએ. એ સંગઠન-નિષ્ઠ નહીં હોય, નિયમ-નિષ્ઠ નહીં હોય, વ્યક્તિ-નિષ્ઠ પણ નહીં હોય. એ માનવ-નિષ્ઠ જ હશે. એમાં જે વ્યક્તિઓ હશે તે બધાનો એકબીજા સાથે સંબંધ હશે. દરેક વ્યક્તિ કેન્દ્ર હશે અને દરેક વ્યક્તિ પરિધિ હશે. સંસ્થાનું જે વૃત્ત હશે તેનું કેન્દ્ર અને તેની પરિધિ વ્યક્તિ હશે. આવી રીતનું માનવ-પ્રધાન સંગઠન હશે, નિયમ-પ્રધાન, શાસન-પ્રધાન કે દંડ-પ્રધાન નહીં હોય.

આનો થોડો ઘણો અનુભવ અહીં તમને લોકોને થયો છે. તમે અહીં થોડા દિવસ માટે આવ્યા છો, મહેમાન છો એટલે એવી મનોવૃત્તિ હોઈ શકે કે "થોડા દિવસની વાત છે, સહી લો, નિભાવી લો!" પણ આપણે એથી આગળ જવાનું છે; સહી લેવું ન પડે, નિભાવવું ન પડે એવું ચિરસ્થાયી સંગઠન શી રીતે બને! આ જ તત્ત્વો પર, આ જ આધારો પર એ બની શકશે. જ્યાં સહેવાની કે નિભાવી લેવાની જરૂર ન હોય, બધા સાથે મળી ખુલ્લા દિલથી સાથે રહી શકે, અને પ્રેમથી રહી શકે. એ માટે સ્નેહ અને વિવેકની જરૂર પડશે. આ પ્રેમ ક્યાંથી આવશે? થોડો ઘણો સંગઠનની પ્રેરણામાંથી આવશે અને થોડો ઘણો સહવાસમાંથી આવશે. સંગઠનની પ્રેરણા પ્રેમ-મૂલક હશે કારણ કે એમાં બીજો કોઈ ઉદ્દેશ નહીં હોય. સૌનું પ્રયોજન સમાન હશે. સ્નેહ શી રીતે વધશે? એ સહવાસથી વધશે. નહીં વધે તો સંગઠન તૂટી જશે. તૂટી જશે તો શું કરશો? પ્રસાદ વહેંચીશું. આ હું કોઈ વિચિત્ર વાત કહી રહ્યો છું એમ નથી. પૌત્ર જન્મ્યો તો બારમે દિવસે પ્રસાદ વહેંચ્યો. મા મરી ગઈ તો બારમે દિવસે પ્રસાદ વહેંચ્યો. સંસ્થાના જીવન અને મૃત્યુના બારામાં પણ આપણે થોડા તટસ્થ બનવું પડશે.

૧૩

# કાર્યકર્તાઓ પાસેથી અપેક્ષા

પ્રશ્ન : માલિકી અને મિલકતમાં વ્યક્તિને પોતાના વ્યક્તિત્વ અને સુખનું સંરક્ષણ દેખાય છે. ભવિષ્યમાં સ્વસ્થ સમાજ રચાશે અને એમાં સ્નેહ અને સહકારનું વાતાવરણ હશે ત્યારે વ્યક્તિ ખુશીથી પોતાની માલિકી છોડી દેશે. પણ હાલ સંક્રમણકાળમાં એવી કઈ ઉદાત્ત પ્રેરણા હોઈ શકે જેનાથી પ્રેરિત થઈને વ્યક્તિ પોતાની માલિકી અને મિલકત છોડવા તૈયાર થઈ શકે ?

દાદા : એક વાતની પાકી ગેડ મારા મનમાં બેસી ગઈ છે, માણસ લાલચ લોભ વિના પોતાના કલ્યાણ માટે તૈયાર નથી થતો એ વિચાર મનુષ્યના મનમાંથી આપણે દૂર કરવો જોઈશે. સમાજમાંથી આ ભાવના કાઢી નાખવી જોઈએ. આજ સુધી તમામ સંસ્થાઓએ આ ભાવનાને પોષી છે. આર્થિક અને રાજનૈતિક સંસ્થાઓ કરે તો તેની નવાઈ ન હોઈ શકે, પરંતુ ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓએ પણ તેમ જ કર્યું છે. रोचनार्था फलश्रुतिः–ધર્મમાં રુચિ ક્યારે પેદા થાય ? એની ફલશ્રુતિ કહો ત્યારે.

જીવન અને સહજીવન એ પોતે જ અસ્કયામત નથી શું ? માનવજીવનનો સૌથી મોટો વૈભવ સહજીવન નથી શું ? લોકોને શીખવો કે સંવિભાજિત સંપત્તિ જ પરિવર્ધિત સંપત્તિ છે. આપણે વહેંચીને ખાઈએ છીએ તે ચીજ સો ગણી થઈ જાય છે. વહેંચવાનો અર્થ એ છે કે વસ્તુ એટલા ગણી થઈ. આ ભાવનાનો પ્રસાર કરવાની જરૂર છે.

### વિતરણની ભાવના શી રીતે ફેલાય ?

સવાલ એ છે કે એ ભાવના શી રીતે ફેલાય ? તમે મિલકતના માલિકને જઈને પૂછો કે સમાજની વિરુદ્ધ આ સંપત્તિનું સંરક્ષણ તું ઇચ્છે છે તો એ સંરક્ષણની બાંહેધરી તને કોણ આપશે ? માલિકી અને મિલકત સમાજ-સંમત ન હોય તો સમાજ એનું સંરક્ષણ શી

રીતે કરશે ? આખરે માલિકી અને મિલક્ત સમાજની પરિસ્થિતિ પર જ નિર્ભર રહે છે ને! સામાજિક વાતાવરણ માલિકી અને મિલકતને પ્રતિકૂળ હોય તો વ્યક્તિ પોતે એનું સંરક્ષણ કરી શકશે ખરી ? આનો ઊંડાણથી વિચાર કરવાની જરૂર છે.

વ્યક્તિગત સ્વતંત્રતાનું આશ્વાસન સંપત્તિમાં છે એમ આપણે કહીએ છીએ, પણ તો પછી એ સંપત્તિનું સંરક્ષણ કોણ કરે છે? સંરક્ષણ તો એ સમાજ કરે છે જેમાં આપણે રહીએ છીએ. સામાજિક માન્યતા જો વ્યક્તિગત સ્વતંત્રતા અને સંપત્તિની વિરોધી હોય તો એનું સંરક્ષણ ન થઈ શકે. તો પછી સવાલ એ ઊઠે છે કે એમ જ હોય તો આપણે સામાજિક માન્યતાને જ અનુકૂળ કેમ ન બનાવીએ ? એને માલિકી અને મિલકતને પ્રતિકૂળ શા સારુ બનાવીએ ? પણ એ આપણા હાથની વાત નથી.

જે સમાજમાં સોમાંથી સિત્તેર-એંસી વ્યક્તિ માલિકી અને મિલકત-વિહોણી હોય ત્યાં વ્યક્તિગત સંપત્તિને અનુકૂળ ભાવનાનું રક્ષણ કરવાનું તમારા હાથની વાત નથી. તો પછી વ્યક્તિગત માલિકીને સાર્વત્રિક કરી નાખો. એને સાર્વત્રિક કરવાનું નામ જ છે એનું સમાજીકરણ. ઉપભોગ તો સમાન કરી શકાય તેમ નથી, કારણ કે મનુષ્યની ઉપભોગ કરવાની શક્તિ વધતી-ઓછી હોય છે. એટલે એવી સમાનતાની વાત કરવાનો કશો અર્થ નથી. તુલ્યતા —જરૂરતને અનુરૂપ ઉપભોગ. આવશ્યકતા અનુરૂપ ઉપભોગ મળી રહેવાની ખાતરી સમાજમાં હોવી જોઈએ. જરા વિચાર તો કરો કે જે સમાજમાં સમાજની વિરુદ્ધ સંરક્ષણની જરૂર હોય તે સમાજમાં રહી જ શી રીતે શકાય ? લોકોની વચ્ચે રહેવું અને લોકની સામે જ સરંક્ષણ પણ જોઈએ એનો અર્થ તો એ થયો કે આપણે પરલોક જવાની તૈયારીમાં લાગ્યા છીએ.

તેથી, વ્યક્તિગત સંપત્તિ એ વ્યક્તિના સંરક્ષણનું આશ્વાસન છે એમ કહીએ છીએ ત્યારે એનો અર્થ એ છે કે એ સંપત્તિનું સંરક્ષણ સમાજ કરે. કયો સમાજ ? એ સમાજ કે જેની પાસે નથી તો સંપત્તિ કે નથી સ્વામિત્વ. તો પછી એ સંરક્ષણ કરે એ શી રીતે બની શકે ? એટલે જે લોકો સ્વામિત્વ અને સંપત્તિના વિસર્જનને અવહેવારુ વાત ગણાવે છે, ખરી રીતે તેમની જ વાત આજના

સંદર્ભમાં અવહેવારુ છે. સ્નેહ અને સદ્ભાવ હશે કે નહીં તે [illegible] છોડી દો, કમમાં કમ સમાન ઉપભોગનું સંયોજન તો થશે. જ્યાં સમાન ઉપભોગનું સંયોજન જ આવશ્યક થઈ પડે છે ત્યાં સંગ્રહની પ્રેરણા હોઈ શકે નહીં. થોડી ઘણી રહે તો પણ તે બહુ ક્ષીણ હશે. સમાજ પર એની પ્રતિકૂળ અસર થઈ શકતી નથી. વ્યક્તિગત સંપત્તિમાં ભોગ-ક્ષમતા મર્યાદિત છે.

### સરકાર સાથે સહકારનો પ્રશ્ન ૧૦.

પ્રશ્ન : સરકાર તરફથી સામુદાયિક યોજના, પંચવર્ષીય યોજના વગેરે ચાલે તો તેમાં આપણે કઈ રીતનો સહકાર આપવો ? આપણામાંથી કેટલાકનું કહેવું છે કે આપણે સરકાર સાથે સહકાર ન કરવો જોઈએ. તો આપની શી સલાહ ?

દાદા : સરકારી અને બિનસરકારીનો ભેદ આપણે મનમાંથી કાઢી નાખવો જોઈએ. જે શુભ છે તે શુભ છે. જે કલ્યાણનું કાર્ય છે તે કલ્યાણનું કાર્ય છે — પછી એ કાર્ય આપણો હરીફ જ કેમ ન કરતો હોય ! એટલે સરકારી અને બિનસરકારી એવા ભેદ આપણા વિચારમાં નથી. કોઈ સારું કામ કરતું હોય અને તેમાં આપણા સહકારથી પ્રગતિ થઈ શકતી હોય તો આપણો સહકાર એને મળવો જોઈએ. પરંતુ એમ કરવા જતાં આપણે પોતે સત્તાના આશ્રિત ન બની બેસીએ તે આપણે જોવું જોઈએ.

પ્રશ્ન : કોઈ એનો અનુચિત લાભ ઉઠાવે તો ?

દાદા : અનુચિત લાભ તો સારી વસ્તુનો જ લઈ શકાય, ખરાબ વસ્તુનો નહીં. તમે કદી ભગવાનને શેતાનનું નામ લેતાં સાંભળ્યો છે ખરો ? લોકો ગાંધીના નામનો, ભગવાનના નામનો, સારું કામ કરનારના નામનો લાભ ઉઠાવે છે. એનો શું ઉપાય ? એટલા સારુ થઈને આપણે સારું કામ કરવાનું છોડી દઈએ ? નહીં, સારા કામમાં સહકાર કરવો, ખોટા કામમાં સહકાર ન કરવો. આ શક્તિ આપણા કાર્યકર્તાઓમાં ન હોય તો એનો અર્થ એ થયો કે આપણે કાર્યકુશળતા અને શક્તિ બન્નેમાં ઊણા ઊતરીએ છીએ.

શક્તિ ઓછી છે તો એ વધારવી પડશે. ચેલવાલમાં સહકાર કરવાનો પ્રશ્ન ઊભો થયો ત્યારે હું જ એકલો એની વિરુદ્ધ પડ્યો

હતો: મને કંઈ એવું થતું હતું કે આમાં કોઈ મોટો ખતરો છે. આપણા કાર્યકર્તાઓને સરકારી નોકરો આખા ને આખા ગળી જશે. ત્યારે શંકરન્ નંબુદ્રીપાદ અને ઝેડ. એ. અહમદ જેવા સામ્યવાદી કાર્યકર્તા પણ મને કહેવા લાગ્યા કે તમારા મનમાં ભય છે, અને ભયનો ને અહિંસાનો મેળ શી રીતે બેસશે?

પ્રશ્ન : ભૂદાન કાર્યકર્તાઓ સરકારી યોજનામાં ભાગ લેશે તો એ નકામા થઈ જશે.

દાદા : એ જ વાત તો હું તમને કહી રહ્યો છું કે આપણે કાયર છીએ, અહિંસક નથી. આપણે એ સમજી લેવું જોઈએ કે આપણા મનમાં ડર હશે તો આપણે અહિંસક કામ નહીં કરી શકીએ. ડરીને સહકાર ન કરી શકાય. ઊલટું, ડરીને સહકાર કરવા જતાં તો આપણે આશ્રિત બની જઈએ.

### કાર્યકર્તાઓ પાસેથી અપેક્ષા

પ્રશ્ન : અહિંસક કાર્યકર્તા તરીકે અમારી પાસે આજની પરિસ્થિતિમાં તમારી શી અપેક્ષા છે? કાર્યક્રમ પર સંક્ષેપમાં પ્રકાશ પાડશો?

દાદા : તમારી પાસે મારા મનમાં ઘણી ઘણી અપેક્ષા છે. પહેલી અપેક્ષા એ છે કે તમારામાં અંદર અંદર મનભેદ ન હોય. એનો અર્થ એ કે પરસ્પર અવિશ્વાસની ભાવના નહીં હોવી જોઈએ.

### પરસ્પર વિશ્વાસ

તમે લોકો એકબીજાની નિંદા ન કરશો એટલું જ મારું કહેવાનું નથી. એ તો શિષ્ટાચારથી પણ સાધી શકાય. શિષ્ટાચારી કહે છે ને કે "ભાઈ, જવા દે ને, મારે કોઈની વિરુદ્ધ કશું નથી કહેવું!" "છોડો, નિંદા કરવી એ આપણો સ્વભાવ નથી!" એટલે આપણે કોઈની વિરુદ્ધ કશું ન બોલીએ એ તો સભ્યતાનો પણ તકાદો છે. તો પછી આથી વધારે શું કરવાની અપેક્ષા છે? આપણે એકબીજાનો વિશ્વાસ કરી શકીએ? એ બહુ જરૂરી છે. પઠાણકોટમાં મેં કાર્યકર્તાઓને કહ્યું હતું કે જેમનામાં એમને વિશ્વાસ ન રહ્યો હોય તેવાઓને પદ-મુક્ત કરી દેવા જોઈએ. એક તો સાહસનો અભાવ અને બીજું, વિશ્વાસનો અભાવ. આ છે આપણા કાર્યકર્તાઓની

મુખ્ય બીમારી. એ બીમારી કાઢી શકો ખરા ?

નિધિ-મુક્તિ થઈ. થોડા જ દિવસોમાં કાર્યકર્તાઓ અસહાયતા અનુભવવા લાગ્યા. નિધિ-મુક્તિ થઈ ત્યારે એને આવકારી હતી. એ વખતે શું ભાવના હતી ? કેટલાકને વધારે વેતન મળતું હતું અને કેટલાકને ઓછું. એટલે વેતન જ નીકળી જાય તો બધા સરખા થઈ જશે ! એટલે કાર્યકર્તાના મનમાં ભાવના કેવી હતી તે જોવાની વાત છે. તો પછી જે ભાવના આપણા જ મનમાં નથી તે ભાવના આપણે લોકોમાં શી રીતે જગાડી શકવાના હતા ?

તંત્ર-મુક્તિ વખતે શું ભાવના હતી ? આપણો જિલ્લા-પ્રતિનિધિ બેવકૂફ છે, છતાં આપણે એનો હુકમ માનવો પડે છે ! કોઈને કોઈનો હુકમ માનવો ન પડે એવી સ્થિતિ આવે તો સારું. આમ સત્તાની હરીફાઈ અને સંપત્તિની અદેખાઈ એમાંથી આપણે એક મહાન સિદ્ધાંત તરફ વળ્યા. બુદ્ધિએ એનો સ્વીકાર કર્યો, પણ વૃત્તિ પાછળ રહી ગઈ. વૃત્તિ વિચાર સાથે તાલ મેળવીને ચાલી ન શકી. પણ આ સવાલ જ વૃત્તિનો છે. એટલે એમાં આપણે આપણા દિલોને જ બદલવાની વાત છે. ભૌતિક પરિસ્થિતિની અસર પડે છે તેમ મનુષ્યની શુભ-અશુભ પ્રેરણાઓ અને ભાવનાઓની પણ અસર પડે છે. વિકારની અસર પડે છે તેમ ગુણની પણ અસર પડે છે. મેં કહ્યું હતું કે સમુદાયવાદ નહીં, માનવ-નિષ્ઠા હોવી જોઈએ, ત્યારે મારા કહેવાનો અર્થ એ હતો કે આપણામાંથી દરેક જણ પોતાનામાં એ ભાવનાઓનો વિકાસ કરે કે જેની સુગંધ સમાજમાં ફેલાય.

ક્રાંતિ માટે એક મનોવૃત્તિની, એક પ્રકારના વલણની આવશ્યકતા હોય છે. એના વગર એકાત્મતા આવી શકતી નથી. એકાત્મતા યા તો સામ્યવાદી પદ્ધતિથી આવશે, યા તો તમારી પદ્ધતિથી. તમારી પદ્ધતિ એટલે કોઈ પદ્ધતિ નહીં. તમારી પદ્ધતિમાં પદ્ધતિનો સાવ અભાવ ન હોય તો પણ એ ઓછામાં ઓછી હશે. આમ થવાથી વ્યક્તિગત જવાબદારી ઘણી વધી જાય છે. જ્યાં વ્યક્તિ કરતાં પદ્ધતિ પર ભાર વધારે હોય છે, પદ્ધતિ પર જવાબદારી વધારે હોય છે ત્યાં વ્યક્તિની જવાબદારી ઘટે છે. જ્યાં પદ્ધતિ કરતાં વ્યક્તિ પર વધારે જવાબદારી છે ત્યાં વ્યક્તિની જવાબદારી

ઘટે છે. જ્યાં પદ્ધતિ કરતાં વ્યક્તિ પર વધારે જવાબદારી છે ત્યાં વ્યક્તિના પુરુષાર્થની અપેક્ષા અધિક રહે છે. અને આમ કરવાની જરૂરત એટલા માટે છે કે આજ સુધીમાં પદ્ધતિ પર જવાબદારી વધારે મૂકવાનાં ઘણાં ખરાબ પરિણામો આવી ચૂકયાં છે.

### તથ્યોની પ્રતિષ્ઠા

બીજું, આપણા આંદોલનમાં તથ્યોની પ્રતિષ્ઠા હોવી જોઈએ. આજ સુધી આપણાં તથ્યો ભાવનાત્મક હતાં. પણ એનું પરિણામ એ આવ્યું કે ભાવના ક્ષીણ થતાં આપણાં તથ્યો પણ ગાયબ થવા મંડયાં. કયાં છે પચાસ લાખ એકર? જમીન મળ્યે જાય છે તો પણ આંકડો પચાસ લાખથી ઉપર જતો નથી. એનું કારણ એ છે કે જૂની મળેલી જમીન નકલી છે, ખોટી છે. એટલે નવી જમીન મળે છે તે જૂના આંકડામાં સમાતી જાય છે. ક્રાંતિમાં આંકડા સાંકેતિક હોય છે. પરંતુ સંકેતમાં પણ વસ્તુની પ્રતિષ્ઠા હોવી જોઈએ. પણ સંકેતમાં જો વસ્તુની પ્રતિષ્ઠા નથી રહેતી તો બધા જ સંકેતો હવામાં ઊડી જાય છે.

આપણે આપણી અસફળતા વિષે વિચારવા પ્રયત્ન પણ નથી કર્યો. હંમેશા એમ જ વિચારતા રહ્યા છીએ કે એક કાર્યક્રમ સફળ ન થયો તો બીજો કાર્યક્રમ લો. પણ એ કાર્યક્રમ અસફળ કેમ થયો તેનો આપણે વિચાર ન કર્યો.

### દંડનિરપેક્ષ ક્ષેત્ર

શું આપણે એવું કોઈ ક્ષેત્ર ઊભું કરી શકીએ કે જ્યાંના લોકો મળીને કહે કે અમારા ક્ષેત્રમાં પોલીસની જરૂર નથી! હું આમાં શાંતિસૈનિકના વ્યાપક કાર્યનો ઉલ્લેખ કરું છું. એના કામનું પરિણામ શું આવવું જોઈએ તે બતાવી રહ્યો છું. આખા દેશમાં કયાંક લાખ બે લાખની વસ્તીવાળું એવું ક્ષેત્ર ઊભું કરી શકીએ ખરા કે જ્યાંના લોકો કહે કે અમારે ત્યાં પોલીસની જરૂર નથી? તો શું સરકાર ત્યાંથી પોલીસને ખસેડી લે? ખસેડવાની જરૂર નથી, ભલે રહેતી, પણ એ ત્યાં સામાન્ય નાગરિક તરીકે રહેશે. દેશમાં ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ—દરેક દિશામાં બબ્બે લાખની વસ્તીવાળાં ક્ષેત્ર ઊભાં કરી શકો તો, ચીનના આક્રમણ અંગે પ્રસ્તાવ કરતી વખતે તમારે કહેવું પડયું હતું કે આજે આપણી

એટલી અહિંસાત્મક તૈયારી નથી તે કહેવા વારો ફરી નહીં આવે. તમારી વૃત્તિ બદલાઈ જશે. ચાર દિશાઓમાં ચાર દંડ-નિરપેક્ષ ક્ષેત્રો ઊભાં થાય જ્યાંની પ્રજા કહે કે અમારા સંરક્ષણ માટે પોલીસની જરૂર નથી; અમે એકબીજાનું સંરક્ષણ કરી લઈશું. ત્યાં કેવળ અવિરોધી સ્વાર્થ અને અવિરોધી હેતુ જ વિકાસ પામશે, વિરોધી સ્વાર્થ અને વિરોધી હેતુ નહીં વિકાસ પામે.

આપણે વિચાર એ કરવાનો છે કે રોજગારમાં, સામાજિક વહેવારોમાં જે પારસ્પરિક વિરોધ છે તેની જગ્યાએ આપણે અવિ-રોધની સ્થાપના કોઈ વિશેષ ક્ષેત્રોમાં કરી શકીએ તેમ છીએ ? યંત્ર હશે કે નહીં એ વિવાદને ઘડીભર માટે ઊંચો મેલો, પણ એટલું ઠરાવો કે ગામમાં વીજળી આવી તો એક પણ ઘર વીજળી વગરનું ન રહે. ગામમાં લોટ દળવાની ઘંટી છે તો ગામનું એકેય ઘર એનો લાભ પામ્યા વગરનું ન રહે. લાખ બે લાખની વસ્તીનું એવું ક્ષેત્ર ઊભું થઈ શકે ખરું કે જ્યાં સ્વાર્થો વચ્ચેનો વિરોધ ક્ષીણ થઈ ગયો હોય ? એ એટલો ક્ષીણ થઈ જવો જોઈએ કે પર-સ્પર વિરોધી સ્વાર્થોમાં સહ-અવસ્થાન હોઈ શકે.

### કોઈ ભૂખ્યું ન રહે

ત્રીજી વાત, એ ક્ષેત્રમાં કોઈ ભૂખ્યું ન રહે, કોઈ બેકાર હોય તો ભલે, પણ કોઈ ભૂખ્યું ન રહે. તો ભૂખ્યાને કોણ ખવડાવે ? હા, યોજનાપૂર્વક મફત જમાડો. આજ સુધી આળસુઓની પ્રતિષ્ઠા કરાઈ છે. ભવિષ્યમાં કોઈ પણ આળસુની પ્રતિષ્ઠા નહીં કરાય. બેકારની પણ પ્રતિષ્ઠા નહીં થાય, પરંતુ એની બેકારી સામાજિક દોષને લઈને છે માટે એને પ્રતિષ્ઠાપૂર્વક અન્ન મળવું જોઈએ.

પ્રશ્ન : એવો કાર્યક્રમ તો રાહતનો કાર્યક્રમ થશે. એમાં માલિકી-પરિવર્તનની યા ક્રાંતિની વાત શી રીતે આવી શકશે ?

દાદા : આમાં માલિકી-પરિવર્તનની અને ક્રાંતિની વાત ક્યાં આવશે તે વિચારવું જોઈશે. આમાં દંડ-નિરપેક્ષતાની અને સ્વાર્થોના વિરોધનો પરિહાર કરવાની વાત આવશે. એમાં આ વાત એવી રીતે આવશે કે તમને ખબર પણ નહીં પડે કે એ કઈ બાજુથી આવી. જે સમાજ વ્યક્તિગત સંપત્તિનું આશ્વાસન આપે તે સમાજનું કર્તવ્ય

થઈ જાય છે કે એ સંપત્તિનું રક્ષણ થાય તે એ જુએ. પરંતુ જે સમાજમાં ૮૦ ટકા લોકોનો સ્વાર્થ એક બાજુ હોય અને ૨૦ ટકા લોકોનો સ્વાર્થ બીજી બાજુ હોય ત્યાં દંડ-નિરપેક્ષ પરિસ્થિતિ સારુ જે પારસ્પરિક વહેવાર થાય. તેમાં હાર્દિકતા વધવી જોઈશે. આ હાર્દિકતા જ આપણને એ તરફ લઈ જશે.

## પ્રતિમાસ સહભોજન

આ ઉપરાંત દંડ-નિરપેક્ષ ક્ષેત્રમાં દર મહિને એક વાર અસ્પૃશ્યો સાથે સહભોજન થવું જોઈએ.

પ્રશ્ન : કોણ રાંધશે ?

દાદા : બ્રાહ્મણ રાંધે. બ્રાહ્મણને ઘેર રસોઈ બને. બધા સાથે બેસીને જમે. પીરસનારો હરિજન હોય. બ્રાહ્મણનું ઘર અને બ્રાહ્મણનાં વાસણ હોય. હરિજનના વાસણમાં માંસ રંધાયું હોય અને તેથી એ અપવિત્ર હોય એમ બને.

પ્રશ્ન : બ્રાહ્મણ હરિજનને પોતાના ઘરમાં ઘૂસવા નહીં દે તો ?

દાદા : આને હું નાગરિકતાના પ્રાથમિક અધિકારોની સ્થાપનાનો કાર્યક્રમ લેખું છું. આ ગ્રામ-સ્વરાજ્યનો કાર્યક્રમ છે. મારું કહેવું એટલું જ છે કે તમે બંધારણમાં નાગરિકોને જે મૂળભૂત અધિકાર આપ્યા છે તેનું તો પાલન કરો. અમેરિકામાં હબસી વોટ આપી શકે છે અને મ્યુનિસિપાલિટીમાં જઈ શકે છે. આ કેવળ સમાજ-સુધારો નથી, ક્રાંતિનું એ પ્રાથમિક કદમ છે. તેવી જ રીતે અસ્પૃશ્યતા-નિવારણને આપણે પ્રાથમિક કદમ ગણ્યું છે.

મેં તમારી સામે ક્રમ રજૂ કર્યો. સૌ પ્રથમ દંડ-નિરપેક્ષ ક્ષેત્ર બને. ત્યાં હરિજન અને સવર્ણોની મારામારીમાં પોલીસની જરૂર નહીં પડે. ઝઘડો થઈ ગયો તો થઈ ગયો. વાંધો નહીં. પોલીસ નહીં આવવાથી હરિજનોનું કશું બગડવાનું નથી. હરિજનો ત્યાં વગર તકલીફે રહી શકવા જોઈએ. ૯૮ સવર્ણો વચ્ચે બે હરિજનો રહી શકવા જોઈએ. ધારો કે હરિજનોના ઘરમાં આગ લાગી છે. ૯૮ સવર્ણો ત્યાં પોલીસને જવા દેતા નથી. તો એ દંડ-નિરપેક્ષ ક્ષેત્ર ન થયું. દંડ-નિરપેક્ષ એટલે તો એવું ક્ષેત્ર કે જ્યાં લઘુમતી, કમજોર અને અસમર્થો સુરક્ષિત હોય.

તો પહેલી વાત દંડ-નિરપેક્ષ ક્ષેત્ર, બીજી વાત એ ક્ષેત્રમાં કોઈ ભૂખ્યો ન રહે, અને ત્રીજી વાત અસ્પૃશ્યતા-નિવારણ.

ગ્રામદાન અથવા ભૂદાન અધિક ક્રાંતિકારી કાર્યક્રમ છે. પહેલાં એને ઉપાડો. પણ જ્યાં એ ન કરી શકો ત્યાં આ કરો. સમાજ-પરિવર્તનની પ્રક્રિયા એ આપણું પ્રથમ કર્તવ્ય છે, પરંતુ જ્યાં એ સંભવ ન હોય ત્યાં આ રચનાત્મક કામ થઈ શકે.

અમુક ક્ષેત્ર સત્યાગ્રહી ક્ષેત્ર બનવાને લાયક છે એનાં શું લક્ષણ ? પહેલું એ કે અહીં પોલીસ નથી આવતી, બીજું એ કે અહીં કોઈ ભૂખ્યું નથી રહેતું; અને ત્રીજું એ કે અહીં કોઈ અસ્પૃશ્ય નથી. કાર્યકર્તાઓની સભામાં આપણે કહીએ છીએ કે સત્યાગ્રહ માટે બારડોલી જેવું ક્ષેત્ર તૈયાર કરવું જોઈએ. મેં પૂછ્યું કે બારડોલી બન્યું તો ખરું, પણ સ્વરાજ્ય પછી ભૂદાનમાં બારડોલી ક્યાં જતું રહ્યું ?

### સાથે જીવાડનારી અહિંસા

કેરલમાં મને કહ્યું કે ચાલો, આપણે કોઈનું રક્ષણ કરતાં કરતાં શહીદ થઈ જઈએ. મેં કહ્યું : તમે કહેશો ત્યાં તમારી સાથે જવા તૈયાર છું. એ લોકોની ધારણા એવી હતી કે આમને એવી જગ્યાએ ઊભા રાખીશું જ્યાં એમને પથ્થર નહીં, ગોળી જ વાગે. મેં પૂછ્યું, “એનાથી અહિંસા વધશે ?” તો કહે, “ના, તમને ગોળી વાગે તો હિંસા ભડકી ઊઠશે !”

ગાંધીજી ૩૦ જાન્યુઆરીના રોજ શહીદ થઈ ગયા. આટલી શુદ્ધ શહીદી બીજી કોઈની નહીં હોય. છતાં એવી પવિત્ર શહીદીનું શું પરિણામ આવ્યું ? મહારાષ્ટ્રમાં બ્રાહ્મણોનાં ઘરો બળાયાં. ઈસુની શહીદીનું શું પરિણામ આવ્યું ? પાંચસો વર્ષ સુધી યહૂદીઓનું ઉત્પીડન ચાલ્યું.

અહિંસા અને સ્વતંત્રતાના નામ પર લોકો જાન ન્યોછાવર કરવા તૈયાર હતા તે વાત હવે પૂરતી થઈ ચૂકી છે. હવે જે અહિંસા અને સ્વતંત્રતામાં મનુષ્ય જીવતાં રહી શકે તેની જરૂર છે. હવે મનુષ્યોને સાથે જીવાડી શકે એવી અહિંસાની અને મનુષ્યોને સાથે રાખી શકે એવી સ્વતંત્રતાની જરૂરત છે.

પ્રશ્ન : કાશીમાં બધા મરવા માટે આવે છે. પરંતુ દાદાએ આપણે બધાને સાથે જીવવા માટે બોલાવ્યા છે.

દાદા : સાથે મરવામાંથી સાથે જીવવાની કળા આવડી જાય તો આનંદ જ છે. સહમૃત્યુમાં કંઈ ઓછો આનંદ નથી. પોતાની પ્રેયસીના ગળે વળગીને પ્રેમી ગંગામાં ડૂબી મરે છે. એમના સહમરણ-માં આનંદ હોય તો મારા તમારા સહમરણમાં કેમ નહીં હોય ? હું તો એ જ કહું છું કે અમેરિકા અને રશિયા સહમરણનો સંકલ્પ કરી લે તો દુનિયાનો ઉદ્ધાર થઈ જાય. આઈઝનહોવર અને ક્રુશ્ચેવ એકબીજાને ગળે વળગીને સંકલ્પ કરે કે મરશું તો સાથે જ મરશું, તો બસ, દુનિયા જીવી જશે.

●

# સમાજવાદનો ઉદ્‌ગમ અને વિકાસ

(શ્રી અચ્યુત પટવર્ધન)

છેલ્લાં સો સવાસો વર્ષ દરમ્યાન જે નવા વિચાર-પ્રવાહો નાના ઝરણાના રૂપમાં ફૂટી વધતાં વધતાં જગમાન્ય થઈ ગયા તેમાંનો એક વિચાર સમાજવાદ છે. શરૂઆતથી જ સમાજવાદ વિચાર આકર્ષક રહ્યો. કેટલીક ભાવનાઓ હતી અને ભાવનાત્મક આશય હતો. અસલ વસ્તુ પણ એ જ છે. સમાજવાદના ઇતિહાસના વિકાસમાં બે પાસાં નજરે ચઢે છે.

એમાં એક ભાવનાત્મક પ્રેરણા છે–moral urge છે. એ કેવળ નીતિપાઠ જેવું નથી. આદિ કવિ માટે કહેવાયું છે કે એમનો શોક શ્લોક બની ગયો—शोक: श्लोकत्वमागत:। તેવી જ રીતે માનવ-દુઃખના વિચારથી જેમનો આત્મા કકળી ઊઠ્યો તે પહેલા સમાજ-વાદી હતા. સમાજવાદના ઇતિહાસમાં એમને utopians–સ્વપ્નદર્શી કહે છે. માકર્સના થતાં પહેલાં જે ભાવાત્મક સમાજવાદ હતો તેનો ઉપહાસ કરવા માટે વ્યંગાત્મક અર્થમાં આ યુટોપીયન (સ્વપ્નદર્શી) શબ્દ વપરાયો.

સમાજ નિતાન્ત પરિવર્તનશીલ છે અને એ પરિવર્તનશીલ હોવો પણ જોઈએ. નહીં તો એમાં રૂઢિવાદ ઊભો થઈ જઈ શકે, અને રૂઢિવાદમાંથી માનવની ગુલામી શરૂ થઈ શકે. માનવ માનવ વચ્ચે માનવતાનો સંબંધ રહે એ સમાજવાદ છે, એ આદિ પ્રેરણા છે. સમાજવાદના મૂળમાં એ જ પ્રેરણા છે કે માણસ માણસ વચ્ચે ભલાઈ અને માણસાઈનો સંબંધ હોવો જોઈએ. એક માણસ બીજા માણસના વિકાસમાં બાધક ન બનવો જોઈએ. માનવીય સંબંધની કસોટી એ છે કે એક માણસ બીજાના વિકાસમાં સહકાર કરે છે, અને પરિણામે સ્નેહભાવ વધે છે. પણ જો વિકાસમાં બાધક બને તો સંબંધ ક્ષીણ થાય છે.

ઓગણીસમી સદીના બીજા ચરણમાં ઉત્પાદનતંત્રમાં પરિવર્તન આવ્યું. એ ઔદ્યોગિક ક્રાંતિને નામે ઓળખાય છે. એને લઈને વસ્તુઓની વિપુલતા આવી. ઉપભોગની વસ્તુઓની વિપુલતા થવાથી લોકોએ એને 'પ્રગતિ' માની. એનાં ગીત ગવાયાં. બ્રિટિશ સામ્રાજ્યનો દાવો હતો કે એમના ઝંડા પર "વિપુલતાનો નવો યુગ" અંકિત થયેલો છે; એ જ્યાં જાય છે તે સ્થાન પ્રગતિનું ક્ષેત્ર બની જાય છે. પરંતુ ઔદ્યોગિક ક્રાંતિની સાથે જ્યાં જ્યાં નગરો વસ્યાં ત્યાં ત્યાં ગંદા વસવાટો ( slums ) પણ બન્યા. નાનાં છોકરાંઓ પાસે પણ મજૂરી કરાવાતી અને વ્યસનો વધી જતાં. અનેક લોક ક્ષયથી મરતાં. ઔદ્યોગિક વિકાસની આ બીજી બાજુ જોઈને કેટલાકનાં દિલ હાલી ઊઠચાં. આવા લોકોમાં વિલિયમ મોરિસ, રોબર્ટ ઓવેન, ફોરિયર, સેન્ટ સાઈમન વગેરે જાણીતા છે. એ બધા યુટોપીયન કહેવાયા. એમનાં દિલોમાં ઊંડું દર્દ હતું. એમનું કહેવું હતું કે વિપુલતાની જરૂરત ભલે ને હોય, પણ એ ઉત્પાદકોને ભોગે ન આવવી જોઈએ. આમ કરવું એ તો અપરાધ છે, અભિશાપ છે.

માનવીય વિકાસની સાથે અનેક બાજુઓ ઊઘડી—અનેક રંગ આવ્યા. એક વિચાર એ આવ્યો કે આ યંત્ર જ બધાં દુખોનું કારણ છે, એ તોડી નાખવાં જોઈએ. આ ભાવના પાછળથી ખૂબ વ્યાપક બની. ગાંધીજીના સર્વોદય વિચારના ગુરુ જોન રસ્કિન અને વિલિયમ મોરિસ આ પરંપરાના હતા. એ કળાકારો હતા. ઔદ્યોગિક ક્રાન્તિના નામે મનુષ્યના જીવન સાથે આવા ખેલ ખેલાય છે તે જોઈ એમનાં દિલોને બહુ કલેશ થયો. આગળ ઉપર એમાં રૌદ્ર અને બીભત્સ રસો પણ ભળ્યા.

સમાજવાદમાં એક ઉદાત્ત આશય રહેલો હતો. પ્રયત્ન પ્રામાણિક હોય તો પણ ક્યારેક અપજશ પણ મળતો હોય છે. એને કોઈ અસફળતા કહે તો વાંધો નથી, કારણ કે એમાંથી આગળ વિકાસ થાય છે. આપણી ત્રુટિનો સ્વીકાર કરીએ તો એમાંથી ઘણું શીખવાનું મળે છે. આ ભાવનાશાળી લોકોએ પ્રારંભમાં આશ્રમો પણ સ્થાપ્યા. એમની ભાવના ઉત્કટ હતી, પરંતુ વ્યવહારબુદ્ધિ તીક્ષ્ણ નહોતી તેથી એ લોકો અસફળ થયા. પરિણામે લોકોની શ્રદ્ધા ઘટી. દુનિયાનો માપવાનો ગજ સફળતા છે. તમે ઊંચી ઊંચી

ભાવનાની વાત કરો, પણ એને જો વહેવારમાં ઉતારી ન શકો તો દુનિયા તમારી વાત નહીં માને. એટલે દુનિયાને આગળ લઈ જવા મથનારા હમેશા 'સફળ' થયા જ છે એવું નથી. આમ છતાં– વહેવારમાં સફળ ન થવા છતાં પ્રયાસ ચાલુ રાખવામાં આવે છે. યુટોપીયન સમાજવાદીઓએ પ્રયત્ન ચાલુ રાખ્યા અને એમ કાળક્રમે સમાજમાં એક નવી આસ્થા ઊભી કરી. એમણે કહ્યું કે સમાજે દુઃખીઓનો વિચાર કરવો જોઈએ. એ પ્રગતિ તે કઈ જાતની પ્રગતિ કે જેમાં દુખીઓનાં દુઃખનો ઇલાજ ન હોય!

યંત્રના વિકાસની સાથે બીજા વિચારોમાં પણ ફેરફાર આવી રહ્યો હતો, એ હતા આર્થિક વિચાર. હું ભાવનાત્મકને નૈતિક પણ કહું છું. નીતિ બે પ્રકારની હોય છે: એક વ્યક્તિગત અને બીજી સામાજિક. સામાજિક નૈતિકતાના વિચારમાંથી સ્મૃતિકાર નીપજે છે. દરેક સ્મૃતિકાર સમાજને નવી નીતિ આપે છે. યુટોપીયન સમાજવાદીઓએ પણ સમાજની સામે નવી નીતિ મૂકી. એમના ઉપરાંત બીજા વિચારકો પણ હતા. એમણે જે વિચાર આપ્યા તેમાંથી મૂડીવાદનું અર્થશાસ્ત્ર બન્યું. એમાંથી નવાં મૂલ્યો પ્રસ્થાપિત થયાં.

સમાજવાદના વિચાર આગળ ધપતા જતા હતા. દુનિયાના દેશોમાં અલગ અલગ પરિસ્થિતિઓ હતી. પરંતુ જે વિચારકો હોય છે તે લોકો હમેશાં એક બાબતમાં ગોથું ખાય છે. પોતાની આજુબાજુના દેશ-કાળથી મર્યાદિત પરિસ્થિતિને એ લોકો સર્વદેશીય પરિસ્થિતિ માની બેસે છે, અને પછી એના આધાર પર આખી દુનિયા માટે ધારાધોરણો ઘડવા માંડે છે. કોઈકે કાર્લ માર્કસને પૂછ્યું કે યંત્રોદ્યોગ જ ન પહોંચ્યો હોય ત્યાં તમારા વિચાર શી રીતે લાગુ થઈ શકશે? એણે જવાબ આપ્યો: 'તો એવે ઠેકાણે વખત લાગશે. જ્યાં જ્યાં યંત્રોદ્યોગ પહોંચશે ત્યાં ત્યાં ક્રાંતિ થશે.'

આપણે વિચાર કરવા બેસીએ છીએ ત્યારે પરિસ્થિતિનો, કાલ–સાપેક્ષતાનો ખ્યાલ રહેતો નથી. સમાજવાદના વિકાસમાં પણ એમ જ બન્યું. ઇંગ્લંડમાં સમાજવાદની સ્થિતિ એક પ્રકારની હતી તો જર્મની અને ફ્રાન્સમાં બીજા પ્રકારની હતી. કાર્લ માર્કસે સમાજવાદના સિદ્ધાંતને વૈજ્ઞાનિક સ્વરૂપ આપ્યું. ભાવના પ્રવાહથી ઉપર ઊઠીને સ્વપ્ન સાકાર થવા જતું હતું ત્યાં વચ્ચે બાધા ઊભી થઈ.

માકર્સવાદીઓએ બુદ્ધિથી વિચારી નક્કી કરી નાખ્યું હતું કે આમ આમ હોવું જોઈએ. પછી તો બસ, સાચી યા ખોટી ગમે તે રીતે એમ જ થવું જોઈએ એવો આગ્રહ ધરી રહ્યા.

કાર્લ માકર્સે સમાજવાદના વિચારમાં ગતિશીલતા (dynamism) ભરવાની કોશિશ કરી. એ કોશિશમાં અધ્યયન હતું, પરંતુ એ અધ્યયન એકાંગી હતું. એના સિદ્ધાંતમાં બંધબેસતું ન થાય તેને એ ઝટ લઈને અભરાઈએ ચઢાવી દેતો. આમ કરવા જતાં 'અભાવની ફિલસૂફી'( philosophy of poverty ) ને એણે 'ફિલસૂફીનો અભાવ' ( poverty of philosophy ) બનાવી દીધો. આમ સમાજવાદમાં વિતંડાવાદની અસર આવી.

ભાવનાત્મક પ્રેરણાની સાથે તર્ક ભળે ત્યારે એમાંથી સમાજ-શાસ્ત્ર બને છે. પછી એમાં શક્તિ આવે છે. પણ એમ થવાની પ્રક્રિયામાં ભાવનાની શુદ્ધિ ઘટે છે. યુટોપિયન સમાજવાદીઓની ભાવના સાત્વિક હતી. બીજાંઓના દુઃખોથી વ્યથિત દિલોની આહ એમાં ભરી હતી. પણ કાર્લ માકર્સે એને હાથ પર લીધી અને દુખીઓનાં દિલોમાં જે મત્સર દ્વેષ હતો તેનો એમાં ઉપયોગ કર્યો. એને એણે વર્ગ-સંઘર્ષનું શાસ્ત્રીયરૂપ આપ્યું. એણે આગ્રહપૂર્વક એવું પ્રતિપાદન કર્યું કે પીડિતો અને શોષિતોની ભાવનામાં સમા-જને બદલવાની શકિત છે.

શકિત પોતે નથી તો સત્ય અને નથી અસત્ય. એ સમાજને બદલી શકે છે પરંતુ એનાથી જે વસ્તુ તૈયાર થશે તે સત્ય હશે કે અસત્ય તે કહી ન શકાય.

માકર્સે સમાજવાદની ભાવનાને નવી ગતિ આપી. પણ એમાં કલુષતા આવી. એણે વર્ગ-સંઘર્ષનો સિદ્ધાંત રજૂ કર્યો, એ સમાજ-વાદમાં ફલક્રમની પ્રેરણાનો સ્રોત બની ગયો. માકર્સવાદમાં કહેવાયું છે કે વર્ગ-સંઘર્ષમાંથી સ્થિતિ નિર્માણ થશે તે વિકાસનું આગળનું કદમ હશે. એ ખરું કે ઔદ્યોગિક વિકાસની દિશા કઈ છે, એનું વલણ શું હશે એ બાબતો એક હદ સુધી માકર્સે સ્પષ્ટ કરી દીધી હતી. સન ૧૮૪૦ માં માકર્સનો વિચાર આગળ આવ્યો. ત્યાર બાદ લગભગ સાઠ વર્ષ સુધી ઔદ્યોગિક અને રાજનૈતિક વિકાસની

જે દિશા રહી તેનાથી માકર્સની દૃષ્ટિ બરાબર હતી તે સિદ્ધ થયું. આને લીધે માકર્સ 'દ્રષ્ટા' અને 'સમાજશાસ્ત્રી' ગણાયો.

માકર્સના ગયા બાદ સમાજવાદમાં જે નવી પ્રગતિ થઈ તે લેનિનના જમાનામાં થઈ. લેનિનના વખતમાં સમાજવાદી આંદોલનમાં એક ભારી મોટો વિતંડાવાદ ઊભો થઈ ગયો. એ વાદ લોકતંત્ર અને સમાજવાદ વિષે હતો. સમાજવાદ માટે લોકતંત્રની ભૂમિકા કેટલી અનુકૂળ તેનો વિચાર ચાલ્યો. આમ લોકતંત્ર અને સમાજવાદના વિચાર ખેડાતા ગયા તેમ તેમ સમાજવાદ અને આર્થિક વિકાસના વિચારને પણ મહત્ત્વ મળતું ગયું. યુરોપમાં સામાજિક પરિવર્તનનો જે વિચાર ફેલાયો તેના મૂળમાં ફ્રાન્સની રાજ્ય-ક્રાંતિ હોવાનું મનાય છે. વૈચારિક ભૂમિકા ફ્રાન્સની ક્રાંતિમાંથી આવી. ફ્રાન્સની ક્રાંતિમાં "સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા" નાં સૂત્રો આવ્યાં. સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા એ સૂત્રોમાં માનવ સમાજ માટે જરૂરી મૂલ્યો રહેલાં છે. સમાજવાદમાં પણ એનો હવાલો અપાતો. મૂડીવાદ ફ્રાંસની ક્રાંતિના સિદ્ધાંતની વિરુદ્ધ જાય છે. સમાજવાદમાં સમતાની ભાવના, ભૌતિક આર્થિક આશય, સામાજિક સંદર્ભ અને રાજનૈતિક શક્તિ આ બધાંનો વિચાર થવો જરૂરી થઈ પડે છે. આમ સમાજવાદમાં સમાનતા, બંધુતા અને સ્વતંત્રતા એ મૂલ્યોનો વિકાસ થયો.

સમાજવાદમાં લેનિનની દેણ વધારે છે. એણે એક નવો વિચાર આપ્યો. ઔદ્યોગિક દૃષ્ટિએ વિકસિત તથા પછાત દેશોના પરસ્પર સંબંધમાં પણ વર્ગ-સંઘર્ષ રહેલો છે. આ વિચાર પહેલાં હોબ્સે આપ્યો હતો. લેનિને એને ગતિ આપી. પહેલાં સમાજવાદનો વિચાર ઔદ્યોગિક દેશો પૂરતો સીમિત હતો. પરંતુ સામ્રાજ્યવાદને લીધે સમાજવાદમાં વિશ્વ-ક્રાંતિનો સિદ્ધાંત આવ્યો. સમાજવાદનું સ્વરૂપ જ્યાં સુધી સીમિત હતું ત્યાં સુધી વાતાવરણ એક અમુક પ્રકારનું હતું. દેશ કાળની સાપેક્ષતાએ ઔદ્યોગિક દેશોમાં સમાજવાદનો વિચાર ફેલાતો હતો. પરંતુ સામ્રાજ્યવાદ આવવાથી પછાત દેશોમાં પણ સમાજવાદના વિચારો ફેલાવા મંડ્યા.

રશિયામાં સમાજવાદના હાથમાં સત્તા આવી. ઔદ્યોગિક દૃષ્ટિએ જર્મની, ફ્રાન્સ અને ઇંગ્લંડ આગળ વધેલાં હતાં, રશિયા આગળ વધેલું નહોતું. એને લીધે સમાજવાદના વિચારમાં નવા નવા સવાલો

ઊભા થયા. આ જે નવા વિચારો આવ્યા તેની સમાજવાદના લોકતાંત્રિક પાસા પર ખૂબ અસર પડી. પછાત દેશોમાં સમાજવાદી વ્યવસ્થા શરૂ થાય છે ત્યારે જનતા તરફથી સહકાર નથી મળતો અને જનતાંત્રિક પ્રવૃત્તિઓ ઉપયોગી નથી નીવડતી. રશિયાની ક્રાંતિ પછી સમાજવાદમાં સત્તાનું પર્વ આવ્યું. પહેલા પર્વમાં આકાંક્ષા હતી, આદર્શ હતો અને ત્યાર બાદ યશનું પર્વ આવ્યું. રશિયામાં સમાજવાદી રાજ્ય બન્યું તેને પરિણામે લોકો સમક્ષ નવા નવા સવાલો આવ્યા.

કાર્લમાર્કસે વર્ગ સંઘર્ષનો વિચાર રજૂ કર્યો ત્યારે ધારણા હતી કે એનાથી સમાજવાદી સમાજ સ્થપાશે, વર્ગ-વિરોધ સમાપ્ત થશે, અને હિત-વિરોધ મટી જશે, રહેશે જ નહીં. વર્ગસંઘર્ષની આ ભાવાત્મક ધારણા છે. જુદા જુદા વર્ગો વચ્ચે વિરોધ ન રહે એટલા માટે સમાજવાદી સમાજની રચના થાય છે. મારામાં જે કંઈ થોડા ઘણા ગુણો છે તે મને સમાજ પાસેથી મળ્યા છે, મારી પાસે બીજું જે કંઈ છે તે પણ મને સમાજ પાસેથી મળેલું છે, એટલે એ બધી શક્તિઓ હું સમાજને સમર્પણ કરું છું તો હું સમાજ સાથે પૂર્ણ રૂપે એકાકાર થઈ જઈ શકું.

શોષક અને શોષિત વર્ગમાં દ્વૈત હોય છે. 'They' and 'We'— 'તેઓ' અને 'આપણે' એવો એક ભેદ રહે છે. 'તેઓ' એટલે શોષક અને 'આપણે' એટલે શોષિત. મજૂરોના મનમાં બળતરા હતી કે શોષક વર્ગના લોકો મોટર ગાડીઓમાં બેસીને ફરે છે અને આપણે એમની ઉડાડેલી ધૂળ ફાકવાની રહે છે. વર્ગ-સંઘર્ષના મૂળમાં આ ભાવના છે. આમ માર્કસના વર્ગ-સંઘર્ષમાં ભાવનાત્મક આશય રહેલો છે. સમાજમાં વિષમતા છે ત્યાં સુધી 'તેઓ' અને 'આપણે' એવા ભેદ રહેવાના. તો વર્ગ-મુક્ત સમાજ ક્યારે બનશે? શોષક-શોષિત વર્ગ નહીં રહે ત્યારે પરસ્પર આત્મીયતા વધશે. પારસ્પરિકતાની ભાવના બળવાન થશે. એમનો દાવો હતો, મૂડીવાદનો અંત આવશે એટલે સમાજવાદ આપોઆપ સિદ્ધ થશે.

આજે ઘણા દેશોમાં સમાજવાદી સત્તા સ્થપાઈ છે. સ્વતંત્ર દેશોના અધિકાંશ ભાગોમાં પણ સમાજવાદ ફેલાયેલો છે. રશિયા અને ચીનથી માંડીને પૂર્વયુરોપ, સ્કેન્ડિનેવિયા વગેરેમાં સમાજવાદ ફેલાયેલો છે. પરંતુ જુદા જુદા વર્ગો વચ્ચે જે હિતકર સામંજસ્ય

સ્થપાવું જોઈતું હતું તે ક્યાં સુધી સ્થપાયું છે એ પ્રશ્ન ત્યાં સમાજ સામે જુદી જુદી રીતે ઊભો થતો જ રહ્યો છે.

કોઈ પુસ્તકમાં જોશો તો સમાજવાદની વ્યાખ્યા એવી આપી હશે કે ભૌતિક ઉત્પાદનનાં સાધનોની માલિકી વ્યક્તિગત સ્વાર્થ માટે મુઠ્ઠીભર માણસોના હાથમાં ન હોવી જોઈએ. ઉત્પાદનનાં સાધનોનો વિનિયોગ બધાના હાથમાં રહેવો જોઈએ. સમાજવાદની આ વ્યાખ્યા બાદ વર્ગસંઘર્ષનો વિચાર આવે છે. રાજ્યના હાથમાં કારખાનાં આવી ગયા બાદ પણ એના મજૂરો અને મેનેજરો વચ્ચે તો એ જ સંબંધ રહેવાનો જે મૂડીવાદના જમાનામાં હતો. આમ બહુ ફેર ન પડ્યો. તે એટલે સુધી કે જ્યાં "સામ્યવાદી પ્રકારનો સમાજવાદ" સ્થપાયો છે ત્યાં પણ આ ફરિયાદ છે કે "સામ્યવાદે એક નવો વર્ગ પેદા કર્યો છે." આ વિચારને વ્યાપક રીતે રજૂ કરવાનું કામ ટ્રોટ્સ્કીવાદીઓએ કર્યું. જોન બર્નહેમે એ કર્યું. 'મેનેજરીયલ સ્ટેટ' (મેનેજરિયા રાજ્ય) નામના એમના પુસ્તકના પ્રકાશન પછી સમાજવાદમાં વિકેન્દ્રીકરણ તરફના વિચાર પ્રગટ થવા લાગ્યા. એનો અર્થ એમ નથી કે કેન્દ્રીકરણમાં અનીતિ છે; પણ એ વિચાર આવવાનું કારણ એ હતું કે એ લોકોને લાગ્યું—કેન્દ્રીકરણમાં વિષમતા તો રહે જ છે, અને એક નવો શાસક નભાવવો પડે છે. તો પછી એ કેન્દ્રીકરણ જ કેમ ન કાઢવું ?

વિકેન્દ્રીકરણની જેમ જ બીજો પણ એક વિચાર સમાજવાદમાં આવ્યો છે, જોકે પશ્ચિમી દેશોમાં હજી એ વિચાર પરિપકવ નથી થયો. અશોક મહેતાએ કહ્યું કે મૂડીવાદ અને મજૂર વચ્ચે સંઘર્ષ થાય છે તેમ ગામ અને શહેર વચ્ચે પણ થાય છે. એટલે કે વર્ગ-સંઘર્ષ કેવળ મૂડીવાદ ને મજૂર વચ્ચે જ નથી થતો, એ બીજાં ક્ષેત્રોમાં પણ થઈ શકે છે.

હિન્દુસ્તાનની પરિસ્થિતિમાં સ્વાભાવિક જ એક આકાંક્ષા જાગે કે દુઃખ દારિદ્રય જવાં જોઈએ અને ઉત્પાદન વધવું જોઈએ. એ માટે પંચવાર્ષિક યોજનાઓ બની. એનાથી શહેરોમાં ઉત્પાદન વધ્યું અને રાષ્ટ્રીય આવક પણ વધી. પરંતુ આપણા દેશની ૭૦ ટકા વસ્તી ગામડાંઓમાં વસે છે અને ૩૦ ટકા જ શહેરોમાં વસે છે. અને કહ્યું તેમ ઉત્પાદન શહેરોનું વધ્યું, પણ ગામડાંનું ન વધ્યું.

શહેરની આવક વધી, ગામડાંની નહીં. હા, એની આવક ઘટી એમ ન કહી શકીએ. પણ એવા સંજોગોમાં ગામડાનો માણસ શહેરમાં વસ્તુ ખરીદવા જાય છે ત્યારે એને પહેલાં કરતાં ઘણા વધારે ભાવ ચૂકવવા પડે છે. વધારે ભાવ ચૂકવવા પડતા હોવાથી એ ઓછું ખરીદે છે, અને આમ ગામડાની ખરીદશક્તિ ઘટી ગઈ.

ગામડાંઓમાં યંત્રોદ્યોગ જઈ ન શક્યો; બીજી બાજુ શહેરોમાં ઔદ્યોગિક વિકાસ થયો. પરિણામે શહેરોની આવક વધી, ગામડાંની ન વધી. આમાંથી એક નવી જ પરિસ્થિતિ ઊભી થઈ. એ એક સંઘર્ષ છે, વિષમતા છે. સમાજવાદી આંદોલનમાં વર્ગસંઘર્ષની વાત કરીએ છીએ ત્યારે આનો પણ વિચાર થવો જોઈએ. સમાજવાદી આંદોલનમાં સહજ રીતે ગામડાનો વિચાર નથી થયો. ગામડાંમાં એકર દીઠ ઉત્પાદન નહીં વધે ત્યાં સુધી સ્થિતિ જેની તે રહેશે. પણ ઉત્પાદન વધશે તો પરિસ્થિતિ ફેરવાશે. એક પ્રશ્ન એવો પણ ઊઠ્યો છે કે રાષ્ટ્રીકરણ કરવાથી ગામડાંનું ઉત્પાદન વધે કે નહીં? પણ આપણો અનુભવ એવો છે કે સહકારી ખેતી કરતાં વ્યક્તિગત ખેતીમાં ઉત્પાદન વધારે થાય છે.

મેં આગળ ઉપર સમાજવાદની ભાવનાની વાત કહી. એમાંથી સમાજવાદનું અર્થશાસ્ત્ર નીકળ્યું. હવે એમાંથી સમાજવાદનું રાજ્યશાસ્ત્ર નીકળ્યું છે. સમાજવાદનું રાજ્યશાસ્ત્ર વિકસી શક્યું કારણ કે એને સમાજવાદની સ્થાપનાનું સાધન માનવામાં આવ્યું. સમાજવાદી રાજ્યશાસ્ત્રમાં લેનિનની દેણ મોટી છે. લેનિને કહ્યું કે સમાજવાદ જોઈતો હોય તો સમાજવાદી સત્તા સ્થાપવી જોઈશે. સમાજવાદી સત્તા સ્થપાય તો એક આંટો આગળ વધ્યા એમ કહી શકાય. એ આંટાના ઉતારના રૂપમાં જ માર્ક્સે withering away of the state– રાજ્ય ચીમળાઈને ખરી પડશે એમ કહ્યું હતું. સમાજવાદને કારણે સત્તાનું સ્વરૂપ જ બદલાઈ જશે એવો એમનો ખ્યાલ હતો. પરંતુ ઇતિહાસે તો જુદું જ પુરવાર કર્યું, રાજ્ય ચીમળાઈને ખરી પડવાનું તો આઘું રહ્યું, ઊલટું રાજ્ય વધારે પ્રભાવશાળી બની ગયું. આખા સમાજવાદના ચિત્ર પર એનો જ રંગ ફરી વળે છે. આનું પરિણામ એ આવે છે કે મૂડીવાદી દેશો કરતાં પણ સમાજવાદી રાજ્યસત્તાને યુદ્ધશક્તિનો આધાર વધારે લેવો પડે છે.

*

## દાદા ધર્માધિકારીનાં અન્ય પ્રકાશનો

| | |
|---|---|
| લોકક્રાન્તિ | ૨–૦૦ |
| બહેનો અને ક્રાન્તિ | ૦–૫૦ |
| સ્ત્રી-પુરુષ સહજીવન | ૩–૫૦ |
| દાદાના ટુચકા | ૧–૫૦ |
| અહિંસક ક્રાન્તિની પ્રક્રિયા | ૬–૦૦ |

*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*

સર્વોદય વિચારના ઓજસ્વી ભાષ્યકાર દાદા ધર્માધિકારી પોતાના જીવનમાં વિચારોના સંશોધન માટે આકરું તપ તપ્યા છે. પોતાના મગજને કોઈ પણ વાદ યા પૂર્વગ્રહ સાથે બાંધ્યા વિના દાદા વિચારોનું અને પરિસ્થિતિનું નિષ્પક્ષ વિશ્લેષણ કરે છે.

દુનિયાભરના પ્રગતિશીલ વિચારોના વ્યાપક વાચન અને ઊંડા મનનને કારણે દાદાની રજૂઆતમાં સચોટતા, અસરકારકતા અને વૈજ્ઞાનિકતા સહજ ચાલી આવે છે. દાદાનું વ્યક્તિત્વ અત્યંત સંવેદનશીલ અને ભાવનાશીલ હોવાથી એમની રજૂઆતમાં તર્ક-પ્રાધાન્ય હોવા છતાં એ હૃદયને ઊંડાણથી સ્પર્શી જાય છે.

આજે દેશ એક ક્રાંતિની ખોજમાં છે. દાદા કહે છે તેમ હિંસા દ્વારા લવાયેલું પરિવર્તન ક્રાંતિ નથી. વિચારના આદાનપ્રદાન દ્વારા ઊભી થતી સમજણ જ ક્રાંતિ લાવી શકે. માટે ક્રાંતિ અહિંસક જ હોઈ શકે. એ અહિંસક ક્રાંતિ કેવી રીતે આવી શકે? એની પ્રક્રિયા શી? આજે એની આડે આવતા અવરોધો ક્યા ક્યા છે? એ દૂર શી રીતે થાય? આ બધાનો સચોટ જવાબ તમને આ પુસ્તકમાંથી મળશે.

આવરણ : વિનય ત્રિવેદી
યજ્ઞ પ્રકાશન હુઝરાતપાગા વડોદરા ૩૯૦ ૦૦૧